# BAPOR (Gujarati Edition)

Chauhan, Dalpat

VISIT…

LANZAROTE Caliente.COM

# બપોર

દલપત ચૌહાણ

**bapor**
By Dalpat Chauhan
Published by Gurjar Granthratna Karyalay,Gandhi Road, Ahmedabad 380 001



પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380001
ફોન : 079-22144663, 09227044777
e-mail : goorjar@yahoo.com
ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.
ફોન : 26564279 email : bhagwatioffset@yahoo.com

## અર્પણ...

હે પૂર્વજો
તમારું સ્મરણ છે,
આ “કથા”

# વીતેલા વખતની વાત

હવે બપોર; કંઈક અજવાળું ભળાય છે. માનવીઓને એક નાનકડા ગામના, નાનકડા મહોલ્લાને છોડીને આગળ જવું સ્વપ્ન લાગે. અદ્ભુત સફર. માનવી ગુફાવાસી હતો, ગુફા છોડી ઝાડની ડાળીઓ પર વસ્યો. પછી ડાળીઓ તોડી ઘોલકું બાંધ્યું લાકડાનું. માટીનાં ભીંતડાં ઊભાં કર્યાં, ઉપર છત નાખી. ભીંતડાં પાકાં થતાં ગયાં, પથ્થર ઈંટ, ચૂનો, સિમેન્ટ... વિકાસ, વિકાસ. જાણે ગઈકાલે જ આખું વિશ્વ સર્જાયું! એક ચમત્કાર! ચાલો, ગયો સમય પંડિતો વાંચતા નથી એ વાત સત્ય હશે, પણ અમારે એટલે કે દલિતોએ `આટલે' આવતાં કેટલા યુગ વહી ગયા હશે? હર યુગમાં વિકાસની દોડમાં દલિત-પીડિત સૌથી છેલ્લા રહ્યા છે. આજે પણ એ વાત સત્ય... સત્ય જ છે. છેવાડાનો માનવી છેલ્લે જ છે. એમાંનાં કેટલાંકની કથા માંડી બેઠો છું.

મારે આ કથા કહી કશાં નિશાન પાડવાનાં નથી કે કશાં અનુસંધાન લેવાં નથી. કથાઓને કશાંય અનુસંધાન હોતાં નથી, તેમ છતાં કથાઓ, ઘટનાઓ અને પાત્રોનું ઝૂમખું હોય છે. એકબીજા સાથે હોવાના ભાવથી જોડાયેલાં હોય છે. લેખક તેમને શબ્દદેહ આપવા નવલકથાનો ભાગ બનાવે છે. આ બધા સમાજમાં શ્વસતા લોકોનો સમૂહ છે. જીવનના અંશ સાથે એમનું જોડાણ હોય છે, એટલે આ કથા કોઈ એક વ્યક્તિના જીવનને ઉજાગર કરતી નથી. જીવનની ઘટમાળમાં ઘણું-ઘણું જોડાયેલું હોય છે. અહીં દલિત સમાજનો કેટલોક સમૂહ શહેરથી આકર્ષાઈને તે તરફ વળ્યો છે. ગામડાં તૂટવાની શરૂઆતનો તબક્કો છે. એટલે જેને વિડંબણાઓ, મુશ્કેલીઓ સહન કરીને નવજીવન પામવું છે તે આમાં ઝંપલાવે છે. સમાધાનો કરવાં પડશે, એ જાણે છે. શહેરમાં નવું સ્થાન મેળવી સ્થિર થવાનું છે, એની ખબર છે. રોટલો શહેરમાં મળવાનો છે, પણ ઓટલો શોધવાનો છે. દલિતો ગામમાં ગામબહાર વસતા હતા, વાસમાં. એમ શહેરબહાર કામ કરવાના સ્થાન પાસે ચાલીઓનો વસવાટ સ્વીકારી લે છે. સવર્ણો અહીં ચાલીઓ (ઓરડીઓનો સમૂહ) બનાવી ભાડે આપવાનો વ્યવસાય આરંભી ચૂક્યા છે. દલિતો ગામગામથી આવી વસવા લાગે છે. એક નવી (ચાલી) સંસ્કૃતિનો આરંભ. ગામથી જુદો મિજાજ છે ચાલીઓનો. ચાલીમાં કૂવો, સામૂહિક-ડબ્બા સંડાસ દલિતોને રાહત અને પાણીની ભીખના રઝળપાટમાંથી મુક્ત કરે છે. ગટર, લાઇટ નથી, પણ ફાનસ વાપરવાનો તેમને મોકો મળે છે. ગામનાં દીવો-કોડિયું ગયાં.

દલિતો ગામડાંના જીવન કરતાં શહેરના જીવનને બહેતર માનવા લાગ્યા. અહીં વધારે સગવડ મળી હોય એવો ભાવ પેદા થયો. ડબ્બાજાજરૂ અને કૂવાઓ, શહેરમાં વેપારીઓનો વર્તાવ, છૂટછાટે એમને સ્વમાનનો અનુભવ કરાવ્યો. આભડછેટ હોવા છતાં તેના અંતરાય ઘટી ગયા. ચાલીઓમાં પોતાનાં મોટાં અને અલગ જૂથ રચાતાં અત્યાચારો સામે રાહત થઈ. દરમિયાન ગાંધીનું આંદોલન, મજૂર મહાજનની કામગીરી તથા ભણતર માટેની સગવડે તેમની વિચારવાની શક્તિને બળ મળ્યું. ``પોતે પણ માણસ છે." એ વિચાર તેમનામાં દૃઢ થતો ગયો. અન્ય સમાજોનું ઓશિયાળાપણું ઘટ્યું. કારખાનાં, કાપડમિલોએ એમની આર્થિક શક્તિમાં વધારો કર્યો.

દલિતોએ ગામડાંમાં ક્યારેય કોઈ નેતાઓનાં નામ સાંભળ્યાં ન હતાં. અહીં ડૉ. બાબાસાહેબની હાકલનો સૂર સંભળાતો. ગાંધીના સત્યાગ્રહ, સભા, સરઘસોની ચર્ચા કરી લેતા. એમાં પોતે ક્યાં છે તેવું એ વિચારતા થયા. આઝાદી આવે તે પૂર્વે દલિતોનાં કેટલાંક જૂથોએ અમદાવાદ, વડોદરા, નડિયાદ, સુરત, નવસારી અને સિદ્ધપુર જેવાં મોટાં-નાનાં શહેર-કસ્બાઓમાં વસવાટ કરવાનું શરૂ કરી દીધું હતું. આ બધી ઊથલપાથલ શરૂ થઈ હતી. સમગ્ર

સમાજ ઉપરતળે થઈ રહ્યો હતો. લેખક ચૂપ હતો. અેને ફૂલો-કળીઓમાંથી બહાર નીકળવાનો સમય ન હતો. જ્યાં આખા સમાજની વાત કહેનાર ન હોય ત્યાં દલિતોનો ભાવ કોણ પૂછે? છતાં મારું માનવું છે કે, જે કાંઈ લખાય/કહેવાય એ સ્પષ્ટ હોવું જોઈએ. પ્રયોજનનિષ્પત્તિ પ્રત્યે અગ્રેસર હોવું જોઈએ. કૃતિ/કથામાં ઊંડે-ઊંડે સમાજની દુરસ્તીના અંશો, ઉદ્દેશો, ભાવના અને વિચાર પડ્યાં હોય છે. તેનાથી કૃતિને નુકસાન થતું નથી, નવી આભા મળે છે.

આભાર ગૂર્જર પરિવારનો... જેણે હંમેશાં મારી પડખે રહી મારાં `પાત્રો'ને સાહિત્યજગતમાં પુસ્તકમાં સમાવી રમતાં મૂક્યાં.

તા. 1-8-2021 - દલપત ચૌહાણ
928-સેક્ટર 7-સી
ગાંધીનગર-382007
મો. 9429723752

# 1

"પસાકાકા, તમારા જેવાનાં ગૉમ્માં રીએ! પસઅ સૂરજ ઊનો વોય તોય ટાઢોટપ થેઈ જાય."

પશા નાથા યુવાનનો ઉત્તર સાંભળી, તેની સામે જોઈ મલક્યા. પૂરી વાત સમજાઈ નહીં, વાત સરખી રીતે પાર ઊતરી છે કે પછી? તે વિશે કાંઈ પૂછે તે પહેલાં પેલો યુવાન આગળ વધી ગયો. પાછળ ઊભેલા ભગતે તેમને ચાલવાનો ઇશારો કર્યો; તે ભગત સાથે ચાલવા લાગ્યા.

"વાલોનઅ વાહના બધા ઘેર પોંચી જ્યા અસે! આપણ બે જણા પાસળ રઈ જ્યા."

"હાચું ભગત."

એમને ભગતની વાતમાં રસ ન પડ્યો. એ તો પેલા યુવાનની વાતમાં જ ગૂંચવાઈ ગયા હતા. "સૂરજ ઊનો વોય તોય ટાઢોટપ થેઈ જાય" પણ કેવી રીતે ટાઢો થયો તે સમજવા ગડમથલમાં પડ્યા. આખરે ભગતને પૂછી લીધું.

"ભગત! મેં પેલીવાર વાતમઅ થાપ ખાધી?"

"સેની થાપ, કાંઈ આઘુંપાસું થ્યું કઅ?"

"એવું તો નઈ, પેલાનઅ પૂસવાનું રેઈ જ્યું! મનઅ લાજ્યું કઅ જવાનિયા રઈવાળી વાતનો ઘાટ ઉતારી આયા. ચેવો ઉતાર્યો? ગાગેર કઅ ધૂણિયો. એકઅ થ્યું, ડખો પંચમઅ જહઅ. હુલ્લીભરી રાણીસક્કા અલાસે. કુણ આલસીં, કુણ લેંસી? કઅ ઉલાળિયું?"

"પસા, પૈડ મેલો. મણિનું આણું ઓળાયું. વાલો ઘેર જ્યો. રઈ જઈ વિઠોડઅ; ભલઅ અમઅ વિઠોડુ નઅ મિયોલ ઝાકળિયાં લી. આપણો વાહ હચવાય તો ઘણું?"

પશાને ભગતની વાત સાચી લાગી. આ સૂરજ ઊગે એ પહેલાં આણું વિદાય કર્યું. મોડું કર્યું હોત તો? હમણાં બધું ટાઢું લાગે છે. પણ ઐડ જાતનો કાંઈ ભરોસો નહીં. ગમે ત્યારે ધૂણવા માંડે.

"આ વાહ હાચવવા તો આસી રાત ઊંજ્યો નતો. કૂતરું કૉન કરઅ તો હડફ... ખાટલામાં બેઠો થતો. મૅમાનની ખબેર રાખવી જૂવઅ?"

"એ જ તો વેવાર કેવાય, ભઈભાંડુના દુઃખે દાઝીએ તો હૌવ હારા વાંના થાય. જાગતા રવું પડઅ."

"કું ભગત! ગૉમ્મઅ ખરો વેહ આયો સઅ. હાટાની એક હારી બબ્બે કન્યા ઊડી જૉય. વેલજી હૉમઅ લાયો. રઈ જઈ, વળી કાંક હાટા-પાટાનું બાચી હાચી. સોડીઓ કેવી પડઅ! દિયોર, પંચાત્યો અમઅ ભેળા થાંવ ધબાળી કુટો. થનાર તો થેઈ જ્યું દોતોરનું ઘસીનઅ વાઢ્યું."

"પસા ભૂલ્યા, આ તો આપણી જેમ નાતરિયા નાત, સક્કા કાઢઅ એકઅ ફક્કાબારૂ..."

ભગત આગળ ચાલવા લાગ્યા. એ એમની પાછળ દોરવાયા. વિચાર કેડો મૂકતા નહોતા. આજે "નુંમનાં" પારણાં. ગામનાં માતાજીના ચોકમાં વહુઆરુ, છોડીઓ, ભેગી થશે, ત્યાં રઈની જ વાતો હશેને? સાલું જબરો સમય આવ્યો છે. 'પંચાત્યા' બાપડા ઘર ભેગા થઈ ગયા. આ ઊભરા મહિનો માસના... ધમ-પછાડા થાય. દાડા વીતે એમ ગણતરીઓ મંડાય. આમ અને તેમ... લીધા અને દીધા. ભૂલી જવાનું.

ભગત અડધે રસ્તે ઊભા રહ્યા. ચારેબાજુ નજર ફેરવી. એ તેમની પાછળ જઈ ઊભા રહ્યા.

"ચ્યમ, ભગત ડાફેરો મારો સો? કાંઈ ખોવઈ જ્યું...?"

‘‘ખોવયું નહીં, પેલા ગૉમ્માં જ્યા, એ એટલા જ અતા કઅ પસી, પાસળ કોઈ આવઅ સઅ?’’

‘‘લ્યો કો’ જૉણી જૉણતા જ ના વોય? હાલ કોઈ નંઈ આવ, પસઅ આખું દૉતોર મિયોલમઅ?’’

‘‘ભલઅ આખી લંકા આવઅ! મણિ નઅ, વાહનું નાંમ ના પડવું જુવઅ, નકર વાલાનું પોત્યું પલળી જહઅ!’’

‘‘હાચું, એકઅ મૉરી ઘર ભેળા થેઈ જ્યા. જૉણઅ ઈંમનઅ કોઈ નાવું નેંચોવાનું વોય નઈ.’’

ઓરગણાંના વાસ બાજુથી કોઈકના છેડો વાળીને લાંબા રાગે રડવાનો અવાજ સંભળાયો. સામે રાવળિયા વાસનાં બૈરાં તે તરફ જોતાં આંગણામાં આવી ઊભાં હતાં. ગામમાં જનારા એક બે જણા કુતૂહલથી જોતા રહી, આગળ વધ્યા. ભગતને થયું કદાચ હેમલાના ઘરમાં કંઈક બન્યું હોય. અહીં તો કાંઈ લાગતું નથી. કદાચ બહારગામના માઠા સમાચાર મળ્યા હોય. ત્યાં જ હેમલાનો ઘાંટો સંભળાયો.

‘‘રાંડ, ચીરી નાખે! ખેમલીના છંદે ઠમકારા ના લે, આંય અમારા ઘરમઅ આ નઈં હેંડે. બોલ મેળામથી ચ્યાં ખોવઈ જીતી. તારા હણીજૉ હારી?’’

હેમલાની વહુ લાંબા રાગે રડતી-રડતી પોતાની વાત કહેતી હતી. ‘‘ચ્યાંઈ નતી જઈ! તમારી બુનની હારી અતી?’’ હેમલો એની બેનને ધમકાવતો હતો.

‘‘બોલ? કુંણ અતું તમારી હારી, લુચ્ચી, હાચું બોલ નકર અડબોથ મેલે.’’

સાથે જ બીજી સ્ત્રીના રડવાનો અવાજ તેમાં ભળ્યો. હેમલાની વહુ રડતાં વચ્ચે-વચ્ચે રોકાઈને તેનો સંબંધ હેમલા સાથે કરાવી આપનારની સાતે પેઢીઓને કાનના કીડા ખરે એવી ગાળો આપી, રોકાઈ રડવાનું શરૂ કરતી. ઓરગણાંઓનાં ઘરો આગળ હવે ખાસ્સી ભીડ ભેગી થઈ ગઈ હતી. તમાશાને તો કાંઈ તેડું હોતું હશે?

ભગતે પશા નાથાને ઇશારો કર્યો.

‘‘લ્યો તમારા ગોઠિયાને ઘેર ઘોલું પેઠું, કાંક રસ્તો કાઢો.’’

‘‘ભગત આ... હાહરા જીવતરના હડમાલા!’’

એમણે નવલમાને મિયોરવાસ તરફ જતાં જોયાં. આ હેમલાની વાતે ખરેખર શું થયું હશે, એ આ ડોસીને જરૂર ખબર હશે. એમણે નવલમાને મોટેથી બૂમ પાડી.

‘‘નવલમા... ઓ નવલમા... ઑમ આવો, આ ઓરગણાંના વાહમઅ સેડો વાળ્યો, ઈંમઅ... તમારા વાહનું નામ કુટાય સઅ?’’

‘‘કુંણે સેડો વાળ્યો સઅ?’’ નવલમાએ પોતે સાવ જ અજાણ્યાં હોય એમ ઉત્તર વાળ્યો.

‘‘તમે તો જૉણઅ હાદ ઓળખતા જ નઈ હૉવ! હેંમલાના ઘેરથી!’’

‘‘તમીં હારો હાદ ઓળસ્યો! ઈંનઅ તો આંતરાદાડે કોક ફાટી પડઅ સઅ.’’

‘‘વાત ગળી ના જૉવ! કૉક ભજવાડ થ્યો સઅ. તમારા વાહનું નૉમ લેવાય સઅ!’’

‘‘ઓવઅ... તમીં સાલ નઈ મેલો. અમારી પેલી ભત્રીજાવાળી નઅ ઓરગણી મેળામથી, આંજણાં જોડી આઘીપાસી થી’’તી. આવું તો થાય. ઓજણીયો ચ્યાં હાથી હારી આઘી પાસી નહીં થતી?’’

‘‘અસે, માડી આવા હડમાલા ચ્યાં નહીં થતા.’’

એમણે નવલમા સામે જોયું. નવલમાએ આંખો ઝીણી કરી મચકારી. ચહેરા ઉપર મર્માળું હાસ્ય ઉપસ્યું. પશા નાથા કાંઈ આગળ પૂછે તે પહેલાં એ જવા લાગ્યા. જતાં-જતાં ઊભાં રહી, પાછળ જોતાં કહું :

"પસા! આ દેઈમઅ ડેંકલી લોઈ વૉય ત્યાં હુંદી હવાદ નઅ હડમાલા, પસઅ કાંઈ નઈ."

નવલમા ગયાં. પશા નાથા અને ભગત ઊભા રહ્યા. તેમને થયું. સાલ્લું આ રઈનું પત્યું નથી ને આ ઓરગણાનું ઊભું થયું. હેમલો ગામમાં જઈ કંઈ હોહા કરશે એ નક્કી. હેમલાને સમજાવવો તો કઈ રીતે? બૈરીને મારે એમાં નવાઈ નથી, પણ આ તો ઘરની આબરૂનો પ્રશ્ન હતો.

"હું વચારમઅ પડ્યા પસા? કોક કે, નઅ કોક ચૂમઈનઅ બેહી રે! આથ ના ઉપાડઅ તો અદમી હેનો? હાહરી માણહની જાત! કૂતરાં વાંદરિયા મેલતી નહીં?"

"હાચું ભગત ઈમનાં કર્યાં એ ભોગવસીં..."

એમણે માથું ખંજવાળ્યું. ભગત વાસ તરફ ચાલ્યા. પશાનો વિચાર દોર લંબાયે જતો હતો. પેલાં રબારી કે સેનમાં... છી... છી... સમાજ બધું પી જાય, નહીંતર સંસારની ગાડી... સરખી ચાલે ખરી? અરે! વાસમાં પણ ક્યાં બધાં દૂધે ધોયેલાં છે, હશે... જીવતર છે.

*

પશા નાથા વાસને નાકે પહોંચ્યા. નાકે પાંચ-સાત સ્ત્રીઓ આઠમના ગાણાં ગાતી, કૂંડાળે ફરતી હતી. વચ્ચે વરમાંચી ઉપર રૂમાલ પાથરી કાનાની માટીની રંગીન મૂર્તિ મૂકી હતી. એ ગઈ કાલે મણિ મેળામાંથી લેતી આવી હતી. રાતે તો એક બે ગાણાં ગાયા પછી બીકના માર્યા કામકાજમાં વળી ગયાં હતાં. આજે પણ પેલો ડર ઓછો થયો નહોતો. એ બબડયા.

"મનેખ જબરૂં કેવાય! એક પા ગામનું હાલ માથે ટટ્ટુંમી યું સઅ. તોય ગાંણાં છૂટતાં નહીં. એય હાચુ સઅ, બૈરું ગાંણે ગાંડુ થાય! ઈમઅ ગાંણાં વૉય કઅ ફટાણાં..."

એમણે ગાણે ફરનારાઓમાં સવિતા, રામીને ઓળખ્યાં, બીજી સ્ત્રીઓએ નવા ગવન, લેરિયામાં ઓળખાય નહીં એમ ઘૂંઘટમાં મોઢાં છુપાવેલાં હતાં. આ ગોકાની મા, ભૂંડી, કાલે આઠમનો અપવાસ હતો. આખી રાત જાગ્યા ઊંઘ્યા કર્યું. મણિનું આણું છેક બાવળી સુધી વળાવવા ગયાં તોય ગાણાંનો ગરાશ છૂટતો નથી. આ બધાં અપવાસ ક્યારે છોડશે, કે કાનુડાને વળાવા જશે? સારું રાંધવું પડે? પરબ લાવ્યા હોઈયે એનાથી અપવાસ ના છોડાય. ઘરમાં ઘી શેકવું પડે. ઘેંસ ખાધે દાડા ના વળે. ઘેંસનું નામ આવતાં એમને ભૂખ લાગી.

"આ મૅમાંન જ્યા, ઇમનઅ વાલે સેવ, ઘી, ગોળની નારી કરાઈ... આપણનઅ ચીયો ભા..."

પોતાના વિચાર પર એ મલક્યા. ત્યાં એમણે નવેળીમાંથી બહાર નીકળી સેનમાવાસ તરફ જતા બબા રાતને જોયા. બબા રાતે સેનમાઓના ઘરોથી દૂર ઊભા રહી મોટેથી ટૌકો પાડયો.

"સવા... ઓ સવા, ચ્યાં જ્યો? ઢોલ લેઈ લૅ... ચૉકમઅ, હૌવ તારી વાટ જૂવઅ સઅ! દાણા લેવા લૂગડું લેઈ લેજે પાસો... ઉતા કર... સોડીઓ કાંવ કાંવ મેલતી નથી."

બબા રાતે મોટેથી પાડેલ ટૌકો પશા નાથાએ સાંભળ્યો. સમજ્યા. ચોરા પાસે ગાણાં ગાનાર ગામની સ્ત્રીઓ માટે ઢોલીની જરૂર હતી, એ માટે એ સવાને બોલાવવા આવ્યો હતો. એમણે મણનો નિસાસો નાખ્યો. અહીં વણકરવાસને નાકે સ્ત્રીઓ 'કાનુડો' મૂકી ગાણાં ગાઈ રહી હતી, પણ સવો એમને માટે ઢોલ વગાડી ના શકે.

"હાહરૂં આય ખરું? સવાનું ઘર આંયથી વેંત સેટું, તોય અમારા વાહનાં બૈરાં, છોડીઓ માટઅ એ ઢોલ ના વગાડી હકઅ. આનું હું કરવું? ચીયા દીયોરે, આ ચાલ ઘડ્યો અસે કઅ. ઢે...ના વાહે ઢોલ ના વાગઅ? ઈમનો ઢોલ વગાડવા કીંસઅ, લૂંગડું લેઈ લેજે. દાણાં લેવા. જૉણઅ, ખોબો દાણાંના પોટેલાં બાંધવાના વોય."

એમણે આકાશ સામે જોયું. મનમાં ભગવાન સામે ધિક્કાર અને કડવાશ ઊભરાઈ.

"આ ગાંણાં ઢે..નાં નથી. કાંનાનાં સઅ; તોય ઢોલ ના વાગઅ... ઑમાં કાંક થવું

જુવઅ?"

પણ શું થવું જોઈએ તે સમજાયું નહીં. એમણે માથું ધુણાવ્યું.

"હાહરી, ગાયકવાડી સરકાર હું વાલછા કરઅ! સોકરાં ભણાબ્બાનું કાઢેલું? કેતા'તા ગાયકવાડી નીમ થેલો. એ તો એક દાડામઅ ઠૂસ થી જેલો. અનઅ સવો આંય ઢોલ વજાડ તો? ઢોલ ઠૂસ."

એમણે સવાના ઘર સામે જોયું.

સવો કોઈ બોલાવવા આવે તે માટે તૈયાર થઈ બેઠો હતો. આમ તો એ કોઈના બોલાવવાની રાહ જોયા વિના દર વખતે ચોકમાં પહોંચી જતો. આજે તેને કશોક ડર લાગી રહ્યો હતો. એના ઘરાકને ત્યાં વલોણું હતું, એની પત્ની છાછ લેવા વહેલી સવારે ત્યાં ગયેલી. વાત જાણેલી કે રઈ મેળામાંથી પાછી આવી નથી. વેલજી 'હાટા' વિના બીજી આંજણી લઈ આવ્યો છે. ગામમાં આખી રાત હારાદોરા થયા છે. એટલે સવાને એમ હતું કે આંજણાઓની દીકરીઓ, વહુઓ ગાણાં ગાવા આવશે નહીં. તેમ છતાં જવાની તૈયારી રાખેલી. બબા રાતે જેવો ટૌકો પાડ્યો, એ હડફ દઈને ઘરમાંથી બહાર આવ્યો. કડુખલાની ભીંતે શિંગડાના ખૂંટે લટકાવેલા ઢોલને ઉતારી તેની રસી ખભે ભરાવી. ગેડી તો ઢોલના તંગમાં જ ભરાવેલી હતી. માથે ફાળિયું સરખું કરતાં ગેડી ખેંચી ઢોલને બેવાર ફટકારી. મોટેથી બોલ્યો.

"બબાકાકા, હેંડો મું પોંચ્યો હમજો."

બબા રાત સવાનો સાથ કરવા ઊભા રહ્યા. સવાએ તેમની નજીક જઈ પૂછયું :

"બબાકાકા ચ્યમ ઊભા રા, લ્યો હેંડો મું તો ચ્યારનોય તીયાર અતો. તમારી વાટ જોતો'તો."

"ઇમ! ખરો, કોક બોલાવઅ તો જવું, એ હારું કેવાય. બોલાયા વના જીયેં; તો કશા કૉંમના નઈ, આવો આવો અનઅ જૉવ જૉવ."

"કાકા, ગૉમ્મઅ સેની ધબાળી કૂટાય સઅ? આજકાલ જૉણ ગૉમની આબરૂ ઉકેડે ચઢી સઅ? આ ઓરગણાનું કાંઈ હાંભળ્યું."

બબા રાત ચમક્યા. આ સવાલ જબરો છે. આખા ગામની વાતો જાણે કોઈ સવાને કહી જતું હોય એમ લાગ્યું. પોતે ઓરગણાની વાત જાણતા હતા, છતાં જાણે જાણતા જ ન હોય એમ ચાલતાં-ચાલતાં પૂછ્યું.

"સેની વાત સવા? હપરમા દાડે ઓરગણાંનું હું?"

"તમે નહીં જૉણતા...!"

સવો તેમને જોતો રહ્યો. ઢોલ ઉપર એકાદવાર ગેડી ફટકારી. બબા રાત જાણે છે કે નહીં, તેનો તાગ મેળવવા વિચાર કરવા લાગ્યો. ગમે તેવો તો બબોકાકો જમાનાનો ખાધેલ, વાતમાં ઝડપાય ખરો! સવો જાતે વાત કહેવા લાગ્યો.

"કાકા, મું હવારે લોટે જ્યો'તો! વળતઅ હેંમલાનઅ ગૉમ્મથી આવતાં ભાળ્યો. કાળઝાળ થેલો. મીં તો કાંઈ ના પૂસ્યું. એ તો ઘરમઅ જ્યો, એવો બૈરા ઉપરિયાં ઊડી પડ્યો. બોલ રાંડ ચીયો તારો હણીજો અતો?"

"ઇનએ કોઈનું નામ આલ્યું ખરું!"

"ના... કાકા... તમે એ નામ જાણતા નહીં કૉ'?"

એણે ઢોલ પર બેચાર વાર ગેડી ઝીંકી, બબો રાત સાનમાં આખી વાત સમજી ગયા. પેલી વાતમાં થોડી ઉમેરણ કરી. "એ મુખીના ઘેર જ્યો'તો ન્યા લેવા." કહી એ હસવા લાગ્યા.

"હાહરા, આખલા, ગૉંમનો ન્યા કરતા અસીં? સેંગડે ચઢાવઅ."

"હાચું, સવા તું જબરો થેઈ જ્યો સઅ? બપોર હુંદી દોતોર આખું આંય... હેંડ ઉતા કર

મારેય હાહરૂં કૉંમ વધી જહઅ. બીજા ગામના ભાયાત બોલાબ્બા પડશીં...'' બબો રાત ઉતાવળે ગયો.

ચોરા આગળ ચોકમાં સ્ત્રીઓ ટોળે વળી ઊભી હતી. એમણે સવાને જોયો તો કોઈ બટકબોલી સ્ત્રી બોલી :

''ચ્યમ ભઈ સવા, માન માગોય, આંય અજી તો અપ્પા સોડવાનો સઅ. બે ગાંણાં ગાયા વના આફરો હેઠો ના બેહોઈ!''

ચોકમાં ભેગું થયેલું મનેખ હસ્યું. સવાએ ઢોલના તંગ ખેચીં સરખા કર્યા. પડા ઉપર ગેડી ઝીંકી.

*

# 2

**શ્રા**વણી નોમનો સૂરજ માથે આવ્યો. સવો ગામના ચોકમાં ઢોલ વગાડતાં પરસેવે નાહી રહ્યો હતો. ગાણે ગાંડું થયેલ સહિયર અને વહુવારુ ટોળું થાકવાનું નામ લેતું ન હતું. સવો આજે રંગમાં હતો. એણે કૂંડાળામાં રહી એક હાથે ઢોલ ઊંચો કરી હીંચ લીધી. કમરેથી વાંકાવળી ફેર ફુંદરડી ફરતાં, ઢોલ ઉપર ગેડી ઝીંકી, ત્યાં જ એની નજર ઉગમણી ભાગોળ તરફથી ગામમાં જતા મહેમાનોના ટોળા પર પડી. એ ચમક્યો. ગઈકાલથી રઈના સાટા-પેટાની વાતે આખા ગામમાં ઊથલપાથલ હતી. એમાં વળી આજે આ મહેમાન? વિચારતાં એ તાલ ચૂક્યો. ઊભો રહી ગયો. સ્ત્રીઓનું ટોળું ઢોલના તાલ ચૂકવાની રાહ જોતું હોય એમ, અટકી ઊભું રહ્યું. બધાં ટોળે વળ્યાં. કોઈક વહુવારુએ સવાને મીઠી ટકોર કરી.

“ચ્યમ, સવાભૈ હારોયનઅ?”

“ભલઅ મું હારોય? તમે જૉંવ અપ્પા સોડો... મનઅ પાંણી પૉંવ.”

સવાની નજર ગોદડભાના ઘર તરફ વળતા મહેમાનો પર હતી. ઘણા મહેમાનોને એ જોયે ઓળખતો. એ નાત આગેવાન ખરાને! એણે ઢોલની ગેડી બાંડિયાના કોલરની પીઠે આડી ભેરવી. ફાળિયાનો એક છેડે ખોલી ચહેરા પરનો પરસેવો લૂછ્યો. છેડો ફેલાવી ટોળા સામે જોયું. એ કાંઈ બોલે તે પહેલાં કોઈએ ફેલાવેલા છેડામાં આનો બે પૈસા છુટ્ટા ફેંક્યા. કોઈકે ઘેર ‘પરબ’ લેવા અને ‘દાણાં’ માગવા ઘેર આવવાનું કહ્યું. કોઈક લોટામાં પાણી લઈ આવ્યું. સવાએ ફાળિયાનો છેડો બગલમાં દબાવી મોઢે ખોબો ધર્યો. લોટામાંથી ઉપર હાથે પાણી રેડાયું. એણે પાણી પી, ભીના હાથ ચહેરે ફેરવ્યા. સ્ત્રીઓનું ટોળું મહેમાનો તરફ જોતું, એકબીજા સાથે મર્માળું ગુસપુસ કરતું વિખરાયું.

સવો ઢોલ પર ધીમે-ધીમે ગેડી ફટકારતો, ઘર તરફ વળ્યો. નવેળીમાંથી બહાર નીકળતો હતો ત્યાં પશા નાથા સામે મળી ગયા. એમને દ્વારકાની હાટડીએથી ગૉળ લેવો હતો. સવિતા ઘરમાં કામકાજમાં રોકાઈ હોઈ પોતે નીકળ્યા હતા. ઉપરાંત ગામમાં કંઈક જાણવા મળે. એમને જોતાં જ સવો ઊભો રહી ગયો. હસતાં-હસતાં પૂછ્યું.

“ચ્યમ કાકા... ખરાબફોરે ગૉમ્મઅ હેંડ્યા?”

“જવું પડઅ? આ હપરમા દાડે બૈરાં ચ્યાંથી નવરાં વોય... કૅ? આ નુંમના ગાંણાં નઅ? બફોરના રોટલા... પસઅ ગૉમ્મઅ કુંણ જાય... ગૉળ લેવો સઅ. દ્વારકાની હાટડીએથી.”

“તો... પાસા વળો, ઈંને હાટડી અબ્બીહાલ બંધ કરી. ઘેર જ્યો. અપ્પા સોડવા. મી ભાળ્યું’તું.”

“હાચું કેસઅ? ગૉમ્મઅ બીજું કાંઈ ભાળ્યું?”

“હાચું કુસું ભાળ્યુંય ખરું. આ રઈનો બાપો લવજી સઅ ઇમના ઘેર કાંક પરુંણા જતાં જોયાં. ખાસ્યા અતા.”

“ઘણા અસીં?”

“ઓવ્વઅ... પાસું ચોરા પાહણ ફક્કામેદાન! કોઈ ના મલઅ.”

“તાણઅ રઈની વાતે આંજણાંનું પંચ...”

પશા નાથા હળવેથી બબડયા. સવો એમના ચહેરા સામે જોતો રહ્યો. એને ઢોલ વગાડતાં આવેલો વિચાર આમના વિચાર સાથે મેળવી જોયો. ચહેરા પર ખુશી આવી ગઈ. એ જાણે પશા નાથા જેવું જ વિચારતો હતો એવી લાગણી થઈ.

“કાકા, રઈની વાતનું હું?”

“લે કૅ, આખા દોતોરમાં ગરબે ગવાય સઅ? તું નહીં જૉણતો. રાતનું આખું ગૉમ હારાફેરા કરઅ સઅ. તેં પરુણૉનઅ ઓળસ્યા ખરા? કુંણ અતા.”

“ચ્યાંથી... ઓળખું.”

એણે ઢોલને બાજુમાં હડસેલ્યો. બરડામાં ખંજવાળ આવી હોય એમ ગેડીથી ત્યાં ખણવા લાગ્યો. આ જોઈ પશા નાથા અકળાયા.

“સવા! ખણવાનું પસઅ રાસ. ખૉહ થઈ સઅ કઅ હું? પરુંણા કુંણ અતા. મદરોપરિયા કઅ બીજા?”

“કાકા! બધું ભેળસેળ, આઘઅથી હું ઓળખાય. બધા હરખા... ઓવ્વઅ પરુંણા ખાસ્યા અતા.”

“લેં હેડ ભઈ પાસા. દ્વારકો ઘેર જ્યો વોય તો હાટડી ઉઘાડી સેની મેલઅ.”

બન્ને સાથે ઘર તરફ વળ્યા. સવાને થાક લાગ્યો હતો, છતાં ઉતાવળ હતી. ઘેર જઈ પત્નીને પરબ લેવા ગામમાં મોકલવાની હતી. અને વારે વારે પાઘડીને અડી લેતો હતો. પશા નાથાની નજર તેનું પાઘડીને અડવાનું છાનું રહ્યું નહીં. એમનો રમૂજી સ્વભાવ ઝળક્યો.

“ચ્યમ સવા આમ પાઘડીનઅ હરખી કર્યા કરઅ સઅ? માંય ગેંડુ રતન હંતાડયાં સઅ, ગૉમ્મથી...”

“ગેંડુ રતન નંઈ કાકા, પચુણ સઅ! સોડીઓએ આલી સઅ. ખાસી સઅ. ગણી નથી. પાઘડીના સેડઅ બાંધી સઅ! હાહરી ચ્યાંક વેરઈ ના જૉય. આ આંનો બે પૈસ્યા. ઢગુલી થાય એટલાં...”

“ગૉમ્મઅ ગણવાં’તાંનઅ?”

“ઈયા ગણવા બેહું તો ઘેર ચાણ આવું. આ વઉનઅ પરબ લેવા નઅ દાંણા લેવા મેકલવી સઅ. એ જાય નઅ કગરઅ તો દૉણા પામીએ ચ્યમ કાકા...”

બન્ને સાથે હસ્યા. વાસ નજીક આવતા પશા નાથા વાસમાં ગયા. તેમણે વાસમાં નજર નાખી વાલાના આંગણામાં વાલા સાથે ઉગરો ભગત, કચરો, લવજી બધા હોકલી પીવા બેઠા હતા. ત્યાં જવા પોતાનું ઘર પહેલું આવતું હતું, તેમ છતાં ઘેર ન જતાં સીધા ત્યાં ગયા. બધા તેમના તરફ જોઈ રહ્યા હતા. તેમને આવકાર્યા.

“ગૉમ્માં જી આયા. સવલા જોડી હું વાતો કરી.”

ઉગરા ભગતે સીધું જ પૂછી લીધું. સાથે એ પણ જણાવી દીધું કે તે સવા સાથે વાત કરતા હતા.

“ઓવ્વ ભગત ગૉમ્મ જવું’તું. ગૉળ થી રયો સઅ. જતઅ સવો હોંમો મલ્યો. કીધું હાટડી બન સઅ. તે પાસો વળ્યો. ઈની હારી.”

“તમે ગૉળ લેવા જ્યા?” કચરો વચ્ચે બોલી પડ્યો.

“જવું પડઅ! હપરમા દાડે ના પડાય ખરી?”

“ઘરનું કામ કૅવાય, હારી વાત સઅ.”

“પેલો ગૉમ્મઅ ઢોલ વજાડી આયો, કાંઈ રઈનું જાણ્યું?”

“એટલું કીધું. ગૉમ્મઅ પરગામી પરુંણા આયા સઅ. ગોદડના ઘેર રાવણું, કઅ માદેવમઅ. આખું દોતોર સઅ ઈંમ કીધું.”

બધા એકબીજાનો ચહેરો જોવા લાગ્યા. એમને પાક્કી ખબર પડી ગઈ કે આ મહેમાન રઈ અને વેલજીના હાટા-પેટા માટે ભેગા થયા છે. એકબે દિવસમાં વાતનો ફેંસલો આવી જશે. આમ તો સામ સામે ‘પેટા’ની વાત છે એટલે કોઈને ખાસ દંડ નહીં પડે. પણ આંજણાની જાત, રૂપિયાંથી ઘર ભરેલાં. ગમે તે થઈ શકે. થોડી વાર ચૂપ રહ્યા પછી વાલાએ જીભ ખોલી.

"ભગત! આ આંજણાંનું જબરું એક રાતમાં આઠ-દહ ગાંમડાં ફેંદી નાખઅ? હવારે બધા ભેગા થાંય તાણઅ ખબેર પડઅ? જબરો હુંપ... હો?"

"હુંપ ખરો નઅ હૉમેય ખરી. ઘોડાં, ગાલ્લાં ચ્યાં ઓસાં સઅ. એક કેતાં અજાર આજર! આપણી જેમ ટાંટિયાતોડ નઈ."

"ઑંમઅ તનઅ હું લાગઅ સઅ ભગત?"

"મણિનું નામ આયું વોત તો ચ્યારનોય બબોરાત ટૌકા પાડતો આયો વોત! ચંત્યા ના કરો. રામોધણી હૌવઅ હારૂં કરશીં. આંજણાંનું આંજણાંનઅ કૂટવા દયો."

મૂળ વાત ઢાંકી દેવા ભગતે વાતને વાળવા પ્રયત્ન કર્યો. બધા એકબીજા સામે જોતા મનમાં કશી ગડમથલ કરતા રહ્યા. વાલાએ ગુજરિયું ભગતને પીવા આપ્યું. ભગતે કસ લીધા.

"ભગત! તમે રામાધણીનેઅ ઈયાદ કર્યા... આ કાંનાનો અપ્પા સોડ્યો."

"ભઈ, રામોધણી વોય કઅ કાંનો. આજી તો લે મેલ થતી'તી. અપ્પા સોડવાનું હુજ્યું નઈ. ઘરવાળાંય ચિપટઇ જ્યાં સઅ કઅ હું, અપ્પા સોડવા બોલાબ્બાનું નામ નહીં લેતાં, કૉ? હું કરીએ. આજઅ અણુંજો સઅ. અમણઅ હાંજ થહઅ."

"ભલ હાંજ થાય. પેલી વાતનો કાંક ઠાહ પડશે. આ આખું દોતોર પંચ આયું સઅ. પંચ તો પોદરા જેવું, ચપટી ધૂળ લેઈ વેરાશે." પશાની 'ચપટી ધૂળ' સાંભળી બધા હસ્યા. એમને ખબર હતી કે ચપટી ધૂળ ભલભલાની કમર વાંકી વાળી દે છે.

"હાચું કીધું પસા, આ રઈનો બાપ ચપટી ધૂળ હારું હુલ્લી લેઈ બેઠો અસે! હામે વેલજીનો હાહરો બેઠો અસે ઝાપોટ મારવા. ખરૂં કું આંજણાંના પંચમઅ ખરો તાલ થ્યો. પેલું પંચ કેસે કન્યા દેખાડો..."

"ભગત વાહ, કેવું પડઅ? જૉણઅ તમીં જ ન્યાં કરવા બેઠા."

"એ પૂસઅ તો અબઘડી ન્યા કરી નાસીએ. ભલઅ બાપડાં બે દાડા કહુંબાની ઠોળ ઉડાડઅ! આપણઅ તો આ ગુજરું ચ્યમ... કહ લ્યો."

"હાચું ઈમની પૈડ મેલો ઊઠો. ભલઅ એ શિરા ખાંય... આપણી ઘેંહસાહ હારી."

અત્યાર સુધી મણિની વાતનો બોજ માથે ઝળૂંબતો હતો એ ખંખેરી બધા ઊઠ્યા.

*

# 3

પશા નાથાએ સાળ બંધ કરી, હાથમાં ઝીલેલો નળો કોકડાં સાથે રામીયામાં મૂક્યો. રાશિલા પરની ઓજા સાથે બાંધેલી રાશની ઘોડાગાંઠ ઢીલી કરી. વણાટમાં ઝોલ પડી એટલે હાથાને તોર નજીક લીધો. એ સાળના ખાડામાંથી બહાર આવ્યા. પોતડી સરખી કરી. પેટ દબાવ્યું. એ બપોરના જન્યા પછી વણવા બેઠા ત્યારે પેટમાં થોડું દુઃખતું હતું. અત્યારે વધારે દુખાવો થતા સાળમાંથી બહાર આવ્યા. સવિતાને મોટેથી કહ્યું,

"ગોકાની'મા, ચરવો ભરજે મું વાડે જી આવું. આ પેટમાં ચૂંકાય સઅ."

એમણે વરણગી પરથી બાંડિયું લઈ પહેર્યું. માથે પંચિયાને પાઘડીની જેમ બાંધ્યું. સવિતા ચરવામાં પાણી લઈ આવી. પશાને ચરવો આપતાં કહ્યું,

"ચ્યમ, પેટમઅ ચૂંકાયું?"

"ખબેર નહીં! આ વાડે જી આવું, કાંક મટઅ. હવારનું પેટ ભરેલું લાગતું'તું."

એ ઘરમાંથી બહાર નીકળ્યા. આંગણામાં આવી વાસમાં જોયું. કચરાના ઘર આંગણામાં ઉગરો ભગત અને કચરો ખાટલામાં હોકલી પીતા બેઠા હતા. એમને થયું પેટમાં દુઃખે છે તો બે ફૂંક હોકલી પીતો જાઉં, જો પેટમાં દુખવાનું મટે તો! સવિતાને કહ્યું હોત તો એ હોકલી માંડી આપત. એમણે તેમની પાસે જઈ ભગતને કહ્યું,

"ચ્યમ ભગત, હાળ બંધ કરી બેઠા સો?"

"હાળ બંધ કરી નહીં. થાક ઉતારવા ઘડી બાર આયો, કચરાનઅ આંય હોકલી પીતાં ભાળ્યો. તમે આ ચરવો ચ્યમ ઝાલ્યો, કવેળા?"

"હાહરી પેટમઅ ચૂંક આવતી'તી. કચરા લાવજે ઓકલી. બે ફૂંક પી લ્યું? કાંક હારૂં લાગઅ... આ બાવળીમથી બાવળની એક બે હોટીઓ ભાજી લાવું, દાતણ હાટું."

કચરાએ હોકલી પશા નાથાને આપી. એમણે એક બે ફૂંક પી, થૂંકી નાખ્યું.

"કચરા, ઓકલીમઅ બધું બળી જ્યું સઅ."

"ઈંમ, લાવો મંડાઈ'લ્યું."

કચરો હોકલી લઈ ઘરમાં ગયો. ભગત અને પશાએ એકબીજા સામે જોયું. ભગતને ગામમાં આવેલા આંજણાપંચની વાત યાદ આવી.

"હાહરું, આ ખરૂં થ્યું! ગૉમ્મઅ આંજણા ભેળા થ્યા સઅ. રઈની વાતનો નીવડો આવતો નહીં. આંય આપણો જીવ..."

"કાઈ નઈ ભગત! આયા સઅ તે જહઅ. આ તો પંચ કેવાય. તમે ચ્યાં નહીં જાણતા? ઈંમનઅ કૂટવું હોય ત્યાં હુંદી હો કૂટતા."

"ઈંમઅ આપણું ના કૂટઈ જાય."

"ના કુટાય, આવા કૉમનો જહ વાહનઅ ના મલઅ. ઈંમ થાય તો ઈંમનું નાક જાય. મું બાવળી બાજુ જઉં સું. કોક સેતરેથી જતું આવતું મલી જાય તો કાંક જાણવા મલઅ."

કચરો હોકલી લઈ ઘરની બહાર આવ્યો. પશા નાથાને હોકલી આપવા હાથ લાંબો કર્યો. તેમણે હોકલી પીવાની ના પાડી ચાલવા માંડ્યાં. એ તલાવડીની પાળની સામેની વાડ તરફ ચાલવા લાગ્યા. વાડ પેલે પાર લીલાંછમ્મ ખેતર પથરાયેલાં હતાં. એમનો જીવ લીલાશમાં ભેરવાયો. આ કુદરત જબરી છે. વૈશાખમાં નકરી લૂ વેરે છે, શ્રાવણમાં આંખ ઠરે એવું. એમનું મન રાજી રાજી થઈ ગયું. એ નેળિયામાં ઊતર્યા. ત્યાં દૂર કોઈક માણસને આગળ જતો જોયો. કેડમાં સંતાડી ભેરવેલી કાતોર જોતાં લાગ્યું કોઈ ઠાકોર હશે. પણ ધારીને જોતાં જનારને

ઓળખી કાઢ્યો. એમણે એને નેળિયાને પેલે પાર જવા દઈ ટૌકો પાડ્યો.

"મણા... ઓ મણા... ઊભો રે, ચ્યાં હેડ્યો?"

મણો ઊભો રહો. એ પશા નાથાના હાથમાં ચરવો જોઈ સમજી ગયો કે તે વાડે જઈ રહા છે.

"કો' કાકા, હું કામ સઅ?"

"કામ તો સઅ નઈ! આજઅ ગૉમ્મઅ જ્યો'તો? કાંઈ ભાળ્યું ખરું?"

મણાએ માથું ખંજવાળ્યું. જાણે કંઈક વિચાર કરતો હોય એમ આંખ ઝીણી કરી.

"મું જ્યો તાણઅ... ચૉરે મોદ પાથરી અમલ કહુંબા થતા'તા મારી હારી મારી ઘરવાળી અતી, ઈનઅ બેચાર ઘર માજી લાબ્બા મેકલી દીધી. મું ઊપડ્યો રાવણાનઅ રાંમરાંમ કરવા."

"તું જબરો મણા. રાવણાનઅ રાંમરાંમ કરવા."

"ઓવ્વઅ કરવા પડઅ."

એ હસવા લાગ્યો. જાણે મોટો મીર માર્યો હોય એમ હાથ ઊંચા-નીચા કરી પશા નાથાની નજીક ગયો. પછી કાનમાં કહેવાની વાત હોય એમ મોઢું કાન પાસે લઈ જઈ ધીમેથી બોલ્યો :

"કાકા! રાંમરાંમેય કર્યા નઅ રાંમેણ જૉણી લીધી. પેલી રઈવાળી વાત. રઈ વનરાવનના મેળામથી, ઈના પૈણોત જોડી હાટું તોડી જતી રી'તી. ઈનો નીચાય થ્યો. આંણાનું દાપું નઅ... હાટાનું બાચી. હાલ ફલ્લમફલ્લા. ના હુલ્લી રૂપ્યા."

"વેલ્યાનું હું થ્યું?"

"એય બાચી, માથઅ લેવરાયું."

"કાંઈ હડમાલો ના થ્યો. પંચ ઢીલું પડી જયું... આપણા મુખી?"

પશા નાથાને વાત લંબાવવી હતી. એમને જાણવું હતું, આ વાતમાં એમના વાસનું નામ આવે છે કે નહીં. એ ખુલ્લી રીતે એ વાત પૂછવા માગતા ન હતા.

"બધા ટાઢા હેમ! નાનજી ભગત વૉય ઈંયા નારામુખીનું હું હેંડઅ! ઈમઅ જાસ્કણ મદરોપરિયો, લાલજી બધા મિયોલ બાજુ. બધા ગળાના હમ ખઈ એકબીજાનઅ અફણ પાતાતા. જબરો તાસીરો."

પશાને મનમાં હાશ થઈ. સારું થયું, સમાધાન થઈ ગયું. વાસ ઉપરથી ઘાત ગઈ.

"તાસીરો તો જબરો કેવાય, આજી બધા વેરાસી."

"ઓવ્વઅ... વેરઈ જ્યા... ચ્યારનાય તમે ના જાણ્યું."

"લે, તેં કીધું એકઅ આઈ જયું."

જે વાત જાણવી હતી એ વાતની જાણ થતાં જ તેમને પેટમાં ગરબડ જેવું લાગ્યું. એમણે મણાને ચરવો દેખાડયો. મણો વાત સમજી ગયો.

"કાકા; મું જવઅ. પેલો અનાજી વાટ જોતો અસે."

બન્ને છૂટા પડ્યા. પશા નાથા ઝાડે ફરી આવ્યા. બાવળીમાં જવાને બદલે વાસ તરફ પાછા વળ્યા.

વાસમાં તેમણે જોયું, ભગત અને કચરાના ઘરની સાળ ચાલવાનો ધમકાર આવતો હતો. એ ભગતના આંગણે ઊભા રહી તેમને ટૌકો કર્યો. તે બહાર આવ્યા.

"ચ્યમ ભઈ, વાડઅ જવામઅ મોડું કર્યું?"

"મું, ગૉમનો હંદેહો લેતો'તો."

"કુંણ અતું કેનાર, પાસું બાવળીમઅ?"

"જે કેઈ જ્યું એ. વાત ઈમ થી કઅ. હાટા-પેટાનું ટાઢું પડી જ્યું. નૉમ તો રઈનુંય ના આયું, પસઅ મણિનું નૉમ સેનું પડઅ. સોડીઓના નૉમઅ ન્યા થાય તો મૂસોવાળા લૅબું ચ્યાં

મેલઅ?''

''પશા, તમે ઑૅમ જાળા ના ફેંદો, સીધી વાત કૉ?''

ભગત અકળાયા. પશાએ ખોંખારો ખાધો.

''કેનારે કીધું કઅ, સોડી ઈનાં હાહરઅ જઈ! કાઢવણે નહીં જઈ. વઉં ઈની હાહરીમઅ આઈ. હૉમાં-હૉમાં લગનનાં દાપા અલઈ જ્યાં. પેટાં બાચી, વખત આયે વળાબ્બાનાં, હાલ તો બધું ફ્લ્લમ્ફ્લ્લા. ના હુલ્લી રૂપા, ના ચબૂતરે જાર.''

''જબરું ભઈ! કૉ.''

''એ તો નાંનજી ભગત નઅ જાસ્કણ હોય તો બધું હમું નમું થેઈ જાય. પરુંણા શિરો ખઈનઅ ચ્યારનાય વેરઈ જ્યા. ગૉમ્મઅ એય... લીલાલેર સઅ.''

''હારું ભઈ, ગૉમ્મઅ લીલાલેર થી... નકર ચ્યાંક ભડકો થ્યો વોત તો? વાહમઅ ઉચાટ થોત. આ નારસંગ મુખીનો ડોળો વાહ પર સઅ.''

''નારસંગ હું ભડકો કરઅ? આ સોડીઓએ એવો મેં વરહાયો સઅ, બધું ઓલઈ જ્યું. જે રાંમાપીર.''

''હારું, તમારા પેટની પીર મટી કઅ?''

ભગતને ગામની વાતે નિરાંત થઈ. એમનો ચહેરો હસુ હસુ થઈ રહ્યો. પશા નાથાએ હાથમાં પકડેલો ખાલી ચરવો તેમની સામે ધર્યો.

''બધાના ઉપા હોય સઅ, ઈનોય ઉપા થેઈ જ્યો. 'લ્યો મું જવ! રાતી વધારઅ. વણાટ બાચી મેલીનઅ ઊઠ્યો'તો ઈનઅ શરતે પાડું.''

પશા નાથા ઘર તરફ જવા લાગ્યા. એમને ત્રણ-ચાર દિવસ પહેલાં ગામને ગોંદરે યુવાને કહેલી વાત યાદ આવી. સાચે જ એ લોકોએ ''ઊના સૂરજનેય ટાઢો કરી નાખ્યો હતો.'' એમના ચહેરે આછો મલકાટ વરતાયો.

*

# 4

સવાર થઈ. સૂરજ ઊગ્યો. અજવાળું ઘરમાં આવ્યું. પશા નાથાએ ઘરમાં રહી બહાર જોયું. આંગણે તુલસીક્યારા પાસે દીવો બળતો હતો. સૂરજના અજવાળામાં એની જ્યોત ઝંખવાઈ હતી. એમણે પરોઢિયે દીવો સળગાવી ત્યાં મૂક્યો હતો. તે વેળાએ વાસમાં કોઈ જાગ્યું ન હતું. વાસમાં અજવાળું ન હતું. એમને વિચાર ઝબક્યો. આ નાનકડો કોડિયાનો દીવો તુલસીક્યારા સાથે આંગણાને કેવું ઝળાંહળાં કરી દે છે? આ સૂરજ મહારાજે તો આખા જગતને અજવાળી દીધું. એમને તુલસીની માંજરની સુવાસ અનુભવાઈ, મન મઘમઘાટ થઈ ગયું. તુલસીનાં કેવાં ટચૂકડાં ફૂલ! એ તુલસી, દીવો અને સૂરજના અજવાળાને જોવા લાગ્યા.

અજવાળું બારણાંમાં થઈ, કપડાં મૂકવાની વાંસની વરગણી પર ઠર્યું હતું. તેનાથી ઘરનું અંધારું, ઝાંખું-પાંખું થઈ ગયું હતું. વરગણી પર કપડાં અસ્ત-વ્યસ્ત લટકતાં હતાં. તેમાંથી પાઘડી ખેંચી, કપડાં વધારે અસ્ત-વ્યસ્ત થયાં. એ કપડાં સરખાં ગોઠવતાં બબડ્યા :

"ઘરનાંને ચેટલીવાર કીધું. લૂંગડાં હરખાં વાળીનઅ વરગણી પર મૂકો! માંનઅ કુંણ, મારો ભા?"

એમણે પાઘડી ખંખેરી, એનો છેડો પકડી લંબાઈ સરખી કરી. પાઘડી માથે બાંધતાં ઓસરી વટાવી, આંગણે આવ્યા. ઊભા-ઊભા ચારેતરફ જોવા લાગ્યા. વાલાના ઘર તરફ નજર જતાં વાલાની દીકરી મણિના આણાંનું ટાણું યાદ આવ્યું. મનમાં કશોક ખટકો થયો. આણું શ્રાવણી નોમના દિવસે વહેલી સવારે હેમખેમ વિદાય થયેલું. એ વખતે વાલાના વેવાઈ જેઠા બેચરની જેમ સિદ્ધપુર જવાનો વિચાર કરેલો. અને પોતે હજી સુધી ગામમાં જ છે, તેથી ક્ષોભ થયો. કોઈક વાર આ વાત યાદ આવતાં મન અકળાઈ જતું. આજે ફરીથી સિદ્ધપુર જવાનો સણકો ઊઠ્યો. મન પોકારી-પોકારીને કહી રહ્યું હતું. "અહીં ઘણું રહ્યા, ગામ છોડી દે." એ પણ શું કરે સમય સાથ આપતો ન હતો. મણિની સાથે એમને રઈ યાદ આવી. રઈ? સાવ જ યુવાન, વીસ વરસની આંજણાની દીકરી. સાટું ભાગ્યું તો સાટાની એસી-તેસી કરી, ઘરવાળા જોડે મેળામાંથી બારોબાર સાસરે જવા માટે ચાલી નીકળી. જબરી! ખરા બાપની બેટી. ભાઈના માટે ઉધાર સાટે વહુ મોકલી. આખી દોતોરની આંજણાની નાતને ધોળે દિવસે તારા દેખાડી દીધા. વેલજીની વહુ ગામમાં આ રહી. રઈ મંદરોપુર સાસરે. ગામે શું ભડાકા કરી લીધા. હા... આખી વાતમાં મણિનો દોરીસંચાર ખરો.

એમનું મન મણિના સાસરિયા ગામે પહોંચી ગયું. જેઠા બેચર હવે ગામમાં ટકી જાય એ વાતમાં કશો સાર નથી. એ સિદ્ધપુર જવાના એટલે જવાના જ. અને એ સિદ્ધપુર પહોંચ્યા છે એવા સમાચાર મળે કે તરત... આવજો વહેલા સિદ્ધપુર. ત્યાં જ મન પલટાયું.

"આ જેઠા બેચર સિદ્ધપર જાય કઅ ના જાય! ઈમાં મારઅ હું લેવી-દેવી? આંય ગૉમ્મઅ ચિયા ભૂતભઈનઅ રવું સઅ? ભલઅ બે-પાંચ દાડે ના જવાય! પંદર દાડા-મઇનો. જવું ખરું?"

એમણે વાસમાં જોયું તો! વાસ જાગી ગયો હતો. દરેક ઘર આગળ હલચલ હતી. બે-ત્રણ કૂતરાં વાસ વચ્ચે હડિયાદોટ કરી રહ્યાં હતાં. એક કૂતરું ભસ્યું. ચૂપ થયું. એમને મજા પડી.

"અલ્યા! મલકુસ્તી કરી 'લ્યો? હવઅ તમારા આ હડમાલા જોવા પસા નાથા આજર નઈં હોય."

સાચું છે! આ કૂતરાંની ધીંગામસ્તી, ઘંટીનો ગુંજારવ, સાળનો ધમકાર, લીમડાના છાંયે બેઠાં-બેઠાં વાતોના તડાકા, હોકલી-હોકાની ગુડ...ગુડ, એમાંય બધાંનો પ્રેમ બીજે ક્યાંય નહીં મળે. સિદ્ધપુરમાં તો મિલમાં લોઢાના મશીનો સાથે બાથો ભરવાની. ચામડાના પાટાની

ખટાપટ-ખટાપટ વચ્ચે જીવવાનું. કોઈ બોલે તો સંભળાય નહીં, બોલવું બંધ. હાથને ઇશારે કામ કરવાનું, સીટીઓ મારવાની. નાના-મોટા ગરગડાને ગરગડીઓ ઘરરર... ઘરરર ચાલે.

"હાહરું એય જબરું તો ખરું? એક નેની ગરગડીનો પાટો મોટા ગરગડાને ફેરવે! ગરગડા-ગરગડીઓનો પાર નઈ. પાટા નઅ હાંચામઅ પટીઓ અધધધ...!"

એ વિચારોમાં ગૂંચવાતા ગયા. સાંચામાં ફરતી ત્રાક, ત્રાક સાથે ફરતું બોબિન, બોબિન પર લપેટાતા તાર, બધું ફટાફટ. સૂતર કંતાઈ જાય. પોતે જાણે રેંટિયો ફેરવવાનું ભૂલી ગયા હોય એવી લાગણી થઈ. અને વણવાનું? આમેય કેટલાક દિવસથી એ વણવા ક્યાં બેઠા છે. એ તો મિલમાં ગયા પછી થ્રોસલ ખાતાનો સંચો ચલાવનાર 'સાંચાવાળા' થઈ ગયા હતા. તાર તૂટે કે ઝબ્બ હાથના પહેલા બે આંગળા વડે ત્રાક પકડવાની. બોબિન પરથી તાર શોધી, લાંબો કરી લંભેણની બંગડીની રિંગમાં ભેરવી, તાર સબરગઠ્ઠા સામે છૂટો નાખી જોડવાનો. તાર સંધાઈ જાય. ના સાંધો કે ફોદો. પાતળી પૂણીમાંથી તાર નીકળ્યા કરે. સબરગઠ્ઠો - લોખંડનો દંડ! એ હસ્યા.

"મારો બેટ્ટો લોઢાનો કરકરિયો દંડૂકો. ઝીણા આરાવાળો, પૂણી દંડૂકા નેચે દબાઈ રીંગમાં થઈ, તાર બની બોબિનને લપેટઈ જૉય!"

એમણે માથું ધુણાવ્યું. બોબિન તારથી ભરાઈ જાય એટલે ડાફ તૈયાર, ચાંપ પાડવાની, સંચો બંધ. ત્રાક પરથી બોબિન ઉતારી લેવા મુકાદમ સિસોટીઓ પર સિસોટીઓ મારે. ડોફ કાઢનાર કારીગર ડોફર, નાની ટોપલી લઈ દોડાદોડી કરે, બોબિન ટોપલીમાં ભેગા કરે. બૂમબરાડા. ખાતું જીવતું થઈ જાય.

ઘરમાંથી સવિતાનો અવાજ આવ્યો.

"હવાર મઅ આંગણે ઊભા હું બબડો સો? ઘરમઅ આવો. કાંક ડૂવો પી, હાળે બેહો... કઅ પસી, રાંમ રાંમ?"

એ ચમક્યા. વિચારોમાં ક્યાંના ક્યાં પહોંચી ગયા હતા. પાછળ ફરી ઘરમાં જોયું. સવિતા હાથમાં તાવડી પકડી ઊભી હતી. વાસમાં જોયું.

"વાહમઅ હું જુવો સો? ઘરમઅ આવો? કૉન બગલઈ જ્યાં કઅ હું, લ્યો ડૂવો તિયાર સઅ. પી, કોઠો ટાઢો કરી હાળી બેહો... ઉતા કરો ગૉમ ગધેડે ચડ્યું સઅ. તમે ચ્યાં નહીં જાણતા?"

એ ઘરમાં જવા લાગ્યા. થોડુંક મલક્યા. ગામની બધી વાતની એમને ખબર હતી જ. સવિતાનું બોલવું અટકતું નહોતું.

"ગૉમ્મઅથી કાંક વાત આવસે, ઈંયા જવાનું થહઅ... જલ્દી પાલો."

એમને લાગ્યું કે ગોકળની મા ઘરમાં ગયા વિના કેડો મૂકશે નહીં, એટલે ઘરમાં જઈ બોલ્યા :

"તમનઅ આખા ગૉમની ચિંતા સઅ! હાહરૂં મનઅ સિધપર વળજ્યું સઅ. સિધપર જઉં... સિધપર જઉં, ઈંમ થાય સઅ."

"સિધપર પસીં જજો! લ્યો... આ તાવડી. ડૂવો પી લ્યો. ભૂસે જવાનું હારું નઈં. હમજ્યા કઅ?"

સવિતાએ મીઠો છણકો કર્યો. માથેથી સાડલાની ખસી ગયેલ મથરાવટી સરખી કરી. પશા નાથા તાવડી હાથમાં લઈ હાથણીની ભીંતના ટેકે ઊભા પગે બેઠા. તાવડીમાં રહેલાં ઘેંસ-છાછ મીઠાની ગાંગડી સાથે હલાવી ડૂવો કરી, પીવા લાગ્યા. તાવડી ખાલી કરી.

"હાશ-કોઠો ટાઢો હેમ થ્યો." મૂછ પર ચોંટેલી ઘેંસ હથેળી ફેરવી સાફ કરી.

ખાલી તાવડીને એક હથેળીમાં રાખી, બીજા હાથની પહેલી આંગળીથી તાવડીને ટકોરા

મારવા લાગ્યા. સાવ બોદો નહીં જેવો અવાજ નીકળ્યો. તાવડી સાથે આંગળી ટકરાવાથી તેમની આંગળી દુખવા લાગી. મનમાં થયું તાવડીમાંથી કેમ કોઈ રણકાર આવતો નથી. એમને સિદ્ધપુરનું મુકાદમનું ઘર યાદ આવ્યું. એ સિદ્ધપુર મિલમાં કામે જતા હતા ત્યારે મુકાદમને ઘેર રહેતા હતા. તેમને ત્યાં જમવા માટે તાંસળું હતું. મુકાદમ ઘણી વાર જમી રહ્યા પછી ખાલી કાંસાનું તાંસળું હથેળીમાં રાખી, આંગળી વડે ટકોરા મારતા. તેમાંથી રણકાર નીકળતો. એ રણકાર પશા નાથાને ગમતો. એ જોઈ રહેતા. એક દિવસ મુકાદમે કહેલું,

"પસા, તાંહણું બવ ગમતું વોય તો? પગારમથી થોડો ખરચ પાડો?"

પરંતુ તાંસળા માટે ખર્ચ પાડે તે પહેલાં ગામ આવી જવું પડ્યું હતું. પિત્તળના લોટો-ગ્લાસ, જરમરિયા તપેલી અને પિત્તળનું બુઝારું વગેરે ખરીદવાની ઇચ્છા મનમાં જ રહી ગઈ. જાણે કરમે કલૂડો, તાવડી અને દોંણી લખાવી લાવ્યા હોય! અહીં આવ્યા બાદ એમને ગામની દરેક વસ્તુઓને શહેરની વસ્તુઓ સાથે સરખાવવાની ટેવ પડી ગઈ. ગઈકાલે કલૂડો લઈ સવારે ઝાડે ફરવા નીકળેલા, તો શહેરનું ચંબુ યાદ આવી ગયું. મુકાદમે મિલમાં કામે ચઢાવવા ચાર વીશીવાળા રાખેલા એટલે ચાર ચંબુ રાખેલા. નાના પતરાનાં ડબલાં. ડબલાની ઉપરની ખુલ્લી બાજુએ બે કાણાં પાડી તાર બાંધેલા. ડબલામાં પાણી ભરી ઝુલાવતા જંગલ જવાનું. પાણી લીધા પછી ડબલાને ધોવાની માથાકૂટ નહીં. ઘેર પાછા આવી તેને થાંભલીએ મારેલી ખીલી પર લટકાવી દેવાનું. એમણે હળવેથી નિસાસો નાખ્યો. ઘરના મોભારા તરફ જોયું. વળીઓ - નળિયાંને બાઝેલાં જાળાં, નળિયાને છાજતાં રહી ગયેલાં નાનાં છિદ્રો પાર કરી ભીંતે પડતાં ચાંદરણાં.

નેવાંનાં નળિયે ખખડાટ થયો. 'ક્રાંઆ... ક્રાંઆ' અવાજ અને કાગડો ઊડ્યો. આ કાગડો કેવા બેફિકર! આ... નેવે બેઠો કે ઊડ્યો... કશું લેવું દેવું નહીં. માણસ જાતને જ બધા હડમાલા. જ્યાં જાઓ; ખાટલા, ગોદડાં, દૂણાં-દૂણી, અઢાર જાતની વસ્તુઓ ભેગી કરીએ તો બીજે રહેવા જવાય! એમાં શું થઈ ગયું, ભેગું કરીનેય જવું તો ખરું. સિદ્ધપુરમાં એક ભાડાની ઓરડી મળી જાય... ફૂલપરામાં. ઘરનાં બધાંને ત્યાં બોલાવી લેવાના. બાપ-બેટો મિલમાં જઈશું! ના... ના... છોકરો ને વહુ થોડા દાડા ગામડે ભલે રહેતા... આગળ જોઈશું. જુદું ઘરનાં મળે તો કોકના ઘરમાં ભેગા રહીને જુદું રાંધી ખાઈશું. પેલો પાલડીનો કાનો અને મક્તુપરનો લાલો ભેગા રહે જ છેને. ઘર મળે તો જુદા થઈ જવાનું, સૌનો ભગવાન છે? વાલો, લીલુંડા ઘોડાનો અસવાર, રામોપીર...

સવિતા કલૂડામાં પાણી લઈ આવી. એમણે તાવડી નીચે મૂકી, તેમાં હાથ ધોઈ પાણી પીધું. મૂછો સાફ કરી ઊભા થઈ આંગણામાં આવ્યાં. વાસમાં નજર નાખતાં આળસ મરડી. આંખો ઝીણી કરી. બધું બદલાઈ જવા લાગ્યું. સામે સરસ્વતી નદી ઉપર બંધાયેલો રેલ્વેનો પુલ, પસાર થતી ગાડીની છૂક-છૂક. ઝગારા મારતું નદીનું પાણી, કુંવારકા નદીને કાંઠે કેવડાનાં ઝુંડ, ઊડતી રેત, સામે પાર અસીમ વગડો. એમને કેવડાની સુગંધ અનુભવાઈ, એ મલક્યા. ફૂલપરામાં ઘર થાય એવડું ખાલું મળી જાય... તો ભયો-ભયો. એમણે ઘર તરફ નજર નાખી.

"ઘરમઅ તો જુદું વાજું વાગઅ સઅ. આ ગોકાની મા; તૈણ દાડે ધોત્યું ધોવા કાઢું તોય સણકો કરઅ. આ સિધપરથી આયા સો તારના બેદાડે પોત્યું નઅ બાંડિયું... આ ધોવા કાઢ્યું? જૉણઅ સેરમઅ જી, જાજ કમઈ લાયા વોય."

એ સામે જવાબ ન આપે પણ બબડે ખરા.

"ભલઅ જાજ ના કમાયા. જાતી ચોખા રવું જુવઅ કઅ નઈં? આંય તો હૌવ તેર દાડે લૂગડાં ધૂવઅ એવા સઅ."

ગામમાં ક્યાં કોઈ ઊજળાં કપડાં પહેરે છે? પહેરે તો કોક વાણિયો, બ્રાહ્મણ. બાકી સૌ

મેલખોરિયાં લૂગડાં... ઢેઢવાં પહેરે. ફાટી જાય ત્યાં સુધી ધૂવે નહીં. પોતે સાબુથી ધોયેલાં ધોતિયું, બાંડીયું પહેરી ચોરા પાસેથી નીકળેલા, સૌ તેમને તાકી રહેલા. તેમની અડબંગ છાપને લીધે કોઈએ અટકચાળું ના કરેલું. એમની જગ્યાએ બીજો કોઈક હોત તો ધૂળ જ ભરાઈ હોત. તોય ટકોર કરનારા ચૂકેલા નહીં.

''દીયોર, જોયું નઅ... ઢે... પસલો? બે દાડા સેરમાં જઈ આવોય, ચેવી ઊજળી પાઘડી, બાંડિયું-પોત્યું. જાૅણઅ... બાલેટન...''

વાક્ય પુરું થાય એ પહેલાં પશા નાથાએ ઊભા રહી, પાછળ ફરીને જોયેલું. ચોરાના વડલા નીચે બે ચાર મોટિયાર ઊભા હતા. એ પશા નાથા ને ઊભા રહેલા જોઈ આઘાપાછા થવા લાગ્યા હતા. પેલાઓને ખબર હતી કે પશા નાથાને મોઢેમોઢ કંઈક કહેવામાં કંથેરના જાળામાં હાથ નાખવા બરાબર હતું. તેમને બોલનારનો અવાજ ઓળખાયેલો. 'પલિતીમાં કોણ પથરો નાખે' એમ વિચારી ચૂપ રહેલા. સાલા, આ લોક નહીં સુધરે! મનમાં તો થયું કે બોલનારની પાસે જઈ ખખડાવી, પૂછે :

''દિયોરના પેટના, કોઈ દાડે ઝટિયાં ઓળાઈ હમું ફાળિયું છાબડે બાંધ્યું સઅ ખરું?''

'ઝટિયાં' શબ્દ સાથે તેમને ભેમો સેનમો યાદ આવ્યો. તે ફૂલપુરામાં લીમડા નીચે જૂની પછેડી પાથરી, બધાંના બાલ-દાઢી કાપતો. લોકો કહેતા ભેમો અમદાવાદની 'શોપ'માં રહી ઓડીયસ બાલ કાપવાનું શીખી આવ્યો છે. 'ઘાંચજાની નાતનો છું' એમ કહી કોઈ શોપવાળા ભેગો રહેલો. એક દિવસ નાતની ખબર પડી એટલે નાઠો. બસ સિદ્ધપુર ભેગો. એય દિયોર ગપોડી, અમદાવાદ શું ઊડીને ગયો હતો. એના બાપા ગાડીની ટિકિટ તો આપતા નથી. જે હોય તે, સરસ બાલ કાપે. ખૂણિયા કાઢે, ઓડીયસ બાલ કાપી માથે ધૂપેલ નાખી માલિસ જબ્બર કરે. બે હાથની હથેળીમાં આંગળાં ભેરવી આંગળાં વડે માથામાં હળવે-હળવે ફટકારે! કેવો ફટ્-ફટ્ અવાજ આવે.

''આ ઝેંથરિયાળ ઓંજાં? માથઅ ફાટેલા પાઈડિયાનો ફેંટો! બાદુરી બારકંદારની.''

એ ચૂપચાપ ઊભા રહ્યા. ઘંટીના ઘમકાર સમી ગયા હતા. ક્યાંક સાળના ઘમઘમાટ ગુંજતા હતા. પંખીઓનો કલબલાટ તો ક્યારનોય મંદ પડી ગયો હતો. આ બધું જાણે નવું લાગતું હોય એમ એ ફૂલપુરાના સહવાસે પોતે બદલાઈ ગયા હતા. લીમડા ઉપરથી કાગડાનો અવાજ સંભળાયો. એમની વિચારમાળા તૂટી. એ ઘર તરફ જોતા ઓસરીમાં ગયા. બારણાંમાંથી સાળ સામે જોયું. સાળમાં પછેડીનો વણાટ ચઢાવેલો હતો. ઓસરીમાં શિંગડાના ખૂંટે આંટી ભરાવેલ ફાળકો લટકતો હતો. ખૂણામાં રામિયામાં ખાલી કોકડાં હતા. તે બોલ્યા :

''ગોકાની મા, તમે કોકડાં ભરવા રેંટિયે બેહો! મું આ પસેડીનું અડધિયું ઉતારું.''

*

# 5

પશા નાથાનું મન, ઘરના વાતાવરણ કરતાં વધારે ઝડપથી બદલાઈ રહ્યું હતું. ફૂલપુરાના સહવાસે તેમનામાં અજબ ફેરફાર આવ્યો હતો. તેમનું મન હવે ઈશ્વર કે ભજનભાવમાં ખાસ ભળતું નહીં. કામઢા માણસને કામકાજમાં ખૂપી રહેવું વધારે માફક આવે. નવરા હોય એને ભજનની વાતોમાં રસ પડે. ફૂલપુરામાં તો સૂરજ ઊગ્યાથી આથમ્યા સુધી મશીન સાથે મલકુસ્તી કરવાની. ઘેર આવીને નાહી-ધોઇ, જમવાનું. સૂવા માટે ઓસરીમાં ખાટલો તૈયાર હોય, પણ થાક ઊંઘવા ના દે. બધા પુરુષો રામાપીરની દેરીના ઓટલે ભેગા થાય. પશા નાથા કાંઈ તરત ખાટલે સૂવા જાય ખરા? એ ત્યાં જઈ બેસે. ઓટલે તો જાતજાતની અને ભાતભાતની વાતો મંડાય. એક બે જણા ભણેલા. મિલમાં માસ્તર છાપું લાવે, એની પાસેથી છાપું લઈને વાંચે અને રામાપીરની દેરીએ એમણે શું વાંચ્યું એની વાત કહે. શરૂઆતમાં પશા નાથા ખાસ બોલતા નહીં. તેમને તો નવું જાણવામાં આનંદ થતો. ક્યારેક પોતાની વાત પણ કહેતા.

સવો ભગત, રામાપીરની દેરીના વણનીમ્યા પૂજારી. એમની પાસે સરસ તંબૂરો અને મંજીરાની જોડી. અવાજ મીઠો. ઘણાં ભજન મોઢે. એ મોજમાં હોય એ દિવસે દેરીના ઓટલે પલાંઠી વાળી બેસે. ખોળામાં તંબૂરો અને હાથે વીંટેલી મંજીરાની દોરી. એક મંજીરો હથેળીમાં, બીજો છુટ્ટો ઝૂલતો. તંબૂરાના તાર રણઝણે, સાથે ભગત ગળું વહેતું મૂકે.

હે... જીરે જીરે... વાગે ભડાકા ભારી ભજના...
વાગે ભડાકા ભારી રે... હેજી.

ઓટલે બેઠેલા સૌ ડોલે, સાદ પુરાવે, ઝીલે, તાળી પાડે. ઓટલે જગ્યા ઓછી પડે તો નીચે ધૂળમાં બેસી જાય. બધાનો મેળો ભેગો. કોઈ જુદા બેસે નહીં. આવે એમ સૌ જગ્યા સારવીને બેસે. મગન મુકાદમ, વાલો ચમાર, કશો સેનમો અને ક્યારેક તો જીવો ઓરગણો સૌની સાથે બેઠેલો દેખાય. પશા નાથાને અહીં ખાસ ગમતું. વણકર વસ્તીથી ઉત્તર બાજુ ઠાકોરના ઘર વસ્યાં. તેમાંથી કોઈ ભજન સાંભળવા આવે. પણ દૂર ઊભા રહે. થાકે તો ત્યાં જ બેસે. રાવળ તેમની ભેગા બેસે. સવો ભગત બધાને ટોકે.

"આ તો રામાધણી જગા. ઈંમને તો ડાલીબાઈ ચમારની સમાધિ માટઅ પોતાની સમાધિ ખહેડી લીધી'તી. આપણ પામર... ઈંની જગામય સેટા. ગૉમ્મઅ અમે સેટા અતા, આંય તમે..."

ભગતની વાતનો કોઈ ઉત્તર ના મળે. ભગત જેનું નામ, રોજ એક વાર ટોકવાનું ચાલુ રાખે. એક વાર ઠાકોરવાસમાંથી કોઈક ભગત ઠાકોરો સાથે આવેલા. એ દૂર ઠાકોર ટોળામાં બેઠેલા. ભજનોની રઢ લાગી. એમને ભજન ગાવાની ઇચ્છા થઈ. એમણે દૂરથી મોટેથી ટૌકો કરી ભગત પાસે તંબૂરો માગ્યો. ભગતે તંબૂરો હાથમાં પકડી રાખી તેમની તરફ લંબાવ્યો. પેલા ઠાકોર ભગત કહે :

"ભગત, તંબૂરો નેંચે મોલોય! મું છાંટ માટઅ અમારા વાહેથી પાંણી મંગાવોય."

એક ઠાકોર એમની વસ્તી તરફ જવા ઊભો થયો. તે જોઈ ભગત અકળાયા. એમણે પેલા ઠાકોર ભગતને પૂછ્યું :

"ભગતજી! શ્યાં રેવું?"

"રેવું તો ઑમ આઘે... થ્યું તંબૂરો આલો તો..."

"રવા ધો ભગતજી! મું તંબૂરો નઈ આલું. મારા અડયાથી તંબૂરો અભડાય? તંબૂરો નઈ

આલું. પાંણી નસે મંગાવો.''

ઠાકોરભગત ચૂપ! ઓટલે સન્નાટો છવાઈ ગયો. બધાને એમ લાગ્યું કે હમણાં ઠાકોરો હોહા કરીને ભંગાણ પાડશે. ભગતે તંબૂરો ખોળામાં મૂકી. ભજન ઉપાડ્યું.

*''સમજના આવઅ હાંન સાધુડાં... આતો રે મડદાનું ગામ...''*

ભજન પૂરું થયું. જાણે ચમત્કાર થયો, પેલા ઠાકોરભગત ઊભા થઈ ભગત પાસે આવ્યા. કબીરજીના આ ભજને ઠાકોરભગતની સાન ઠેકાણે લાવી દીધી હતી. આંખમાં આંસુ સાથે બોલ્યા :

''લ્યો જગા કરોય... ભગત!''

એ ભગત પાસે બેઠા, બે હાથ જોડી તંબૂરો માગ્યો. પછી તો ભજનોની એવી રમઝટ ચાલી કે...

*

દેરીનો મહિમા વધ્યો. દેરીના ગોખમાં રામાપીરની કાચમઢી છબી આવી. માટીના કોડિયાના દીવાને બદલે પિત્તળની દીવીઓ આવી. માટીનું ધૂપિયું. ભગત પોતાને ખરચે પિત્તળની થાળી લઈ આવ્યા. સવારે સાંજે દીવા આરતી થવા લાગી. ક્યારેક સાંજની આરતી પછી ભગત ગભારા સામે પલાંઠી વાળીને બેસે. એક-બે ભજન ગાય.

''હેલો મારો હાંભળો રણુંજાના રાય...''વાળું ભજન ગાઈ ઊભા થઈ ઘેર જાય. હવે તો રોજ સાંજ પડેને દેરીને ઓટલે ભીડ થવા લાગી. વાતોના તડાકા, સતસંગ. સવા ભગતનો બોલ આખરી ગણાવા લાગ્યો. એક વાર કોઈકે ભગતને પૂછેલું :

''ભગત તમે ચ્યાંના?''

ભગત ભડક્યા. આજ સુધી કોઈએ એમને આવો પ્રશ્ન પૂછ્યો ન હતો. એતો અહીં આવીને મુકાદમને મળેલા. મિલમાં મજૂરીએ જોડાઈ ગયા આગળ પાછળ કોઈ હતું નહીં. મુકાદમે પૂછેલું.

''વણકોર સો?''

''હોવે...''

''ચ્યાં રેવું...''

''બવ આઘે...''

''હારું હારું મિલમઅ મજૂરી કરશો?''

''હોવે... રાંમાધણીનો ભગત સું... વાહના નાકે દેરી સે ઈનેય હાચવે... દીવો ધૂપ...''

બસ એટલું જ. મુકાદમને વિશ્વાસ બેઠોને રાખી લીધા. મહેનતુ ભગતે ફૂલપુરામાં ઓરડી લીધી. રહી ગયા. આજે પહેલી વાર જાહેરમાં પોતાની વાત આવી હતી. એમણે આંખો બંધ કરી. એક બે વાર ઊંડા શ્વાસ લીધા. આંખો ખોલી, બધા સામે જોયું.

''ભઈ! મું આજી આંચનો, કાલે બીજઅ જવાનું થાય તો ઈંચાનો.''

''તમે બીજે જહો?''

''રાંમાધણીની મરજી. અજી હુંદી તો આંચ સું!''

''તમારાં કોઈ અંતના ખરા...''

''એક રાંમોધણી, બીજાં અતાં, અવઅ ઈમની હું વાત કરવી.''

''તોય કોક અસે...''

''જ્યું એ જ્યું. આંચ રયા એ હાચું.''

એ અતીતને ભૂલવા માગતા હતા. ભૂલી ગયા હતા.

અહીં આવ્યા. મુકાદમે મિલમાં કામ અપાવ્યું. ઘર ઊભું કર્યું. પહેલાં મિલમાં ઝાડુવાળાની

નોકરી કરી. ત્યારે ભગતના જ્ઞાનની પરીક્ષા લેવી હોય એમ કોઈકે હળવી મજાકથી પૂછેલું :

"ભગત! તમે ઝાડુંવાળા ચ્યમ થ્યા?"

મજાક ભગતને અંદરથી હલબલાવી મૂક્યા. હજીય લોકો મને જાતપાતમાં બાંધે છે. મારી જાત તો દેરીના ઓટલે બેઠો એ દાડેથી ખોવાઈ ગઈ. હું તો વણકર, ચમાર, ઓરગણો... રામાધણીનો માનવાવાળો. હવે જાત શેની? હવે ભૂતકાળ આડો લાવવો નથી.

"ઝાડુંવાળો ચ્યમ થ્યો? ભઈ, કૂડો કચરો... ખાતું, ઝાડું વાળી સાફ કરઅ. ઝાડું ન ભજન હરખાં. મારા વાલાના ભજન મનને વાળઅ! મનનો મેલ જાય. ઝાડું વાળે જાત નેની ના થાય હોં."

સવાલ પૂછનાર ઝંખવાયો.

"મું જાતનું નતો પૂસતો... આતો..."

"ભઈ, જે જેની મન્સા. સંસારમઅ હૂંપથી રેવું. મનઅ તુલસીની એક સાખી યાદ આવઅ સઅ."

તુલસી આ સંસારમઅ ભાત ભાતના લોક
સબથી હળીમળી ચાલવું નદી નાવ સંજોગ.

"મું મકડદમના આસરે રયો. પસે જુદો થ્યો. હળીમળીનઅ ચાલવાનું મનઅ મકડદમે શિખવાડ્યું. જીવવાનું રાંમાધણીએ."

એમણે બે હાથ જોડી, દેરી સામે જોયું.

*

# 6

**સં** ધ્યાવેળા થઈ. બારીમાં થઈ આવતો અંજવાસ સાવ ઝાંખો થઈ ગયો. વાલાના ઘરમાં અંબાએ ઑહનો દીવો સળગાવી દીવાધરી ઉપર મૂક્યો. ઘરમાં આછું અજવાળું છવાયું. વાલાએ વણવાનું બંધ કર્યું. પાવડીઓ પરથી પગ લઈ લીધા. એક હાથે ઝીલેલા નળાને તોર ઉપરના વણાટ પર મૂકી, તેની સામે જોયા કર્યું. સાળના ખાડામાંથી પગ ઊંચે લીધા.

"આજી હવારે ભરેમણ કણેક માગવા આયો'તો. કે'તોતો. ભાદરવી તીજના જોગ. ઓહો... સરાવણ જ્યો. મણિનું ઑણું મેકલ્યાને ચેટલા દન થ્યા."

એ આંગળીને વેઢે દિવસ ગણવા લાગ્યા.

"ખાસ્સા દાડા થ્યા. આ બીજા બે ચાર દાડામઅ આણું પાસું તેડી લાબ્બા જવું પડસે. વાયણાનું આંણુ પંનર દાડાનું ગણાય."

એમણે ડોકું ધુણાવ્યું. સાળમાંથી બહાર નીકળ્યા.

"ભલ રઈ હાળ ઈમનમ. રાતે બે હાથા મારી લે, એક આ અડધિયું પૂરું."

ઊભા થઈ આળસ મરડતા ઘરની બહાર આવ્યા. વાસમાં જોયું. હજી વાસમાં બધી સાળ બંધ થઈ ન હતી. એમણે વિચાર્યું હાથ-પગ ધોઈ તુલસીક્યારે દીવો ધરી, ભગતને મળી આણાંની વાત પૂછું. આણું તેડવા ક્યારે જવું? કોને કોને આણું તેડવા સાથે લઈ જવા. એ ઘરમાં જવા વળ્યાં ત્યાં જ વાસને નાકે ભીખો રાવળ દેખાયો. એમને ભીખો તેમને ત્યાં જ આવતો હોય તેવો ભાસ થયો. અને ભીખો તેમને ત્યાં જ આવી ઊભો રહ્યો.

"રાંમ રાંમ વાલાકાકા."

"રાંમ રાંમ, ચ્યમ આબ્બુ પડ્યું, ભીખા?"

વાલો ઘરમાં જવાને બદલે ઊભા રહ્યા. ભીખાને આવવાનું કારણ પૂછ્યું.

"આ તો હંદેહાનઅ હંપેતરાં? તમારા વેવઈ જેઠા બેચરે સિધપરથી રાંમ રાંમ કેવડાયા સઅ."

"ઈંમ સિધપરથી. રાંમ રાંમ પેલા તમનઅ, પસઅ ઈમનઅ. ખાલે રાંમ રાંમ કેવડાયા સઅ કઅ પસઅ?"

"હંદેહો સનઅ. એ મનઅ હાટડીએ મલ્યા'તા. કેવડાયું સઅ. વાલારાજનઅ કૅજો, મણિનું ઑણું સિધપર ફૂલપરામઅ તેડવા આવઅ. ભૂલતા નઈ. મું પોઠ નઅ ગધેડાંની ઓળ કરી, સીધો તમન કેવા આયો."

"ચીયા દાડે આબ્બાનું કીધું સઅ? આણાંનું!"

"દાડો તો કાંઈ કીધો નહીં પંનરદાડે નાતીરિવાજ પરમાણે, ઈંમ ભરમ્મઅ કીધું."

વાલાને બીજું ઘણું પૂછવું હતું, પરંતુ ભીખો જેમ આવ્યો હતો એમ સડસડાટ જતો રહ્યો. ભીખાની વાત સાંભળી વાલાને ગુસ્સો આવ્યો. જો જેઠા બેચર તેમની સામે હાજર હોત તો તેમને સંભળાવી દીધું હોત... "જોવ જેઠારાજ અમે સિધપર તેડવા નઈ આઈએ." આ ભીખો તો ગામનો માણસ હતો, એટલે તેને શું કહેવાય. વળી ફૂલપુરા એટલું કહેવાથી બધું ઠોર-ઠેકાણું આવી ગયું, એમ તો ના કહેવાયને? પછી તેમને યાદ આવ્યું કે પશા નાથા સાથે આવવાના જ છે ને! બધું શોધી કઢાશે. ભીખાના ગયા પછી એમનો ધૂંધવાટ વધી ગયો. એમણે તુલસીક્યારે દીવો ધરવાનું અંબાને કહ્યું.

"અરે, સવાની મા આ તળસીકીયારીએ દીવો ધરજે. મું ભગતનઅ મલી આવું."

ચાલતાં-ચાલતાં એમની વિચારધારા અટકી નહીં. મણિનું આણું કર્યું ત્યારે તેમના મનમાં

હતું કે, મણિ બે-ત્રણ આણાં મલિકપુરમાં રહેશે. ઘરનું કામકાજ સંભાળતાં શીખી જશે પછી સિદ્ધપુર જશે. પરંતુ અહીં તો સાવ જ ઊલટું થયું. પરણ્યાનું આણું માફ, આ વાયણાના આણાથી પરદેશ વેઠવાનો વારો આવ્યો. આ આણું તેડવા માટે પણ શહેરમાં જવાનો વખત આવ્યો. શહેર ગમે તેવું સારું હોય તોય ગામડું એ ગામડું. એના તોલે શહેર ન આવે.

ઉગરો ભગત ઓસરીમાં ઑહનો દીવો સળગાવી રેંટિયો ફેરવતા કોકડાં ભરી રહ્યા હતા. વાલાને જોઈ હસીને બોલ્યા :

"આવો, વાલા ચ્યમ સંજ્યાવેળાએ? ચ્યાંય જવું સઅ. ખાધું-પીધું કઅ..."

"ચ્યાંય જવું નહીં ભગત... જરા પૂસવું અતું."

વાલાના મનમાંથી હજી ગુસ્સો ઓછો થયો ન હતો. ભગતે તેમનો ચહેરો ધારીને જોયો, કંઈ સાફ કળાયું નહીં. રેંટિયા પરથી કોકડું ઉતારી, રેંટિયો દૂર ધકેલ્યો.

"પૂસવું સઅ! તો પૂસી નાખો. મારે આ રામિયું ભરી કોકડાં થેઈ જ્યાં."

વાલો ભગત પાસે બેઠા.

"ભીખો રાવળ હંદેહો લાયો સઅ, સિધપરથી. જેઠા બેચરનો, ઑણું તેડવા ફૂલપરે બોલાયા સઅ."

ભગત ખુશ થઈ ગયા. રેંટિયાને ભીંત તરફ ધકેલ્યો. ફાળકો શિંગડાના ખૂંટે ભરાવવા ઊભા થયા. ફાળકો ભરાવી. ઓસરીમાં ખાટલો ઢાળ્યો. બેઠા.

"લ્યો, ખાટલે બેહો."

"જેઠા બેચરે કેવડાયું સઅ સિધપર ઑણું તેડવા આવો." એ ઊભા થઈ ભગતની બાજુમાં ખાટલે બેઠા.

"હં એ સિધપર રવા જ્યા?"

"ભીખાએ તો ઈંમ કીધું સઅ."

"ઈંમ વાત સઅ? ઘણું હારું કેવાય. આ શેરમઅ કોઈ હગું નતું, જૉણઅ આ થ્યું. ચ્યમ? ગૉમડું ચ્યાં નાહી જવાનું સઅ."

તેમણે વાલાની વાત પર ટાઢું પાણી રેડી દીધું. એ ખુલ્લા મનથી હસવા લાગ્યા. વાલો અકળાયા.

"ભગત! વીહ-પચી ગઉંની ટાંગાતોડ કુંણ કરશીં. આ વાટી વનેરુંની રાડ, ચોયટા? ચોમાહાના દાડા. સેતરમઅ પાક તિયાર, નઅ નેળિયાં પાંણીથી ભરઈ જ્યાં અસે."

"ભરાવા દયો વાલા! ચાર જણ હારી વાય તો પાણી કઅ વનેરું હું કરી લીં? વનેરું તો બાપડાં રાતે નેંહરઅ. આપણ દાડા-દીવે જહું પસઅ? ખરું કું, બેદાડા શેરમઅ માલવાનું. આંય ચીયા જેડું રતન લેઈ જહું તે ચોયટા..."

"તમે હાચી વાત કરી. તોય હૌવનઅ પૂસવું હારું નકર વાંધો પડી જાય."

"વાત હાચી સઅ! રાતે બેહીસું."

*

"વાલો ઘેર ગયા. એમનો ઊભરો સમી ગયો હતો. અંબા તુલસી ક્યારે દીવો સળગાવી, તેમની રાહ જોતી હતી. વાલાએ હાથ-પગ ધોયા. જમવા બેઠા."

"સવાની મા, વેવઈનો હંદેહો હાંભળ્યો?"

"ભીખાની વાત હાંભળી'તી. વેવઈ તો ઑણું તેડવા આયા તાણ કેતા'તા. મિલમઅ કૉમે ચડવાનું નચ્ચી અતું. બાપ-દીચરો ફૂલપરઅ જૉય તો મણિનઅ લેઈ જાય. ઑણું મેકલવા પાસા ગૉમ્મઅ હુંકામ જૉય?"

"ભઈ-દઈનું હંભારવું પડઅ કઅ નઈ."

"એ વેવઈ જૉણઅ. સોડી સેરમઅ જાય તો હારૂં જ કેવાય. એ ભલઅ લંકામઅ જૉય. મણિ... હારી રહઅ."

સવો જમતાં-જમતાં મા-બાપની વાત સાંભળતો હતો. જ્યારથી પશા નાથા શહેરમાં જઈ પાછા આવ્યા, તેમની વાતો સાંભળી તેની ઇચ્છા ત્યાં જવાની હતી. એણે વાલાને કહ્યું :

"આ પસોકાકો, શેરમથી આયા તારના પાસા જવાની વાતો કરઅ સઅ. મારય સેર જોવું સઅ. ઈયાં રવા જવાનું થાય એ પેલાં જોવઈ જાય તો હારું લાગઅ. હૌવ સેર જોવા રાજી થહઅ."

વાલાને લાગ્યું, બધાં એકતરફે થઈ ગયાં છે. ભલે આપણે શહેરમાં જવાનું થાય. હવે પોતાનો કોઈ વિરોધ ચાલવાનો નથી. એટલે નમતું જોખી ચૂપ રહ્યા. અંબાએ સવાને ટકોર કરી.

"ભઈ, તું હૌવની વાત રવા દે? તારઅ સેરમઅ જવું સઅ. પસોભઈ તો જહઅ. જેવો સમો."

જમી પરવારી બધાં વાલાના આંગણામાં ભેગા થયા. જે આવ્યા ન હતા, તેમને ઘેર જઈ સવો બોલાવી લાવ્યો. સૌને સિદ્ધપુર આણું તેડવા જવાનો વિચાર ગમ્યો. આણું તેડવા ત્યાં જવાના છીએ એ સમાચાર તો મોકલવા પડે. ભીખો રાવળ એક બે દિવસમાં સિદ્ધપુર પોઠ લઈને જશે, એના મારફત આપણો સમાચાર મોકલીએ. સૌને આ વાત ગમી. આવતી કાલે સવારે ભીખાને ઘેર જઈ વાલો કહી આવે કે પાંચ મહેમાન મણિને તેડવા આવશે.

મણિની વાતે, વાલાને ભણતરની વાત યાદ આવી. એમણે કહ્યું, "ભગત, મણિનઅ ભણવા દીધી વોત તો! ઈની પાસળ વાહનું કોક સોકરું ભણ્યું વોત. આજે ભીખાનઅ હંદેહા જોડી ચીઠી લસી આલી વોત... ચ્યમ?"

"વાત ડાઈ સઅ! ગાયકવાડી સરકારનઅ બધાંનઅ ભણાબ્બા સઅ. ગૉમ આપણનઅ પાસળ ધક્કા મારઅ સઅ." ભગતે માથું હલાવ્યું.

પશા નાથાને પોતાને ગમતી વાત આવી એટલે તરત તેમાં સાથ પુરાવ્યો.

"હાંચું કીધું, લ્યો કૉ? ગૉમ્મઅ ચેટલા વરહથી નેંહાળ સઅ. ચીયો ગૉમમથી ભણીનઅ પોપટ થ્યો. કુંણ કાગોળ ઉચેલઅ સઅ?"

"હાહરા, આ માસ્તર કોથળામઅ કૂટઅ સઅ."

વાલાએ વાસના છોકરાંને માસ્તરે જ ભણતા અટકાવ્યા હોય એવા ભાવ સાથે બળાપો કાઢ્યો. ભગતે નિસાસો નાખતાં કહ્યું.

"જેવી રાંમાધણીની મરજી?"

મોડી રાતે સૌ વિખરાયા.

*

સવારમાં વાલો ભીખા રાવળને ઘેર ગયા. હજી એ પોઠ લઈને નીકળ્યો ન હતો. એમણે જેઠા બેચરને કહેવાનો સંદેશ ભીખાને કહ્યો, "નાતના રિવાજ પરમાણે પાંચ માંણસ પાંચમા દાડે ફૂલપરામઅ આંણું તેડવા આઈ જહઅ. રાંમરાંમ કેવાનું ભૂલતો નઈં." ભીખાએ હકારમાં માથું હલાવ્યું. એ ગધેડા ઉપર માલસામાન બાંધતો જ રહ્યો. વાલાએ વાતને પાકી કરવા ઉમેર્યું,

"ભીખા, ભૂલ ના થાય. અમારી હારી પસા નાથા આબ્બાના સઅ એકઅ ઘર હોધવામઅ કાંઈ ભૂલ નઈં થાય. બધું ઈયાદ રાસીનઅ કે'જે."

સમાચાર મોકલ્યા, પાંચમે દિવસે સિદ્ધપુર જવાનું નક્કી થયું. તે પ્રમાણે એક વહેલી સવારે વાલો, ઉગરો ભગત. પશા નાથા, લવજી અને સવો સિદ્ધપુર જવા નીકળ્યા. વાસના નાકે રખડતી ગાય સામે મળી.

"લ્યો, ભઈવાલા. હાંમી ગાય આઈ! ફતેના ડંકા."

ભગતે ગાયને સ્પર્શ કરી પ્રણામ કર્યા. બીજાઓએ ભગતની જેમ પ્રણામ કર્યા. પશા નાથાએ પ્રણામ કર્યા નહીં, એ બબડ્યા,

''ઓવઅ દિયોરની ફતે, ગાયના પૂંસડઅ બંધઈ નઅ આઈ અસે?''

અંબા, સવિતા અને અન્ય એક બે સ્ત્રીઓ આંણિયાતોને ગોંદરા સુધી વળાવા આવી. અંબાએ વાલાને કપડામાં બાંધેલ ભાથું આપતાં કહ્યું.

''વાટે બપોરવેળાએ કટકબટક કરજો.''

''હારું! તમે ચિંતા ના કરશો. અમે વેળાહર એક બે દાડે આઈ જહું.''

''ચિંતા નહીં, તમે જરા આકરા સો. વેવઈની વાત મન ઉપરિયાં લાવસો નઈ. ફૂલપરઅ ચ્યમ આયા એ વાત કાઢસો નઈ. આપણ દીચરીવાળા કેવઈએ.''

વાલાને છેલ્લી વાત ના ગમી. એનો જવાબ આપ્યો નહીં. પશા નાથા જવાબ આપ્યા સિવાય રહી શક્યા નહીં.

''કૉ'દીચરીવાળા થ્યા તે કાંઈ ગનો કર્યો. સોડીઓ અતી, આ સંસાર હેંડઅ સઅ. હમું-નમું તો કેવું પડઅ. માપમઅ રઈનઅ.''

પશા નાથાની વાતનો કોઈએ વિરોધ કર્યો નહીં.

''તમનઅ પરભુ વાલા હોય ઈંમ કરજો. કાંઈ ટંટો ના થાય તો જગ જીત્યા.''

સવિતાએ હળવી ટકોર કરી. પશા નાથા એમની સામે જોઈ મલક્યા. જાણે કહેતા હોય! ''ખરી ડાપણવાળી વાત કરી. અમે કાંઈ ગાંડા છીએ, તે વેવઈને બાથે પડીશું?''

''વેળાહર આવજો, વેવઈ-વેવાણનઅ ઈયાદ કરી રાંમરાંમ કેજો. મણિના માથઅ આથ ફેરવજો.'' કહી સ્ત્રીઓએ ઔપચારિકતા પૂરી કરી. બધા ચાલવા લાગ્યા. આમ તો એમનો ઇરાદો વહેલી સવારમાં નીકળવાનો હતો. પણ ચોમાસાના દિવસો હતા. નેળિયાં પાણીથી ભરાઈ ગયાં હોય અને ખેતરોમાં પાક ઊભો હોય, ખેતરવાટનું ઠેકાણું ન હોય. એટલે, સૂરજ ઊગ્યે નીકળવાનું રાખ્યું હતું.

આમ તો કોઈની પાસે ખાસ જોખમ ન હતું. પશા નાથા પોતે સિદ્ધપુર રહી જવાની પાકી ગણતરી અને તૈયારી સાથે ઘેરથી નીકળ્યા હતા. એમની પાસે પાંચ-દશ રૂપિયાનું જોખમ ખરું. સિદ્ધપુરમાં રહેવા અંગેની પત્નીને ચોખવટથી વાત કરેલી.

''જુવો, અલીફેરા બધાની હારી આંણું તેડવા જઉ સું. તો પાસો બે મઈને આયે. ભાડાની ઓઈડી મલી જઈ તો સોકરો નઅ વઉનઅ બોલાઈ લે. ત્યાં હુંદી મકડદમ ભેળો વીસીમઅ રે.''

''તમે ઈંમ કરો ઑણામઅ ગોકાનઅ મેકલો.''

''ગોકાનઅ સેરની વાતે ગમ ના પડઅ. મું ઈંયા જઈ બધું સરતે પાડું. બસ ઓઈડી મલવા દે. મિલમઅ હાંચો ચલાબ્બાનું આવડઅ સઅ. કૉમ મલી રેશે.''

''કૉમ તો તમનઅ આવડઅ! આ ઘૈડપણમઅ આ હૂં હૂજ્યું? પેલાં જ્યાતા; પાસા આયા, અમઅ હેંડ્યા.''

''પરસંગમઅ તો આબ્બુ પડઅ. રી વાત ઘૈડપણની, માથઅ પરિયાં આવઅ તે ઘૈડા થેઈ જ્યા. ભૂડી ગૉંમ સૂટસે તો સોકરાં સખી થહઅ. આ વણાટ તો હેંડ્યો મારા ભાની જોડી. હૌવ મિલનું લૂગડું પેરવા માંડ્યાં.''

છોકરા સુખી થવાની વાત સવિતાને ગમી. અહીંયા તો સવાર પડે ને હડિયાદોટ, ઘરાકનું કામ ના હોય તો સાળને ફાળકા, શ્વાસ લેવાનોય સમય ના મળે. એણે પશા નાથાને કહ્યું :

''મું કું એ હાંભળો. ઓયડી ભલઅ મળઅ, મઈનો માહ વીસીમઅ રજો. આથે બળસો નઈ. હમાચાર કૅવડાવજો, ભીખો રાવળ સિધપરના ફેરા કરઅ સઅ. અમે બધાં આઈ જહું.''

પશા નાથાએ તો રાતે જ સિદ્ધપુર રહેવાની તૈયારી કરી લીધી હતી. ઘેરથી નીકળતાં સૌને

ખબર પડી ગઈ કે તેઓ વળતા આણે બધાની સાથે આવવાના નથી.

*

# 7

બધા જૂનું નવું યાદ કરતા અને વાતોના તડાકા મારતા બપોર સુધીમાં ઘણું ચાલી લીધું. રસ્તે એક તળાવડી આવતાં પશા નાથા ઊભા રહી ગયા. એમની સાથે સૌ ઊભા રહ્યા.

"ચ્યમ પસા ઊભા રહ્યા?"

"બપોર થઈ સઅ. આંય રોટલા ખઈ લીંયે. અડધાથી વધારઅ વાટ જઈ. સિધપર આ રું! મું ભીખા હારી સિધપર જ્યો, તાણઅ આંય રોટલા ખાધેલા. આંસ્યો ઠરઅ એવી તલાવડી સઅ."

સૌ ભૂખ્યા થયા હતા. હાથ પગ મોં ધોયાં. ઝાડને છાંયે ભાત છૂટ્યાં. ચારે તરફ વગદા, કણઝી બાવળનાં ઝાડ. જમીને તળાવડીનું પાણી પીધું. થોડી વાર હાથના ઓસીકે આડા પડ્યા. વાલાને ચિંતા થઈ, એણે કહ્યું.

"જોજો આંસ્યો મેંચતા, થાકોડું પેઠું તો હેંડવું વહમું લાગસે."

"હાચું વાલા, આતે ખાધું એકઅ રોજની ટેવ."

ભગતે રોજ ઘેર આરામ કરતા તેની વાત કરી. સૌને લાગ્યું આપણે હવે નીકળવું જોઈએ. અજવાળે સિદ્ધપુર પહોંચી જવાય તો સારું. સાંજ નમે એ પહેલાં તો રુદ્રમાળની બારીનાં પગથિયાં ચઢી, ફૂલપુરાની રામાપીરની દેરી આગળ પહોંચ્યા. દેરીનાં ઓટલા પર બેજણ બેઠેલા હતા, તેમાંના એક જણે પશા નાથાને ઓળખ્યા, એણે ઊભા થઈ આવકાર આપ્યો.

"આવો પસા! હૌવનઅ રાંમરાંમ, મેમાંનોનઅ જેઠા બેચરના ઘેર જવું સઅ નઅ. લ્યો હેંડો, પાસળની ઓળમઅ..."

જેઠા બેચરે પાછળની ઓળમાં બે ઓરડીઓ ભાડે રાખી હતી. ત્યાર બાદ પોતાનો પૂરો પરિવાર ફૂલપુરામાં લઈ આવ્યા હતા. સૌ તેમની ઓરડીએ ગયા. ત્યાં જેઠા બેચર, ભેમા બેચર સૌએ વાલાને તથા સાથે આવનારને ઉમળકાભેર મળ્યા. વેવાણ અને બીજી સ્ત્રીઓએ આવકાર આપી દૂરથી હાથ જોડ્યા. સૌ રામ પ્રણામ કરી ઓસરીમાં પાથરેલા ખાટલાઓ તરફ જવા લાગ્યા. પશા નાથાએ ભેમા બેચરના ખભે હાથ મૂકી, રાજીપો વ્યક્ત કરી કહું :

"ભેમારાજ, તમે ખરા ભઈ. મલિકપુરથી ઠેઠ આંય આણું વળાવા આયા. જાંણઅ આખું મલિકપુર આઈ જ્યું!"

ભેમા બેચર હસી પડ્યા. એમણે પશા નાથાનો હાથ પકડી રાજીપો દર્શાવતાં કહું :

"ભઈનું કૉમ, નેનું વોય કઅ મોટું! આબ્બું પડઅ. નકર ભાયારી સેની? તમે ચેવા પચી ગઉં ભાજીનઅ આયા."

મણિ અને મૂળો મળવા આવ્યા. તેમને માથે હાથ ફેરવી આશિષ આપ્યા. સૌ ખાટલે ગોઠવાયા. હોકાપાણીના ભાવ પુછાયા. પડોશના લોક અને સૌના આવકારના અવાજથી ઓસરી જીવંત થઈ ગઈ.

ઘરમાં લાવસીના આધણ ચૂલે ચડ્યાં. બાજુની ઘરમાં ફાનસના અજવાળે મહેમાનોના માનમાં રાવણું બેઠું. ફૂલપુરામાંથી મગન મુકાદમને ખાસ બોલાવાયા. જેઠા બેચરે દારૂના બેત્રણ 'વાસણ' મંગાવી ખૂણામાં સંતાડી મૂક્યાં હતાં. ભેમા બેચર મલિકપુરથી આવતાં કોંકણિયો લેતા આવ્યા હતા. તાંસળું ભરી કોંકણિયો શેકીને રાવણા વચ્ચે મૂકી. ડુંગળીઓ અને 'વાસણ'ને રાવણાની વચ્ચે મૂક્યાં. દારૂની પ્યાલી ભરાતી રહી અને બધાની પાસે વારાફરતી ફરતી રહી. ખાલી થતી રહી. એકબીજાને ગળાના સમ દઈ આગ્રહ કરાતો રહ્યો. સારી ભલી વાત કરતાં કરતાં જેઠા બેચરે વાલાને એક વાત કરી.

"વાલારાજ, અમે ફૂલપરામઅ રવા આઇ જ્યા. અમારો મૂળજી આંય મારી હારી નવી મિલમઅ કોંમે ચઢ્યો સઅ. ઈંમ તમારા સવાનઅ આંય મેલતા જજો. મિલમઅ ચઢાઈશું!"

જેઠા બેચરની જીભ થોડી લથડતી હતી. પરંતુ હજી સુધી નશાની ખાસ અસર જણાતી ન હતી. એ તાંસળામાંથી કૉંકણીનો ટૂકડો લઈ ચાવવા લાગ્યા. વાલો આનંદથી આવી કહેવા લાગ્યા,

"વેવઈ, એ તો તમારી ભલમનસાઈ કેવાય. મારો સવો તમારા આથે ઘડાય ઈનાથી રુડું હું? એ વચારવા જેવું ખરું. હાલ અમારો પસો ઉતાવળા થ્યા સઅ, ઇમનઅ ચ્યાંક ઓઈડી બતાવો. એ ઘેરથી હજીનઅ આયા સઅ."

એમણે પશા નાથા સામે હાથ લાંબો કર્યો. એમણે હકારમાં માથું હલાવ્યું.

"'લ્યો, હારી વાત કરી. મિલમઅ મું હાંચો ચલાયે! જો ઓઈડી બતાવો તો ઘેર નહીં જવું... ચ્યમ મગન મકડદમ?" મગન મુકાદમે વાત જાણે સ્વીકારી લીધી.

"પસા, મારઅ હાંચાના કારીગર ખૂટઅ સઅ. બોલો કાલથી મિલમઅ આબ્બુ સઅ."

મગનની વાતે જેઠા બેચર ચમક્યા. આંખો ઝીણી કરી ફાનસના અજવાળામાં બન્નો તરફ નજર ઘુમાવતા રહ્યા. ખોંખારો ખાધો. ઓરડી માટે ઇશારો કરતા હોય એમ પૂછ્યું,

"ઓઈડીનું હું કરસો?"

"ઓઈડી તિયાર સઅ. મકૉણાવાળા અમથો ચાર મઈના ઘેર જવાના સઅ. ગૉમડે ઘર બનાબ્બું સઅ... પાક્કું. ઈમની ઓઇડી ભાડઅ આલવાની સઅ. કો'તો અમથાનઅ બોલાવરાવું!"

મગન મુકાદમની વાત પશા નાથાએ તરત સ્વીકારી લીધી. જાણે ભાડાની વાત પૂછતા હોય એમ હાથથી ઇશારો કર્યો.

"ભાડાનું પૂસો સોનઅ? મઈને રૂપ્યો ઓઈડી ખોલામણ બે રૂપ્યા."

પશા નાથાએ હસીને હા પાડી. વિચાર્યું, સાલું આ ઓરડી ખોલામણ તો અમથાના હાથમાં આવવાનું નથી. આ મુકાદમ અને એમના મળતિયા છાંટોપાણી કરી જશે. ભલે! આપણે તો ઓરડીથી કામ છે. ચાર છ મહિને ક્યાંક બીજે ઘાટ પાડીશું, હાલ તો ચાલતું ચલણ થયું.

અમથાને રાવણામાં બોલાવ્યા. રાવણું જમવા ઊઠે તે પહેલાં પશા નાથા માટે ભાડાની ઓરડીનું નક્કી થઈ ગયું. ઓરડી ખોલામણ અને એક મહિનાના ભાડાની રકમ તેમણે જેઠા બેચરના હાથમાં આપી. અમથો ઘર બંધ કરી તાળું મારીને આવ્યા હતા, એમણે ચાવી મુકાદમના હાથમાં મૂકી.

"જેઠા રાજ, પૈસા મકડદમનઅ આલો. એ અમથાનઅ આલસી."

"'લ્યો, બૉનઈ જ્યું! અમારા જૉમીનદાર અમારા વેવઈ... હાંમા... મકડદમ..."

ઉગરા ભગતે કહ્યું. અમથાએ તરત વાતમાની લઈ હાથ જોડ્યા.

"આ ઓઇડી, તમનઅ હુંપી, પસા... હાચવજો. મું ચાર મઈને આયે. અતારે મારા બનેવીના ઘેર જવસું. કસ્બામઅ. હર મૈને પૈસાનું તો મકડદમ હારી પતઈ લેજો. તમે ઈમની પાહણથી ચાવી લેઈ લેજો. મારઅ કાલી વેલા જવાનું સઅ."

અમથો ઊભા થયા. જેઠા બેચરે વિવેક જાળવવા એક પ્યાલી તેમની સામે ધરી.

"આટલી... લેઈ લ્યો."

"ના બનઅ... જેઠા... મારઅ કસ્બામઅ જવાનું સઅ. તમન ખબેર સઅ નઅ; વચ્ચી ચોચી આવઅ સઅ. ચ્યાંક સપઈએ ઊભો રાસ્યો તો? પડા તૂટઅ. મૂંઢું હુંઘી નઅ માંય ઘાલી દે! ગાયકવાડી ચાલઅ સઅ આંય. લ્યો બેહો બધા... રાંમ... રાંમ..."

મુકાદમે ચાવી પશા નાથાને આપી. પૈસા ગજવામાં મૂક્યા. તેમના હાથમાં ચાવી આવતાં, તેને રમાડતાં આવનારા સમય સાથે કેવો પનારો પડવાનો છે, તેની કલ્પના કરતાં, મન મક્કમ કર્યું. હળવેથી મલક્યા. ચાવી ઉગરા ભગતના હાથમાં આપી. ભગતે ચાવી જોઈ પશાને પાછી આપી. મન સાથે બબડ્યા.

"પસાએ આખરે ઈમનું ધાર્યું કર્યું?"

ઘરમાંથી જમવાનું કહેણ આવ્યું. બધા જમવા માટે ઊઠ્યા. જેઠા બેચરે આગળ નીકળી કહ્યું.

"વેવઈઓના આથ ધોવા લોટામઅ પાણી લાવો."

અમથો કસ્બામાં જવા નીકળ્યા. જતાં પશા નાથાને શિખામણ આપી.

"પસા, તમારું ઘર હમજી વાપરજો. બે ખાટલા ગોદડાં સઅ વાપરજો, મું તો વીસીમઅ ખાતો'તો મગનના ઘેર... તમે રાંધજો. ચૂલો બનાયો સઅ, બીજું તો કાંઈ ઘરમઅ નહીં."

એમણે પશા નાથા સાથે રામરામ કર્યા. અને ચાલી નીકળ્યા. જ્યાં સુધી ઓળનો ખાંચો વળ્યા નહીં, ત્યાં સુધી પશા નાથા તેમની પીઠ પાછળ જોતા રહ્યા. પળવાર જાણે તેમનામાં અમથાનો આત્મા પ્રવેશી ગયો હોય એવું લાગ્યું. પોતે કમાઈને એમની જેમ ગામડામાં પાક્કું મકાન બનાવશે? અહીં લોકોના પાક્કા મકાન જોઈ તેવું ઘર પોતાનું હોય એવો વિચાર તો ઘણી વાર આવેલો. અહીં કમાવા આવ્યા તેવું ઘેર દેખાવું જોઈએ ને? નહીંતર આ મોઢે ખાધું પીધું અને હગી નાખ્યું. આ તે કાંઈ જીવતર કહેવાય. લોક કેવી સાહ્યબીમાં મહાલે છે. આપણે આમ વળખા વીણવાના. અમથો ખરો?

ઉગરા ભગતે એમના ખભે હાથ મૂક્યો. એમણે ચમકીને તે તરફ જોયું.

"હેંડો, જમ્મા ઉઠાડ્યા સઅ. આથ ધોઈ લ્યો. આ લોટો... હું જોતા'તા?"

"કાંઈ નંઈ", એમણે લોટો હાથમાં લીધો. હજી અમથાની અસરમાંથી બહાર ન આવ્યા હોય એમ બબડ્યા.

"અજી... ઘરમઅ પિત્તળિયો લોટો આયો નથી. જેવી રાંમાધણીની મરજી."

પાડોશીઓના ઘેરથી ઉઘરાવી લાવેલાં તાંસળાંઓમાં લાવસી અને ઊભી વાળીએ ઘી પીરસાયાં. વેવાઈ-વેવાઈએ સામસામા કોળિયા હાથોહાથ જમાડ્યા. જમણ પૂરું થયું. મોડી રાતે બધા ઊંઘને ખોળે પોઢ્યા. ખાટલામાં આડા પડેલા પશા નાથાને નવી જિન્દગીનાં સ્વપ્નાં ઘેરતાં રહ્યાં.

જેઠા બેચરના ઘરનાં સૌ વહેલાં જાગ્યાં. મૂળો તૈયાર થઈ મિલમાં ગયો. મહેમાન જાગ્યા. પશા નાથાએ મિલ ચાલુ થવાના ભૂંગળાનો અવાજ સાંભળ્યો. એમને મિલમાં જવાની ઇચ્છા થઈ. પરંતુ અહીં મહેમાનગતિ કરવા આવ્યા હતા. કામ પર જવું યોગ્ય ન લાગ્યું. મહેમાન સવારનો નિત્યક્રમ પતાવવાની ચિંતામાં પડ્યા. જેઠા બેચર લીમડાના દાતણ, બે પિત્તળના લોટા અને બે-ત્રણ કુદરતી હાજતે જવાના ચંબુ લઈ હાજર થયા. સૌને દાતણ આપી કહ્યું.

"હેંડો વાલારાજ, ભગત હૌવ કેવડાંમઅ. નદી કાંઠે નાવાનાં પંચીયાં લીધાં સઅ."

પશા નાથાને તો ખબર હતી. એ સૌ પહેલા ઊભા થયા.

"લ્યો હેંડો, બધું ઈયાં પતાઈસું."

"ખરું કીધું, તમે આંય રતા'તા ચ્યમ? એકઅ બધું ખબેર હોય."

"ચ્યમ ખબેર ના વોય. રોજ વેલા ઊઠી કેવડાંની ગંધ લેવા જતા. ઇંયાં હાપની બીક ખરી?"

"એય બાપડા માણસોનઅ ભાળી નાહી જ્યા."

જેઠા બેચર પાસેથી કોઈએ ચંબું તો કોઈએ લોટો લીધો. દાતણ ચાવતા સૌ નદી તરફ

ચાલ્યા. પશા નાથાની જીભ ખૂલી.

"આંય કુવારકા નદી સઅ, તે હારૂં. ઉનાળા હુંદી પાંણીનું કાંઈ દખ નઈ. ઝાડે ફરવા કેયડાંનું ઓઠું. બૈરાં બાપડાં રાતી ટોળામઅ નેહરઅ. આંય કોઈની આઘાપાસી નઈં, ગામથી આઘું સઅ નઅ."

જેઠા બેચર એમની વાત ધ્યાનથી સાંભળતા હતા. જાણે એમણે કહેવાની વાત એ કહી રહ્યા હતા.

"ગાંમડાંમઅ! પાંણીનું ભરમંડ દખ. અઘવાનું ચ્યાંય ઠેકાણું નઈ. આ ગાંડ માંડી કઅ ઊઠ્યા. આ જનાવરેય નિરાંતે પોદરા કરઅ, આપણઅ તો એય નઈ."

ઉગરા ભગતે નદીકિનારે પહોંચી, નદીની રેતનો સ્પર્શ કરી પગે લાગ્યા. સૂરજની સામે જોઈ હાથ જોડ્યા. વાંકા વળી નદીના પાણીમાં પોતાનો ચહેરો જોયો. મલક્યા. પોતાનો ચહેરો ક્યારે જોયો હતો? યાદ કરવા પ્રયત્ન કર્યો.

"આ જીવતરના હડમાલામઅ મુંઢું જોવાનું કુંણ ઈયાદ રાખઅ. જવાની જી...નઅ આ ઘૈડાપો..."

"ભગત! નદી જોયા કરશો. જલદી પતાવો. ચંબુ સઅ, કેવડાંમઅ જી આવો..."

પશા નાથાએ ભગતને ટકોર્યા. એમણે તેમની સામે જોયું. જાણે સમયને ઠપકો આપતા હોય એમ મનની ભીતરની વાત ખોલતાં બોલ્યા,

"રાંમોધણી જબરો સઅ પસા! કુંવારકામઅ નાવા લોક ટટૂમી રેસઅ. મેળે આઈએ તો હું નાવું કઅ ધોવું. પાસા લોક કી નેંચાણ વાહે જૉવ! આંય ચેવી નિરાંત..."

ભગતે આંખો બંધ કરી. પશા નાથા એ જોઈ થોડા અકળાયા. એમણે નદી ઉપરના રેલવે પુલના દક્ષિણ છેડે જોયું. કાળો ધુમાડો આકાશમાં ઉપર ઊઠતો ધીમે- ધીમે પુલ તરફ આવતો જણાયો. રેલવે એન્જિનની વ્હીસલ સંભળાઈ. આજુબાજુનાં ઝાડ પરથી પંખીઓ ઊડીને આકાશમાં ચકરાવા લેવા માંડ્યાં.

"નોવ તાણઅ? ઑંય કાંઈ નઈ."

"ચ્યમ ઈંમ!" ભગતે આંખો ખોલી.

"હાચું કું ભગત, કુંવારકા ચ્યાંથી આવસઅ! અંબાજીના ભાંખરાંથી ખરું કઅ. વાટમઅ ચ્યાંય પુન થાય સઅ? એકઅ માધુપાવડીએ જૉવ તો પુન, નકર કાંઈ નઈ."

રેલગાડી પુલ પરથી ધડ ધડ કરતી પસાર થવા લાગી, તેમની વાત ખડખડાટમાં અટવાઈ પડી. બધાની નજર તે તરફ ગઈ. જાણે વંટોળ આવ્યો હોય ને ધૂંધૂં કરતો ઊડી જાય એમ ગાડી ગઈ. બધા ગાડી સામે જોતા ઊભા હતા, તેમાંથી ઉગરા ભગતની તંદ્રા વહેલી તૂટી.

"વાહરે મારા પરભુ! તીં માનવી બનાયો નઅ આ માનવી ચેવું-ચેવું બનાવઅ સઅ. હાલ ગાડી આઈ નઅ જતી રઈ?"

"જવા ધો ભગત! ઈંમઅ આપણ ના બેહી હકીએ. ગાડામઅ બેહીએ તોય બે બુંધાં પડઅ બૈડામઅ. ગાડીમઅ સી વલે થાય?"

જેઠા બેચર આ બધું સાંભળતા, મહેમાનોને કહેવા લાગ્યા,

"વેવઈ ઊતા રાખજો, નારીનું કાંક પતઅ પસઅ સિધપરમઅ જહું. હાલ તો બાવજી, આ નાવા ધોવાનું પતાવો તો હારું."

"ખરી વાત વેવઈ! હાહરી, ચંબુની લાજ રાખવી પડઅ?"

પશા નાથાની વાતે બધા ખડખડાટ હસ્યા. ઝડપ કરી. વાડે જઈ આવી, નાહી લીધું. ફૂલપુરામાં જઈ ખાટલે બેઠા.

જેઠા બેચર બે વ્યક્તિઓ સાથે મહેમાનો પાસે આવ્યા. તેમના હાથમાં ચા ભરેલી

જરમરની કીટલી હતી. સાથેના માણસો પાસે પિત્તળનાં કપ-રકાબી હતાં. તેમણે કહ્યું,

"ભઈ, કૉપ રકેબી નેંચઅ મેલો. મું ઈમઅ ચા રેડું."

રકાબીમાં કપ ગોઠવી નીચે મૂક્યા. તેમાં જેઠા બેચરે ચા રેડી. મહેમાન આ બધું આશ્ચર્યચકિત થઈ જોઈ રહ્યા હતા. વાલાએ ઉતાવળે કહ્યું,

"લ્યો, વેવઈએ તો પસાવાળી કરી."

એ સાંભળી જેઠા બેચરે વાલા તરફ જોયું, એમને વાત સમજાઈ નહીં.

"અ્યમ વેવઈ પસાવાળી?"

"વાત ઈંમ સઅ વેવઈ, અમારા ગૉમ્મઅ ચા આઈ જી. પસો સિધપરથી ઘેર આયા તાણઅ, જાતે ચા બનાઈ નઅ પિવડાયેલી."

"અમઅ તો ગૉમેગૉમ ચા થઈ જી સઅ. આંયની ચા હારી લાગસે. વાઘ બકરીવાળાની ચા સઅ."

ચા પાણી પત્યાં. પશા નાથાને ભાડે રાખેલી ઓરડી યાદ આવી. એમનો ઇરાદો રાતે જ ત્યાં જવાનો હતો. એમણે મુકાદમ પાસેથી ઓરડીની ચાવી લઈ રાખી હતી. પણ બધાથી એકલા ત્યાં જવું ગમ્યું નહીં. એ ઊભા થઈ ઉગરા ભગત પાસે ગયા.

"હેંડો, ભગત ભાડાની ઓઈડીએ."

એકસાથે સૌ મહેમાન ત્યાં જવા તૈયાર થયા. મુકાદમ પોતાને ઘેર ચા પીવા બોલાવવા આવ્યા. જેઠા બેચરે તેમને જોઈ આશ્ચર્ય થયું.

"હું મકડદમ, આજી રજા પાડી?"

"નારે! મારઅ હેની રજા લેવાની. કારીગર લેવા જવાનું કીધું, બસ બફોર હુંદી કૉંમઅ નઈ જવાનું. મું મેમાનનઅ ચા પીવા બોલાબ્બા આયો સું? હેંડો પસા, તમે તો મારું ઘર જોયું સઅ. લેઈ લ્યો બધાનઅ."

"હોવ... વાલારાજ જી આવો, આંય નવો રિવાજ થ્યો સઅ. હૌવ મેંમાનનઅ ચા પીવા બોલાવઅ સઅ."

મગન મુકાદમના ઘેર ચા પીતાં વાત નીકળી, મગન મુકાદમે સવાની સામે જોઈ પશા નાથાને પૂછ્યું,

"આ મોટીયાર કુનો?"

"વાલાનો! ઈનઅ મિલમઅ લેઈ જવો સઅ, કૉ? જબરો મેનતુ સઅ. બેદાડામઅ તો પસેડીનાં બે અડધિયાં ફટફટ વણી કાઢઅ સઅ."

"આવઅ તો હારું. અલકું કામ આલીસું?" મુકાદમે મિલમાં કામ અપાવવાની ખાતરી આપી. વાલાનું મન ન માન્યું.

"મકડદમ! ભલઅ, જેવા દાંણોપાણી, હાલ તો મેંમાન થેઈ આયો સઅ. ઘેર ઈની માનઅ પૂસવું પડઅ."

"તમારી વાત વેવારી સઅ. પસા તમે તો આંય પાકાનઅ?"

"હૌવ, આ ઓયડી રાસી પસઅ મિલમઅ આબ્બુ પડઅ."

મુકાદમના ઘેરથી બધા પશા નાથાની ઓરડીએ ગયા. પશાએ ઓરડી ખોલી. અંદર સૂતરનું વાણ ભરેલા બે ખાટલા અને ઈસો પર વાળીને મૂકેલાં ગોદડાં જોઈ આનંદ થયો. એમણે તાળી પાડી.

"લ્યો, માંચો નઅ ગોદડાં આજર અસ. અમથો ચાર મઈના નઈ આવઅ, ત્યાં હુંદી તો ઘરવખરો આંય લી આયે."

"તમારું કૉંમ થઈ જ્યું, મકડદમ તમારા સઅ. ઈમની ભેળા વીસીમઅ રેજો. અમે જીએ

પસઅ કૉમે ચઢી જજો.''

વાલાએ સલાહ આપી. જેઠા બેચર મહેમાનોને નાસ્તો કરાવવા બોલાવવા આવ્યા હતા. એમણે પશાને કામે ચઢવાની વાત સાંભળી વાલાને કહ્યું,

''વાલારાજ, આ કૉમની વાતો ચાલી સઅ તો કું, મારા ભઈ ભેમાનઅ મું આંય રાખવાનો સું. જો ઈનઅ મિલમઅ ફાવસે તો મારી ભેળો રાસે. તમે સવા વેવઈનું કાંક વચારો.''

''ઈની વાત તો મગન મકડદમે કરી... અલી ફેરા નઈ પસઅ ભલે. રાંમોપીર કરઅ એ ખરું?''

''લ્યો, હેંડો મેમાન નારી કરવા, ઓયડી વાહી લ્યો. ઑંય કાંઈ ભોં નહીં.''

જેઠા બેચર ચાલ્યા, મહેમાન તેમની પાછળ-પાછળ ચાલવા લાગ્યા.

*

બપોરે મહેમાન જમી પરવાર્યા. ઘરનાંઓ જમી પરવાર કરી નવરા થયા. વાલાએ જેઠા બેચરને બોલાવી ઘેર જવાની રજા માગી અને દીકરીનું આણું વળાવવાની વાત કરી.

''વેવઈ હાલ જમ્યા સો, કાંક આરૉમ કરો. કાલી આયા આજ હેંડયા, આ કાંઈ પરુણાગત ના કેવાય!''

''એક દાડો વોય કઅ બે દાડા, તમારૂં હેત સઅ. ઈંમઅ બધું આઈ જ્યું. બે આડોસી-પાડોસી બોલાવો પરગણા વેવાર અલઈ જાય.''

વાલાએ જવાની ઉતાવળ દર્શાવી.

''વેવારની હું ઉતાવોળ સઅ. લીસું, ઇમનમ જવા નઈ દીયે. આ પચ્ચી ગવ અડધીવેળામઅ ના હેંડાય. જ્યા કાલે હેંડયાનો થાક તો ઊતરવા દયો. પાસો વગડો, જનાવોર.''

જેઠા બેચરે સાચું કહ્યું. ગઈકાલે મહેમાન પચીસ ગાઉ ચાલીને આવ્યા હતા અને બીજે જ દિવસે બીજા પચીસ ગાઉ ચાલવું, શરીર માટે સારું ના ગણાય. પણ પશા નાથા ગાંજ્યા જાય એમ ન હતા. તેમનું હાજર જવાબીપણું અત્યારે કામ આવ્યું.

''તમારી વાત બવ ડાઈ સઅ. આ વણકોરનાં સોકરાં તો હવારે હાળમઅ પેસી પાવડીઓ ઉપર પગ મેલી હાંજ હુંદી ઉપર નેંચા કરઅ સઅ. ઇનઅ પચી ગઉ ના નડઅ... ચ્યમ વાલા...''

વાલાએ હકારમાં માથું હલાવ્યું. ઉગરા ભગતને લાગ્યું કે આમ પરદેશની મહેમાનગીરીમાં એક દિવસ રોકાઈ જઈએ તો ખોટું ના કહેવાય. ઊભા પગે પાછા વળી જઈએ તો મહેમાનગતિ ના ગણાય. એ કાંઈ ઉત્તર આપે તે પહેલાં જેઠા બેચરે પશા નાથાની વાત કાપતાં બોલ્યા,

''ભલા'દમી, વેવઈના ઘેર બે-ચાર દાડા રવાય!''

''ના... તમે વેવઈ ખરા? અમારઅ દીચરીનું ઘર... કેવાય એનું હું? આ પસાએ ઘર ઉઘાડયું તે ખટલા ગોદડાં સઅ...'' ભગતે રહેવા માટે પેટછૂટી વાત કરી.

''રઈ જૉવ, બધું થઈ રેશે. એક દાડો નઈ બે દાડા.''

પશા નાથાએ ઉમંગથી રહેવા માટે સૌને આવકાર્યા. આ ગડમથલને અંતે નક્કી થયું કે આવતીકાલે સવારે સૂરજ ઊગે એટલે ફૂલપુરામાંથી વિદાય લેવી. આણું તેડી આવતાં જેમ જેઠા બેચર વહેલી સવારે નીકળ્યા હતા, તેવી રીતે જવું.

''લ્યો હેંડો તાણ... મું સેર દેખાડું.''

''જુવો વેવઈ! જ્યાં ''પોહ... પોહ'' બોલવાનું સઅ ઈંયા જવાનું નહીં. ભાંડામઅ જ્યા એ મંદિર નઅ માળ, કાજીની ઓટલ થઈ કસ્બામઅ જઈ, પાસા. ઈંયાં આપણાં ઘર નઅ મીંયાં રેસઅ. હાચવીનઅ હેંડવાનું.'' પશા નાથાએ પહેલેથી ક્યાં જવું તેની ગોઠવણ કરી.

જેઠા બેચરને મોરવી કરી સૌ નીકળ્યા. પુલ તરફ જતો રસ્તો ઓળંગી, રેલવે સ્ટેશને થઈ

ટાવરે પહોંચ્યા. ટાવર સામે ના બે રસ્તામાંથી હાટડીએ જતો રોડ છોડી, નવી બનેલી વોરવાડને રસ્તે વળ્યા. વોરવાડની બબ્બે ઓળ દૂરથી જોઈ. નજીક જઈ જોવાની હિંમત ના ચાલી. સીધા કાજીની હોટલે પહોંચ્યા. કાજીની હોટલ ઊંચા ઓટલાવાળા મકાનમાં હતી. હોટલનો એક નાનો અને બાજુમાં મોટો ઓરડો હતો. હોટલ રોટી, તરકારી અને ચાની હતી. નાના ઓરડો અસ્પૃશ્યોને માટે અને મોટો ઓરડો મુસ્લિમો માટે હતો. નાના ઓરડામાં બેસવા માટે બાંકડા હતા. મોટા ઓરડામાં ખુરશી-ટેબલ હતાં.

હોટલે પહોંચી, ચા પીવી કે ના પીવી તેની ચર્ચા ચાલી. જેઠા બેચરે નાના ઓરડાની હોટલમાં બાંકડા પાસે ખુરશીમાં બેઠેલા એક આધેડ વ્યક્તિ તરફ હાથનો ઇશારો કરતાં કહ્યું,

“ખુડશીમઅ બેઠા એ આપણા ભરેમણ સઅ.”

“ઈમ, આપણ ચા મંગાઈશું તાણઅ એ પેલી મોટી હોટલમઅથી ચા લઈ આવસે?”

“ના... પસા વેવઈ તમે આંય ચા પીવા આયા નહીં લાગતા. એ તો ઊભો થઈ ચાનું કીં આવસે. મોટી ઓટલે! મોટી ઓટલથી થોડી વારે કોક ચા લેઈ આંય આવસે, નઅ પેલા ટેબલ ઉપર પડેલા ચંબુમઅ રેડશે? મારાજ નાકા વગરના કોપમઅ, આપણનઅ આલસે...”

પશા નાથાને મજા પડી. જેમ જેઠા બેચર ‘ચા’ હોટલ સુધી આવવાની ક્રિયાનું વર્ણન કરતા તેમ તે ધીમે-ધીમે માથું હલાવતા રહ્યા. જાણે કંઈક જુદા જ પ્રકારની ઘટના તેમની નજર સામેથી પસાર થઈ રહી હોય.

“ઈંમ... કેવું પડઅ વેવઈ, મું આંય ફૂલપરામઅ રતો તો, તાણઅ મગન મકડદમે વાત કરેલી. કસ્બામઅ કોકના હગા આયેલા. બધાની હારી આંય ચા પીવા આયા’તા. ભૂલમઅ મોટી ઓટલમઅ પેઠા. ખબેર પડી આતો ઢે...? બાપડાનઅ મારી મારીનઅ મણનો સસેર કરી નાસ્યો. કીં સાલેને ઓટલ અભડઈ મારી.”

“ઓવ્વ... એવું થાય ખરું.” જેઠા બેચરે સાક્ષી પૂરી, ઉમેર્યું.

“કાજીની ઓટલ, ફર્યાદ ના કરાય...”

સૌનું મન કાજીની ચામાંથી ઊઠી ગયું. ચા પીધા વિના કસ્બાના વણકરવાસ તરફ જવા લાગ્યા. એમને લાગ્યું કે જેમને તે ઓળખે છે તે પુરુષવર્ગ તો મિલમાં કામ પર ગયો હશે, એમ વિચારી તેઓ નદી તરફ જવા લાગ્યા.

નદીએ પહોંચી સૌએ હાથ, પગ, મોં ધોયાં. ભગત રાજી થઈ ગયા. એમણે નદીના પાણીને માથે ચઢાવ્યું. પગે લાગ્યા. નદીમાં હાથજોડી ઊભા રહી ગોળ ફર્યા.

“ભગત વેવઈ, હાચમહાચ ભગત સઅ! અમે તો રોજ રોજ નદીએ આઈએ નઅ જીયે. કુંણ પજે લાગઅ.”

જેઠા બેચરે ભગતને બિરદાવ્યા. પશા નાથાને કશુંક સૂઝું, એમણે નદીકિનારે કેટલીક કબરો જોઈ તે તરફ બે હાથ જોડ્યા.

“પસા, ચીયા પીરનઅ પજે લાગો સો?” લવજીએ પૂછ્યું.

“આંયના વણકોરોનઅ?”

“ઈયાં ચ્યાં વણકોર સઅ. અમે તો આંય ઊભા સીએ.” વાલાએ પશાની મશ્કરી કરી.

“મું તો જીવતાનઅ નઈ, મરેલાંનઅ પજે લાગુ સું. તમનઅ ખબેર સઅ. આંયના વણકોર. મડદું દાટયા પસઅ દિવાળીએ કબર બનાવઅ સઅ. દીવો ધરઅ સઅ.”

ભગતને રસ પડ્યો. પશાની વાત એમને સમજાઈ. એ બોલ્યા,

“વા, પસા, આ તો જબરું, કે’તમઅ કીધું સઅ. ગધેડા હારી ગાય બાંધીએ તો... ભૂંકઅ નઈ... આળોટઅ ખરી. ભઈ, વણકોરનઅ મિયાંનો પાહ અડઅ કઅ નઈ!”

“ભગત, ઈમ ના કો. આંયના વણકોરોનઅ ખોટું લાગઅ. આતો જળ એવાં માછલાં...

એનઅ નિકંદીએ નઈ…"

બધાના માથા હકારમાં હાલ્યાં. સૂરજ પશ્ચિમે પહોંચવા આવ્યો. તેઓ ફૂલપુરે પહોંચ્યા.

રાત્રે જમ્યા પછી ખાટલે બેઠા, બે પડોશીઓને બોલાવડાવ્યા. નાત રિવાજે વાલાએ બે રૂપિયા અને સાથે આવેલાઓએ ચડ-ઊતર એક-એક રૂપિયો જેઠા બેચરને આપ્યો. સુખરાત કરી.

સવારે સૂરજ ઊગ્યો. મણિનું આણું પિયર પાછું વળાવવાની તૈયારી થઈ. ફૂલપુરાની સ્ત્રીઓ, મણિની સાસુ સાથે આણું વળાવવા નાકા સુધી આવી. બધાં રામાપીરની દેરી પાસે ઊભા રહ્યા. રામ પ્રણામ કરી, મણિ અને મહેમાનો પુલને રસ્તે પોતાને ગામ જવા નીકળ્યા. જેઠા બેચર છેક પુલના છેડે નદી સુધી આવ્યા.

"તમે હારો રસ્તો લીધો. ગૉમ્મઅ થઈ નેંહર્યા હોત તો આ 'પોહ પોહ'નું હાલ નડ્યું વોત."

મહેમાન સૌ ચાલી નીકળ્યા. હજી પશા નાથા તેમની સાથે હતા. મઠની પેલે પાર ગામ જવાના રસ્તે નદીકિનારે પશા નાથા ઊભા રહ્યા. વાલાની સાથેના બધા ઊભા રહ્યા. પશાએ મણિના માથે હાથ મૂક્યો. બધા સાથે રામ રામ કર્યા.

"પસા! અવઅ તમે સેરિયા થઈ જ્યા. ગૉમ આવતા જતા રજો. ના ફાવઅ તો ઘર ચ્યાંય જ્યું નહીં." ભગત લાગણીશીલ થઈ ગયા.

"ઘર, ગૉમ કાંઈ છૂટતાં અસીં. ભયાતો…" એ ગળગળા થઈ ગયા. આગળ બોલી શક્યા નહીં. હાથવડે આંખોમાં ધસી આવતાં આંસુ લૂછી નાખ્યા.

"ભઈ, વાલા મારા ઘરવાળાનઅ કેઈ આયો સું! પાંચ-પનરે ભીખા જોડી હમાચાર મેકલે, એકઅ મારાં ઘરવાળાંનઅ ભીખા રાવળ હારી હંગાથ કરી આલજો… બધા આવજો… મણિ…"

બધા આગળ વધ્યા. પશા નાથા તે લોકો દેખાય ત્યાં સુધી તે તરફ જોતા રહ્યા. પછી ફૂલપરા જવા નદીની રેતમાં ધીમે-ધીમે ચાલવા લાગ્યા.



*

# 8

છ મહિનામાં પશા નાથા સિદ્ધપુરના થઈ ગયા. એમની ગણના સયાજી મિલના સારા "સાંચાવાળા" તરીકે થવા લાગી. તેમનો હસમુખો સ્વભાવ અને હાજર-જવાબીપણાએ મિલમાં સારી નામના અપાવી. મુકાદમ તો શું મિલના માસ્તર પણ તેમના સ્વભાવ અને કામના વખાણ કરતા. થોડા જ વખતમાં તેમણે સવિતા, ગોકળ, વહુ અને પૌત્રને ફૂલપરામાં બોલાવી લીધાં. દીકરાને જૂની મિલમાં થ્રોસલખાતામાં ડાફીલવાળા તરીકે કામ અપાવી દીધું. ઘરમાં સંકડાશ પડતાં બાજુમાં ખાલી થયેલી ઓરડી ભાડે રાખી લીધી. બે કમાનાર અને પાંચ જણાં ખાનાર એટલે સ્વાભાવિક રીતે થોડી બચત થવા લાગી. તેમ છતાં તેમનો જીવ કંઈક નવું કરવા આકળ-વિકળ થતો. ક્યારેક અમદાવાદ વિશેની વાતો સાંભળી, ત્યાં જવા મન થતું. પણ સંજોગોને આધીન મન મારીને મિલમાં કામ કર્યા કરતા.

એક દિવસ મિલમાં એક ઘટના બની. એ ઘટનાએ તેમના મનમાં ઊથલપાથલ મચાવી. ડાફ ભરાયેલું એટલે એ એમના સંચા પાસે ઊભા હતા. ડાફ કાઢનારા ડોફરો ટોપલીઓ લઈને સંચાની ત્રાક ઉપરથી તાર વીંટાયેલ બૉબિન કાઢી ટોપલીઓ ભરતા હતા. આખા ખાતામાં સંચા બંધ હતા, ડોફરો અવાજ કરતા બૉબિન મોટા ટોપલામાં ઠલવી રહ્યા હતા. ત્યાં જ એક ડોફરનો પગ નીચે પડેલા બૉબિન પર પડતાં લપસ્યો ને નીચે બેસી ગયો. હાથમાંની બૉબિન ભરેલી ટોપલી નીચે પડી. બૉબિન વેરાયાં. કોઈએ જોરથી રાડ પાડીને કહ્યું :

"દિયોર... આંધળા... તારી માનો... સાલ્લા બોબીલ વેરી નાસ્યા!"

અને સટ્ટા... સટ્ટ નેતરની સોટીથી તેને ઝૂડવા માંડ્યું. પશા નાથાએ જોયું તો મિલના થ્રોસલ ખાતાના માસ્તરનો ભત્રીજો ખોડીદાસ નીચે બેઠેલા ડોફરને મારતો હતો. ગાળોનો વરસાદ ચાલુ હતો. પશા નાથા કંઈ કહે તે પહેલાં તો માસ્તર હાજર.

માસ્તરે બૂમ પાડીને મુકાદમને બોલાવ્યા.

"મગન; જલદી આય... આ..."

મગન મુકાદમ આવે એ પહેલાં પશા નાથાએ ખોડીદાસના હાથમાંની સોટી પકડી લીધી. પેલાએ તેમની પાસેથી સોટી છોડાવીને તેમને મારવા ઉગામી. તેમનો ગુસ્સો જોઈ સોટી નમાવી લીધી. મગન મુકાદમ આવ્યા. પેલો ડોફર હજી સુધી ભોંય બેઠો, શરીર ઉપરના સોટીના સોળ પંપાળતો હતો. માસ્તરે કહ્યું.

"મુકડદમ! હું ધ્યાન રાખો સો. મજૂરો મિલનું નુકસાન કરે છે, ને..."

મગન મુકાદમ, મુકાદમ તો હતા. સાથે નવા સ્થપાયેલા મજૂર મહાજનના આગેવાન પણ હતા. તેમણે માસ્તરને જવાબ આપવાને બદલે ડોફરને કહ્યું,

"જીવા, બોબીલ ટોપલીમઅ ભરી લે. હેંડ ઊભો થા!"

જીવો એક હાથમાં ટોપલી લઈ ઊભો થયો. ખોડીદાસ સામે કતરાતી નજરે જોઈ, મગન સામે જોવા લાગ્યો. એ જોઈ માસ્તરનો ગુસ્સો સાતમા આસમાને.

"ગધ્યાડીના હંભળાતું નથી. ચાલ ભરવા માંડ. મુકડદમનુંય કીધું કરતું નથી!"

જીવો ગામડા ગામથી નવો-નવો અહીં કામ માટે આવ્યો હતો. માર ખાવાનો આ પહેલો પ્રસંગ હતો. યુવાન લોહી, સ્વતંત્ર મિજાજનો. ગામમાંય ભલભલા એનું નામ લેતાં બેવાર વિચાર કરે. જીવાએ ગાળો ભાંડતા માસ્તર સામે ગુસ્સાથી જોયું.

"એય... સાંના રો... ગાળ્યો ના કાઢો..."

"અલ્યા, હાહરું સામે બોલે છે દિયોર, ગાંડ ઉપર પાટું મેલીનઅ કાઢી મેલે."

માસ્તર જીવાને મારવા લાફો ઉગામી આગળ વધ્યા. જીવો જાણે જીવ ઉપર આવી ગયો. તેણે હાથમાં રહેલી ટોપલી માસ્તર સામે પટકી.

"લ્યો તમારી ટોપલી... ભરો... મું તો આ હેડ્યો. તમે હું કાઢો દિયોર..."

એ સડસડાટ ખાતાના બારણા તરફ ચાલ્યો. જીવાએ ગાળ દીધી એટલે માસ્તર અને ખોડીદાસ જીવાને મારવા દોડ્યાં, પરંતુ મગન અને પશા નાથાએ એમને અટકાવ્યા. પશા નાથાએ માસ્તરને કહ્યું,

"આ ખોડીદાસે એને ચેટલો માર્યો, તમે ગાળ્યો બોલી..."

મગને દોડી જઈને જીવાને ઊભો રાખ્યો. બીજા એકબે કારીગર જીવા પાસે આવ્યા. જીવાએ પહેરેલું બાંડિયું ઊંચું કરી તેમને પીઠ બતાવતાં કહેવા લાગ્યો,

"જૂવો મગનકાકા... ભાંડામઅ જી આ મિલ. દિયોર ખોડિયો ઑંધામઅ મલ તો ઘોઘળે બેસી લોઈ પીવું. નહીં કરવી મજૂરી આંય. માર ખાવા કરતાં ગામડાંની મજૂરી હારી."

"અલ્યા... મારી વાત હાંભળ તો ખરો?"

"નહીં હાંભળવી... અમદા'દ જે! મારા'ભા કેતા'તા, ઈમના કોઈ દોસદાર સઅ..."

જીવો ગયો. મગન મુકાદમ માસ્તર પાસે પાછા આવ્યા. ત્યાં પશા નાથા અને ખોડીદાસ જોડે જીભાજોડી ચાલતી હતી. એમણે તરત જ કહ્યું,

"જૉવ... પસા હાંચો હંભાળો, ડોફ ખાલી થઈ જ્યું! અલ્યા ચાંપ પાડો, હાંચા ચાલુ કરો?"

ગરગડીઓ પર પટા ફરવા માંડયા. સંચાના ધમકારમાં બધી વાત ખોવાઈ ગઈ. પશા નાથાનું મન ઉપર નીચે થવા લાગ્યું. એમણે ખોડીદાસને મજૂરોને સોટી ફટકારતાં ઘણી વાર જોયેલો. પણ આજની જેમ મજૂરીને લાત મારી જતો રહેનાર કોઈ જોયો નહોતો. એમણે મનોમન જીવાને બિરદાવ્યો. "વાહ જીવા... તું ખરો. માસ્તર હાંમે ટોપલી નાસી દીધી! હાહરું... કૉમ તો કૉમના ઠેકાણઅ... મારઅ સેનો... ઢળી જ્યું તે ભરી લેવાય. કાંઈ નેતરના માર... જીવો હાચો..."

"કોઈ મા-બુન ખાતરે તોય હામું ના બોલાય... ના ના ઇમ ના હેંડઅ!" એમનું મન ચગડોળે ચઢ્યું. આજે આ જીવાનો વારો આવ્યો. કાલે કોક બીજો કે પોતાનોય વારો આવે. શું એ માર ખાઈ લેશે કે જીવાની જેમ સામે થશે? સારું છે કે ગોકળને બીજી મિલમાં ચઢાવ્યો છે, નહીંતર પોતાની આવી ફજેતી વખતે ગોકળ હાજર હોય તો શી વલે થાય? "મારો ગોકળ ના હાંભળે! હૅમેવાળાને પાડી દે."

આખો દિવસ કામ કરતાં જીવાના જ વિચાર કરતા રહ્યા. પોતે ગામડે રહેતા તોય કોઈ આટલી હદ સુધી ના જતું. ત્યાં કાંઈ સારાવટ તો નહોતી. સાલ્લું આપણા તો લમણે લખાયું. "હાહરો, આ પરભુ... રામોપીર કાંઈ જાણતા નઈં હોય?"

મિલ છૂટી. પશા નાથાના વિચાર ના છૂટ્યા. સાંજ પડવા આવી હતી. અંધારું થવાને વાર હતી. એ ઘેર આવી હાથ-પગ ધોઈ ખાટલે બેઠા. સવિતાએ ઘરમાંથી ફાનસ લાવી તેમના પગ પાસે મૂક્યું.

"લ્યો આ ફૉનોસ, ગોળો સાફ કરી હળગાવો. અંધારું થવા આયું સઅ."

એ ઘરમાં જઇ ચૂલાગરમાંથી રાખ લઈ આવ્યા, ફાનસ સાફ કરવા આંગણામાં ઊભા પગે બેઠા. ફાનસમાંથી કાચનો ગોળો કાઢી ગોળાને જોતા રહ્યા.

"સાલ્લું! આ શેરમઅ આયા તે ફૉનસ આયું. નકર ગૉમડાંમઅ તો ઑહનું કોડિયું હળગાબ્બાનું! ગાસલેટ આયું એકઅ પતરાનો ખડિયો હળગાબ્બાનો. આખા ગૉમ્મઅ મુખીના ઘેર ફૉનોસ, અનઅ આંય તો?"

એ હસ્યા. એમને શહેર ગમી ગયું. એક ઝાડે ફરવા જવાનું દુઃખ. વસ્તી વધારે એટલે છેક સરસ્વતી નદી કાંઠે કેયડાંમાં જવું પડે. આ મિલે ડબ્બાના જાજરૂ બનાવ્યાં. નાની પતરાની ઓરડીઓ, પતરાંના બારણાં તળિયે બાકોરું નીચે પતરાનું ડબલું મોટ્ટું. એમાં હગવાનું. જાજરૂની અંદર જઈએ તો હેં... ગંધ ગંધાય... પણ ગઉનો ફેરો મટી જાય. એ વિચારોમાં ગૂંચવાયા. ઘરમાંથી સવિતાનો અવાજ આવ્યો.

‘‘ગોળો સાફ કર્યો વોય તો ફૉનૉસ હળગઈ ઘરમઅ લાવો. અમઅ ચ્યાં હુંદી બારી બેહી રેહો.’’

પશા નાથાને સવિતાની વાત સાચી લાગી. એમણે રાખવડે ઝટપટ ગોળો સાફ કરી, મોઢા વડે ફૂંક મારી. ફાળિયાના છેડા વડે લૂછી, ફાનસમાં ગોઠવ્યો. ઊભા થઈ ઘરમાં ગયા.

‘‘લાય દીવાહળીની પેટી...’’

‘‘કાંઈ દીવાહળી નહીં હળગાબ્બી; આ હળગતું ઉબાડું લ્યો, ઇનાથી હળગઈ લ્યો.’’

ફાનસ સળગી, આખા ઘરમાં અજવાળું-અજવાળું. ગામમાં તો આવું અજવાળું ના મળે. જમી, પરવાર કરી એ ઓસરીમાં ખાટલે બેઠા. બારણામાં થઈ ફાનસનું અજવાળું ઓસરીમાં પહોંચતું હતું. ગોકળ આવીને બાપાની બાજુમાં બેઠો. સવિતા ઓસરીમાં આવીને કહેવા લાગી,

‘‘આજી ફૂલપરામઅ કલોલના કોક મેમાંન આયા’તા. એ તમનઅ અમદા’દ આબ્બાનું કેતા’તા. ઈંટવાડાની ચાલીમઅ...’’

‘‘ઈંમનું નામ?’’

‘‘કાંક હારું સઅ... ભગા નરસી કલોલના!’’

‘‘ભગા નરસી!’’

આ ભગા નરસી કોણ? પશાને યાદ આવતું નહોતું. એમણે માથું ખંજવાળ્યું. આંખો ઝીણી કરી, સવિતા સામે જોયું. એકાએક તેમને યાદ આવ્યું. એ મનમાં બબડ્યા.

‘‘હત્ત... તારી બુનના ભઈ! ઈયાદ આયા. એક દાડો એ સિધપર ટાવોર પાહણ રજાના દાડે મળેલા... કેતા’તા અમદાદ આવો બાલાપીરિયામઅ, હારી મજૂરી મલસે. આંયના કરતાં વધારઅ...’’ એ માથે હાથ રાખી વિચારમાં ડૂબી ગયા. સવારે મિલમાં બનેલી ઘટના યાદ આવી. વિચારમાં એવા ગૂંથાયા કે સવિતાએ પૂછવું પડ્યું,

‘‘ચ્યમ? શ્યા વચારમઅ પડ્યા! આ ભગો કુણ સઅ?’’

પશા નાથા હસ્યા. માથું હલાવ્યું. જાણે મોટો ભેદ ખોલતા હોય એમ ગંભીર થઈ ગયા.

‘‘એક દાડો, મું જેઠા બેચરની હારી ટાવોર પાહણથી જતો’તો. તાણઅ અમદા’દથી આયેલા મેમૉન મલ્યા’તા? કસ્બામઅ કોકના હગા થાય... એ અમદાદમઅ બાલાપીરિયામઅ મકડદમ સઅ. કારીગર લેવા આયા’તા. મનય કેતા’તા. અમદાદ આવો આંય કરતઅ વધારઅ પૈસા મળસીં. ઓયડી નઅ કૉમ, મું અલાયે.’’

‘‘તે... પેલાં હાથી ભાજીયા થઈ રેવું ના પડઅ?’’

‘‘નારે! ઈંમને કીધેલું તમારઅ હાથી રવું હોય તો રવું નકર કાંઈ નઈ. કામનું પાક્કું!’’

‘‘ઈંમ?’’

પશા નાથા ભગા નરસીના સમાચારથી રાજી થયા. એમની ઇચ્છા થઈ કે આજે મિલમાં બનેલી જીવાવાળી વાત સવિતા અને ગોકળને કરે, પરંતુ ન જાણે કેમ એમણે એ વાત મનમાં દબાવી દીધી.

*

બે-ત્રણ દિવસ એમ જ પસાર થઈ ગયા. જીવા સાથે થયેલા વહેવારની વાત મનમાંથી ભૂંસાતી જતી હતી. તોપણ પશા નાથાના મનમાંથી અમદાવાદ ખસતું નહોતું. કેટલીક વાર

અમદાવાદના અભરખે મનને સમજાવતા કશુંક બબડી જતા. "વખત આબ્બા દયો? આ પસા નાથા અમદા'દ જહ! ઇંમઅ મીનમેખ નઈ." જીવાની જગ્યાએ નવો ડોફર મોહન આવ્યો. એ મગન મુકાદમનો દૂરનો ભત્રીજો હતો. એને મગન સાથી તરીકે લઈ આવ્યા હતા. એક વરસની બોલી. પશા નાથાને તો એના આવવાના પહેલા દિવસથી 'દોસદારી' થઈ ગઈ. બન્નેની ઉંમરમાં ઘણો તફાવત, તોય જાણે બન્ને વરસોથી એકબીજાને ઓળખતા હોય એવું લાગ્યું. મોહન પશા નાથાની જેમ જ વાતગરો, હાજરજવાબી હતો. કોઈથી અકળાય નહીં. એક દિવસ રિસેસમાં બધા લીમડા નીચે બેસી જમતા હતા. પશા નાથા અને મોહન પાસે-પાસે બેઠેલા. બીજા પણ જમતા હતા. મોહને જમતાં-જમતાં પશા નાથા સામે જોઈ, બીજા કોઈ તેમની વાત સાંભળે નહીં તેમ ધીમેથી પશા નાથાને કહ્યું,

"પસા કાકા, એક વાત કું?"

પશા નાથાએ મોહનની સામે જોઈ હકારમાં માથું હલાવ્યું. મોહન તરફ ઝૂક્યા.

"એક હું બે વાત કે; મું હાંભળે."

"હાહરું... આંય રવાની કઅ. કામ કરવાની મજા આવતી નહીં."

"ખરું કીધું! પેલાં મનઅ એવું થતું'તું કઅ ગામડે પાસો હેંડ્યો જઉં પણ... આ રોકડા મલવા માંડ્યાં, એકઅ બધુંય ફાઈ જ્યું." પશા નાથાએ સીધી વાત કરી.

"મારઅ ઈંમ નહીં કાકા! મું ઘેરથી ઈંમ કેઇનઅ નેંહર્યો તો કઅ અમદા'દ જે! આંય રસ્તામઅ ખળઇ જ્યો. આ અમદા'દ મનમઅ પેઠું સઅ? નેંહરતું નહીં."

પશા નાથા હસ્યા. સાથે મોહન હસવા લાગ્યો. સાથે બેઠેલાઓને થયું કે આ બે જણા કયું કૌતુક જોઈ આમ હસતા હશે? બીજાની વાતમાં જાણ્યા વિના કૂદી ના પડવું એ ન્યાયે કોઈ બોલ્યું નહીં. સૌએ તેમની સામેથી નજર હટાવી જમવામાં ધ્યાન પરોવ્યું.

"તો સિધપરમઅ ચ્યમ આયો?"

"ગાડીમઅ બેહવા, આંયથી ગાડીમઅ બેહાય... અમદા'દ જવાય."

"ગાડીમઅ ટિકચ ચીયો ભા આલઅ સઅ કે', ટિકચ વના ગાડીમઅ ચ્યમ કરી બેહે?"

"મગન કાકા તો કેતા'તા, આ'તો ઓળસ્યાનું ઝેર સઅ. ટિકચ આલનારો ના ઓળખઅ તો ટિકચ ઝબ દેઈનઅ આલઅ."

"તે લેઈનઅ હેંડી નેહર!"

"ના કાકા, કોક હારી વોય તો એકથી બે ભલા."

એમને મોહનની વાત ગમી ગઈ, તે વિશે કશું બોલ્યા નહીં. એક દિવસ પશા નાથા બધાની સાથે ફૂલપરાથી મિલમાં જવા નીકળ્યા. મિલનો ઝાંપો આવે તે પહેલાં પાસે-પાસે દેખાતા બેય મિલના તોતિંગ ભૂંગળાંઓને જોતા ઊભા રહી ગયા. ઘડીકમાં નવી મિલનું ભૂંગળું જુએ તો, ઘડીકમાં જૂની મિલનું ભૂંગળું. એમ કરતાં માથું ધુણાવે. તેમને મગન મુકાદમે અટકી ઊભેલા જોયા. એ જોતા ઊભા રહી ગયા.

"ચ્યમ પસા, ઊભા રા?"

"આ ભૂંગળાં જોવું સું."

"એ તો મૂંય ભાળું સું."

મગન મુકાદમ હસ્યા. તેમને થયું પશા નાથાને આ ભૂંગળાઓમાં શું દેખાયું! એમાંથી તો ધુમાડો નીકળે ને ઉપર જાય, બસ! એ તો બધાને ખબર છે. ત્યાં મગનને તેમની મશ્કરી કરવાનું સૂઝ્યું.

"હેંડો... હેંડો પસાભઈ મિલમઅ, આ ભૂંગળાં નેંચઅ નઈ પડઅ. ભૂંગળાં જૉવાં હોય તો જૉવ અમદા'દ. ભૂંગળાં જ ભૂંગળાં. જોતઅ જોતઅ ઑડ દુસી જાય."

તેમની જૂની દુઃખતી રગ દબાઈ, એ ગંભીર થઈ ગયા.

‘‘હાહરું... મન તો ઈંમ કેસઅ મકડદમ, અમદા’દ જવું. કરમ કેસઅ કોઠીમઅ પેંસ!’’

‘‘લ્યો, કરમ સુધરઅ તાણઅ અમદા’દ જજો! હાલઅ તો કોઠીમઅ પેહવું હારું. હેંડો અમણઅ ભૂંગળું વાજ્યું... હમજો!’’

પશા નાથાએ માથું ધૂણાવ્યું. મુકાદમ સામે જોયું, ફિક્કું હસ્યા અને મુકાદમની પાછળ-પાછળ ચાલવા લાગ્યા. મન સાથે પાક્કી ગાંઠ વાળી. અમદાવાદ જવું જ. કોકે કીધું છે કે જીવ્યા કરતાં જોયું ભલું. અમદાવાદમાં નહીં ફાવે તો ગાજરની પીપુડીને કરડી ખાતાં શી વાર... પાછા ફૂલપરામઅ! અહીંથી કોણ કાઢી મૂકશે. કાઢી મૂકે તોય શું મિયોલ ક્યાં નાસી જવાનું છે? હવે એક વાર ઘર છોડી નીકળ્યા, એટલે શું સિદ્ધપુર કે શું અમદાવાદ?

આમ તો એમનું મન અમદાવાદના ભૂંગળાઓમાં ગૂંથાયેલું હતું અને મોહન જેવાનો સાથ મળ્યો પછી બાકી શું રહે?

*

# 9

**આ**મ તો અજવાળી બીજની સાંજે, મંદિરને ઓટલે પાંચ ભજન ગાવાનો અને સતસંગ કરવાનો રિવાજ થઈ ગયેલો. આજે રામાપીરના ઓટલે પાંચ ભજન ગવાયાં. સતસંગ સાથે સમાજના સુખ-દુઃખની વાતો થઈ. વાતમાંથી વાત નીકળી, પશા નાથાએ ધડાકો કર્યો.

''આ બીજના ભજન મેં હાંભળ્યાં, કદાચ બીજી બીજ આવે ત્યાં હુંદી, મું આંય નાયે રઉં!''

બધાને આશ્ચર્ય થયું. મગને પૂછ્યું.

''ચ્યમ પસા ઇંમ કો'સો? પાસા ગાંમડે જવાનું...?''

''નારે... ના, અમઅ ગૉમડે હું જાય. ઈંની માયા તો ચ્યારનીય છૂટી.''

''તાંણઅ...!''

''આ અમદા'દથી હંદેહા આયા કર સઅ... આંય આવો... આંય આવો. ઈંક થ્યું, અમદા'દ જોઈ આવું...!''

''ઈંમ... તાણ હાંજવેણ લેઈનઅ જહો...''

''ના... મકડદમ ના... પેલાં મારું ચ્યાંક ઠેકાણું પડસે તો હાંજવણનું વચારે! હાલ તો તમનઅ ભળાંયાં સઅ.''

મગન મુકાદમે વિચાર્યું પેલા ભગા નરસીનું કામ નક્કી એણે જ એક દિવસ ટાવર પાસે મળ્યા ત્યારે પશાને અમદાવાદ આવવા કહેલું. એમણે નામ જોગ પૂછ્યું,

''તે... પેલા ભગા નરસી પાહણ જવાનો વચાર સઅ!''

''ઈંમ કો તો ઈંમ... કોક હારો હાથ હોધું સું.''

''હાથ તો મલી જહઅ... હેંડતા જવું પડસે. ગાડીમઅ તો ભઈ! કોઈ ઓળસી પાડસીં તો ધોકાટશે. ગાડીમથી રસ્તામઅ ઉતારી મેલઅ... વગડામઅ કુંણ રણીધણી...''

''એકઅ જ તો? બે જણા વોય તો બેદાડા હેંડીય નખાય...''

''હા ભઈ, પેલો અમારા ગૉમવાળો જીવણીયો અમદા'દ જવા ટિકચ લઈનઅ ગાડીમઅ બેઠો... પણ ખબેર પડી કઅ ઢે... સઅ ભઈ. પસી પચા ગઉ આગેળ ઉતારી મેલ્યો... બે દાડે ઢચુકા લેતા જ્યા ખરા. અમઅ અમદા'દ ટાઢા, મેંઠા સાંયે ઢીચાકા લી સઅ.''

પછી તો 'ગાડીમાં બેસવા' પુરાણ શરૂ થયું. કોણ ગાડીમાં બેસી સુખરૂપ અમદાવાદ પહોંચ્યા. કોણે કોણે પોલીસ-સિપાઈનો માર ખાધો. કોણ અમદાવાદ ચાલતાં ગયું. અહીંથી જનારની આપવીતી કહેવાઈ, પણ પાછા વળનારની કોઈ વાત ના થઈ. વળતાં ગાડીમાં આભડછેડ જેવું ઓછું હતું. કે વધારે! અમદાવાદ જઈ કોઈ પાછો આવ્યો હોય તો ખબર પડે? એવું કોઈ અહીં હતું નહીં. સવા ભગતે એક નવી વાત ઊભી કરી.

''આ બધુંય ખરું... હાહરું આંય ટેસણે તૈણ તફફાંનું પાણી મલઅ સઅ, એવું અમદા'દમઅ અસે ખરું?''

''આ તૈણ તફફાંનું વળી હું ભગત?''

''ટેસણે ગાડી આવઅ તાણઅ હાંભળ્યું નહીં લાગતું.''

''ભગત, હાચું કું ટેસણે પેહવા કુંણ દેસઅ? આંમ આઘા થઈ, પાટા ઓળંડી સેરમઅ જવું પડઅ સઅ!''

''વાત હાચી, તો હોંભળો આંય ટેસણે તૈણ તફફાનું પાણી મલઅ, એક મુસલમાંની પાણી, બીજુ હિન્દવાણી પાણી નઅ તીજુ, પેલું નાળથી પિવડાવઅએ ઢેઢવુંપાંણી...''

બધા હસવા લાગ્યા.

"ભગત, તમે ચાણઅ જ્યા'તા ઢેઢવું પીવા?"

"આપણનઅ એ લોકો પાંણી પીવડાવતા નહીં હાચું, પણ અંગરેજી સરકારનો હકમ સઅ, હૌવનઅ પાંણી પાવું. ઢે... ગાડીમઅ બેહઅ તો, ઈનઅ પાંણી પાવું પડઅ?"

પશા નાથાએ વાતને આગળ ચલાવી.

"ભગતની વાત તો હોળ આંની. પણ કેતમઅ કીધું સઅ કઅ, ભઈ વાંણિયા નમતું જોખજે; તો વાંણિયો કે દિયોર તનઅ પેઢીમઅ પહેવા કુંણ દેસઅ... કૉ? ઢે... ગાડીમઅ બેહઅ નઈ... પસઅ પાંણી સેનો પીવઅ... સેના તૈણ તફફા?"

"'લ્યા, પસાભઈની વાત તો હોના જેવી... પસોભઈ અમદા'દ જૉય સઅ એ હાચું?"

ભગતે વચમાં ઘડાકો કર્યો. ઓટલે સન્નાટો છવાઈ ગયો. પશા નાથાના ફૂલપુરે આવવાથી તો નવી હવા ફેલાઈ હતી. મુકાદમ મિલમાંય સૌ તેમની આમાન્યા રાખતા. મજૂર મહાજનવાળા તો તેમને આગેવાન બનાવવા માગતા હતા. એમણે જ આગેવાન બનવાની ના પાડેલી. અમદાવાદ જવાની વાત નીકળી. તે પહેલાં તો ચૂપ રહ્યા.

"ભગતની વાત થોડી હાચી તો ખરી?" પશા નાથાએ ભગતની વાતમાં ટેકો આપ્યો.

"ના આખી હાચી... તમે અમદા'દ જૉવ બવ હારૂં. ફૂલપરા તો ગૉમડિયું ગામ. આંઈથી ગાડીમઅ બેહવું દોયલું. અમદાદમઅ એવું નઈ. એક ફરા મું આબુરોડથી સિધપર આબ્બા ગાડીમઅ બેઠો. વાતમથી વાત નેંહરી, ખબેર પડી મું ઢે... ભગત સું! થઈ રું. બે દંડા કૂલે ઝેંકાર્યા. ટિકચ અતી તોય નેંચ ઉતારી મેલ્યો. વગડામઅ., ગાડી રોકાઈ નઅ... આખી ગાડી કે ઢે... ગાડી અભડાઈ. હારું અતું દાડો અતો. બંદા તો રાંમાપીરનું નામ લેતા ઊપડ્યા આવજો સિધપર."

"ભગત તમે ગાડીનો હવાદ લીધો સઅ ખરો? ધોકાંના પરહાદ હારી... ચ્યમ!" કોઈકે ભગતની મશ્કરી કરી.

"હા ભઈ હવાદ લીધો એકઅ આંય સીએ. જીવણ તો અમદા'દ જ્યો, ચ્યમ ખરું કઅ. જબરો હેંમતવાળો. અમઅ અમદા'દ જતઅ આવતઅ ઓહનું મેરાયું રાખઅ સઅ. ગાડીમથી ઉતારી મેલઅ તો ચંતા નંઈ. રાતવરત વોય તોય ચંતા નંઈ... મેરાયું હળગાયું કઅ હેંડ્યા. વાટમઅ જનાવર આઘાં રઅ."

"દીવાહળીની પેટી જુવઅ કઅ."

"બધુંય રાખઅ."

પશા નાથા સમજી ગયા. જીવણ આવ્યો હતો, ભગા નરસી સાથે. એની સાથે વાત થઈ ન હતી. પણ એના પરાક્રમની વાતથી તેમણે મનમાં ગાંઠ વાળી કે ગાડીમાં જતાં મેરાયું અને ઑહની ઢોચકી સાથે રાખવાં. જો રાતે ચાલવાનું આવ્યું ને સાથે રૂપિયા, પૈસાનું જોખમ હોય તો? એતો જેવો સમય આવશે તેવું વર્તીશું. સાથે એકાદ જણ હોય તો પછી કોઈ ચિંતા નહીં. એમને મુકાદમના સાથી મોહન સાથે વાત કરેલી, એ સાથે આવે તો જાણે જંગ જીત્યા. ચોયટા પણ બે-ત્રણ જણને લૂટતાં વિચાર કરે.

મોડે સુધી રામાપીરને ઓટલે ભાત-ભાતની વાતો થતી રહી. વાત ફરી-ફરીને અમદાવાદ જવાની વાતે આવી અટવાતી રહી. આખરે બધા 'સુખરાત' કરો કહીને ઊભા થયા. મગન મુકાદમે પસાને ટકોર કરી.

"પસા તમે જહો એ વાત હાચી. મારઅ તો મજૂર હોધવા નેંકળવાનું થ્યું? મનઅ ખબેર સઅ તમે એકલા નઈ જૉવ. કૉક મજૂર તમારી હારી આવશે ખરો?"

તે કાંઈ બોલ્યા નહીં. મનમાં બબડ્યા.

“જેવી રાંમાધણીની મરજી!”
ધીરે-ધીરે ઓટલો ખાલી થઈ ગયો.

*

# 10

તેમણે અમદાવાદ જવાની તૈયારીરૂપે ઘરનાં બધાંને સમજાવી દીધું. ગોકળ અને તેનો પરિવાર સિદ્ધપુરમાં રહે. તેમની સાથે તેની મા સવિતા રહે. પોતે અમદાવાદ જઈ ઘર અને મિલમાં કામ શોધી લઈ બધાંને અમદાવાદ બોલાવી લેશે. મિયોલ રહેવા જવાની કોઈ જરૂર નથી. કામ પ્રસંગ આવશે ત્યારે જોયું જશે. એમણે ગાડીમાં બેસીને જવા મન મનાવ્યું. અને જો રસ્તે ઉતારી મૂકશે, તો ચાલતા પણ અમદાવાદ જશે.

મિલનો પગાર આવ્યો, પગારમાંથી એકાદ મહિનાનું ઘરનું હટાયણું ખરીદી લીધું. ગોકળને તેનો પગાર પાસે રાખવા અને સાચવીને વાપરવા કહી દીધું. પોતે સાથે દશ-બાર રૂપિયા લઈ જશે અને ત્યાંની મજૂરીમાંથી ખાટલા, ગોદડાં, વાસણ-કુશણ વસાવશે. અહીંથી કશું સાથે લઈ જવું નથી. એમની સાથે અમદાવાદ જવા મોહન તૈયાર હતો. એ મોકો ગુમાવવા માગતો નહોતો. એની પાસે મગન મુકાદમે આપેલા બે રૂપિયા હતા. ગાડી ભાડાના બાર આના થતા હતા એટલે કાંઈ ચિંતા ફિકર ન હતી. બાકી બધું અમદાવાદમાં પશા નાથા સાથે ગોઠવી લેશે.

તેમણે અમદાવાદ જવાની તૈયારી રૂપે એક થેપાડું, બાંડિયું, નાહવા બદલવાનું પાઇટિયું, બે ટંક બાજરીના રોટલા વચ્ચે વાટેલું મરચું; બે ચાર ડુંગળી, બધું બાંધીને નાનું પોટલું બનાવી લીધું. વિચાર કર્યો કે, આ રોટલા તો બે જણાંને જમવાના બે ટંક પૂરા પાડશે. યાદ કરીને લાકડાનો દંડો, ઑંહ ભરેલી કુલડી, થોડા ગાભા સાથે લીધા. દીવાસળીની પેટી જેનાથી જરૂર પડે મેરાયું સળગાવી શકાય. મોહનને મુકાદમથી છૂપી રીતે નીકળવાનું હોવાથી, વધારાના એક જોડ કપડાં અને ભાડા સિવાય કશું લેવાનું હતું નહીં. એ ઘેરથી નીકળીને સિદ્ધપુર આવ્યો હતો. અહીંથી અમદાવાદ જવા એને કોઈને પૂછવાપણું નહોતું. પેટમાં દુખે છે એવું બહાનું કરી એ મિલમાં ન ગયો. એણે એક જોડ કપડાં અને પાઈટિયાની પોટલી કરી લીધી. પશા નાથાએ ઘરવાળાંને ખાસ તાકીદ કરેલી કે કોઈએ મંદિરના ઓટલા સુધીય વળાવવા આવવાનું નથી. બપોરે ગાડીના સમય પહેલાં નીકળવાનું નક્કી કર્યું. એમણે ઠાકોરની જેમ એક કાન ખુલ્લો રાખીને પાઘડી બાંધી. વતું તો સવારે જ કરાવેલું. મૂછના અંકોડાને આમળી કડક કર્યા. હવે દેખાવે તે અદ્દલ ઠાકોર જેવા લાગતા હતા. મોહને સમય અનુરૂપ પાઘડીના વળ બદલી લીધા.

તેઓ સ્ટેશને પહોંચી ટિકિટ બારી ઊઘડવાની રાહ જોવા લાગ્યા. બે-ચાર જણ ટિકિટ લેવા માટે ઊભા હતા. બારી ઊઘડી. ટિકિટ લેનારની લાઈન પૂરી થઈ. મોહને હિંમત કરી બે રૂપિયાની નોટ બારીમાં મૂકી, અમદાવાદની બે ટિકિટ માગી. ટિકિટ આપનારે એના ચહેરાને બદલે બાંધેલી પાઘડી તરફ જોઈ ટિકિટો આપી. અડધો રૂપિયો પાછો આપતાં ટિકિટ માસ્તરે કહ્યું :

“ટિકિટ કાલુપુરની છે.”

મોહનને કાંઈ સમજાયું નહીં. એને તો અમદાવાદને નામે ટિકિટો મળી એ જ મોટું લાગતું હતું. મનમાં હજી ઓળખાઈ જવાનો ગભરાટ હતો. રખેને ટિકિટ માસ્તર એને પાછો બોલાવી લે, એવી બીકમાં બારીમાંથી ટિકિટો અને અડધો રૂપિયો લઈ સડસડાટ પશા નાથા પાસે પહોંચી ગયો.

“કાકા, ટિકચો મલી જી! અડધો રૂપ્યો પાસો આયો.” એટલું કહેતાં તો જાણે એને શ્વાસ ચઢ્યો હોય એમ ઊંડા શ્વાસ લીધા. શ્વાસ હેઠો બેઠો.

“ટિકચ માસ્તર, કાલુપર, કાલુપર એવું કૉંક કેતો’તો?”

“હત્તારીના ભઈ મારું. મોહન મું તનઅ કેવાનું ભૂલી જ્યો. ભગા નરસી તો જબરા. ઘણી

વાર આયા, જ્યા. એ કે'તાતા તમે અમદા'દની ટિકચ માગજો. એ કાલુપરની ટિકચ આલસે. ચિંતા નઈ. અમદા'દનું ટેસણ કાલુપર સઅ."

"ઈમ... તમેય ખરા સો. મું તો ગભરઈ જ્યો'તો. હાહરું ઓડનું ચોડ થાય તો? મું તો ટિકચ મલી કઅ માંડ્યો હેડવા. ચ્યાંક દિયોર ઓળસી જાય તો?"

એણે બે ટિકિટ અને આઠ આના પશા નાથાને આપ્યા. પશાએ ટિકિટો બાંડિયાના ગૂંજામાં મૂકી. અડધો રૂપિયો ફાળિયાના છેડ સંતાડેલા દશ રૂપિયા ભેગો બાંધી દીધો.

"જો મોહન! માસ્તરે ગમે જે કીધું વોય, આપણ તો આ ટિકચો અમદા'દની સઅ, ઇંમ કેવાનું."

તેઓ ગાડીની રાહ જોવા, ગાડી જે દિશાએથી આવવાની હતી તે તરફ પ્લૅટફૉર્મના છેડે જઈ ઊભા રહ્યા. એમણે રસ્તામાં જ નક્કી કરી લીધું હતું કે એન્જિન બાજુ બેસવું નહીં, પાછળના ડબ્બામાં બેસવું. ઓળખાઈ જવાની વાત આવે તો ઊતરીને જતા રહેવું. એમને ખબર હતી કે ટિકિટ લીધી છે, તેથી ગાડીમાં બેસવાનો ગુનો બનતો નથી. આભડછેટ નડે એમ છે, એટલે વેશપલટો તો કરી લીધો હતો. છતાં ઓળખાઈ જઈએ તો કદાચ લાપોટ-ઝાપોટ થાય. કાંઈ વાંધો નહીં.

દૂરથી આવતી ગાડીની વ્હીસલ સંભળાઈ. એમણે અવાજ તરફ નજર ઘુમાવી. એક કાળું ટપકું ધીમે-ધીમે મોટું થઈ રહ્યું હતું. એમની છાતીના ધબકારા વધી ગયા. આછી ગભરામણ થઈ. થોડી વારે કાળું ટપકું મોટું થઈ એમની આગળ ઍંજિનરૂપે ભખ... છૂક ભખ છૂક કરતું પસાર થયું. પાછળ ડબ્બા જોડેલા હતા. ઍંજિનને જોતાં જ એમનાથી હાથ જોડાઈ ગયા. ઍંજિન કાળું હોવાથી કાળકામાનો રથ છે એમ માની, જોડાયેલા હાથ સાથે બબડ્યા.

"ભલુંમ્ કરજો કાળીમા... હાજા'તાજા અમદા'દ લેઈ જજો."

એમણે બે ત્રણવાર 'લીલુડા ઘોડાના અસવાર' કહી રામાપીરને યાદ કર્યા. ગાડી ઊભી રહી. ગભરાટને ફફડાટ મનમાં દબાવી સામે ઊભેલા ડબ્બામાં ચઢ્યા. અંદર ઓછા માણસ બેઠેલા હતા. તે તરફ જોયા વિના જગ્યા જોઈ લાકડાના પાટિયા પર અક્કડ થઈને બેઠા. પગ પાસે પોટલીઓ મૂકી. એકબીજા સામે જોતાં હિંમત મેળવતા રહ્યા. કશું બોલ્યા નહીં. ઓળખાઈ જવાની બીક વચ્ચે ગાર્ડની સીટી અને એન્જિનની વ્હીસલ બોલી. ઘડીભર તો બન્નેનાં હૃદય થડકો ચૂકી ગયાં. ગાડી આછા ઝટકા સાથે ચાલવા લાગી. એન્જિનની બે-ત્રણ વ્હીસલનો અવાજ અને નદીનો પુલ પસાર થવાનો ખડખડાટ સંભળાયો. એમણે સાહજિક થઈ બારીમાંથી નદી તરફ જોયું. નદી પસાર થઈ રહી હતી. તેઓ નદીકિનારે જે કેરડાઓના ઝાડવાં પાસે રોજ નહાવા આવતા, તે જગ્યા દેખાઈ ના દેખાઈ, બધું પાછળ રહી જવા લાગ્યું. થોડી વારે ડરતાં-ડરતાં ડબ્બામાં આજુબાજુ નજર ફેરવી. કેટલાક એમના જેવા જ ગામડાના માણસો બેઠા હતા. ચૂપચાપ. ઓળખાય નહીં એવા. જે લોકો એકબીજાને ઓળખતા હતા, તે વાતચીત કરતાં-કરતાં એમની સામે નજર કરી લેતા હતા. ત્યાં એક જણે પશા નાથાને પૂછ્યું,

"ચ્યાં જાવોય ઠાકોર?"

"અમદા'દ!" એટલું બોલતાં પશા નાથાને ખાંસી આવી. પરસેવો વળ્યો; થયું, હવે આ જાતનું નામ પૂછશે? એમણે તો ઘેરથી નીકળતાં નક્કી કરેલું કે કોઈ જાત પૂછે તો 'કુંભાર' કહેવું. પણ અહીં તો સામેથી 'ઠાકોર' નામ બોલાયું હતું. એ ખાંસી ખાતા ઊભા થયા. બારી બહાર મોઢું કાઢી થૂંક્યા. પવનનો ઝોલો લાગતો હતો છતાંય એન્જિન બાજુ જોવા લાગ્યા. એકાદ પળમાં એમણે માથું અંદર ખેંચી લઈ ડાબી આંખ પર હથેળી દબાવી, બબડ્યા.

"હાહરું ઑસમઅ કૉંક પડ્યું!"

"ઑંસમાં કોલસી પડી વોય! " એક અનુભવી અવાજ આવ્યો. પશા નાથા આંખો બંધ

કરી હથેળી વડે કાંકરી પડેલી આંખને મસળવા લાગ્યા. એટલે પીડા વધી ગઈ. તેમણે એક આંખ ખોલી, ધીમેથી પોતાની જગ્યાએ બેઠા. મોહન તેમની આંખમાંથી કાંકરી કાઢવા પાઘડીનો છેડો ખોલી, છેડા વડે પ્રયત્ન કરવા લાગ્યો. થોડી વારે મોહનને સફળતા મળી ગઈ.

"રવા દે મોહન... કાંકરી નેહરી જઈ લાગ સઅ."

પેલા માણસે પૂછવાનું હતું એ ભુલાઈ ગયું. થોડીવાર માટે ગાડીમાં ઊડતી એન્જિનના ભૂંગળાની કોલસીનું પુરાણ ચાલુ થયું. પેલા માણસને તેમના વિશે જાણવાની તાલાવેલી ઘટી નહોતી. એ બેઠો-બેઠો બધું જોયા કરતો હતો. તેને આ લોકોની ભાષાના લહેકાઓ ઠાકોર જેવા ન લાગ્યા. એ કંઈક વિચાર કરીને ડબ્બાના બાજુના ભાગમાં જઈ બેઠો. થોડી વારે મોહનની બાજુમાં બેઠેલો બીજો માણસ ઊભો થઈને બાજુના ભાગમાં ચાલ્યો ગયો. આખા ભાગની બે પાટલિયો ઉપર એ બે જ રહ્યા. એમને નિરાંત લાગી. એક સ્ટેશને ગાડી ઊભી રહી અને ઊપડી. સ્ટેશન સાવ નાનું હતું. એક મોટા સ્ટેશને ગાડી ઊભી રહી. એમણે ડબ્બામાં બેઠાં-બેઠાં પ્લૅટફૉર્મ ઉપર જોયું. ખાસ માણસ હતા નહીં. તેમના ડબ્બામાં કોઈ ચઢ્યું નહીં. સાંજ થઈ હતી, એમણે સ્ટેશન પર છવાયેલા આછા અંધારામાં એક સિપાઈને તેમની સાથે ડબ્બામાં મુસાફરી કરનાર માણસ સાથે વાત કરતાં જોયો. તથા હાથમાં સળગતું ફાનસ લઈને આવતા ત્રીજા માણસને પેલાઓ સાથે જોડાતાં જોયો. ત્રણે તેમના ડબ્બા તરફ આવવા લાગ્યા. તેમને થોડોક ડર લાગ્યો, રખેને તેઓ તેમના ડબ્બામાં આવે. આમ તો ડરવા જેવું નહોતું. એ બેઠેલા એ બેય પાટલીઓ ખાલી હતી. પશા નાથાએ મનોમન રામાપીરને યાદ કર્યા. મોહન ગુમસૂમ.

પેલા ડબ્બા પાસે આવતાં જ ઝડપથી ડબ્બામાં ધસી આવ્યા. તેઓ બેઠા હતા ત્યાં જઈ સીધો સવાલ કર્યો :

"કેવા સો 'લ્યા?"

પશા નાથા થોડાક ગભરાયા. મોહનના મોઢા પરથી નૂર ઊડી ગયું. હિંમતથી જવાબ આપવાને બદલે નીચું જોઈને પશા નાથાએ બાંડિયાના ખીસામાંથી ટિકિટ કાઢતાં-કાઢતાં કહ્યું :

"અમે ટિકચ લીધી સઅ..."

"દિયોર, ટિકચ કુંણ માગોય... ચેવા સો? કોય?" સિપાઈ સાવ અપમાનજનક ભાષામાં ડરાવવા લાગ્યો.

બેમાંથી એકેય જાણે જવાબ ન આપ્યો. જગ્યા પરથી ઊભા થઈ ગયા.

"મું હાચું કેવોય નઅ... હલકી વૈણ ગાડીમઅ બેહોય!"

"હેંડો નેંચે...?" પોલીસે દંડો દેખાડતા ધમકી આપી.

"અમે ટિકચ..." પશા નાથા બચાવ કરવા લાગ્યા. પોલીસે મારવા માટે દંડો ઉગામ્યો. તેમણે ટિકિટ કાઢવાને બદલે પોલીસનો દંડો પકડી લીધો.

"સાયેબનઅ... અભડાવોય... હાળાઓ..."

થોડી ગડમથલ થઈ. ડબ્બો આખો ભેગો થઈ ગયો. બધા બન્નેની વિરુદ્ધમાં ગણગણાટ કરવા લાગ્યા. મોહન ઊતરવા માટે બન્નેની પોટલીઓ લઈ ઊભો થઈ ગયો. તેમને ધક્કો મારીને નીચે ઉતાર્યા. બે પેસેન્જર તેમની સાથે નીચે ઊતર્યા. ગાડીની સીટી સંભળાઈ "ભખ... છૂક... ભખ... છૂક" ગાડી ઊપડી. પેસેન્જર દોડીને ગાડીમાં ચઢી ગયા. સિપાઈ બન્ને તરફ દંડાથી જતા રહેવા ઇશારો કરતો, સ્ટેશનના મકાન તરફ ચાલ્યો ગયો. તેઓ જતી ગાડીને જોઈ રહ્યા.

"ઈન્ની માના ધણી... આ જબરું. ટિકચ લીધી તોય ઢે...થી ગાડીમઅ ના બેહાય... દિયોર વાંધામઅ મલઅ તો ઘોઘળે બેસી લોઈ પીઉં..."

તે મોહન સામે જોઈ રહ્યા. ફિક્કું હસ્યા. જાણે આમ થવાનું છે. એ એમને પહેલેથી જ ખબર હતી. મોહન અકળાયો.

"ચ્યમ ફિફિ કરો સો કાકા, અમણઅ બૈડા તૂટ્યા વોત!"

"તનઅ મગન મકડદમની વાતની ખબેર નહીં. ઈમનય બે-તૈણવાર આવું થેલું, સપઈ આવઅ એકઅ ડબામથી પાસળના બાયણે ઊતરી જતા, પસઅ ગાડી ઉપડઅ તો ચઢી જતા."

"તમે જબરું કર્યું! સપઈનો દંડો ઝાલી પાડ્યો."

"ભઈ મોહન! હૉંમા થૉવ તો ઓસો માર પડઅ... પેલાં ખબેર પડી જી વોત તો ગાડીમથી પાસળ ઊતરી જોત. પસ ગાડી હેંડઅ એકઅ બેહી જોત! હારું થ્યું બૈડા ના તૂટા."

"એ ખરું! આ ગૉમ ચેયું ટેસણ કેવાય. હાહરું અંધારું થઈ જ્યું. સિધ્ધપરની જેમ પાટયે ટેસણનું નૉમ લસ્યું અસે. આંય ચીયા ભઈનઅ લખવા-ભૂંહવાનું આવડઅ સઅ?"

"કાંઈ વાંધો નઈં નૉમ લેઈ નઅ હું લાડવા લેવા સઅ? હેંડો પાટે પાટે; ચેટલાય જણ પાટે પાટે અમદા'દ જ્યા સઅ. આપણ બે વધારઅ... ચ્યમ કાકા... હંબો..."

મોહન 'હંબો' જોરથી બોલ્યો. મોહન આવી મુસીબતમાંય આનંદમાં છે, એથી એમને મજા પડી. લાગ્યું કે ભલે ચાલતા અમદાવાદ જવું પડે. મોહન જેવા સાથીને લીધે રસ્તો કપાઈ જશે. એમણે દૂર પાટાઓ તરફ નજર નાખી ઝાંખા અજવાળામાં પાટા દૂર સુધી ચાલ્યા જતા હતા. દૂર ભેગા થઈ જતા હોય એવો આભાસ રચતા હતા. પ્લૅટફૉર્મના એક ખૂણે પાણીની બે ગઢીઓ પડી હતી. પ્લૅટફૉર્મ ખાલીખમ, રેલ્વે કર્મચારીઓ દેખાતા નહોતા. બે-ચાર થાંભલાઓ પર ફાનસ સળગતાં હતાં. મોહને પાટાઓ તરફ આંખો ઝીણી કરી જોયું.

"કાકા, આ અંધારામઅ તો પાટા દેખાતા નહીં?"

"વાત હાચી મોહન, આ અંધારામઅ પાટા દેખાતા નહીં. દેખાસે ચાંદો નેહરવાની વાર સઅ. જો પેલી ગઢીઓ પાંણીની લાગઅ સઅ. ઉપરિયાં કલુડો અસે! સિધપર ટેસણે અતો! તેં કલુડો જોયો અસે નઅ?"

"જોયો તો, આંય પાણીનો વેંત થઈ જ્યો."

"પોટલીમઅ ડુંગળીનઅ રોટલા તિયાર સઅ. ચોપડી ખાવાનું નહીં, વાટેલું મરચું સઅ. હેંડ ચ્યાંક બેહીનઅ કટક-બટક કરી લીંયે. આંય ટેસણે બેસીએ તો કાંક વઘન આવઅ. હું કરીસું?"

"પેલ્લો લેંમડો..."

"હેંડ ભઈ હેંડ, રાંમોપીર હારું કરઅ. માર ના ખાધો તો કાંઈ નઈં, કટકો રોટલો તો ખઈએ."

તેઓ ગઢીઓ પાસે ગયા. સારા નસીબે કલુડો ઢાંકણા ઉપર પડ્યો હતો. એમણે આજુબાજુ જોયું, કોઈ ન જણાતાં ઝડપથી પાણી પીધું. ઝાડ નીચે જઈ જમવા બેઠા. અંધારું નડતું હતું, છતાં અંધારાથી ટેવાઈ જતાં રોટલા, મરચું, ડુંગળીનું જમવાનું પતાવ્યું. પાછા ગઢીઓ પાસે જઈ પાણી પીધું. નિરાંતનો ઓડકાર ખાધો, આકાશમાં નજર નાખી. આખું આકાશ તારાઓથી ભરાઈ ગયું હતું. પશા નાથા આકાશને તાકી રહ્યા, જાણે પહેલી વાર તારાઓ જોયા હોય એમ. બધું અધધ લાગતું હતું. નવું લાગતું હતું. મોહન અકળાયો.

"કાકા', હેંડવાનું કાંક કરો. આંય ઊભા-ઊભા આભલું તાચ્યા કરીશું તો? આઈ રયું અમદા'દ. નઇં હેંડીયે તો ઊંઘ આઈ હમજો."

"આજી બધું જબરું લાગઅ સઅ! ઘણી વાર રાતે આભલું જોયું સઅ. આજની વાત નોખી લાગઅ સઅ. હેંડ ભઈ, બફોરના બદલઅ હવારે હેંડી નેંહર્યા વોત તો ગાડીની મોરે અમદા'દ..."

"ખરું કીધું, અજવાળું વોત તો કોક વાહમઅ આસરો મળત. વણકોર કાંઈ રોટલો

ખવડાવામથી ના જોંય?''

''ખરું.''

''હાહરું, હાચું કવઅ કાકા! હો ગઉ હેંડવાનું, હંભારીનઅ પોત્યું ઢીલું થઈ જાય સઅ.''

પશા નાથાએ ગજવામાંથી ચુંગી અને તમાકુ કાઢ્યાં. થોડી વાર ચુંગી સામે જોયું. ચુંગીના મોઢામાંથી સાફી અને ગોળી કાઢી. ચુંગીને હથેળીમાં ઊંધી કરી ઠલવી, સાફ કરી, મોહનને કહ્યું :

''મોહન થોડાં કરગઠિયાં વેણી લાય. હાલ ખાધું એકઅ તમાકુની બે ફૂંક મારી લ્યું. ચાંદો નેંહરઅ એકઅ હેંડીસું. અંધારામઅ એરાઝાંઝરાની બીક લાગઅ.''

''મેરાયું કરી લ્યો નઅ... હારી-હારી.''

''હોવ... હારું ઇયાદ કર્યું, હાલ હળગાબ્બું નહીં. કાંક વગડઅ જનાવરનો ભોં લાગ તો હળગાઈ લેહું. અજી તો આસી રાત બાચી સઅ. કલુડીમઅ ઑહ ભરી સઅ, ગાભાંય પલાળી મેલ્યાં સઅ.''

મોહન થોડા બાયણ-ટેંટિયાં વીણી લાવ્યો. ઝાડનાં સુક્કાં પાન-ડાળખાં વગેરે ભેગું કરી તાપણું સળગાવ્યું. થોડાક અંગારા પડતાં, ચુંગી માંડી. બન્ને વારાફરતી કસ લેતા, ઘડીક સ્ટેશન તરફ તો ઘડીક દૂર ચાલ્યા જતા પાટાઓને જોતા રહ્યા. જમવાને લીધે અને ચુંગીના કસ લેતાં તેમની આંખો ઘેરાવા લાગી.

''મોહન, આંય ઑસો મેંચાવા મંડી.''

''બે રોટલા ટટકાઈ જ્યા સો પસઅ, લ્યો જુવો હૈંણિયું હાંમે ભળાય સ. ચાંદો જૉણઅ આવું-આવું સઅ.''

વગડામાં હિલ-ચાલ થવા લાગી; લીમડાની ડાળે ચિબરીઓ સામસામે ચહકાટ કરવા લાગી. પાંખોનો ફફડાટ સંભળાયો અને કોઈક નાનકડા પંખીના ચિત્કાર સાથે વગડો ચૂપ થઈ ગયો. ક્યાંક પાંખનો ફફડાટ થતો અને સમી જતો. ધીમે-ધીમે વગડાઉ પ્રાણીઓના અવાજથી વગડો ખળભળવા લાગ્યો. તાપણું સળગતું હતું. એકલતાને લીધે પશા નાથાને થતું હતું કે કંઈક વાત થાય તો મન બીજી તરફ વળે. જનાવરોના અવાજો અને તેનાથી ઉત્પન્ન થતા પડઘાઓના અવાજ ભ્રમણા પેદા કરતા હતા.

''મોહન, તાપણું હળગાઈનઅ બેઠા સીએ, તનઅ જનાવરોનો ભો લાગઅ સઅ ખરો?''

''લાગય ખરો અનઅ નાયે લાગઅ. બે જણા વોય તો ભોં જેવું ઓસું લાગઅ...''

મોહન સિદ્ધપુરમાં આવ્યો તે પહેલાં ગામમાં સાથી-ભાગિયા તરીકે રહેતો હતો. રાત ખેતરોના માળે પસાર કરતો. બીક જેવું લાગે તો હાકોટા પાડી, રાગોડા કરી ગાતો. એને રાગડા તાણી ગાવાની ઇચ્છા થઈ, પણ સાથ હોવાથી બેસી રહ્યો. તાપણા પાસે પડેલાં કરગઠિયામાંથી સળેખડું ખેંચી તાપણું સરખું કરતો રહ્યો. પશા નાથા ચારે તરફ ડાફોરિયાં મારતા, બંધ થતી આંખોને ખુલ્લી રાખવા પ્રયત્ન કરવા લાગ્યા. એમણે વગડામાં તગતગતા અંગારાઓનું ઝુંડ જોયું, સાથે જ ''ઉકોઉ... ઉકોઉ...'' સંભળાયું. મોહને મેરાયાવાળો ધોકો સંભાળ્યો. થોડો ઊંચો-નીચે કર્યો. ધોકો ભોંય સાથે પછાડયો. ઉકોઉ... થતું હતું, તે તરફ જોયું.

''દિયોરનાં શ્યાળવાં લાગઅ સઅ?''

એ સાથે ''ધડબડ... ધડબડ'' રેત પર ઘોડાદોડતા હોય એવો અવાજ આવવા લાગ્યો. અચાનક પેલા અંગારા હોલવાઈ ગયા. વગડામાં જાણે અફરા-તફરી મચી. 'ધડબડ' અવાજ જેવો સંભળાયો હતો, તેવી જ રીતે દૂર ચાલ્યો ગયો.

''આ વગડો જાગતો લાગઅ સઅ!''

''આ તાપણું જાગઅ સઅ. આંય આ રોઝડાં તો ઠીક સેલંકો વાઘ આ ભાળીનઅ ના

આવઅ... શ્યાળવાં કઅ સેહુ આવઅ.''

''તારી પાહણ તાપણું તાપ્પા.'' પશા નાથા મલક્યા.

''ના સેહુ તો બૈડા ફોરા કરઅ! નાગા કરીનઅ.''

પશા નાથાને વાતમાં મજા આવી, એ મોટેથી હસવા લાગ્યા. ચોરની બીક તો બન્નેને હતી. ચોર રાતે લૂંટવા ના નીકળે, એ ખાતર પાડવા જાય એની શક્યતા વધારે હતી. હા, ચોરી કરવા અહીંથી નીકળે એવું બને ખરું. વળી ગામ બહુ દૂર હતું નહીં. પોટલીમાંથી અડધા રોટલા ખવાઈ ગયા હતા. બાકી જૂનાં કપડાં હતાં. એને ચોર અડે નહીં. ખંખેરાવે ખરા. દશ રૂપિયાની નોટ ને બે-અઢી રૂપિયાનું પરચૂરણનું જોખમ હતું. પશા નાથાએ એ બધું એક ચીંદરડામાં બાંધીને પાઘડીના છેડે ગાંઠ વાળીને છુપાવ્યું હતું. વખત આવે ફટાફટ છોડીને દૂર ફેંકી શકાય. દિવસે નહીં પણ રાતે આ કારીગરી કામ લાગે ખરી! હા... બે ચાર ધોકા પડે તો બરડો મજબૂત રાખવો પડે. ''ઢે... છીએ.'' એમ કહેતાં માર ખાવાનો વારો ના આવે. ગાળો ખાવી પડે. ગાળે ક્યાં ગૂમડાં થાય છે? એવો મત એમનો ખરો.

''કાકા; સેહુંની વાત નેંહરી તો એક વાત માંડું. મારા ભાની વાત ઇયાદ આઈ. મારા ભા નેના. અમારાં ફઈનઅ ઢેમણીમઅ પૈણાયાં'તા! એતો સપના-કાળની વાત. આખો વાહ ખાલે થઈ જ્યો તો. એ બચારાં ઘેર એકલાં રઈ જ્યાં'તા. ભૂસે મરી જ્યાં. મડદું ઘરમઅ પડી રેલું. ચાર દાડે કોક કાળિયો કૉણ કેઈ જ્યો. જબરૂં ભરાતું આયું. દહ ગઉં જવાનું, હારી કૉંક મમ કરવા તો લેવું પડઅ. હારી જાર લીધી, ટોઠા બાફવા. ઢેમણીના વાંધોંમઅ ચોયટા આયા, કીં મેલી દયો જે વોય એ. ભાએ કીધું ઢે... સીંએ, કૉણ હાટું બસેર જાર સઅ. ચોરનઅ ઘણુંય મન કઅ આ મડદાનું ના લેવાય. તોય કીં, ટોઠાના ભાગ પાડોય... ઢે...નું ધાન ના લેવાય... દિયોર જબરા, અડધા ટોઠા લેઇ જ્યા!''

''હાહરી અડધી તો અડધી, માઁણહઇ ખરી?''

''આંય ચ્યાં સપનો સઅ. તે અડધી રાખઅ... કૉ?'' મોહન મલક્યો.

''મોહન, હાહરું સપનો તો સપનો અતો, હાંભળ્યું ઘણું, બધું ભૂલી જ્યો. આ ઉગરો ભગત મારાથી મોટા, અજી ગૉમ્મ રઅ સઅ. ઈમના બાપા. રાતી સોનામોંના ગૉમતરે નેંહરેલા; જબરૂ થ્યું' તું, રાત થોડી નેંઠઅ, એકઅ વાત કું.''

એ આગ સામે જોતા રહ્યા. જાણે કહેવાની વારતાના અંકોડા ગોઠવતા હોય એમ બેસી રહ્યા. મોહન અકળાયો.

''કાકા... આંય જીવનઅ લે મેલ થાય એવું સઅ. તમે તો જૉણઅ સમાધો લેઈ બેઠા સો!''

''થોડી વાર જપ, વગડાનઅ ટાઢો થવા દે!''

વગડામાં હિલચાલ ચાલુ હતી. વારે વારે ચિબરી ને ક્યાંક ઘુવડનો અવાજ! એમણે તાપણામાં એક બાવળનો ગોળવો અને થોડાં કરગઠિયાં ઉમેર્યાં. આગ ભડકી વાતાવરણ ગરમ થયું. એ તાપણાથી આઘા ખસ્યા. આગની જ્વાળાઓમાં એમના ચહેરા તગતગવા લાગ્યા. લાકડાં બળતાં તડતડ અવાજ આવીને તણખા ઊડવા લાગ્યા. તાપણી સળગીને ધીમી થઈ. વગડોય થાક ખાવા શાંત થયો.

''લે અમઅ વગડાનું કમઠાણ એઠું બેઠું.'' પશા નાથાએ આકાશ તરફ જોયું.

''એય બેઠું ખરું! આપણે ચેવી રાત માથઅ લીધી. વગડોનઅ રાત હારી મારી તો ભાયારી. વગડો તો રોજ રાતી તોફાને ચડઅ. ચેવું ચેવું ભાળ્યું.. ચેવું-ચેવું-વેઠ્યું. અમઅ ઉગરા ભગતના બાપાવાળી વાત આગેળ હેંડાડો.''

પશા નાથા જાણે બધું નજરે જોતાં કહેતા હોય એમ અંધારામાં જોયું. ખોંખારો ખાઈને

થૂંક્યા.

“સપનામઅ લૂગડાંનીય હીચારી નઈ! અમારા ભા બસેર-પાંચ સેર દાંણાની પોટલી લેઈ હેંડયા જાય, સોડીના ઘેર આલવા. અંધારી રાત, વગડો તોય કીં જનાવરોનો કોઈ ભોં નઈ. બધાં બાપડાં મરી જ્યાં અસે. કઅ... માંણહ ખઈ જ્યાં અસે. ભા હેંડતા જાય, હેંડતા જાય, રસ્તામઅ ઇંમના પજે કશું અથડાયું. પૅલાં તો ભડચ્યા! પસઅ નેંચઅ વળીનઅ જોયું. તો જેટું! કોક જનાવર મારી લાયું અસે! અડધું ખાધેલું. ઇંમનો જીવ કાંઈ હાધો રઅ. ઇંમને તો મરેલું જેટું ફાળિયાના સેડે બાંધ્યું ખાસ્યું અધમણ જેટલું, પાસા વળી જ્યા. રસ્તામઅ અમારા ગૉંમનો ઠાકેડો મલ્યો. ખભે ધારિયું... ભા પાહણેય ધારિયું. ભા તો ભોથાં ખઈનઅ અડીંગા જેવા... પેલો કે જેટું આલી દે. ભા કે ના મલઅ... એય હામા થઈ જ્યા, રાત જેવી રાત... ભાએ તોડ કાઢયો. અડધું અડધું વેંચી લીએ.”

“મારો બેટ્ટો, અડધામઅ માંન્યો! હારું કેવાય.”

“માનવું પડઅ, ભા પાહણથી કોળું હું પડાઈ હકઅ?”

“ખરું... સપનામઅ તો, ઠાકેડાંય તરવઈ જ્યાં અસે.”

“સમો વરતઅ સાવધૉંન કરવું પડઅ... આતો આપણ જાતે ઓસા. હેંમત નઈં, નકર! ભા એક અડબોથ મેલઅ તો કોળું જાય હોળના ભાવમઅ!”

મોહને ઊભા થઈ પૂર્વ દિશા તરફ જોયું, ચાંદો દેખાયો. ખાસ્સો રાશવા ઉપર આવેલો. એણે આળસ ખાધી. નીચે જોયું.

“’લ્યો ઊઠો, આ ચાંદો રમરમાટ બાર આયો. ચુંગી ઠારી દયો.”

“બવ ઉતાવળો મોહન, અજવાળું થવા દે. આ ધબધબ તનઅ હંભળઈ કઅ નઈ. હાહરાં રોઝડાં કઅ ઝરોખ?”

“ઝરોખ ના વોય, એ તો ખિખિયાટા કરઅ! નાવોર કઅ દીપડાંથી ચેતવું બસ્ય.”

“આ તાપણું શ્યા કૉંમનું સઅ... બીયાયા વનું બેસ. મેરાયું તિયાર કરી લ્યું. દિવાહળીની પેટી તો સઅ.”

તાપણાના અજવાળે પશા નાથાએ દંડુકાના છેડે ગાભા વીંટી મેરાયું તૈયાર કરી લીધું. મેરાયાની દિવેટ અને ગાભાને ઓહની કલુડીને ગરમ કરી તેમાં પલાળી લીધાં. તાપણા પર ધૂળ નાખી, હોલવ્યું. ગોળવાનું સળગતું લાકડું સાથે રાખ્યું. બન્ને ઊઠ્યા.

“હારું કરજો રાંમાપીરધણી, કાળકામા. આ મેરાયું હાલ કાંઈ હળગાબ્બું નહીં વખત આયે જોયું જહઅ.”

*

# 11

વગડો જંપી ગયો હતો. ચાંદાના અજવાળામાં બધું સાફ દેખાતું હતું. રેલવેના પાટા પાસે દૂર લગાડેલા થાંભલાઓની હાર અને પાટાઓ. તેઓ ધીમે-ધીમે ચાલવા લાગ્યા. કેડીએ-કેડીએ ચાલવાની ફાવટ આવતી ગઈ. સ્ટેશન, નદી, નાળાં આવ્યાં ને ગયાં. ક્યારેક નદી નાળાં પુલ પર થઈ, ક્યારેક પાણીમાં ચાલીને વટાવ્યા. ચાલવામાં મજા આવતી ગઈ, ચાંદો માથે આવ્યો, પશ્ચિમ તરફ નમવા લાગ્યો. સાથે લીધેલું ઊંબાડું હોલવાઈ ગયું હતું, છતાં સાથે રાખ્યું હતું. એમને થોડોક થાક અને તમાકુ પીવાની તલપ લાગી. એક કોરા નાળા પાસે તાપણું સળગાવી થાક ખાવા બેઠા.

"પસા કાકા; હું દાડો કઅ હું રાત, આજે કાંઈ ઠાહ ના પડ્યો. ગાડીમથી ઉતાર્યા ના વોત તો ઇંટવાડાની ચાલીમઅ કોકના ઘેર ખાટલા મઅ સખરાત કરતા વોત."

"બવ દસી ના થા. જ્યું એ જ્યું. ગાડીમઅ બેહવા તો મલ્યું. બાર આઁનાં ફલ્લમફલ્લા. ભખસૂક... ભખસૂક. પચ્ચી ગવે નાસી દીધા. જબરું લાજ્યું. રાતમઅ આટલું આજી હેંડ્યો. પજી ગોટલા ના બાજઅ તો હારું..."

"એ તો કાલી ખબેર પડસે..."

મોહને તાપણાંમાં થોડાં કરગઠિયાં ઉમેર્યાં. એક સળેખડાથી તાપણું સરખું કર્યું. પશાએ ચુંગીમાં તમાકુ ભરી ઉપર અંગારો મૂકી કસ લીધો અને જાણે એકાએક યાદ આવ્યું હોય એમ બોલ્યા.

"મોહન હારું કર્યું, તેં ઇંટવાડાની ચાલી ઈયાદ કરી. આ ડખા-ડખમઅ ચાલીનું તો બધું ભૂલી જ્યા'તા, ભગા નરસી મકડદમ ઇંડવાડે રે સઅ."

એ વિચારમાં પડી ગયા. આ પહેલાં તો એ ક્યારેય અમદાવાદ ગયા નથી. કોઈ મોટું શહેર જોયું નથી. કેમ કરીને ભગા નરસીનું ઘર શોધાશે?

"પસા કાકા, બવ વચાર ના કરશો! તમે કેતા'તા ભગા નરસીએ કીધેલું. ગાડી ટેસણે ઊભી રઅ એકઅ. જે બાજુથી ગાડી આઈ ઇંમ ઊતરીનઅ પાસા હેંડવાનું પાટે પાટે, પસઅ પથરાંનો પલ આવઅ, ઇંયાં નેંકળવાનું. ઊગમણાં... પલના ભખનાળામઅ થેઈ બાર નેંહરો તો મીંયાંની વીશી આવઅ ઊંચો મિલનો કોટ... ઈયાં કોકનઅ ઇંટવાડાની ઓઇડીયો પૂસવાની બસ... આઈ જ્યું ભગા નરસીનું ઘર."

"તેં જબરું ઈયાદ રાસ્યું. રાંમોપીર હૌવનું હારું કરઅ. હાજા-તાજા પોંચીએ તો જગ જીત્યા. પાકું ઠેકાણું..."

"આ તો પરદેશ કેવાય. ઈયાદ રાખવું પડઅ, બધું ટીકાસાર વોય તો વાંધો પડઅ નઈ."

પશા નાથાએ ચુંગી મોહનને આપી. મોહને બે-ત્રણ કસ લીધા. કોઈકનાં પગલાંનો અવાજ સંભળાયો. દૂરથી માણસના ઓછાયા કળાય ન કળાય ત્યાં કડક અવાજ હવામાં ગૂંજ્યો.

"દિયોર ચીયા... તાપ્પા બેહોય. વગડામઅ, સેહુ કઅ સાવકાર. હાચું કેજો નકર ધોકો રમકાવોય."

બન્ને ચમક્યા. લાગ્યું માર્યા ઠાર. પશા નાથાને એકાએક ઝબકાર થયો. ચોર જ હોવા જોઈએ. એણે પાઘડીના છેડે બાંધેલી પૈસાની પોટલી લઈ, નિશાન રાખી જાળામાં ફેંકી દીધી. ઊભા થવા પ્રયત્ન કર્યો. એક ઢેફું એમની પાસે આવી પડ્યું. સામે ત્રણ-ચાર માણસો આવતા દેખાયા. એ ચોર છે એ પાક્કી ખાતરી થઈ ગઈ. આજ લૂંટાઈશું અથવા બબ્બે ધોકામાં

છુટકારો થાય તો સારું. તાપણાના અજવાળે એમના ચહેરા ફિક્કા લાગતા હતા. પશા નાથાએ હિંમત કરી જવાબ આપ્યો.

“ઠાકોર! અમે સેહુંય નહીં નઅ, સાવકારે નહીં... વણકોર; ઢે... સીંએ! બાવજી વખાના માર્યા...”

“દિયોર; વખો... તે રાતી ચ્યમ નેંહરો...ય... બેહી રજો... અલતા નહ... પાહાણ હું સઅ... આલી દોય...”

“બાવજી કાંઈ નહીં...” પશા નાથા થોડુંક ખસ્યા.

“બેહી રવોય...” એક જણે જોરથી ઘાંટો પાડ્યો.

એ લોકો નજીક આવી બન્નેને ઘેરીને ઊભા રહ્યા. ચોરોએ ચહેરે બુકાની બાંધી હતી. એક જણે લાકડીના ગોદે એમની પોટલીઓ ઊંચી નીચી કરી. પશા નાથાને ખાતરી થઈ કે પૈસાની પોટલી ફેંકતા એમને કોઈએ જોયા નથી. પૈસા બચી ગયા. એ બાબતે થોડી રાહત થઈ.

“આમાં હૂં સે?”

“પેરવાના જૂના ગાભા, નઅ બે તૈણ બાજરીના રોટલા...”

“દિયોર તિયાર થીનઅ નેહરોય... કાંઈ પઈ પૈસા સે કે નહ?”

“બાવજી હોત તો રાત માથે હું કૉંમ લીયેં. ગરીબ સીએ...”

એક જણે મોહનને લાકડીનો ગોદો માર્યો. એ જોઈ બીજો એને રોકતા બોલ્યો :

“રવા દયો ઠાકોર! ઢે... નઅ મારી બાદૂરી બકવી નહીં... જોર કરીનઅ રોટલા લેઈ લ્યો... અભડાવા કૉંમ લાગસી.” ચોર હસવા લાગ્યા.

“તમે લ્યો; ઢેઢેણના આથના રોટલા ખાજો,...”

“એય! દિયોર હેંડૉ... ઢેઢણવાળા, અમણઅ હવાર થહઅ... ઈંયા મેલેલો સેમાન... કોક ઉપાડી ના જાય. દિયોર ઢે... તમે અલતા નઈ, હવાર હૂંદી... નકર...”

એક ચોરે લાકડી ઉગામી. બન્ને ડરી ગયા. પછી એકબીજા સામે જોતાં, બુકાની સરખી કરતા જે બાજુથી આવ્યા હતા તે તરફ ચાલવા લાગ્યા. ત્યાં એક જણો પાછો આવ્યો. બન્ને હજીય તાપણા પાસે બેસી રહ્યા હતા. તેમનો ડર ઓછો થયો ન હતો. ચોરે હુકમ કર્યો.

“અલ્યા... ઊભા થૉંવ?”

“ચ્યમ! બાવજી...” કહેતા બન્ને ઊભા થયા. પેલાએ હાથમાં રહેલો ધોકો ઉગામ્યો. મોહન ધોકાના મારથી બચવા ખસી ગયો. પશા નાથા થોડું ખસીને ઊભા રહ્યા.

“આ પોટલાંમઅ...” ચોરે ધોકા વડે પોટલીઓ સામે ઇશારો કર્યો.

“કૉંય નહીં...”

ઊભા થયેલા પશા નાથાએ વાંકાવળી પોટલીઓ ખોલતાં બાજરાના રોટલા, થેપાડું, પંચિયું દેખાડ્યાં. થેપાડું ખેંખેરી નીચે નાખ્યું. મોહનની પોટલી ખોલી નાખી.

“બાંડિયું નઅ, પોતિયું કાઢો! બાંડિયામઅ રૂપ્યા હંતાડોય સઅ કઅ કેડે!”

“રૂપ્યા વોત તો ગાડીમઅ ના બેઠા વોત કો?”

પશા નાથાએ બાડિયું કાઢી ઊંધુ કરી ખેંખેર્યું, ધોતિયું કાઢતાં શરમ આવી એટલે અવળા ફરીને ધોતિયું ખોલ્યું. મોહને તેમની જેમ બાંડિયું અને ધોતિયું ખોલ્યાં. ખંખેર્યાં.

“હાહરાં ઢે... પાહેણ હું વલસા વોય? નાકામો પાસો આયો. મેલું એક ધોકલું.”

એણે ધોકો ઉગામ્યો. બન્ને ધોતિયું બાંધતા આઘા ખસ્યા. ચોરને કાંઈ વિચાર આવતાં બબડ્યો.

“જાહરે... જા... ઢે...નઅ મું ના મારું. મું અભડાવોય...”

પેલો જવા લાગ્યો એટલે પશા નાથાએ બાંડિયું પહેરતાં પોતાનો સ્વભાવ દેખાડ્યો.

"જૉવ ઠાકોર, અમે તો આંય તાપણા પાહેણથી આઘાપાસા થવાના નહીં... નફકર જૉવ... લંકા લૂટજો, હોનું..."

પેલા વગડાવાટે ખોવાઈ ગયા. પશો અને મોહન કપડાં પહેરી, તાપણા પાસે સૂનમૂન બેઠા. શું વાત કરવી એ સમજાયું નહીં. પેલા જતા રહ્યાની ખાતરી થતાં પશા નાથા નાણાંની પોટલી શોધી લાવ્યા. ફાળિયાના છેડે બાંધી, ફાળિયું ફરીથી બાંધ્યું.

"મોહન... આજી તો જબરું થવા બેઠું સઅ! માર ના પડ્યો, પૈસા બચી જ્યા. બબ્બે ઘાત જી. જનાવર વોય તો ઉબાડું ઝટીરીયેં એકઅ નાહીં જૉય, આ બે પગાંનઅ કુંણ પોંચઅ?"

ગાડીની લાઇટનું અજવાળું વગડાને વીંધતું એમની ઉપરથી જતું દેખાયું. અમદાવાદ બાજુથી ગાડી આવતી હોય એમ લાગ્યું. તેઓ ઝાડની આડમાં સંતાઈને ઊભા રહ્યા. ગાડીમાં બેઠેલા કોઈ તેમને જુએ તો નાહકની ગરબડ ઊભી થાય. સિપાઈ-સપરાં હોય તો ગાડી ઊભી રખાવી પકડી જેલમાં નાખે. ઝાડને ઓથે ઊભા રહી ભખ છૂક કરતી આવતી ગાડીને જોતા રહ્યા. ગાડી એમની આગળથી પસાર થઈ, એવું જ અજવાળું જતું રહ્યું. થોડી વાર સુધી બધું અંધારું ધબ્બ. જતી ગાડીને જોઈ, બન્ને એકસાથે બોલી ઊઠ્યા.

"આ તો ભારખાંનું!"

પશા નાથા ભારખાનું જોતા વિચારે ચઢ્યા. સાલી આ તો રૂપિયાની રામાયણ. બીજું આ પેટ. નહીંતર આમ રાતો વેઠવાની હોય, ઘરબાર મેલી પરદેશ જવાનું. કહેવતમાં કહ્યું છે કે પેટ કરાવે વેઠ. હાહરી ગામમાં ગામની વેઠ ને શહેરમાં શહેરની વેઠ.

એમણે ચારેબાજુ નજર ફેરવી તાપણાનું ઉલાળિયું કર્યું. મેરાયું સળગાવ્યું. બન્ને પાટે પાટે ચાલવા લાગ્યા. સવાર થતાં બે-ત્રણ ભૂંગળાં દેખાયાં.

"પસા કાકા સિધપર મિલ જેવાં ભૂંગળાં..."

"હાહરું વાત તો હાચી, મકડદમ કેતા'તા ભૂંગળાં જ ભૂંગળાં અસીં આંય તો બે તૈણ...!"

અજવાળું થઈ ગયું હતું. સ્ટેશન પાસે પહોંચતાં એક વટેમાર્ગુને પૂછ્યું, "આ ચેયું ગામ મોટા?"

"ચ્યમ પૂસવું પડ્યું?"

"અમે તો વટેમારગું સીએ. અમદા'દ જવું સઅ. આ અમદા'દ સઅ?"

"નારે ના કલોલ... અલ્યા ચેવા સો?"

એમને ગામનું નામ જાણવા મળ્યું એટલે જવાબ આપ્યા વિના ચાલવા માંડ્યાં, પેલો શિખામણ આપવા મોટેથી બોલ્યો.

"ટેસણથી આઘા હેંડ...જો નકર ચેકીંન માસ્તર ટિકચ માગશે, ટિકચ નઈ વોય તો જેલમઅ પડશો..."

પશા નાથાને ખિસામાં રહેલી ટિકિટો યાદ આવી. સારું થયું કે પેલા સિપાઈએ ટિકિટ પડાવી લીધી નહોતી. અને ચોરોને આ ટિકિટો ધ્યાનમાં ન આવી એનું આશ્ચર્ય થયું. એ મનેમન હસી પડ્યા. કોઈક પકડશે તો ટિકિટ કામ આવશે. એમ વિચારી બાંડિયાના ગજવા પર હાથ ફેરવ્યો. ટિકિટો ગજવામાં હતી.

જાણે ટિકિટ તેમને સધિયારો આપતી હોય એમ ચાલતાં-ચાલતાં નાનાં-નાનાં સ્ટેશન પસાર કરતા છેક બપોરે તેમને મોટાં-મોટાં ચાર-પાંચ ભૂંગળાં દેખાયાં.

"મોહન, આ તો મિલના ભૂંગળાં લાગતાં નહીં."

મોહન હસ્યો. ભૂંગળાં દેખાડતાં કહ્યું,

"ભૂલી જ્યા, ઈલેટીના ભૂંગળાં મોટાં દૈત આવશીં; નતું કીધું."

"હાલ્યા'ભઈ, હાહરું હેંડ હેંડમઅ મગસ બેર મારી જ્યું, બધું ભૂલી જ્યો. અમઅ નદી આવસે. ઈની પાહણ અમદા'દ... હાચું."

એક મોટું રેલવે-સ્ટેશન પસાર કરી ઊભા રહ્યા. સામે મિલોનાં ભૂંગળાં અને ડાબે પેલાં મોટ્ટાં ભૂંગળાં. તેમને આનંદ થયો. હાથ લાંબા કરી એક બીજાને બતાવતા લાગ્યા. તેઓ પાટાની બાજુમાં નદીનાં કોતરોમાં ચાલતાં નદીના કિનાર પાસે પહોંચ્યા.

સૂરજ સ્હેજ પશ્ચિમે નમ્યો. બન્ને કોતર છોડી સાબરમતીના ઊંચાળા કિનારે ચઢ્યા. એમના મનમાં હાશનો ઉદ્ગાર જન્મે તે પહેલાં તો આશ્ચર્યના ધોધ મનમાં ઊઠ્યા. સામે કિનારે અધધધ... ઊંચાં-ઊંચાં ભૂંગળાં. ગણ્યાં-ગણાય નહીં. અજબ તમાશા જેવું લાગતું હતું. પોતાના પગમાં જોયું તો ધૂળ... આજુબાજુ ફેલાયેલાં ઑઘાં... સામે સાબરમતી નદી ઉપર બંધાયેલો રેલવેનો પુલ.

"ઓહોહો... સિધપરના સરસતીના પલ જેવો પલ! એક બાજુ પગથાર... હેડવાનું કેવું પડઅ!"

એમનું આશ્ચર્ય વધતું જતું હતું. પુલના આ બાજુના છેડે થઈ રેલવે સિદ્ધપુર તરફ જતી હતી... આઘે જઈ બધે પાટા જ પાટા હતા. ત્યાંથી તો આવ્યા હતા. એ ધીમે-ધીમે નદી કિનારો ઊતરતા પુલના થાંભલાના છાંયે જઈ ઊભા રહ્યા.

"મોહન ઈંમ કરીએ, પેલાં નદીની પેલી પા જીએ... જ્યાં પાંણી ઓસું હોય ઇયાંથી... હેંડ... થોડા આઘા જ્યા પસઅ પલના સાંયે બેહીસું!"

એમણે છીછરાં પાણીમાં પગ માંડતાં નદી પાર કરી. ઢીંચણ સમાણા પાણીએ તેમનો થાક માલિસ કરીને ઉતારી દીધો. કોરી જગ્યાએ થાંભલાના પડછાયે પોટલીઓ મૂકી, નદીમાં મનભરી નાહ્યા. પહેરેલાં કપડાં નદીના પાણીમાં ખંગાળી રેત પર સૂકવ્યાં. બીજાં કપડાં પહેર્યાં. હવે તો જાણે કશું જ ચાલ્યા નથી. ઘેરથી સીધા અહીં પહોંચી ગયા છે, તેવા ભાવ સાથે તેમનાં મન ખુશખુશાલ થઈ ગયાં. અહીં પહોંચ્યા એ બધું સપનાં જેવું લાગતું હતું. હજી રોટલો અને ડુંગળી પોટલીમાં હતાં. રોટલાની બે ફાડ કરી, ડુંગળીઓ ભાગી બન્નેએ ખાધું, પાણી પી નિરાંતે થાંભલાના છાંયે આડા પડ્યા. આકાશમાં કેટલાંક પંખીઓ ઊડીને અમદાવાદ તરફ જતાં હતાં.

"આ પંખીડાંનય જૉણઅ અમદા'દની માયા લાજી સઅ. 'લ્યો ઊડ્યાં સેર ભણી."

પશા નાથાને બોલ્યા વિના ન ચાલ્યું. અમદાવાદ જોતાં... પુલની આજુબાજુ પથ્થરિયા મહેલ જોયા. તેમને સિદ્ધપુરનો થળી મઠ યાદ આવ્યો. આ જાણે મઠ જેવું... "નારે મસિદ!" એમનું મન બોલ્યું. બીજી બાજુ મહેલ ખરો. એ સિદ્ધપુર અને અમદાવાદને સરખાવતા, એકાએક બેઠા થઈ ગયા. મૂઠીમાં રેત ભરી પોતાની નજર સામે વેરવા લાગ્યા. ફરીથી પેલા મહેલ સામે જોયું એનાથી દૂર એક બીજો ધોળો મહેલ... એ કેટલા માળનો હશે? પોતાની ગડમથલનો કોઈ જવાબ ન મળતાં મોહન સામે જોયું. એ આંખો બંધ કરી ચત્તો સૂતો હતો.

"અલ્યા મોહન, અમદા'દ તો જબરું ભૈ! આ ડાબે જમણે પથ્થરિયા મેલ... પેલો ધોળો... મેલ... હાંમઅ જૂની નવી જેવાં ભૂંગળાં જ ભૂંગળાં."

મોહન બેઠો થયો. તેમના કહ્યા પ્રમાણે ડોક ફેરવીને બધે જોવા લાગ્યો. અત્યાર સુધી એને તો કશી ગમ ન પડી હોય એમ લાગતું હતું. તેમની વાતે એ સજાગ થઈ ગયો. એના ચહેરે અચરજ લીંપાયું.

"એ ધોળોય મૅલ નઅ આ પથરાનોય મેલ હાચો, આ પેલો તો મઠ લાગઅ સઅ... માધુપાવડિયાં હૉમે સઅ એવો. ધોળો મેલ કોક વૉરાનો અસે?"

"હાચું ભઈ તું કે એ. આંય કૂણ ભૂત ભૈ જૉણ સઅ કઅ એ કુંનું સઅ. આ તો

અમદા'દ?''

પશા નાથાએ નદીનો કિનારો, જંગલ ઝાડી જોતાં-જોતાં પાછળ જોયું. અત્યાર સુધી દૂરથી જોયેલાં પેલાં મોટ્ટાં પહોળાં ભૂંગળાં સાવ નજીક નદી કિનારે દેખાતાં હતાં. એમણે મન સાથે સંધાન કર્યું. ''માનું ના માનું, આ પેલી લેટની વાત થી'તી એ વીજળીનું કાંક અસે? અર! આ તો વીજળીનાં ભૂંગળાં.'' એમણે નજર વાળી લીધી. મોહન રેતમાં સૂકવેલાં કપડાં લઈ આવ્યો. વાળી બેયનાં કપડાંની એક પોટલી બનાવી.

''મોહન, કે' ભઈ ચ્યાંથી અમદા'દ જહું... આ મગથી કઅ...!''

''જ્યાં ઑઘું ઓસું વોય, પગવાટ પડી વોય.''

''લેં હેંડ... બધી પગવાટ સઅ...''

સિદ્ધપુર તરફથી કોઈક ગાડી આવવાનો ધમધમાટ સંભળાયો, એ પુલને પેલે છેડે જોતા રહ્યા. એન્જિન દેખાયું. પછી ભારખાનાના ડબ્બા. એ પુલથી દૂર જઈ, ઊભા-ઊભા ભારખાનાને જોતા રહ્યા. ભારખાનું ગયું, સર્વત્ર શાંતિ છવાઈ. એમને અત્યાર સુધીની બધી ઘટનાઓ યાદ આવી. જાણે એક આખો જુગ જીવીને આવ્યા હોય એવું લાગ્યું. પશા નાથા વિચારમાં ખોવાયા.

''કાકા' ચ્યાં ખોવઈ જ્યા? હેંડો ઇંટવાડાની ચાલી... નકર થાકોડું પેઠું તો?''

''અમઅ થાક ના વરતાય... નદીમઅ નાયા એકઅ જૉંણઅ કાનમઅ કીધું. લે હેંડ... સૂરજ મારાજ તો હેંડ્યા. અંધારઅ ચ્યાં ભોડાં ભટકાઈસું?''

મહેલ બાજુના ઑંઘાનો ઢાળ ચઢા. પાટે-પાટે ચાલવા લાગ્યા. મિલના ભૂંગળાં, કોટ આવતા ગયા. એમને એ બધું રોમાંચિત કરતું હતું. રેલવેના પાટાના ફાંટા ગયા અને સામે એક પથ્થરિયો પુલ દેખાયો.

''આ ઇંટવાડાનો પથ્થરિયો પલ!'' બન્ને જણા હાથ લાંબા કરી એકસાથે બોલી ઊઠ્યા. પુલ નીચેથી રેલવેના પાટા આગળ જતા હતા, પુલની બાજુમાં કોઈ રસ્તો ન હતો. પાટાઓની આજુબાજુ લોખંડના સળિયાની વાડ. પશા નાથા વાડ જોઈને હસ્યા. તેમને સિદ્ધપુર રેલવે સ્ટેશનની સળિયાની વાડ યાદ આવી. વાડમાં લોકોએ અવરજવર માટે તોડી પાડેલો સળિયો યાદ આવ્યો. એ વાડને આંખ ઝીણી કરી જોવા લાગ્યા.

'''લ્યા ભઈ, લોકોએ સિધપરવાળી કરી સઅ. આંય બે હળિયા તૂટ્યા સઅ...'' સામે એક આછી પગદંડી દેખાઈ, જે વાડના છીંડા પાસે જતી હતી. સમજદાર તો શાનમાં સમજી જાય. એ વાડના છીંડામાંથી બહાર નીકળ્યા. એમને મુકાદમની શિખામણ યાદ આવી. ''પલની પેલી મગ નંઈ, આ મગ લોઢાની વાડમઅ હળિયા તૂટેલા અસે...!''

વાડમાંથી બહાર નીકળી થોડુંક પુલની સાથે ચાલ્યા, પુલની બીજી બાજુ જવાનું મોટું ભખનાળું આવ્યું. એકસાથે બે ગાડાં નીકળી જાય એવું. તેમાં થઈ બહાર નીકળ્યા. સામે એક તરફ ઊંચો કોટ ને બીજી બાજુ પુલના રસ્તાનો ઢાળ.

''અલ્યા ભઈ! આ કોક મિલનો ઝાંપો... પેલી મગ બાલા-પરિયાનો કોટ, મિંયાની વીસી એટલામ જ અસે; લ્યો આઇ જ્યા. હારું કરજો રાંમાપીર... લાજ રાશી.''

મોહન અમદાવાદને મનોમન સિદ્ધપુર સાથે સરખાવતો ચાલતો હતો. રસ્તો પાર કરી કોઈનેય પૂછ્યા વિના વાતમાં કહેવા પ્રમાણે બધું ખરું પડતાં આગળ વધ્યા.

''મોહન! કોટ વળઅ ઈંમ વળવાનું. પસઅ ચાલી નઅ મિંયાની વીસી.''

કોટ પૂર્વ તરફ વળ્યો. એ રસ્તે વળ્યા. કોટને અડીને એક આંબલી, ઓટલો, ઓટલા પર દેરી. બાલાપીરિયાના કોટ અને દેરીની સામે નાનો કોટ. એ કોટ પાસે ત્રણ-ચાર પગથિયાં અને બારણું.

અદ્દલ એ જ. એ બારણાં સામે જઈ ઊભા રહ્યા. બારણાંના બન્ને પડખાં ખુલ્લાં હતાં. બારણાંની બારસાખની બે બાજુ ખૂંટા મારીને લટકાવેલું પાંચ નારિયેળનું તોરણ... વચ્ચે નાની ગાગર બેડી. તોરણ તેમના માટે અજબ હતું. ગામની ભાગોળે પાંચ નાળિયેરનું તોરણ બંધાય, પરંતુ અહીં ચાલીના દરવાજે! આ વણકરની ચાલી નહીં હોય તો? થોડાક ડરતાં અને અવઢવમાં બારણાંની અંદર જોયું.

દૂર સામે જાળીવાળો કઠેડો, ચોકડું ગોઠવ્યું હોય એમ ગોઠવેલો હતો. તેમણે સિદ્ધપુરમાં આવા કઠેડા, વોરામુસલમાનોના ઘરમાં કૂવા ઉપર દૂરથી જોયેલા. કઠેડાની આજુબાજુ ઓળબંધ ઓસરીઓ. ઘરનાં બારણાં અને ઓસરીમાં ઊભા મૂકેલા ખાટલા. એક બે ખાટલા ઓસરીમાં ઢાળેલા હતા. કોઈ માણસ દેખાતું ન હતું. અંદર જવું કે ના જવું. એ ખમચાઈ ઊભા રહ્યા.

"અંદર જહું."

"આયા સીએ તો... જવું પડઅ. કોક અસે તો કેસું..."

એક ઘરમાંથી કોઈક આધેડ વ્યક્તિ બહાર આવ્યા. એકલું પાઇટિયું પહેરેલું! "આપણી જ ચાલી... નકર પાઇટિયું..." પશા નાથા એવો વિચાર કરે તે પહેલાં પેલી વ્યક્તિ તેમની પાસે આવી.

"કુંનું કૉમ સઅ. ચ્યાંથી આયા, કુંણ સો?"

એકસાથે પુછાયેલા સવાલોથી એમને મૂંઝવણ થઈ. પેલા આધેડની બોલવાની ઢબ, પહેરવેશ પોતાના હોવાનો ઇશારો કરતો હતો.

"રાંમ રાંમ, અમારઅ કાંમ તો ભગા નરસી મકડદમનું સઅ..."

એ બીજા પ્રશ્નનો જવાબ આપે તે પહેલાં પેલા વ્યક્તિએ આવકાર આપ્યો.

"રાંમે... રાંમ, ભગા નરસીનું કૉમ સઅ! આંય ચ્યમ ડાફોરિયાં મારો સો. અંદર આવો. પાવઠાં ચડો."

તેઓ પગથિયાં ચડી અંદર ગયા.

"આ હૉમેં ભગા મકડદમનું ઘર. ઉઘાડું સઅ. એ તો હાંજઅ મિલ સૂટયે આવસીં. કોક ઘેર અસીં..."

"તાણ... અમે."

"વણકોર સો? હેંડો મારા ઘેર. એ આવઅ એકઅ ઈ જજો... મકડદમની ચાલી સઅ. ઇંટવાડાની ચાલી તો નૉમ પડ્યું સઅ. બધા ઈંમના વરાણે આંય રઅ સઅ."

આધેડ પાછા વળ્યા, તેઓ તેમની પાછળ-પાછળ ચાલવા લાગ્યા. આધેડે ઓસરીમાં ખાટલો ઢાળી ગોદડું પાથર્યું. બેસાડ્યા. પાણી પાયું. બન્ને કૂવાનો કઠેડો જોતા રહ્યા. એકાએક પેલા આધેડે પૂછ્યું.

"તમે સિંધપરથી આયા?"

"ઓવ્વઅ..."

"તાણ તો જાણઅ પસા નાથા ભાળ્યું...!"

"ઓવ્વઅ...." પશા નાથાને આશ્ચર્ય થયું.

"ઘણી વખત મકડદમ સિધપરની વાત કરતા. તમારું નામ લેતા એકઅ ઇયાદ રૈ જ્યું, મારું નામ ગણેશ... ગણેશ સવા, ગામ વિજાપર બાજુ..."

થોડી વારે ગણેશ ઘરમાં ગયા. બન્ને કઠેડાને જોતા બેસી રહ્યા.

*

# 12

કૂવાનો કઠેડો જોતાં-જોતાં ક્યારે ખાટલામાં આડા પડી, નિંદરમાં ઘોરવા લાગ્યા તેની ખબર રહી નહીં. અંધારું થયું. તેમને ખાટલાની આજુબાજુ થોડોક કોલાહલ સંભળાયો. એ જાગી ગયા. અંધારામાં ખાસ દેખાતું નહોતું. ઝીણી આંખો કરી, એકાદવાર મસળી. જોયું તો તેમના ખાટલાની આજુબાજુ બે-ત્રણ ખાટલા ઢળાઈ ગયા હતા. તેના પર બેઠેલા માણસો આપસમાં વાતચીત કરતા હતા. સામે કૂવાના કઠેડાના પાકા થાળા પાસે, બે ત્રણ માણસો હાથ પગ ધોતા હતા. ઓસરીની ચોકડીમાં કોઈક નહાવા બેઠું હતું. ચાલીમાં એકાએક માણસો ફૂટી નીકળ્યા હતા. એ બન્ને ખાટલામાં બેઠા થયા. એમણે ભગા નરસી મુકાદમનો અવાજ સાંભળ્યો.

‘‘કુંણ પસો કઅ? આવો રાંમ રાંમ, ચાણઅ આયા, હાલ તો ગાડીનો કોઈ ટેમ નહીં.’’

પશાએ રામ રામ કહ્યા. મુકાદમે નજીક આવી હાથ મિલાવ્યા. તેમને લાગ્યું કે તે ઊંઘતા હતા ત્યારે જ તેમને ઓળખી લીધા હશે. મુકાદમે ‘રામ રામ’ કર્યા એટલે ત્યાં હતા એ સૌએ પણ હાથ મેળવી ‘રામ રામ’ કર્યા. દરમિયાન તેમણે પેશાબ કરવાની ઇચ્છા દર્શાવી.

‘‘ચ્યાં જવાનું!’’

‘‘ચ્યાંય આઘું નહીં, આ લેન પૂરી થાય એકઅ ચાર જાજરૂ આદમીનાં, બે બૈરાંનાં. જોયાં નહીં એકઅ હાચવી ન જજો... અલ્યા રમણિયા જા વતાય.’’

પશા નાથા અને મોહન પેશાબ-પાણી જઈ આવ્યા. તેમનું માથું ચકરાઈ ગયું. ભગા નરસી એમની સામે જોતાં જ સમજી ગયા કે તેમને જાજરૂ ગમ્યાં નથી. ગામડા ગામ અને સિદ્ધપુરમાં ખુલ્લા વગડામાં કુદરતી હાજતે જનારને આ ન ગમે, તે સ્વાભાવિક હતું. એમાંય વળી ગંધ, પહેલીવાર એના સંપર્કમાં આવે તેને ચકરાવી જ દે. પછી ટેવાય.

‘‘ચ્યમ પસા ચેવું લાજ્યું... વાડે જવું?’’

ભગા નરસીએ હળવી મશ્કરી કરી. તેમને જવાબ આપવાની ઇચ્છા નહોતી છતાં કહ્યું.

‘‘હાહરું કાઠું સઅ.’’

‘‘ભઈ! આંય રસો તો રોજનું સઅ! નવા સો. મિલમઅ હારા જાજરૂ સઅ. કૉંમે ચઢો એકઅ ફેર પડી જહ. તમે ચેઈ ગાડીમઅ આયા?’’

ભગા નરસીએ જૂનો પ્રશ્ન યાદ દેવડાવ્યો.

‘‘ગાડી હૅની... મારી બેટ્ટી ટાંટિયાતોડ ગાડી. તમે કીધેલું ઇંમ ટિકચ લેઈનઅ ડબ્બામઅ બેઠા. હાહરાં લોંક અમને જૂવઅ... ઓળસી પાડ્યા. હારૂં થ્યું તે બે તૈણ ટેસણ આયાં, જ્યાં! એક ટેસણે પકડઈ જ્યા, કીધું ટિચક સઅ. તોય એક બે ધોકા પડયા. ઉતારી મેલ્યા. પસઅ તો આવજો નઅ ઉસે રજો... પાટે પાટે હેંડી નેંહર્યા. બે દાડે આંય... રાતેય ખાસ્યું વિત્યું'તું.’’

‘‘તોય... બે દાડે પોંચ્યા જબરું કેવાય.’’

‘‘કેવાય સઅ, દેશાવર વેઠવા જેવી તેવી વાત નહીં, આંય પોંચ્યા એ જ હાચું.’’ તેમણે માથું હલાવ્યું. વાતમાં વેદના હતી.

‘‘અમ તો આંય રવું હાચું?’’

‘‘એકઅ તો આંય આયા... નકર તિયાં... મજૂરી તો અતી. આ મારી હારી મોહન સઅ. મોહન ધના ધાઁનધાર બાજુનો સઅ. વણકોર સઅ...’’

‘‘આવો... મોહન. આ પસા નાથાની હારી વાત કરતાં તમનઅ ભૂલી જ્યો. અંધારામઅ ખબેર ના પડી. તમે હારી સો. ચેયું ગામ?’’

"પાલણપર પાહણ ખટવાડા, નેનું ગામ સઅ. વણકોરના દહ ઘર સઅ."

"ઈંમ.... હારું હારું તમે પસાના હારી ચ્યાંથી થેઈ જ્યા?"

મોહન જવાબ આપે તે પહેલાં પશા નાથા મોહનના ખભે હાથ મૂકી બોલ્યા.

"આ જવાનિયો. સિધપર મિલમઅ મારી હારે થરોસલમઅ અતો. ડાફિલવાળો. જબરો. એ આયો એકઅ, ઈંમ કો... ઈની હારી હારી મું આયો."

મોહન શરમાઈ ગયો. મુકાદમ હસવા લાગ્યા.

"આ અહવા જેવું નહીં. એ સિધપર આયો તારઅ અમદાદ જવાનું નાઁમ લેઈ આયેલો. ઈંમઅ તમ પારા માણસનું કૅણ મલ્યું."

"તાણ મોહન આંય રસે ખરું?"

"મોહન હારી મુંય ખરો... મકડદમ."

મોહનને લાગ્યું કે પોતાનું રહેવાનું અને કામનું પશા નાથા સાથે થઈ જશે. એ બેફિકર થઈ નિરાંતે બેઠો.

પશા નાથાએ પોતાની વાત સાથે નિર્ધાર પણ જણાવ્યો. ભગાને સારું લાગ્યું. ચાલો બે સાથી ભાગિયા વધશે તો ફાયદો જ થશે ને ઓળખાણ વધશે. એમણે કહ્યું :

"હારું... તમે બેય એક બે દાડા થાક ઉતારો. મિલમઅ કાલી વાત કરી, પમદાડાથી કૉમ પર, બરાબર. અતારના રોટલાનું આઁય, અનઅ રૅ ત્યાં હુંદી આંય ખાજો, કૉમ કરજો બીજી વાત કાલી."

ભગા નરસીએ ધીરે-ધીરે તેમને ત્યાં રહેલા વીશીવાળા અને સાથી ભાગિયાઓની ઓળખ આપી. ખોડા ઉકા બેતાલીવાળા, મગન નથુ અને બીજા બે ચારની વાત થઈ, પછી તેમને સીધું પૂછી લીધું.

"તમારઅ હાથી રવું સઅ કઅ વીસીમઅ રવું સઅ? આંય તો બધા વણકોર સઅ. મિલમઅ થરોસલમઅ બધું ભેળું ખરું, જુદુંય ખરું!"

"એય... બધું આજેનઅ આજે કેઈ નાખશો. કાલ વાસ્તી કાંક બાચી રાખો?"

"ઈંમ, તાણ! ઊઠજો ખાવા, બધાની હારી."

ઘરમાંથી કહેણ આવ્યું. હડુડુડુ, બધા જમવા માટે ઊઠ્યા. પશા નાથાએ સિદ્ધપુરમાં વીશીવાળા અને સાથી ભાગિયા જોયા હતા. પણ આટલા બધા નહીં. અને એમાં બે જણા ઉમેરાય તો? આખું હાલરું થાય. ભગા નરસી સુધી અગિયાર ને બૈરાં છૌકરાં જુદાં. જમતાં-જમતાં પશા નાથાની મૂંઝવણ વધતી ગઈ. આમ તો પોતે બે-ત્રણ માસ વીશીમાં રહેલા પણ ત્રણચાર જણ એટલે ખબર ન પડે કે ઘરનાં કોણ અને વીશીવાળા કોણ. અહીં પહેલેથી નક્કી કરીને આવ્યા હતા, કે કાંમનું ઠેકાણું પડે કે તરત અહીંથી નીકળી જવું. હાલ તો શું થાય છે એ જ જોયા કરવાનું હતું. એમણે ફાનસના આછા અજવાળામાં મોહન સામે જોયું, એ તો સાવ મૂંગોમંતર થઈ ગયો હતો. કદાચ એ પોતાની જેમ જ વિચારતો હશે. એમણે મન મનાવીને જમવામાં ધ્યાન પરોવ્યું. ડુંગળી, બટાકાનું રસાવાળું શાક અને બાજરીના રોટલા! ઘરના જેવા જ.

જમતાં કોઈ બોલ્યું નહીં. ઊઠ્યા કે ખાટલાની આડવેર. ખાટલા ત્રણ ત્રણની ઓળમાં પથરાયા. એક ગોદડી પાથરવાની, બે ઓઢવાની, એટલે એક ખાટલે બે જણ. ભોંય પથારી થઈ શકે એમ હતું જ નહીં. ઓસરીમાં પથરા ખરા પણ ઓસરી નાની, આંગણામાં ધૂળ. વળી સામે ઓરડીઓની બીજી ઓળ. કહો કે કીડી નીકળે તોય અહીં ભરાઈ પડે. દરેક જણ પોતપોતાનો ખાટલો બોટી લઈ, ખાટલે બેઠા અને વાતે વળ્યા. નવા આવેલા આ બે જણ હતા. એમણે ઢાળેલા ખાટલાઓ તરફ જોયું. ચાલીના કોટની દીવાલ પાસે એક ખાલી ખાટલો

જોયો. એમણે વિચાર્યું નક્કી પેલો ખાટલો એમના માટે જ હશે.

"જૉવ મૅમાન, પેલો ખાટલો તમારા માટઅ સઅ."

તેઓ ત્યાં ગયા, ખાટલામાં બેઠા. મોહન હજી વિચારમાં હતો. તેમણે મોહનને ખભે હાથ મૂકી પૂછ્યું.

"ચ્યમ ભઈ! અમદાદ આઇ જ્યું એકઅ ચૂપ થઈ જ્યો?"

"ચૂપ તો હું કાકા, હાહરી નવી જગા એકઅ..."

"થાય ભઈ થાય."

"મૅમોન... પેસાબપાણી જવું વોય તો જી આવજો. અતારે થાંભલી ઉપરિયાં ડબલામઅ દીવડું હળગતું અસે. રાતે ઊઠશો તો દીવડું ઓલઈ જ્યું વોય... ચેતતા નર સદા સુખી."

તેમને લાગ્યું આ વાત કરનાર પોતાના જેવો જ વાતગરો લાગે છે. જો હાલ એની સાથે વાત કરીશ તો, ઊંઘ બગડશે. એ એટલું જ બોલ્યા.

"હારું કર્યું, જી આઈએ."

બન્ને જાજરૂની મુલાકાતે જઈ આવ્યા. હાશ કરી ખાટલામાં બેઠા.

"'લ્યા મોહન... લંબાઈશું..."

"હંબો..."

ખાટલામાં સૂતા જ સાઠ-સિત્તેર ગાઉની દડમજલ અને થાક તેમને ઘેરી વળ્યો. ગોદડીની હૂંફના ગરમાવે એક ધડાકે ઊંઘવા લાગ્યા. મોડી રાતે કશોક ખડખડાટ થતાં પશા નાથા જાગી ગયા. મોઢા પરથી ગોદડી ખસેડી આકાશ સામે જોયું, ઉપર તારાભરી રાત અને કાન પાસે મચ્છરોનો ગણગણાટ. બાજુમાં મોહન ગોદડીમાં ગોટમોટ થઈ ઊંઘતો હતો. એમને અજાયબ લાગ્યું. જાણે કોઈ કિલ્લે-બંધીમાં સૂતા હોય. એવો ભાવ મનમાં આવ્યો.

"વાહ રે, મારા પરભુ! લીલુડા ઘોડાના અસવારી. તેં ચ્યાંનો ચ્યાં પોંચાડી દીધો. જી મધરાતી ચોયટાં ભેળાં ઝાકળિયાં લેવરાયાં... આજે... અસે વાલીડા તારાં..."

એમને સવિતા, ગોકળ, વહુ અને દીકરો યાદ આવ્યાં. મિયોલનું ઘર, ગામ બધું વારાફરતી યાદ આવતાં ગયાં. એમની સ્મૃતિ ઘરના તુલસી ક્યારે અટકી. કોઈ તુલસીને પાણી રેડતું હશે કે નહીં? દીવો તો 'કુંણ' કરે? દીવો જગવનાર તો અહીં સૂતો છે. અહીં આવી ચાલીને નાકે તોરણ બંધાયેલ જોઈ જેટલા રાજી થયેલા, એટલા તુલસીક્યારાની યાદે દુઃખી થયા.

"અસે મારા પરભુ... બધા દાડા અરખા ના હોય!"

મોહન પાસું ફર્યો. એમને આનંદ થયો. એની તરફ જોયું.

"સઅ કાંઈ ચિંતા ફકર? બૈરાં સોકરાં વોય ઇનઅ આવી નેંદર ના આવઅ? સખીયો જીવ." તેમણે આંખો મીંચી.

*

# 13

વહેલી સવારે સૌની સાથે બંને જાગ્યા. દાતણપાણી કરી, નાહવાનો વિચાર કર્યો. સવારમાં કોઈ નાહવાની રણાગત નહીં. સૌ દાતણપાણી કર્યા પછી ચા અને રોટલાનો નાસ્તો કરી તૈયાર થઈ ગયા. ચાલીના કોટની પાસે તુલસીક્યારો હતો. ત્યાં દીવો બળતો હતો. પશા નાથાએ દીવા સામે બે હાથ જોડ્યા. પોતેય ચા-નાસ્તો કરી લીધો. મોહન તૈયાર થઈ ગયો હતો. તેને નજીક બોલાવ્યો.

"મોહન, થાક ખાવો સઅ, કઅ મિલમાં કામે ચઢવું સઅ."

મોહન તો પહેલેથી જ મિલમાં જવા ઉતાવળો હતો. એણે તેમની સામે જોઈ હસતાં-હસતાં કહ્યું,

"કાકા; કાંમ પર ચઢી જીયેં! આંય બેઠાં હું લેબુડાં લેવાં સઅ. માથઅ ભાર કરવો."

"ખરું... તું હાચો, તિયારનઅ? મુંય તિયારસું. નાવા-ધોવાનું હાંજઅ. આ ઝાડે જવાનું પતઈ લ્યું?"

"ના કાકા, હંમ્બો... મિલમઅ હારું અસે, સિધપરમઅ કરતા'તા ઈમ."

બધા મુકાદમ સાથે મિલમાં જવા ઊપડ્યા. મુકાદમે પશા નાથાને પૂછ્યું,

"તમે બેય આવો સો નઅ! કઅ મેં કીધું ઈંમ એક દાડો થાક ખાવો સઅ?"

"આ રાત જી. અમઅ હેંનો થાક... આજે હારી આઈએ, ખોટો-ખોટો દાડો ભાગવો પરગામ્મઅ."

"હાચું, હલો કરીએ તો હૌવ નઅ વાલા લાજીએ. બાલાપરિયામઅ થરોસલમઅ ચાલસે નઅ? અમારી હારી. માસ્તર, મેમ્બર આપણા સઅ. વાંધો નઈ આવઅ. ઇમનય મજૂરિયાં જોઈએ સઅ. એક હાથે બે મજૂર મલઅ તો કોઈ ના નંઈ પાડઅ."

સૌની સાથે એ ચાલી બહાર નીકળ્યા. ચાલતાં મુકાદમે બન્નેને જમવા- રહેવાની વિગતે ફોડ પાડીને વાત કરી.

"જુઓ, પસા... અમણઅ મઈનો માહ વીસીઅ રૉ. મારી ભેળા. ફાવઅ તો હાથી રજો. વીસી હૌવની હારી હરખી. હવારે ચા રોટલા, બફોરે અને હાંજઅ જમ્માનું, રવાનું ભેળું... મિલમઅ કાંમ અલાયે, ઇંની ચિંતા નઈ."

તેમને વીશી કેટલી લેશો એ પૂછવાનું મન થયું. વીશી સૌની સરખી લઈશું એમ કહ્યું એટલે સમજાઈ ગયું. કોઈક વીશીવાળાને પૂછી લઈશ. ચા-વાળી વાત એમને બહુ ગમી ગઈ. આમેય એ સવારેની ચાના બંધાણી થઈ ગયા હતા. ઘેર રોજ સવારે ચા બનતી. ચાની સુગંધ તેમને ખુશ કરી દેતી. વીશીના પૈસા ચૂકવી દેતાં બાકી વધેલા પૈસાનું શું કરવું, તેનો વિચાર આવ્યો. એ મનમાં હસ્યા. અહીં પહોંચતાં પાકા બે દિવસ થઈ ગયા અને...

"જુવો પસા, આંય પંનર દાડા-મઈને પગાર થાય. એકઅ પૈસાની ચિંત્યા નઈ કરવાની. કોક વાર દહ દાડે પૈસા મલઅ. રજામઅ કામ કરીએ તો રોકડી. કાંઈ ચંત્યા નઈ. આજરી માસ્તર હારો સઅ."

"પગારની મનઅ ખબેર સઅ. તમે સો પસઅ હું વાંધો? આ તમારી વીસીનું હું,"

"એ તો મઈને ગણી લેહું. તમારી મજૂરી તમે ગૂંજામઅ ઘાલીનઅ તો ફરવાના નહીં. ઘરમ જ રાખવા આલજો. જરૂર પડઅ તાણઅ માજી લેજો."

તેમને સાચું લાગ્યું. બીજા ઘણા વિચાર આવ્યા. એક દિવસમાં એક સાથે બધું પૂછી નાખવું સારું નહીં. હજી આ પાશેરામાં પહેલી પૂણી છે. બસ, સિદ્ધપુર સમાચાર કેવી રીતે

પહોંચાડવા કે તેઓ સુખરૂપ અમદાવાદ પહોંચી ગયા છે. એનો તાલ મળ્યો નહીં.

વિચારમાં અને વાતોમાં બાલાપીરિયા મિલનો ઝાંપો આવી ગયો. આમ તો મિલનું નામ સરસપુર ટેક્ષટાઇલ મિલ હતું. પરંતુ અહીં કોટ પાસે બાલાપીરની દરગાહ હતી. એટલે લોકો મિલને બાલાપરિયું કહેતા. ઝાંપે બે જમાદાર, કારીગરોના મિલપાસ જોઈને જવા દેતા હતા. પશા નાથા અને મોહન, મુકાદમ સાથે રહા. મુકાદમે બન્નેને આગળ કર્યા. જમાદાર સામે જોઈને હસ્યા.

"જમાદાર, મારા બે નવા કારીગર. એક બે દાડામઅ પાસ મલી જશે. ત્યાં હુંદી ધ્યાન રાખજો. ટેમ્પુરી કારીગર સઅ. રોકડીવાળા નથી. મારા હગા સઅ."

જમાદાર તેમની સામે જોઈ હસ્યા, હાથ લાંબો કર્યો. એ જાણતા હતા કે મુકાદમ, મેમ્બર પોતાની નાતના કે સગાંવહાલાને કામ પર લઈ આવે છે. મજૂરની જરૂરત હોય તો માસ્તર ટેમ્પરરી પાસ કાઢી આપે. તેમાં હાજરી પુરાય. નવા કારીગરની ઓળખાણ કરવા જમાદારે પૂછ્યું,

"ક્યાંથી આયા કારીગર?"

"સિધપરથી." પશા નાથાએ જવાબ આપ્યો.

"એમ... સારા માણસ છો ને?"

"ચંત્યા ના કરશો. મું સું? કાંઇ આઘું પાછું નહીં થાય." મુકાદમે પશા વતી જવાબ આપ્યો.

"તમારી વાત હાચી. નવા માણસ આવે એટલે ખાતરી તો કરવી પડે મુકડદમ. તમે માસ્તરના માણસ ખોટું ના કરો. એ જૉણું છું."

મુકાદમ સાથે બન્ને ખાતાનો લોખંડનો દરવાજો ખોલી અંદર દાખલ થયા. મુકાદમ એમને અંદર આવેલી માસ્તરની ઑફિસે લઈ ગયા. માસ્તર કારીગરોની ગોઠવણીની વેતરણ કરતા હતા. મુકાદમ સાથે આવેલા બે માણસો જોઈ હસ્યા. એમને ખબર પડી ગઈ, નવા કારીગર આવ્યા છે.

"બોલો મુકડદમ, કોને લઈ આવ્યા."

"આ બે કારીગર! સિધપરથી આયા સઅ. મેં બોલાયા'તા, તમે કીધેલું..."

"ખરું... આ સિદ્ધપુર ગામથી આવ્યા કે ત્યાંની મિલમાંથી. મિલમાં શું કામ કરતા હતા?"

"મિલમાં... બોલો પસા નાથા શું કરતા હતા?"

મુકાદમે પશા નાથાને જવાબ આપવા કહ્યું.

"સાંચા ઉપર, લંભેણ ચલાવતો."

"આ સાથે કોણ... છે?"

"મોહન... ડાફીલ, સફઈ નઅ ટોપલા ખેંચતો..."

"તાણ તમે લંભેણ ચલાવશો. અહીં બગડી થવાની વાતો ચાલે છે. કામ કરી શકશો ને?" માસ્તરે તેમને ધારીને જોયા.

"ઓવ્વે!"

"તો આખું નામ બોલે?"

બન્ને એ વારા પ્રમાણે નામ કહ્યાં. માસ્તરે જાતે પોતાની ઓળખ આપી.

"હું સ્પિનિંગ ખાતાનો અને સાળ ખાતાનો માસ્તર છું. બધા કારીગર મારા ગણાય. પશા નાથા તમે લંભેણ ચલાવો. મુકડદમ પેલો છગન આજથી બીજે જતો રહ્યો છે. એ લંભેણ, સાઈઠ નંબરનું કાઉન્ટ ચાલે છે. અને મોહનને ડોફ કાઢવામાં ગોઠવો. ડોફ નીકળે ત્યાં સુધી

બીજાને લંભેણ ચલાવવામાં મદદમાં ગોઠવો.''

મિલની ચાંપ પાડવાની વિસલ બોલી. બધા કામ કરવા તૈયાર થઈ ગયા.

''મુકડદમ, હાજરીવાળા સાહેબ પાસે જઈ આ બેયનાં નામ નોંધાવી આવો. પછી હાજરી કેડ લેઈ જજો...''

મુકાદમ સાથે બન્ને ખાતા તરફ ચાલ્યા. માસ્તરે ઉમેર્યું.

''સારી રીતે કામ કરજો, તમારા સિધપુર કરતાં અહીંયા ચાર આના વધારે મળશે.''

પશા નાથા ઊભા રહ્યા. પાછળ ફરી માસ્તરને હાથ જોડ્યા. એ જોઈને મોહને પણ પાછળ ફરી બે હાથ જોડ્યા.

''લ્યો હેંડો, ચાંપ પડશે એટલે કશું હંભળાશે નહીં. છગનવાળો હાંચો બતાવું. મોહન તું મારી સાથે રેજે.''

ચાંપ પડી. મિલના પટ્ટા, ગરગડા ચાલુ. સંચાઓને ધમકાર! વરાળના ફુવારાઓ તો ક્યારનાય વાતાવરણને ભેજવાળું કરી રહ્યા હતા. ટોપલાવાળો ખાલી બૉબિનના ટોપલા ગોઠવતો હતો. ડાફીલવાળા ડૉફ ભરાય તો ફટાફટ તારથી ભરાયેલા બૉબિન બદલવામાં વાર ન થાય તે માટે, મોટા ટોપલામાંથી ખાલી બૉબિન નાની ટોપલીઓમાં ગોઠવતા હતા. કોઈનું બોલવું સંભળાતું નહોતું. એટલે મોઢામાં આંગળાં ઘાલી સીટી મારી ઇશારાથી વાત થતી હતી.

અગિયાર વાગતાં પહેલાં એક વાર ડૉફ ભરાઈ ગયું. થ્રાંસલખાતું બંધ કરવાની ચાંપ પડી. બધા સંચા ચૂપ થઈ ગયા. ડાફીલવાળા નાની ટોપલીઓ લઈ સંચે-સંચે વહેંચાઈ ગયા. સૂતરના તારથી ભરાયેલ બૉબિનોને ત્રાક પરથી કાઢી, તેની જગ્યાએ ખાલી બૉબિન ભરાવા લાગ્યા. થોડી વારે બધા બૉબિન બદલાઈ જતાં, ચાંપ પડી. ખાતું ચાલું. સંચાવાળા અને ડોફરો ખાલી બૉબિન ઉપર તારની લપેટ મારવા લાગ્યા. સીટી અને લપેટ લપેટની બૂમોથી ખાતું ગાજી ઊઠ્યું. અગિયાર વાગે મિલની મોટી વિસલ બોલી. આખી મિલમાં જમવાની રિસેસ પડી. બધાં ખાતાં બંધ થયાં.

ખાતાં બંધ થતાં, ખાતાઓમાંથી માણસો બહાર આવવા લાગ્યા. સૌએ મુતરડીઓ તરફ ધસારો કર્યો. મજાની વાત હતી. મુતરડી જાજરૂ તમામ કારીગરો માટે એક જ જગ્યાએ બાંધ્યાં હતાં. સૌ તેનો સહિયારો ઉપયોગ કરતા. જમવાની બેસવાની છાપરી, પાણીની પરબ, જાતિવાર જુદાં અને મૂતરવું, હગવું એક જ જગ્યાએ! પશા નાથા બધાની સાથે પરબે પહોંચી ગયા. પરબે હાથ પગ ધોઈ, ભગા નરસીના માણસો સાથે જૂના લીમડાને છાંયે અર્ધગોળાકારમાં બેસી ગયા. સૂંડલીમાં ભાત આવ્યું. તાંસળાં-તાંસળી, છાબડીઓમાં રોટલા, શાક... તપેલીમાં. જાણે ગામડામાં ખેડૂતની સ્ત્રી જે રીતે ભાત લઈને આવે એ રીતે બધું સૂંડલીમાં ગોઠવાયેલું હતું. પાણીનું ઢોચકું અને લોટો હાજર હતાં.

જમવાનું પીરસાયું. જમી રહ્યા પછી કોઈએ લોટા વડે પાણી પીધું. કોઈએ પરબ પરના નળ પરથી. બધા લીમડા નીચે નિરાંતે બેઠા. એક જણે ખીસામાંથી બીડી કાઢી. પશા નાથાને બીડી ગમતી નહીં. કોઈક છાપરી પાસે મૂકેલા ગુજરિયામાં તમાકુ બદલી, ત્યાં સળગતા લાકડાંની આગમાંથી અંગારા લઈ ગુજરિયું ભરી લાવ્યો. ભગા નરસીએ ચુંગી કાઢી. તમાકુ ભરી ગુજરિયામાંથી અંગારો લઈ દમ લગાવવા લાગ્યા. જમ્યા પછી તમાકુ પીવી, બધાની સાથે વણાઈ ગયું હતું.

''લાવો ભઈ બે ફૂંક... ચુંગી મું પી લ્યું!''

બધા વચ્ચે ચુંગી ફરવા લાગી.

કોઈકે પશા નાથાને ગુજરિયું આપ્યું. એમને ગુજરિયું લેતાં ઘરબાર યાદ આવ્યાં. બપોરે જમી-પરવારી વાસના લોકો સાળ બંધ રાખતા. એમને આંગણે ભેગા થતા, સુખ-દુઃખ,

પરગણા વહેવારની વાતો થતી. એ વિચારમાં ખોવાઈ ગયા. લાગ્યું કે હવે એવી વેળા પાછી આવે તેવું ઘણું ઓછું છે. ગામ છૂટ્યું, સિદ્ધપુર છૂટ્યું, અમદાવાદમાં આવી પડ્યા. અહીં ક્યાં સુધી રહી શકાય એમ છે એ તો રામોપીર જાણે... એમણે ગુજરિયું બીજાને આપતાં મનમાં દુઃખનો ઓછાયો લાગ્યો. ચુંગી બે-ત્રણ જણા પાસે જઈ ભગા નરસી પાસે પાછી આવી. એમણે ચુંગી ઠલવી, સાફી સાથે ખીસામાં મૂકી.

મિલની વિસલ બોલી. સૌ કામ પર ચઢવા ખાતાઓ તરફ દોડ્યા. હોબાળો, હાકોટા... ‘‘દોડો લ્યા, માસ્તર પાસો મણ-મણની જોખસે?’’

તેમને લાગ્યું. જ્યાં જાવ ત્યાં કાગડા કાળા. ત્યાં હતા ત્યારે માસ્તરનો સાળો વેરી. અહીં પણ માસ્તરનું નામ લેવાયું. આજે પહેલો દિવસ હતો એટલે માસ્તર તેમનું નામ નહીં લે. ધીરે-ધીરે બધી ખબર પડતી જશે. જીવન છે તો પૂરું તો કરવું પડશે ને!

*

# 14

પશા નાથા ચાલીને ઝાંપે આવે એટલે કેટલીક વાર અટકીને ઊભા રહે. ચાલીમાં અંદર જવા દરવાજો, આજુબાજુ કોટ. દરવાજાની થળી પાર કરવા બેત્રણ પગથિયાં. એ અટકે એટલે મનમાં મંથન શરૂ થાય. ગામનો વાસ, ખુલ્લો ઝાંપો ને સિદ્ધપુર ફૂલપુરાની ઓરડીઓ. બાજુમાં ફક્કા મેદાન, એ પગથિયું ચડવા પગ ઉપાડે ત્યાં જ તેમને ડાબા પગ પર બાંધેલો સૂતરનો દોરો દેખાય. એ દોરો એમણે જાતે વણીને બાંધેલો. ફૂલપુરામાં એમણે વાત સાંભળેલી કે જેવી રીતે અહીં ઠાકોર, રાવળિયા દારૂનો ધંધો કરે છે, તેવી રીતે શહેરમાં તો કલાલની દુકાને દારૂ જોઈએ એટલો મળે. ખુલ્લમખુલ્લાં. ગાયકવાડના રાજમાં તો દારૂબંધી. અંગ્રેજોને તો બારે દરવાજા ઉઘાડા. એટલે જેવું મોહન સાથે અમદાવાદ જવાનું નક્કી કર્યું, તે જ વખતે પગે બેડી બાંધવાનું ટુચકું કરી લીધું. મોહને પૂછેલું :

"કાકા, આ પગે શેની બેડી બાંધી. દારૂની આખડી રાસી સઅ કાંઈ?"

"ઓવ્વે, દારૂ નઈ પીવાની આખડી. ઘરમથી બેડી બંધાઈ નઅ કીધું સઅ.! ભલે તમે અમદા'દ જૉવ. દારૂ પીતા નઈ! ઘેર આવો તો ગમે જે કરજો."

"પાંણી પેલાં પાળ બાંધી, ચ્યમ?"

"ઈંમ તો ઈંમ. હાહરું ભગત દારૂ પીતા બંધ થ્યા, તાણઅ આનંદ થ્યો'તો. એવું મનઅ બેડી બાંધતાં થ્યું. અમદા'દ જઈ! કમઇનઅ દારૂ પીવા બેહી જીયે તો? ઘેર હું વાંહડો લી જીયેં. દારૂ ના પીવા કાંક કરવું પડનઅ..?"

મોહન રાજી થઈ ગયેલો. એની ઇચ્છા હતી કે તે પણ પગમાં બેડી બાંધી, બાધા આખડી રાખે.

"કાકા, તમે કુંની આખડી રાશી?"

"'લે કે? તનઅ ખબેર નથી. તારી કાચીએ લેવરાઈ એકઅ ઈની. એ જાણઅ બાંધ્યા બંધ છોડાવઅ તાણઅ હાચા."

બન્ને જણા ખડખડાટ હસેલા. આજે એ વાત યાદ આવતાં એમના ચહેરે મલકાટ આવ્યો.

*

અમદાવાદ કહેવાય વાદીલું. કોઈ કાંઈક કરે તો બીજો એની નકલ કરે જ. એમણે બેડી બાંધી તે દિવસથી જ મન મક્કમ કરી લીધું હતું. કોઈ ગમે તે કહી ભરમાવે તોય દારૂ પીવો નહીં. અમદાવાદમાં તો મિલમાં કામે ચઢવા માટે દારૂ પિવડાવવો પડે. રજાના દિવસે તો બધા દારૂ પીવે. નજીકના ગામવાળા દારૂ પીવા માટે ગામડે જાય. દૂરના ગામવાળા મહિને બે મહિને જાય તેમાં આગેવાની તો મુકાદમ, માસ્તરની કે જોબરની હોય. મહાજનના પ્રતિનિધિથી દારૂ ના પીવાય. જો દારૂ પીવે, પ્રતિનિધિ તરીકે બાતલ થઈ જાય. આમ હોવા છતાં કેટલાક પ્રતિનિધિ દારૂ પીતા. કોક જ પ્રતિનિધિ મજબૂત મનના હતા.

સિદ્ધપુરમાં કલાલના બે-ત્રણ દારૂનાં ખાનગી પીઠાં હતાં. નજીકના ગામવાળા ઠાકોર શહેરમાં દારૂ વેચવા આવતા. જાહેરમાં દારૂ ના વેચતા. જ્યારે અમદાવાદમાં ઠેર-ઠેર દારૂનાં પીઠાં. કોઈ રોકટોક નહીં. ઈંટવાડાની ચાલીઓ પાસે, તુલસી કાંટો. ત્યાં જાત-જાતનો દારૂ વેચાય, પરીછાપ, ઊડતો ઘોડો, ડબલ ઘોડો, ટીંચર! દારૂની ટેવ જબરી, એક વાર ચાખવા મળે પછી રીતસર બંધાણી થઈ જતા. કલાલ જબરા, તે મજૂરોને દારૂ ઉધાર આપે. પગાર થાય એટલે ઉઘરાણી કરી લે. કોઈ પૈસા આપવાની આનાકાની કરે તો દારૂ આપવાનું બંધ કરી દે.

કલાલ શેકેલા ચણા, ડુંગળી બધુંય રાખે. કોઈક વાર તો દારૂની બાટલી સાથે, શેકેલા કડક ચણાનું પડીકું મફત આપે. રસ્તાની બાજુમાં ચવાણાવાળાની લારી, તેમાં તમતમતું તીખું ચવાણું, કડક જાડી-તીખી સેવ! ચેવડો... દારૂ સાથે લેવાનો મુખવાસ હાજર.

ભગા નરસી મુકાદમ નવા કારીગરને કામે રાખે એટલે એના પહેલા પગારમાંથી બધાને દારૂ પિવડાવવો પડે. પેલો ગરજનો માર્યો દારૂ પિવડાવે અને પીવે. પૈસા ઓછા પડે તો ભગા નરસી કલાલને ઉધાર રાખવા માટે કહે. 'બીજો પગાર' થાય એટલે આપી દેવાય. પોતે સાથી, ભાગિયો રાખ્યો હોય તો, પોતે પૈસા કાઢે અને વાર્ષિક 'મસારા'માંથી કાપી લે. પશા નાથાને મુકાદમ તો જાતે જઈને અમદાવાદ આવવા કહી આવેલા... તોય રાવણા માટે દાણો દાબી જોયેલો.

"પસા, તમે મઈનાથી આયા સો. કાંઈ છાંટો પાણી તો કરાબ્બું પડઅ."

પશાને ખબર પડી ગઈ કે મુકાદમને દારૂ પીવો છે, અને બધાને પિવડાવવો છે. ભલે દારૂના પૈસા આપવા પડે, આપી દઈશ, દારૂ પીવો નથી.

"મકડદમ પિવડાબ્બાની ચ્યાં ના પાડી, હેંડો આ રજાના દાડે તળસી કાંટે. મું પૈસા આલે બસ?"

"ઇમ નંઈ... હારી રાવણામઅ બેહવું પડઅ?"

મુકાદમની વાત સાંભળી, તેમણે પોતાનો ડાબો પગ આગળ ધર્યો. પગે બાંધેલો મેલખોરિયો થઈ ગયેલો દોરો બતાવ્યો.

"આ બેડી, હમ ખવરાઈનઅ બંધાઈ સઅ. ગૉમ્મઅ બધું, આંઈ કાંઈ નઈ. મારા ગામ આવજો નવરાયે."

"આંયનું હું... ગૉમની વાત ગૉમે જી."

"જુવો મકડદમ! મઈનાથી તમારી હારી; કો બધાંની હારી કલાલની દુકાને આયો સું. સાંટો લીધો સઅ...? ના, તમે બોલો."

"હા... તમે હાચા, બસ."

સંવાદ અહીં અટકી ગયેલો. ત્યાર પછી બધા જ્યારે તુલસીકાંટા કલાલના પીઠે દારૂ પીવા જતા ત્યારે તેમની સાથે જતા. પણ એ તો સામે રેલવેના પાટાઓ તરફ આંટો મારી પાછા આવતા. રેલવેના પાટાઓ જોતાં એમને ઘર યાદ આવતું. એ રેલવેને પાટે-પાટે રાત માથે લઈ અમદાવાદ આવેલા. બધી ઘટનાઓ યાદ આવી જતી. એ મનમાં મમળાવતા મલકી જતા. ઘર છોડ્યાનું દુઃખ એમને સતાવતું. અહીં નવી ચાલીની ઓરડીઓ બની રહી હતી. તેમને અહીં પોતાની ઓરડી લેવાની ઇચ્છા થતી. પૈસા બચાવવા બમણું કામ કરતા. રોકડી ભરતા.

બધાને દારૂ પીતા જોઈ એમનું મન ચલિત થતું. એકાદ-બે પિયાલી પીવાથી શું થઈ જશે? પછી મનને જવાબ આપતા.

"ફટ્ ભૂંડા... દારૂ ના પીવા જૂઠ ફેલાયું સઅ, એ પોલ ખૂલી જશે. આદત છૂટી સઅ એ હારૂ સઅ. અજુ તો અમદા'દી થવાનું બાચી સઅ..."

એક રજાનો દિવસ હતો. એ શહેરમાં કોઈકની સાથે ફરવા ગયેલા. વળતાં ચાલીના ઝાપેથી જેવા ચાલીમાં દાખલ થયા, સામે મુકાદમ. એ ચમક્યા. રજાના દિવસે મુકાદમ હજી સુધી ચાલીમાં હતા. સાંજ થવા આવી હતી, મુકાદમ ઘેર હોય એ વાત એમને સમજાઈ નહીં.

"ચ્યમ! મકડદમ ઘેર? આજી ચ્યાંય..."

એમણે વાક્ય પૂરું કરવાને બદલે અધવચ્ચે છોડી દઈ. મુકાદમ સામે જોવા લાગ્યા.

"ચ્યમ ઇંમ પુસ્યું! કલાલનું પીઠું યાદ આયું કઅ. લ્યો હેડોં લેઈ જૉવઅ!"

ભગાએ પશા નાથાને સાથે લઈ જવા રીતસર હાથ પકડી ચાલી બહાર લઈ જવા પ્રયત્ન

કર્યો. તેમને થયું આ તો ઊંધું થયું, પણ ઉત્તર હાજર હતો.

"નારે મકડદમ. આ વાત તો ગૉમ જ્યા વના પતે એવી નહીં."

"તાણં તમારો કાકા ખીચડીવાળો ઘાટ નચ્ચી. ભલઅ બધાંનઅ કેતા જજો, મું મરું તાણઅ મારા મડદાનઅ દારૂથી નવડાવજો. "

બન્ને હસવા લાગ્યા. તેમને મુકાદમની વાત કઠે એવી લાગી. જો આવી વાતથી ખોટું લગાડી બેસે તો પશા નાથા શેના?

"મકડદમ! હાહરી આ બેડી જબરી, નકર બે વાહણ આપણે એકલા ટટકાઈ જતા. હાચું કું... મું ઘરગૉમ છોડી કલાલનું ઘર ભરવા તો આયો નહીં..."

એમને આગળ એમ કહેવાની ઇચ્છા હતી કે "તમારી જેમ અમને ક્યાં હપાડામઅ દારૂ મલઅ સઅ. ઘરમથી ડફ્ફ દઈ પૈસા કાઢવા પડઅ." ચૂપ રહી ભગા નરસી સામે જોયું. એમના હાથમાં થેલી હતી. એમણે ખુદ થેલી દેખાડતાં કહ્યું :

"લ્યા ભઈ, તમનઅ બૈરાએ બેડી બાંધી. મનઅ થેલી ઝલાઈ સઅ. મું કોકની વાટ જોતો'તો, હેંડો કાલુપર, અટાયણું લી આઈએ."

"હું લાબ્બાનું..." તેમને વાત બદલાઈ તેથી હાશ થઈ.

"થોડી ચા વાઘ બકરી, ગૉળ, મરચું, હળદોર..."

"તમારી થોડી ચેવી... પંનર જણાનું અટાયણું કેવાય. કોકને હારી લેઈ લ્યો. તૈણ જણ જોવઅ..."

"હોવ્વઅ, મોહન આવઅ સઅ... બીજા તો જ્યા દિયોર તળસી કાંટે. મનઅ કાળુપર વળજ્યું."

મોહન આવ્યો. એ ત્રણે પથ્થરિયા પુલ તરફ ચાલવા લાગ્યા.

"પસા! તમે ચ્યાં જી આયા?"

ભગા નરસીએ રસ્તો કપાય તે માટે પૂછ્યું.

"રાંણીબાગમઅ બફોરે સભા અતી. ગાંધી આસરમવાળા પરીસીતલાલ આયા'તા. માજનવાળા મનહરભઈ! હારી વાતો કીધી."

"ભાષણ કઅ વાતો?"

"ભાષણ કો તો ભાષણ. નઅ વાતો કો'તો વાતો. હારું હમજાયું. દારૂ ના પીસ્યો. માંસ છોડી દયો. રેટિયો કાંતો. ખાદી પેરો. આઝાદી લેવાની સઅ."

પશાની વાતો સાંભળી ભગા નરસી અને મોહનને આશ્ચર્ય થતું હતું. ભગા નરસીનું મગજ અવળી દિશામાં દોડતું હતું.

"લ્યો, કો... માંસ છોડી દયો. મિયાંની વીસીની તરકારી ખોવ. દારૂ નઈ વિલાતી દારૂ પીવો. મિલમઅ મજૂરી કરો. પેરો ખાદી... હેં ભઈ પસા..."

"કૉં..."

"આપણ તો ગૉમડે તૈયાર હૂતર વણવા માંડ્યા, ખાદી કાંતવાની મેલી દીધી. મિલનું હૂતર વણાટમઅ હેલું પડઅ સઅ. ખાદીમઅ તો કચ ઘણી સઅ."

ભગા નરસીની વાત તેમને સાચી લાગી. ખાદી વણવા તો રેંટિયો કાંતો, તાણો તૈયાર કરો... હિરવણું, સાંધણી કેટલી માથાફોડ. પહેલાં એ બધું ચાલતું. ઉનાળો, શિયાળો આખું ગામ રૂ કાંતે, તૈયાર સૂતર વણકર વાસમાં આપી જાય. આજ કાલ તો ગામમાંથી ખાદી જતી રહી. મિલનું સૂતર પહેરાય છે.

"હૂં વિચારમઅ પડ્યા પસા. મિયાંની વીસીની તરકારી ખાધી સ કઅ નઈ?"

"ઓવ્વઅ! સિધપરમઅ તો ખાધી'તી, આંય ચાલીની પાહણ મિયાંની વીસી સઅ?

ભાળી સઅ ખરી. જુદા બેહાડઅ સઅ. સિધપર નઅ આંય બધું હરખું. જ્યાં જોવ ઈયા આપણે તો એના એ જ! આઘા રાખઅ."

"જબરું ધ્યાન રાસ્યું સઅ હોંઓ. અમઅ હૉમો દરવાજો સઅ એ ઈયાદ રાખજો. ઈયાં પંનર દાડે અટાયણું લેવા આબ્બુ પડશે."

કાલુપુરથી ગૉળ-ચા, મરચાં, હટાયણું ખરીધું. સામાનના ત્રણ ભાગ કર્યા. સામાન ઉપાડીને ચાલે તે પહેલાં મોહને પશા નાથાને કહ્યું.

"કાકા! આંય સિનીમા સઅ. પતરાંવાળી, એની તમનઅ ખબેર સઅ?"

"સેની સિનીમા?"

તેમણે સિનેમાની વાત તો સાંભળી હતી. આજે મોહને પણ વાત કરી, તેમને નવાઈ લાગી! તે તેની સામે જોઈ રહ્યા.

"સિનીમા એકઅ પિચ્ચર! પેલો ડબ્બામઅ પિચ્ચર લેઈ આવઅ સઅ એવું. મોટ્ટું, બોલતું, ગાતું, માંય બૈરાં નાચે એવું."

"ના, મીં તો ડબ્બાવાળું જોયું સઅ! હેંડો આવતી રજાએ આ સિનીમા જોવા જીએ. મકડદમનઅ હારી લેઈ લેહું."

"મારઅ નહીં જોવું. મીં તો એકવાર જોઈ સઅ. પાંચ આના એક જણાની ટિકચના થાય સઅ. બે કલાક બેહવું પડઅ. એક રજામઅ મું જ્યો તો? ખબેર સઅ. સિનીમામઅ પડદો વોય, મોટો... ભેંતે..."

"હાચમ હાચ મોહન, તું જ્યો તો કે ચ્યાં સઅ સિનીમા!"

"પેલા રેલના પગથિયાંવાળા પુલની હોમઅ સઅ. અલી ફેરાં ઈયાદ રાખજો, આપણ તળસી કાંટે હારી નઈ જીએ."

પશા નાથાને સિનેમા જોવાની ઇચ્છા થઈ. પરંતુ હટાયણાનો સામાન સાથે હતો. ખીસામાં પૈસા હતા નહીં. ગમે તેમ થાય આવતી રજા કે પછીની રજાના દિવસે સિનેમા જોવી ખરી, ભલેને થોડો ખરચો થાય. મોહન જબરો છે, કોઈને પૂછ્યાં વિના સિનેમા જોઈ આવ્યો. જવાનિયો છે, ભલે એકલો-એકલો ફરે એના દિવસો છે.

*

પશા નાથાએ મજૂર મહાજનના આગેવાન થવાની ના પાડી દીધી હતી. એ મજૂર મહાજનના ચાર આનાના સભ્ય થઇ ગયેલા. વરસે દાડે ચાર આના મોંઘા નહીં. રજાના દિવસે મહાજનની ઑફિસ ચાલુ રહેતી. એમને કોઈક વાર ત્યાં જવાની અને મહાજનના આગેવાનો સાથે વાત કરવાની મજા પડતી. જુદી-જુદી મિલના, જુદી-જુદી જાતિના, જુદા-જુદા ખાતાના આગેવાન ત્યાં આવતા. ક્યારેક-ક્યારેક આભડછેટ જેવું દેખાતું ખરું! પણ નેતાઓ આભડછેટ દૂર કરવાનું કહેતા એ ગમતું. નેતાઓના ભાષણ મહિને પંદર દિવસે રાણીબાગ પાસે નદીકિનારે ગોઠવાતાં. એમાંથી નવી-નવી જાણકારી મેળવતા. એક વાર ગુલઝારીલાલ નંદાનું ભાષણ એમને ગમી ગયેલું. ભાષણમાં કહેવાયેલું.

"રેલગાડીમાં બેસવાનો સૌને અધિકાર છે, ભલેને કોઈ પણ નાત જાતનો હોય."

કોઈકે વળી એવી વાત કરી કે હરિજન આગેવાન ડૉ. આંબેડકર સાથે પૂનાની જેલમાં ગાંધીજીએ સમજૂતી કરી એટલે ગાડીમાં બેસવાની છૂટ મળી છે. એમણે રાણીબાગની સભામાં જ ડૉ. બાબાસાહેબ આંબેડકરનું નામ સાંભળેલું. આવી વાતો આવતી અને જૂની થઈ જતી. ભલે થોડાઘણા અસ્પૃશ્યો ગાડીમાં બેસતા, એકલદોકલને ગાડીમાંથી ઉતારી મૂકવાની ઘણી વાતો સાંભળવા મળતી.

"ના... ના..." એમના મનમાં થયું ક્યાં અમને છૂટ મળી છે? પહેલી વાર એ ગાડીમાં

બેઠા ત્યારે ટિકિટ લીધી હતી છતાં ધોકા પડેલા. ઉતારી મૂકેલા. હવે ગાડીમાં બેસવાની વાત આવી. ગામડાંના સ્ટેશને સાહેબો ટિકિટ જ આપતા નથી. પછી ગાડીમાં બેસાય કઈ રીતે. ગાંધી અને આંબેડકરની સમજૂતીની કાંઈ સમજણ પડે તેવી વાત ક્યાં હતી. પેલા કાંકરીકૂઈની ચાલીમાં રહેતા આગેવાન તો કહેતા હતા,

"દરિયાપુર અસ્પૃશ્ય વાસમાં તો વાત થઈ હતી, કાંક વોટનું કમઠાઁણ થયેલું."

કોઈકે ધડાકો કરેલો કે "ગાડીમાં અભડાઈ જતા હો તો ડબ્બા જુદા કરો. દિલ્લીમાં તો અસ્પૃશ્યો માટે ગાડીના ડબ્બા જુદા થઈ ગયા છે." એ ચમકી ગયેલા. તરત પૂછેલું,

"આંય એવું થશે?"

"ના થાય, આંય ગાડીમઅ બેહનારા આપણા જેવા ચેટલા? તે ડબ્બા જુદા કરઅ."

"બીજે ચ્યાં. ડબ્બા જુદા કરસીં?"

"આંય અંગ્રેજોનું રાજ સઅ! જ્યાં રાજાઓની ગાડીઓ સઅ ઈયા ડબ્બા જુદા કરસી. અંગ્રેજો તો મગનું નામ મરી નહીં પાડતા. ઇમનઅ તો લોકો માંય-માંય કૂટાય એ હારું. ભેગા બેહઅ તો ગાંધીની વાત હાંભળઅ નઅ? ગાંધી આપણું નામ લીં સઅ."

"ગાંમડાંમઅ ચીયો ગાંધી હેંડઅ સઅ. ગાયકવાડ કઅ મિયાં...નું રાજ. ઢે...નું કુંણ રણીધણી? આપણઅ તો ઠનઠન. પેલા મારઅ, તો પેલા ઝૂડઅ... હંમ્બો... ઢે..."

એક વખત એમણે મહાજનની ઑફિસે કલોલથી ગાડીમાં બેસી આવનાર આગેવાનને પૂછેલું,

"તમે ગાડીમઅ આવો તો આભડછેટ નડઅ ખરી?"

"નડઅ ભઈ નડઅ, હાડીહત્તરવાર નડઅ! લંકામઅ જૉવ તોય આભડસેટ આજર."

"મા'જનમઅ વાત ચાલઅ સઅએ જુદા ડબ્બાની વાત હાચી?"

"એ તો માજનવાળા જાંણઅ... આવઅ તાણ હાચી. હાલ તો વાતો ચાલઅ સઅ કોરા ભાણઅ."

"ચ્યાં હુંદી આવું હેંડાડશી?"

"ધીરજ રાખો પસા! દરેકનો ટેમ થાય ઈંમ ગાડીનો ટેમ થવા દયો. પૂરું હાંભળો. ડબ્બા જુદા ના કરઅ તો ગૉમડે જેમ આઘા બેસીએ, ઈંમ ડબ્બામઅ એક કોરે બેહવાનું... એ તો ચાલુ સઅ."

"ધૂળની મા...! એ તો એનું એ જ. આપણ બેઠા અસું તો ઊભા કરી મેલસી..."

"ઈમઅથી બચવું વોય તો સહુર જુવઅ. હૉમા થવું જુવઅ?"

તેમને 'સહુર'ની વાત પાક્કી લાગી. જો તમારામાં હિંમત હોય. ટિકિટ લીધી હોય તો પછી કોણ ઉઠાડે. એમને આઘા બેસવું હોય તો બેસે, આપણે ખસવું નહીં. આ વાતમાં ગાંધી, આંબેડકરની વાત ઉમેરાઈ હતી એટલે મનમાં પાક્કું ગોઠવ્યું. આખું પાટિયું દબાઈને બેસવાનું. બેત્રણ જણા હોઈએ તો ભયો-ભયો!

"ડરઅ ઈનઅ હૌવ ડુંખરાવઅ. એકલા વોઈએ તોય હિંમત રાખવાની."

એમણે મન સાથે ગોઠડી માંડી. નવું-નવું જાણવાનો આનંદ આવી રહો હતો. પોતે તો આધેડ ઉંમરના કેવાય પણ પાછળવાળી પ્રજા સુખી થાય એમાં એમને વધારે રસ હતો.

"અવઅ ચેટલું કાઢવાનું. પાંચ દહ વરહ! હારું થતું જોવાય તો હારું."

*

# 15

**આ** જે પશા નાથાની લંભેણ પર ટૂંકાતારી રૂ આવ્યું. તાર થોડો જાડો ઊતરે. બે-ત્રણ વાર બંગડીની રીંગ બદલી તોય તારની તૂટ વધારે હતી. કલાક બે કલાક થવા આવ્યા તોય લંભેણ સારી રીતે ચાલતી નહોતી. એમને તરસ લાગી હતી. એકી કરવા જવું હતું. પણ આ લંભેણ (સંચો) સરખી ચાલે તો કોઈકને નજર રાખવાની કહી ખાતા બહાર આંટો મારી આવે. એ મુકાદમ કે તેલવાળા રણછોડની રાહ જોવા લાગ્યા. બેમાંથી કોઈ પણ આવે તો લંભેણ તેમને ભળાવી કામ પતાવી આવે. કોઈને કહ્યા વિના બહાર જાય અને સાંચામાં લઠ્ઠમલઠ્ઠ જામે માસ્તર ઠપકોય આપે ને બેચાર ખરીખોટી સંભળાવે. અરે! ગુસ્સામાં હોય તો બે ચાર આની દંડ ફટકારે. થોડી વારે રણછોડ તેલવાળો સંચાની ત્રાકની તૂટેલી પટીઓની તપાસ કરતો નીકળ્યો. પશાએ તેને હાથનો ઇશારો કરી પાસે બોલાવ્યો. રણછોડ પાસે આવતાં મોઢું તેના કાન પાસે લઈ જઈ પૂછ્યું,

"રણછોડ! પટીઓ હાંધવાનું બાચી સઅ?"

"ના... બધા હાંચા બરાબર સઅ. હાલ તો નવરો સું." એણે ઘાંટો પાડીને જવાબ આપ્યો.

"તો, રણછોડ ઊભો રે. આ લંભેણ હાચવ, મું પાંણી પી. અબ્બી આયો. હાંચો મેલી ચ્યાંય જતો નઈ."

રણછોડ માની ગયો. પશા નાથા ખાતામાંથી બહાર આવ્યા. ખાતામાં ધમકાર સાંભળી, કાનમાં ધાક પડી ગઈ હતી. થોડી વાર સુધી તો તેમને કશું સંભળાયું નહીં. જાણે દુનિયામાંથી અવાજ ઊડી ગયો છે, સન્નાટો. એ છાપરી તરફ આગળ વધ્યા. છાપરીમાં ગઢી ઉપર પાણી પીવા બેઠેલો કાગડો 'ક્રાંઆ... ક્રાંઆ' કરતો ઊડ્યો. પાસેના લીમડા પર જઈ બેઠો. ડોક લંબાવી તેમને જોવા લાગ્યો. તેમને લાગ્યું, હાશ કંઈક સંભળાયું તો ખરું? એ કાગડા સામે જોઈ મરક-મરક હસ્યા. કાન ઉપર ચોંટેલી રૂની પૂમ હાથવડે સાફ કરી, ગોળી વાળી દૂર ફેંકી.

"હાહરું ખાતામઅ તો પાટાની ખટાપટમઅ કાંઈ હંભળાતું નથી. બારા નેંહરીયે તો જૉણે બેરા."

મુતરડીમાં જઈ પેશાબ કરી આવ્યા. છાપરીમાં ગઢી ઉપર પડેલા લોટામાં થોડું પાણી હતું, તેનાથી હાથ ધોયા. ગઢી ઉઘાડી લોટા વડે પાણી લઈ, હથેળી મોંએ માંડી, ઊંચેથી તેમાં પાણી રેડી પીવા લાગ્યા. બાજુમાં એક મોટું લાકડાનું ખોધું સળગતું પડ્યું હતું. ભીંતને અઢેલીને હોકલી મૂકેલી હતી. એ ઘણા સમયથી પડી રહી હતી. તેમને હોકલી પીવાની ઇચ્છા થઈ. બીજી પળે રણછોડ અને લંભેણ યાદ આવ્યાં. એ હોકલી ભરી પીવા રોકાય અને રણછોડ જતો રહે તો?

એ ખાતા તરફ જવા લાગ્યા. ખાતામાં જવા દરવાજો ખોલ્યો. તેમના સંચાની આજુબાજુ ચારપાંચ જણાને ભેગા થયેલા જોયા. એમને લાગ્યું 'માર્યા ઠાર' સંચામાં કંઈક ગરબડ થઈ હશે તો, માસ્તર આવી ગયા હશે તો? એમણે રણછોડને વાંકાવળી કોઈકને ઊભો કરતાં જોયો. બીજા એમાં મદદ કરી રહ્યા હતા. પોતાનો સંચો અને બીજા સંચા બંધ હતા. ખાતામાં અડધા ગરગડા પરથી પટા ઉતારી લીધા હતા. ઉપરના ગરગડા પટા વિના ફરતા હતા. એ ઝડપથી પોતાના સંચા પાસે ગયા. જોયું, જેને ઊભો કરતા હતા એ તો ઉમેદ મગન! એમનું અડધું ધોતિયું ચીરાઈ ગયું હતું, એટલે લગભગ નાગા દેખાઈ રહ્યા હતા. બધાને રમૂજ થતી હતી. અડધું ધોતિયું કમર પર ચીંથરાની જેમ વીંટાયેલું હતું. જમીનમાં ગટરની જેમ ગોઠવેલા પંખાની

જાળીમાંથી આવતી હવાથી ચીંથરું જાણે ધજા ફરકતી હોય એમ ફરકી રહ્યું હતું.

"ફાટેલું અડધું ધોતિયું ચ્યાં?"

બધા સવાલ સાથે આજુબાજુ જોવા લાગ્યા. રણછોડની નજર ગરગડા પાસે દંડા પર લટકી રહેલા અડધા ધોતિયા પર પડી. એ તો માંડ્યો હસવા.

"ઉમેદની બબ્બે ધજાઓ ફરુકઅ સઅ? જુવો પેલ્લી ગરગડાના દાંડા પર. ફરર ફરર..."

પશા નાથા બધાની સાથે ઊંચે જોવા લાગ્યા. ધોતિયું દાંડા ઉપર ધીમેથી ગોળ ગોળ ફરતું હતું. હજી લપેટાઈ ગયું નહોતું. લોકોને રમૂજ થઈ.

"આ તો ઉમેદની કૉયેલી ધજા."

"હારું સઅ કૉયેલી ધજાએ ઉમેદનો ભાર ના ઉપાડ્યો, ફાટી જઈ, નકર... ઉમેદ ધજા હારી સીધા ઉપરિયા પોંચી જ્યા વોત ભાની હૉડે..."

"હાચું કીધું."

"ખમ્મા; મારા ઉમેદ ભગતની કૉયેલી ધજા. ઈમનઅ બચારાનઅ બચાયા."

મુકાદમ દોડતા આવ્યા. બંધ થયેલા સંચા, દાંડા ઉપર ફરફરતું અડધું ફાટેલું ધોતિયું જોઈ એ પામી ગયા. કોઈ કારીગર પટાની ઝપટમાં આવી ગયો લાગે છે.

"કુંણ પટામઅ ફસઈ જ્યું. વાજ્યું તો નહીં?"

"ના વાજ્યું નહીં. ઉમેદની ધોતલી ફસઈતી, ફાટી જી..."

મુકાદમે બધાની વચ્ચે ઘેરાઈને ઊભેલા ઉમેદને જોયા. તેમની સ્થિતિ જોઈ બોલ્યા,

"અલ્યા? બાપડાની અસ્નઈ મેલો કાંક ટાટનો કકડો લાવો, પેરવા આલો. કોક જઈનઅ હાળ ખાતામથી જુના કાપડનો કકડો લી આવો. માસ્તરનઅ કૅજો."

કોઈ સાળખાતામાં જવા તૈયાર ના થયું. પશા નાથા જૂનો ટાટનો ટુકડો લઈ આવ્યા. ઉમેદને આપ્યો.

"લ્યો ઉમેદ આ ટાટ પેરો. અનઅ બધા વેરાવ. ખાસ વાજ્યું નહીં. પટામઅ પોત્યું આયું એવું ફાટી જ્યું લાગઅ સઅ, ઘાત જી."

બધા જવા લાગ્યા. એટલે મુકાદમ અકળાયા.

"મીં કીધું, હાળખાતામથી જૂનું કાપડ લી આવો. કોઈ ચ્યમ જતું નહીં?"

"ના જાય નઅ! દિયોર હાળખાતાવાળા સાલે ઢે... આયે, આઘા રો, કૅસઅ. ખાતામઅ જવાનું નઈ બાર ઊભા રઈ ભંજીયાની માફક બા વાળુ આલજો ઈંમ લૂગડું કુંણ માગઅ? તમે મકડદમ સો તે તમન આવું નઈ કે?"

મુકાદમને પશાની વાત સાચી લાગી. સાળખાતાવાળા મુસલમાન, પટેલ અને ઠાકોર એટલે ત્યાં આભડછેટ પળાતી હતી. આમેય મિલમાં જાતિવાર ખાતા વહેંચાઈ ગયેલાં છે. એટલે આભડછેટ તો હોય જ ને?

ઉમેદે ટાટનો ટુકડો વીંટી લીધો. બધા હોહો... કરતા વેરાવા લાગ્યા. મુકાદમે તેલવાળા રણછોડને પટા ગરગડા ઉપર ચઢાવવા કહ્યું. તેણે એક ફરતા ગરગડા પર પટો ચઢાવ્યો. બધા પટા ફરવા લાગ્યા. સાથે સંચા ચાલુ થઈ ગયા.

*

પશા નાથા મિલમાં ગોઠવાઈ ગયા. મિલમાં બધું કામકાજ મિલના ભૂંગળાના બોલવા સાથે જોડાયેલું હતું. કોઈ એને 'વિસલ બોલી' એમ પણ કહેતા. વિસલનું બોલવું, મિલના ચાલુ થવા, રિસેસ પાડવા કે મિલ બંધ થવા સાથેય જોડાયેલું હતું. સવારે છ વાગે કારીગરોને તેમના ઘેર જગાડવા વધારે લાંબો સમય વિસલ બોલે. બપોરે અગિયાર વાગે રિસેસની વિસલ બોલે. મશીનો બંધ કરવા ચાંપ પાડવામાં આવે. ગરગડીઓ અને પટાઓ, ફરતા બંધ થઈ જાય.

ધમકારમાંથી સૂનકાર થઈ જાય. નાનો સરખો અવાજ સંભળાવા લાગે. પહેલાં રાડો પાડીને બોલીયે તોય સંભળાતું ન હતું. ધીમે-ધીમે કારીગરો ખાતાનું બારણું ખોલી બહાર નીકળી આવે. કારીગરો ખાતામાં જેમ મોટેથી બોલતા હતા, એમ અહીં બહાર પણ મોટેથી બોલે. ચાલતાં ચાલતાં એકબીજાને પૂછે.

"અલ્યા... મધા તારૂં ભાત આયું?"

"હોવ્વે... છાપરીમાં પોંચી જયું અસે..."

બહાર નીકળતાં બધા વહેંચાઈ જાય. જુદી-જુદી પસંદગીની વ્યક્તિઓ કે દોસ્તી હોય એવી વ્યક્તિ સાથે ઝાડના છાંયે બેસે. સંચાવાળા સંચાવાળા સાથે તો ડોફર ડોફર સાથે બેસે. માસ્તર કે મુકાદમની ટોળીઓ જુદી જમવા બેસે. એમના 'ભાત' સમૂહમાં આવે. એ બધાની સાથે તો સાથી ભાગિયા કે વીશીદાર હોય! અલકમલકની વાતો ચાલે. મજાકમસ્તી ને ગાળોનો વ્યવહાર સામાન્ય. ગામ ગરાસને, અડપલાંની વાતો. આજે વળી ભગા નરસી મુકાદમની ટોળીમાં કોઈ મરણની વાત લઈ આવ્યું.

"ભૂદર મગન મરી જ્યા. ટેકરીવાળા..."

"હેં શું કીધું, ભૂદર હાચૂકલા મરી જ્યા?"

જાણે ભૂદર મગન સાચું મરે જ નહીં, એવું માનનાર કોઈકે મશ્કરીમાં પૂછ્યું. બધા ખડખડાટ હસ્યા.

"ચ્યમ 'લ્યા કોઈ ખોટું ખોટું મરઅ ખરું?"

"હોવ્વે, ભૂદર મગન આ તીજીવાર મરી જ્યા. કોક હમાચાર લાવે કે એ મરી જ્યા, તો ચારદાડે કોઈ હમાચાર લાવે કે મરવાની વાત ખોટી હતી."

"ના ઈંમ નઈં, આ પેલાંય હમાચાર આયા'તા ભૂદર મગન જ્યા?"

"જાય એ પાસો આવઅ કઅ નઈં? મરી જ્યા ઈંમ નતું."

પશા નાથાને ભૂદર મગનની વાતમાં રસ પડ્યો, એટલે ધ્યાનથી સાંભળવા લાગ્યા. તેમને કોઈના મોતની વાતને આમ મશ્કરીમાં ગણી લેવી એ સારુ ના લાગ્યું. વચ્ચે બોલવાની ઇચ્છા થઈ પરંતુ મન કાબૂમાં રાખી રહ્યા.

"મરવાનું તો હૌવનઅ સઅ?" વાત આગળ ચાલી.

"ઈંમનું મોત! અલી ફેરા જબરું થ્યું?"

"ઈંમની મિલવાળો કચરિયો કેતો'તો! પંદરદાડાની રજા મેલી ગામ જ્યા'તા, સોક'રાના લગન કરવા'તા!"

લગનની વાત સાંભળી વાત કરનારાઓમાં સહાનુભૂતિ ઊભરાઈ. તેમ છતાં કોઈએ મશ્કરીમાં પૂછી લીધું.

"લગન કરવાના હોય એકઅ મરવાનું નઈં! લગન તો સોકરાના અતા. કેતમઅ કીધું સઅ કઅ મૈણ, પૈણ અનઅ જૈણ બધુંય હારી વોય..."

"હાચું! મોત અવગતિયું થ્યું. રાતી થોડો વરસાદ થ્યો. આંગણામઅ ખાટલો ઢાળ્યો'તો... તે ઓહરીમઅ ભરેલા પૂળા પાહણ લીધો... ઊંઘ્યા તો ખરા, હવારે આખું શરીર લીલું કાચ જેવું."

પશા નાથા ધ્રૂજી ગયા, ચહેરો સાવ ઢીલો થઈ ગયો. જાણે તેમના ઘરની જ વાત હોય એવું લાગ્યું. એમના મનમાં જૂની સ્મૃતિઓ સળવળી. એમના મોસાળના ગામમાં મોસાળિયા ખેતી કરે. ઢોર પાળે. એમની માના બાપા, રાતે ઓસરીમાં ભરેલી ચાર પાસે કાયમથી સૂઈ રહેતા. એ બનાવની રાતેય સૂતા હતા. સાંભળેલું કે એ રાતે એમને શરીર ઉપર કંઈક પોચું પોચું, સુંવાળું ફરતું હોય એમ લાગેલું. હાથે કૈંક કૈડયાનો ઝડકો લાગેલો. જાગી ગયેલાં. ઘરનાંય

જાગેલા... પણ એમણે કહેલું,

"કંઈક સુંવાળું સુંવાળું અતું. કાંઈ નઈ... કાંક જીવડું અસે. કૈડી જ્યું, સુખરાત કરો હવારની વાત હવારે."

બાપા હાથના બે-ત્રણ ઝટકા મારી જીવડું જ્યાં કરડેલું ત્યાં ખણી લીધેલું. પછી સૂઈ ગયા. ઘૈડી માએ દીવો કરી જોવા કહેલું પણ માને એ બીજા, સવારે જાગ્યા જ નહીં. એમનાથી બોલ્યા વિના ના રહેવાયું.

"પૂળામઅ એરું ઝાંઝરું અસે..."

"ઓવ્વ, હાપ કૈડ્યો, ઈંમ વાત આઈ સઅ."

"ય્મ પસા તમનઅ. એરાઝાંઝરાની ય્ચાંથી ખબેર? તમે તો ઢોર પાળતાં નહીં."

"હાચું કું મકડદમ! મનઅ મારા ભા ઈયાદ આઈ જ્યા. ભૂદર મગનની પઠયમ હાપ કૈડેલો... પૂળામથી..."

એટલું કહેતાં કોળિયો શ્વાસનળીમાં અટક્યો. એમણે ખોં-ખોં કરીને કોળિયો બહાર થૂંકી નાખ્યો. આંખોમાં ઝળઝળિયા આવી ગયાં. જાણે ખરેખર એમના ભાને યાદ કરતાં આંખમાં આંસુ આવી ગયાં હોય. એમણે ઝટપટ જમવાનું પતાવ્યું. પણ સાપ કરડવા વિશેની જાત-જાતની વાતો થવા લાગી.

"આ હાપે ભૂદર પાહણથી બદલો લીધો અસે, જ્યા જલમનો. હાપ મરઅ તોય આપણું મુંઢું, ઈની આંસ્યોમઅ છપઈ રે! પછી નવો જલમ લેઈ બદલો લે!"

"ના લે. બચારો જીવથી જાય. પસઅ બદલો લેવા ય્ચાણઅ આવઅ..."

લોકોને પશા નાથાની વાત ગળે ના ઊતરી. એનો વિરોધ કરવા સાપને અગ્નિદાહ દેવાની જાણીતી લોક વાયકા યાદ કરવામાં આવી.

"બદલો ના લે એ વાત હાચી. પણ કાંટા ભેળા કરી ઈનઅ જી રેડી બાળ્યો હોય તો, નકર બદલો લે એ વાત હાચી..."

મિલની રિસેસ પૂરી થવાની વિસલ થઈ. સાપની વાત અટકી. પણ... પશા નાથા એમના ભાના મોતની વાત તાજી થતાં દુઃખી થયા.

*

બીજે દિવસે મિલની રિસેસમાં ભૂદર મગનની રણછોડ નવી વાત જાણી લાવ્યો. હવે... દીકરાના લગન નહીં પરંતુ ભૂદર મગનનું બારમું કરવું પડશે. લગ્ન માટે ખરીદેલી સઘળી સામગ્રી જાણે... એમના બારમા માટે જ ખરીદાઈ હોય એવું થયું.

"આય જબરું, કરમ કાઠું હોય તો છોકરો કુંવારો બેઠો રે અને લોકો શીરો ઝાપોટી જાય. કુદરત રૂઠી તે ઑંનું નામ..." કોઈએ બળાપો કાઢ્યો.

"આ બારમું ના કર્યું વોય તો...!" પશા નાથાએ જુદી વાત કરી. બધાને ના ગમ્યું.

"અતો પંચાત્યો. ભૂદર મગન. હો મણ મેઠું ખઈનઅ તણઈ જૉય કો', તમારા પરગણામઅ ઈંમ થતું અસે. અમારઅ નઈ."

"ય્ચાં તણઈ જ્યો?"

"એ તો બારમું ના કરઅ તો વાત મંડાય, નઅ કેવાય."

કોઈએ જાણે આખા સમાજની ચિંતા પોતાને માથે હોય એ રીતે વાત કરતાં પશા નાથાનો વિરોધ કરતા બોલ્યો.

"જુઓ, દરેક વાતમાં તમે આડી જીભ કરો સો. કોકનું બારમું થાય તો તમારું હું જાય સઅ? લોક લેંહ-લેંહ કરતા પાંચ-દહ ગઉ હેંડતાં-હેંડતાં જાય. ભૂખ્યા તરસ્યા પાસા આવઅ એ હારું કેવાય?"

"ય્યમ કૉંણમઅ ટોઠાનો રિવાજ નહીં? જાર-ચણા કઅ ઘઉં લી જઈએ સીએ. ઈંયા જઈ બાફી નહીં ખાતા. બારમું કરી ખઈનઅ અઘવાનું?"

"ય્યમ ઑંમ કોસો. ભૂદર મગનના શિરાનું ખાતું તમારા ભાજે આયું સઅ. વિરોધ કરો સો."

કોઈકે તેમના પર સીધો પ્રહાર કર્યો, એ સમસમી ગયા. બોલનાર તરફ કરડી નજરે જોયું. એકાદ અડબોધ મારવાની ઇચ્છા થઈ. એમને મજૂર મહાજનની ઑફિસમાં સાંભળેલી વાત યાદ આવી.

"પસાભઈ! તમે નાતબારમાના વિરોધની વાત સ્વીકારો છો? તમારા સમાજમાં આ વાત મૂકશો તો લોકો તમને મૂરખ કહેશે. તમારે એમ મૂરખ થવાની હિંમત હોય તો..."

"સઅ હેંમત એટલઅ તો આ ગૉંમડું સોડી મારા ગાંમ્મઅથી પેલો મું નેંહર્યો. આ વાત મિલમઅ તો કરે."

"સારું, તમારી વાત સાથે હું સહમત છું. કોઈએ તો માથે લેવું પડે..."

તેમને સીધા જવાબદાર ઠરાવતાં ચર્ચા થોડી વાર માટે રોકાઈ ગઈ. મિલમાં કોઈ તેમની વાત સાથે સહમત થાય તેવું કોઈ હતું જ નહીં. નવી વાત સ્વીકારવા જેટલી માનસિકતા સમાજમાં આવી ન હતી. ચર્ચા આગળ વધી.

"આ પસાના ભાજે શીરો ખાવા જવાનું આવશે તો?"

"એ શીરો ખાવા શેના જાય... ભૂદર મગન ઈંમના પરગણાના નથી, જૉંનમઅ કોઈ જૉંણ નઈ નઅ વરનો..."

પશા નાથા છેડાઈ પડ્યા. પેલાની વાતને વચ્ચેથી અટકાવતા બોલ્યા.

"મારઅ તો કૉંઈ શીરો ખાવો નહીં. મું ઈમનઅ ઓળખતોય નહીં.... આ આપણા સમાજમઅ તો ઘરમઅ હોલ્લાં હડમહડા કરતાં વોય નઅ કે પરગણાનઅ શીરે ખવડાવો. ઈની હાઁમે વાંધો સઅ... તમાર વાત હાંભળવી હોય તો હાંભળો. મારઅ કાંઈ તમારી પંચાતી કરવી નહીં..."

તેમને આમ ગુસ્સે થયેલા જોઈ બધા ચૂપ થઈ ગયા. મિલની રિસેસ પૂરી થવાની વિસલ બોલી. હડુડુડુ કરતા બધા ઊભા થઈ ખાતાના દરવાજા તરફ દોડ્યા. થોડી વારમાં માનવીનો અવાજ મશીનના અવાજમાં ખોવાઈ ગયો. પણ પશા નાથાના મનમાં ન જાણે ક્યાંય સુધી વિચારોની ઊથલપાથલ થતી રહી.

*

# 16

**ર**જાના દિવસની સાંજે, મુકાદમ નિરાંતે ખાટલામાં આડા પડ્યા હતા. રજાનો દિવસ આમ તો તેમને તુલસીકાંટે દારૂના પીઠે જવાનો હોય. પણ તબિયત જરા નરમ હતી. ઘરવાળીએ નરમ તબિયતમાં ઘેર રહેવા કહ્યું હતું. તેમની ઘરવાળીને આજે નિરાંત હતી કે એ પીઠે ના જાય એટલે ઘરમાં કંકાસ થવાનો ડર ઓછો. ભાગિયા આજે શહેરમાં ફરવા ગયા હતા. કોઈ ગામડે ગયા હતા. ઘરમાં શાંતિથી રાંધવાનું કામ ચાલતું હતું. ચાલીના નાકે છોકરાં ધમાચકડી મચાવી રમતાં હતાં. નીકના ગંદા પાણીમાં પથ્થર નાખી એકબીજા ઉપર ઉડાડતાં હતાં. મુકાદમે આ જોયું, તેમને થયું કે છોકરાઓને નીકથી દૂર જવા કહે. થાક, આળસ ને નરમ તબિયતને લીધે એ જોઈ રહ્યા. ત્યાં ચાલીને નાકે મહાજનના પ્રતિનિધિ છગન અને પશા નાથા એકબીજાનો હાથ પકડી ચાલીમાં પ્રવેશ્યા. મુકાદમને નવાઈ લાગી. એ ખાટલામાં બેઠા થઈ ગયા. એમને આ બન્નોનું સાથે આવવું ગમ્યું નહીં. પશા નાથા ભાષણ સાંભળવા રાણીબાગ ગયા હતા, તો પછી આ છગન ક્યાંથી એમની સાથે થઈ ગયો. ‘‘આ મિયાં ને મા’દેવ, કાંક ગળો ગંઠતા લાગઅ સઅ?’’ એ હળવેથી બબડ્યા. સાવધાન થઈ બન્નોને નજીક આવવાની રાહ જોવા લાગ્યા.

‘‘આવો સગા પરતિનિધિ! આ બાજુ ભૂલા પડ્યા કાંઈ? કાંક નવા જૂની... ચ્યમ પસા રાંણીબાગ જી આયા?’’

છગને હસીને મુકાદમ સામે જમણો હાથ લંબાવી રામ રામ કર્યા. પશા નાથાએ જવાબ ન આપ્યો, એક બાજુ ખસીને ઊભા રહ્યા.

‘‘ભૂલા તો સેનું પડાય. માજનની ઑફિસેથી રાંણીબાગ નેતાનું ભાષણ હાંભળવા જ્યોં! ઈયાં પસોનઅ મોહન મલી જ્યા. ગુરુ ચેલો, થ્યું હેંડો મકડદમને મલીએ, હેંડ્યો આયો, હારી હારી.’’

મોહન ચાલીને દરવાજે ડોકાયો. મુકાદમે મોહનને આવતા જોયો. એ ચમક્યા. એમને લાગ્યું કે આ છગન બેયને ભોળવતો લાગે છે. બહુ ચેતીને વાત કરવી પડશે.

‘‘લ્યૉ તમે હારું કર્યું, પસા જોડે બેઠક વધારી. એ જબરા બોલકા માણસ સઅ.’’

મુકાદમને જૂની ઘટના યાદ આવી. એ પોતે મહાજનના પ્રતિનિધિ બનવા માગતા હતા, ત્યારે છગને તેમના કેટલાક માણસોને દારૂ પિવડાવીને પોતાના પક્ષમાં કરી લીધા હતા. મહાજનનો પ્રતિનિધિ એ થઈ શકે જે દારૂ ના પીતો હોય. સાલો! છગન દારૂ પીવે છે ખરો. હજી સુધી પકડાયો નથી. મને દારૂડિયો જાહેર કરી દીધો. એટલે મહાજનના સાહેબો મને પ્રતિનિધિ થવાનું ‘ફોરમ’ જ આપતા નથી. પશા નાથા એક વાર કરશનની ફરિયાદ લઈને માસ્તર પાસે ગયેલા અને માસ્તરે તેમની વાત માની લીધેલી. બસ, પ્રતિનિધિએ ત્યારથી તેમને નજરમાં ઘાલ્યા લાગે છે. આ મોહન પણ ગૂલાંટ ના ખાય તો સારું.

‘‘હાચું કીધું!’’, છગને પશા નાથા સામે જોયું. હસ્યો.

‘‘બેહો, ગુજરિયું મંડાવું. આજ રજા સઅ, આંમ તો તળસીકાંટે આંટો મારી આઈએ. આ પસો ભગત સઅ. પગે બેડી બાંધી સઅ. તમનઅ મા’જન વળજી સઅ.’’

‘‘મનઅ ખબેર સઅ એ દારૂ નહીં પીતા. મારઅ કાયમ અપ્પા સઅ. મારઅ... એક વાત પૂસવી સઅ?’’ છગને ઠાવકાઈથી વાત આગળ ચલાવી.

‘‘પૂસો...’’ મુકાદમે આગ્રહ કર્યો હોય એમ માથું હલાવ્યું. મનમાં થયું કે આ વાત પૂછવામાં જ કાંક ભેદ હોવો જોઈએ. છગન કાબો છે, સંભાળવું પડશે.

“પેલા ચીમન માસ્તરનઅ તમે ઓળખો સો?”

“હોવ્વે ભઈ, ઇમનઅ કુંણ ના ઓળખઅ? કલોલવાળા... ભોલ...”

“ઈંમને મનઅ હારો હોંચાવાળો હોંધી આલવાનું કૉંમ હુપ્યું સઅ... કૉં?”

“તો જોવ ગૉંમડેથી કોકનઅ લી આવો.”

મુકાદમે પટ્ટ દઈને જવાબ આપ્યો. નારાજગી દર્શાવી. છગનને એમની નારાજગી સમજાઈ એટલે નરમાશથી કહ્યું.

“ઈંમ નઈ... મકડદમ, તીયાર... હોંચાવાળો. બગડી ચલાવઅ એવો. પગાર બેઆના વધારઅ...”

“લ્યૉ, કૉ તમે બગડી ચલાવો એવા સો જોવ. આંય એક સોકરો મદદમઅ લ્યો સો? ઈયાં બે છોકરા મદદમઅ લેજો.”

મુકાદમે સીધું પરખાવી દીધું. છગન જલદી હારી જાય એવો ન હતો. મહાજનમાં જઈ આંટીઘૂંટીમાં કેમ રસ્તો કાઢવો એને આવડી ગયેલું. પણ અહીં, પાકો ખેલાડી સામે હતો. ખાસ સંભાળીને વાત કરવી પડે.

“મકડદમ, આ પશા નાથાને ત્યાં મોકલીએ તો? જો તમે ઇંમનઅ હા પાડો તો...”

મુકાદમે લાંબો હાથ કરી છગનને બોલતો અટકાવ્યો. પોતાના પક્ષના એક સારા માણસને ઓછો કરવાની ચાલ એમને સમજાઈ. પશા નાથા જાય તો પાછળ મોહન ત્યાં ગયા વિના રહે નહીં. આમ બે કારીગર ઓછા થાય. એ પોસાય નહીં.

“ઈંમ? મું હા પાડું. ચ્યમ મારા બે કારીગર ઓછા કરવા સઅ, આમ કલુડીમઅ ગૉળ ભાગવાનું રવા દયો.”

“ઈંમઅ કલુડી ચ્યાં આઈ? મેં પસાનઅ પુસ્યું તો એ કે મકડદમનઅ પૂસવું પડઅ. એકઅ પૂસ્યું. તમારી ભેળાએ વીસીમઅ રસઅ એકઅ.”

“તમે વીસીમઅ રાખજો... ચ્યમ? જૉવ લેઈ જૉવ.”

છગનને લાગ્યું કે વધારે વાત કરીશું તો વાત વણસી જશે. એટલે બોલવામાં નરમાશ લાવી બોલ્યા.

“મકડદમ, વાત વીસીમઅ રાખવાની નથી.”

“જે હોય એ... વાત પડતી મૅલો. હાહરું, અજી હુદી ગૂજરું ચ્યમ ના આયું? ભઈ મોહન જા, જોજે...”

સામે ઊભેલો મોહન ઘરમાં જવા લાગ્યો. એટલે છગને મોહનને રોકતાં કહ્યું.

“રવા દે મોહન મારઅ ઉતા સઅ. પૂસવું'તું, પૂસી લીધું!” એ ખાટલામાંથી ઊભો થઈ, ચાલીના કોટના બારણાં તરફ જવા લાગ્યો.

*

છગન ગયો. મુકાદમ પશા નાથા માટે ખાટલામાં બેસવા જગા કરવા થોડુંક ખસ્યા. તેમની સામે જોઈ હસ્યા.

“પસા, સગનની વાતમઅ કાંઈ હમજ પડી? બેહો.”

એ ખાટલાની અદાણી તરફ બેઠા, મુકાદમ સામે જોયું.

“સાલું થોડી હમજ પડી, થોડી ના પડી.”

“પસા, તમે મનઅ આંબા-આંબલી ના વતાવો. મું તમારા જેવો પંચાતિયો નહીં. બોલવામઅ એક ઘા નઅ બે કટકા. હાંભળો, કરસનવાળી વાત યાદ સઅ?”

“ચ્યમ ના હોય?”

“એકઅ, સગન તમનઅ બાલાપીરિયામથી કાઢવા માગઅ સઅ. કૉ?”

"ઈમ..." પશા નાથા ચમક્યા. આ એમણે વિચાર્યું જ નહોતું. એમને તો છગન ભલો આદમી લાગતો હતો. એ મુકાદમ સામે જોઈ રહ્યા. આમ તો એમને ખબર હતી કે મુકાદમ કાંઈ ઓછા ખેલાડી નથી. કદાચ આ વાત સાચી પણ હોય. એમણે વાત પાકી કરવા વિચાર્યું.

"મું આંયથી જવ તો ઈમનઅ હું મલઅ કૉ?"

"એ જ વાત સઅ પસા? તમે કરસનને લેઈ માસ્તર પાહણ જ્યા. માસ્તરે તમારી વાત માંની ખરી કઅ નઈ?"

"ઓવ્વઅ માંની."

"તારથી ઇનઅ ભોં પેઠો કઅ, આ નવો આગેવાન આયો. ચ્યાંક આગેવાની પડાઈ ના લે... ચ્યમ?"

"મારઅ તો આગેવાનેય નહીં થવું કઅ પરતિનિધિય નહીં થવું. આ તો બે પૈસા વધુ મલઅ એવી વાત અતી એકઅ. જેનઅ જે થવું વોય એ થાય. મનઅ રોટલો મલઅ બસ્ય, રાજી."

પશાએ પોતાની વાત કહી. મુકાદમને તેમની વાતનો વિશ્વાસ બેઠો નહીં. એમણે ઝીણી આંખો કરી પશા સામે જોયું.

"તમે સેના રાજી! ઝાંપઅ કારીગરોનઅ ભેળા કર્યા તા' કઅ નઈ? મારા ધ્યાનમઅ અતું."

પશાએ મુકાદમ સામે જોયું. તેમના મનમાં પોતાના વિશે શંકા ઊભી થઈ હતી. મેં કારીગરો સાથે વાત કરી હતી એ તો જાહેર વાત હતી, એમાં ધ્યાનમાં રાખવા જેવું શું હતું?

"મલ્યાનું મું ચ્યાં ના પાડું સું. મું તમનઅ કેવાનો અતો, બધા હારી વોય તાણઅ ના કેવાય."

"મને ખબેર સઅ."

"તમનઅ ખબેર વોંય એ હારૂં કેવાય. આ સગન કિંસઅ, મીં ભાળ્યું સઅ. જે પરતિનિધિ થાય એ કૉમ ના કરઅ. ઈની લંભેણ બીજા ચલાવઅ. કોકનઅ બે જણાંનું કૉમ કરવું પડઅ. મન તો એ ના પાલવઅ. મેનતનું મળઅ ઇમઅ પરભુ રાજી રઅ."

"પસા, ખોટું ના લગાડશો. ભલઅ ગમઅ એ કરો. સગનનઅ તો, આ પસો જાય તો આગળ કોઈ હોમો ના આવઅ. ઈમનું ઘોડું દોડતું રઅ."

"મકડદમ, મારઅ તો આજેય નઈ કઅ કાલેય નઈ. આગેવાની કરવી નહીં. આપણ કાંક કરવું વોય તો નાતમાં ચ્યાં વચ્ચી બેહાતું નહીં. મારઅ અમઅ ગૉમ્મય જવું નહીં, ઈંયા ઢે... થઈ રેવા કરતાં, લોઢાનઅ બાથો ભરવી હારી. અમઅ હોડ હોડ થવું નહીં."

પશા નાથા ગળગળા થઈ ગયા. થોડોક અવાજ રૂંધાયો. મુકાદમને લાગ્યું કે આ માણસ સાચો છે, છગન જેવો બે મોઢાળો નથી. માણસ ડાહો ખરો.

છગનની વાતથી તેમનું મન ખાટું થઈ ગયું. આમ તો સ્વભાવ જ એવો કે કોઈને અન્યાય થાય તો એમનો જીવ કકળી ઊઠતો. સિદ્ધપુર મિલમાં પ્રતિનિધિ તો શું માસ્તરને સંભળાવી દેતા. બધા તેમને ઊખડેલ મગજના સમજતા. કારીગરો તેમને ખાનગીમાં સહકાર આપતા. માનવીનો સ્વભાવ એક વાર ઘડાય પછી એમાં સુધારો થઈ શકતો નથી. એ ન્યાયે અહીં બાલાપીરમિલમાંય કોઈનેય અન્યાય થાય તો તેમાં કૂદી પડતા. આ તો કરશનની વાતે આટલું નાટક થઈ ગયું. તે પહેલાં એમણે મોહનનું ઉપરાણું લીધેલું. થ્રોસલ ખાતામાં હોહા થઈ ગયેલી. મોહનનો ગુનો નહોતો એ સૌને સમજાઈ ગયેલું. થોડી વાર ચૂપ રહી એ મુકાદમને કહેવા લાગ્યા.

"મકડદમ, હાહરી આતો ટેવ પડી. અવઅ ના જાય. ગૉમ્મમાં ઘણી વાર એરાન થેલો.

આંય આઈનઅ ચ્યાં જપ સઅ, કેતમઅ કીધું સઅ પડી ભાત ના જાય.''

મોહન ગુજરિયું ભરી લઈ આવ્યો. મુકાદમને આપ્યું. પશા નાથા વિચારમાં પડ્યા. એ મોહન સાથે અહીં આવ્યા, ત્યારે બધું બરાબર લાગતું હતું. પણ સિદ્ધપુરમાં જેવી જોહુકમી કારીગરો ઉપર ચાલતી, ગાળાગાળી થતી એવું બધું જ અહીં હતું. અહીં વીશીમાં જે કારીગર રહેતા હતા તેમને નિરાંત હતી. બાકીનાને તું તારી સાંભળવી પડતી. એટલું સારું હતું કે તેમને કોઈ કાંઈ કહેતું નહીં. કામમાં તો તેમને કોઈ પહોંચે એમ ન હતું. તેમના ઘણી વાર વખાણ થતા. માસ્તર આંટો મારવા આવે ત્યારે કહેતા.

''જુઓ આ લંભેણ, એકે તાર તૂટેલો છે? બીજા તો તાર તો શું સબરગઠ્ઠાએ રૂ ભરી રાખે.''

માસ્તરને તો ઘણી સત્તા હતી. ગમે તે કારીગરનો ઝાંપો બંધ કરાવી શકતા. લાપોટ-ઝાપોટ માટે તેમને કોઈ પૂછનાર નહોતું. બધા કારીગર તેમનાથી ડરતા. મુકાદમ અને તેલવાળો તેમનાથી દૂર રહેતા. છગન જરાય ડરતો નહીં.

પશા નાથાને આ બધું ગમતું નહીં. ઘણી વાર થતું કે બીજી મિલમાં જાય તો કામ મળી જાય. અહીં બધા સાથે જીવ મળી ગયો હતો. મુકાદમે એમને સિદ્ધપુર મિલમાંથી ખાસ બોલાવી ઉપકાર કર્યો હતો. તેમને છોડી જવું સારું ના લાગે. એમની ઇચ્છા તો કુટુંબને અહીં તેડી લાવવાની હતી. તેનો બંદોબસ્ત થઈ થઈ શક્યો ન હતો.

એમને મોહનનું ઉપરાણું લીધાની વાત યાદ આવી. મોહને ડોફ ભરાવતાં એક સંચાના વધારે તાર તૂટયા. સંચાવાળો જઈને તેલવાળાને બોલાવી લાવ્યો. તેલવાળાએ તો મોહનને મનફાવે તેવી મા-બેનની ગાળો દેવા લાગ્યો. મોહનનો મિજાજ ગયો, સામે બેચાર ચોપડાવી. ફરિયાદ માસ્તર પાસે ગઈ.

માસ્તર સ્વાભાવિક રીતે તેલવાળાનો પક્ષ લે. મોહને બૉબિનની ટોપલી નીચે મૂકી, તેલવાળાને માસ્તર પાસે આવવા કહું. માસ્તર તો મોહન ઉપર ગરમ થયો.

''તું ટોપલી નીચે મૂકી અહીં આવ્યો જ કેમ?''

માસ્તરે મોહન પર ગાળોનો વરસાદ વરસાવ્યો. પશા નાથા, મોહન પાછળ માસ્તર પાસે આવ્યા. તેમનાથી આ સહન ના થયું. એટલે, માસ્તરને બે હાથ જોડી કહ્યું.

''માસ્તર, ટોપલી મેલી મોહન આંઈ આયો સઅ. ઈમઅ ઈની મા-બેનની ગાળો ના બોલો. મોહનને તમારે જે કેવું હોય એ કૉ?''

''તું કોણ મનઅ કેવાવાળો...?'' માસ્તર તડૂક્યા. પશાને મારવા લાફો ઉગામ્યો. મોહને એમનો હાથ પકડી લીધો.

''માસ્તર... મનઅ જે કેવું હોય એ કૉ, પસા કાકાનઅ હાથ અડાડ્યો તો મારા જેવો કોઈ ભૂંડો નહીં. પોત્યામઅ પેહી જી તમારી ટોપલી, આ તમારી એક મિલ ઉપરિયાં સાપ મારી નહીં?''

ધીરે-ધીરે ત્યાં કારીગરો ભેગા થવા માંડ્યા. કોઈકે પ્રતિનિધિને યાદ કર્યા, એ બહાર ગયા હતા. માસ્તરને લાગ્યું કે જો પોતે હવે કાંઈ બોલશે, ને લાપોટ-ઝાપોટ કરવા જશે તો આ મોહન મારી સામે હાથ ઉગામશે. મોહનને તો શું? પોતાની આબરૂ જશે. વળી માસ્તરના કારીગર મોહનને મારવા તૈયાર થઈ ગયા હતા. માસ્તર ગભરાયા. વધારે ગરબડ થશે તો મૅનેજર સુધી વાત જશે? એમ સમજી મોહનને મારવા તૈયાર થયેલા કારીગરોને કહ્યું.

''જાવ બધા, કામ કરો. મોહન હાથ છોડ. જાવ ટોપલી લેઈ ડૉફ કાઢો... ભઈ, તમે આમ ફંદ કરો એ સારા નથી.''

એમણે તેલવાળાને તતડાવ્યો. પશાને કહ્યું.

"તમે વચ્ચે આયા તે સારું થયું, નહીંતર વાતનું વતેસર થાત. જાવ બધા. તમારઅ ક્યાં મિલનો ટોટો છે. મારે આ મિલ ચલાવવી છે."

માસ્તરને નરમ થયેલા જોઈ બધા અચરજ પામ્યા. આમ કોઈ વચ્ચે પડીને વાત કરે તો બેયનો ઝાંપો બંધ કરાવતાં, માસ્તર આજે સાવ ગરીબડા થઈ ગયા.

બધા કામે વળગ્યા. ડૉફ ઉતારી બૉબિન ભરાવાયાં. તેલવાળાએ ગરગડા ઉપર પટા ચઢાવ્યા. ચાંપ પડી. સંચા ચાલવાનો ઘમકાર ખાતામાં ફરી વળ્યો. પશા નાથા એક તાર ભરેલું બૉબિન બગલમાં દબાવી તૂટેલા તારના બૉબિનને લપેટ મારવા પોતાની લંભેણમાં ગયા.

*

ચાલુ મિલે પશા નાથા ખાતા દરવાજામાંથી બહાર આવ્યા. મોઢે ચોંટેલી રૂની પૂમ-રજોટી પર હથેળી ફેરવી સાફ કરી. ધોતીનો કાછડો છૂટો કર્યો. ધોતીના છેડાનો ડૂચોવાળી હાથથી મોઢે અને નાકે દાબ્યો. પતરાની દીવાલોના જાજરૂમાં જઈ ઊભા રહી પેશાબ કરવા લાગ્યા. દીવાલને પેશાબની ધાર અથડાવાથી થતા અવાજને ધ્યાનથી સાંભળવા લાગ્યા. એમને શહેરની પાકી દીવાલની મુતરડી યાદ આવી. મનમાં બબડ્યા,

"આઁય! જાજરૂમઅ મુતરવાનું, અઘણ-મૂતર ભેળાં. નકરી ગંધ, શેરમઅ મુતેડી ડબ્બા વનાની... એકલી...!"

મોઢે દાબેલો છેડો વધારે જોરથી દાબ્યો. માથું હલાવ્યું. જાજરૂના ભોંયતળિયે ગોઠવેલા પતરાના ડબ્બા તરફ નજર ગઈ. જાણે મોટી ભૂલ થઈ હોય એમ ત્યાંથી નજર ફેરવી આડું જોયું.

"ઈયાં... આવી ગંધ ના આવઅ, મૂતર હોડાય. બધી નાત જાતના લોક ભેળા મૂતરઅ... આઁય તો સાવકારનઅ ઢે... જુદા... ઓરગણાનો વારો આંબલિયોંમઅ."

એમને નવો વિચાર આવ્યો. "બધાં ભેળાં અઘઅ-મૂતરઅ તો અઘણ નઈ અભડાતાં વોય?"

એમને રમૂજ થઈ. હસવાની ઇચ્છા થઈ, પણ નકરી ગંધમાં મોઢા પરથી ડૂચો હટાવવાની હિંમત ચાલી નહીં. એ જાજરૂમાંથી બહાર આવ્યા. દૂર જઈ મોઢા પરથી ડૂચો હટાવી, કાછડો સરખો કર્યો. ખાતાના દરવાજા તરફ જવા લાગ્યા. મનમાં થયું કે.

"ભેળાં અઘણ-મૂતરની વાત બધાને કીધી હોય તો?"

પોતે સવાલ કરી, જવાબ શોધવા લાગ્યા. ચહેરે થોડીક ગંધની ચીડ અને હસવાના ભાવ ઉપસ્યા.

ઊભા રહીને પાછળ જોવા લાગ્યા. કોઈને જાજરૂ બધા માટે એક કરવાનું સૂઝતું નથી. આમાં આ "ગાંધીવાળું કર્યું હોય તો?" એ ખડખડાટ હસ્યા. સાથે સિદ્ધપુર મિલ યાદ આવી. ત્યાં મુતેડી... જાજરૂ હતાં. કોઈ એમાં જાય જ નહીં. મિલમાં તો ફક્કા-મેદાન, ઝાડ... કોટ પછી ગંધમાં કોણ જાય. જેટલા દૂર મૂતરવા જાય, એટલો થાક ઊતરે!

કોઈક એમને ઘસાઈને નીકળ્યું. એ કંઈક કહે તે પહેલાં જ સવાલ આવ્યો.

"પસાકાકા, ચ્યમ ઊભા સો?"

જવાબની રાહ જોયા વિના એ વ્યક્તિ જાજરૂ તરફ આગળ વધી ગયો. પશા નાથાએ એને ઓળખ્યો. કરશન ટોપલાવાળો. એણે ખાતામાંથી સૂતરના તાર લપેટેલા બૉબિન ટોપલામાં ભરીને સાળખાતામાં પહોંચાડવાના. સ્પિનિંગ ખાતામાંથી તારવાળા બૉબિનનો ટોપલો સાળખાતાના બારણાની અંદર મૂકવાનો અને ખાલી થયેલાં બૉબિનનો ટોપલો ત્યાં પડ્યો હોય તે પાછો લઈ આવવાનો. સાળખાતામાં અંદર જવાની છૂટ નહીં. એક વાર એવું થયું કે કરશન કોઈકની સાળ પાસે ગયો. કારીગરને અડી ગયો. થઈ રહ્યું આખું સાળખાતું

કરશનની આજુબાજુ ગોઠવાઈ ગયું.

"કરશનિયા... સાલ્લા... ભેણચો.. આખું ખાતું અભડાઈ માર્યું."

"સાળ પાહણ આયો જ કેમ?"

"બીજી વાર અહીં પેઠો તો ઝાંપો બંધ કરાઈ દઈશું."

કોઈ દંડો લઈ આવ્યો. દંડાથી ગોદા માર્યા.

કરશને આવીને છગન મેમ્બરને વાત કરી. છગને તો ચોર કોટવાળને દંડે એવો ઘાટ કર્યો.

"તું ખાતાની અંદર જ્યો જ હું કૉમ? તારઅ ટોપલો દરવાજામઅ મેલવાનો... ખાલે બાબિલ લી આંબ્બાનાં."

"મું તો જોવા..."

"આઁય... જોવાબોવાનું નઈ. સોનામોનાં કૉમ કરવાનું. અંદર કોઈનઅ અડ્યો નતો નઅ?"

પશા નાથા હાજર હતા. છગનની વાતથી એ અકળાયા.

"એ અડ્યો, કાંઈ આભલું પડી જ્યું. તમેય મેમ્બર આપણા માંણસોનઅ ટૈડકાવો સો. પેલા દિયોર ગમે જે કરઅ આપણો ગનો. માસ્તરનઅ કૉ?"

"મું મેમ્મર સું... પરતિનિધિ. હું કરવું મનઅ ખબેર સઅ. આવી વાતમઅ માસ્તર પાહણ ના જવાય. તમારઅ બવ લાગતું વોય તો તમે જૉવ. મું રજા આલુ સું."

પશા નાથાને ગુસ્સો આવ્યો. એમણે કરશન સામે જોયું.

"બોલ કરસન, માસ્તરનઅ કેવું સઅ? મું હારી આવું સું."

"હેંડો...?" કરશને હિંમત દાખવી.

મેમ્બર જોતા રહ્યા. પેલા માસ્તરને મળ્યા. માસ્તરે તેમની વાત સાંભળી અને તે બાબતે સાળખાતાના માસ્તરને વાત કરી. સાળખાતાના કારીગર ઢીલા પડી ગયેલા. એક સમજદાર કારીગરે કરશનને બિરદાવેલો.

"હારું કર્યું કરસન... માસ્તરનઅ કીધું. આઁય બધા દોઢ માસ્તર સઅ, એ ગાંડમઅ મુંઢું ઘાલી જ્યા. આઁય મજૂરી કરવાની, ઈંમય ઊંચો-નૅંચો..."

આખા ખાતામાં આ વાત ફેલાણી. ત્યારથી પશા નાથાનો વટ પડી ગયેલો. ભગા નરસી મુકાદમે તો તેમને શાબાશી આપેલી.

"હારું કરીએ તો હૌવનઅ ગમઅ. બોલો તમારઅ મેમ્મર થવું સઅ? તમારા જેવો મેમ્મર હોય તો કારીગરની વાત તો હંભળાવઅ..."

આ વાત મુકાદમે છગન ચાલીમાં આવીને ગયો ત્યારે તેમને યાદ કરાવેલી. એ હસ્યા.

સ્પિનિંગ ખાતાની બારીનો અડધો દરવાજો ખૂલ્લો થયો. એક ચહેરો ડોકાયો. એણે આંગળી અંગૂઠો ભેગા કરી, મોંમાં જીભ નીચે રાખી વિસલ મારી. એમનું ધ્યાન ગયું. એ તરફ ગયું.

"એય... પસા નાથા... અંદર આવો."

બારી બંધ થઈ. પશા નાથા ખાતાના દરવાજેથી અંદર દાખલ થયા.

*

# 17

સવારે મિલો ચાલુ થવાના અને સાંજે મિલ બંધ થવાના સમયે ભૂંગળાં બજી ઊઠે. બાલાપીર મિલ, મંજૂશ્રી, આર્યોદય, અસારવા એમ કેટલીય મિલોનાં ભૂંગળાંની ચીસો સંભળાય. કેટલીક મિલોનાં નામ તો સગવડતા ખાતર પડાયેલાં. હસી જવાય એવાં... સાંજે ઘાઘરા મિલ, પથરા મિલ, હાડકા મિલ... ભૂગળાં બોલે એટલે કારીગરો ધીમે-ધીમે મિલોમાંથી નીકળી પોતાની ચાલીઓમાં પહોંચી જાય.

પશા નાથાને શરૂઆતમાં ભૂંગળાં સાથે તાલ મેળવવો અઘરું લાગતું હતું, પણ... મનમાં થતું કે પાછા પડવું નથી. આ પલાળ્યું છે, તો હવે મૂંડાવવું... એ જ સાચું, વચ્ચેથી ભાગી જઈએ તો કહેણી રહી જાય.

એ મિલમાંથી બહાર નીકળે. ત્યારે રોડ ઉપર મ્યુનિસિપાલિટીએ ઊભા કરેલા લાકડાના થાંભલાઓ ઉપર, કાચના નાના પીંજરાઓમાં ઘાસતેલિયા દીવડાઓ સળગે. તે જોતાં એમના મનમાં સળવળાટ થાય. અહીં જોયેલી દરેક વસ્તુને ગામની વસ્તુ સાથે સરખાવે. પહેલી વાર એ મિલમાંથી દિવસ ભરીને સાંજે બહાર આવ્યા હતા, ત્યારે તો ઘડી વાર માટે થાંભલાઓના દીવા સામે જોઈ રહ્યા હતા.

પાકો રસ્તો છોડી ચાલી તરફ અંધારું. ચાલીમાં જઈએ એટલે ઘરોમાં બળતા દીવડાઓનું અજવાળું બારણાં વાટે ચાલીને અજવાળે. મુકાદમને ઘેર ઘાસતેલની ફાનસ. એને એમના ઘરની ઓસરીની કૂંભી પર ખીલી મારીને લટકાવી હોય. એ ત્રણ-ચાર ઘરના આંગણાંને અજવાળે. પોતેય સિદ્ધપુરમાં ફાનસ લાવેલા.

એ બધાની સાથે ચાલીમાં પ્રવેશ્યા. આખી ચાલી જાણે સળવળી ઊઠી. કૂવા પાસે પહોંચ્યા. પાણીની ડોલ ભરેલી હતી. એક પંચિયું હાજર હતું. એક પંચિયું વારાફરતી બદલી બે-ચાર જણાએ નાહી લીધું. એમને આ સહિયારા પંચિયે નાહવાનું પહેલા દિવસથી જ ન ફાવેલું. એ અમદાવાદ આવ્યા ત્યારે પંચિયું લેતા આવેલા. બધા એક પંચિયે નહાતા. પશા નાથા પોતાને પંચિયે નહાતા.

જમવાના સમયે ચાલીમાં વાસણ ખખડે. જમવાનું પત્યા પછી ઓસરી અને આંગણામાં ખાટલા પાથરવામાં આવે. એક ખાટલામાં બે જણા સૂએ. પશા નાથા અને મોહનના ભાગમાં એક ખાટલો આવ્યો હતો.

થોડા સમયમાં ખાટલે-ખાટલે માણસ દેખાવા લાગ્યા. તડકી-છાંયડી રમતી ચાલી જીવંત લાગવા માંડી. ઓસરી અને આંગણું ભરાઈ ગયાં. ખાટલે બેઠા માણસો હોકલી ગુજરિયું, કોઈક બીડી સળગાવે. તમાકુ બળવાની મહેક આખી ચાલીમાં ફેલાય. ક્યારેક ખાંસી ખાવાનો અવાજ નોંખો તરી આવે.

પશા નાથાએ અહીં આવીને કાળી-ધોળી સિગારેટ પીનારા ઘણાં લોકોને જોયા. એમને એકાદ બે વાર કાળી સિગારેટ પીવાની ઇચ્છા થયેલી! પણ... કિંમત સાંભળી મન મનાવી લીધેલું.

‘‘આ બીડીના ઠૂંઠાના બે પૈસા અપાતા અસે? બે પૈસામઅ તો પચી બીડીની ગડી મળે.’’

એમણે બીડી પણ પીધેલી નહીં. મન કહેતું. ‘‘ભલી... મારી તમાકુ... ઑકો કઅ ગુજરું ભરી બેત્રણ જણા ‘ટેસ’થી પીવે!’’ એમને ‘ટેસ’ શબ્દ ગમી ગયેલો. લોકો પીઠામાં ‘છાંટો પાણી’ પીવા જાય તોય કહે ‘ટેસ’ કરવા ગયા હતા. અને ‘ટેસ’ શબ્દ ક્યાં વાપરવો એ સમજણ પડતાં યોગ્ય જગ્યાએ એને વાપરાતા પણ ખરા.

એ મુકાદમ સાથે ખાટલે બેસી વાતમાં મશગૂલ હતા. મુકાદમની ઓરડીની બાજુની ઓરડીવાળા કાના રામા ભરેલું ગુજરિયું લઈ આવ્યા. મુકાદમની બાજુમાં બેઠા. મુકાદમ અકળાયા. કાના રામાને ઇશારાથી એમના ઘર સામે ઊભો કરી મૂકેલો ખાટલો દેખાડી કહ્યું.

"કાંના, તમારા આંગણાંમઅ ખાટલો ઊભો સઅ... ઢાળો. જગા ઘણી સઅ. તમે બેહસો તો આ ખાટલાનઅ ધક્કો નઈ રે... તમારઅ તો ઠીક... ઈહ ભાગસે."

કાના રામા હસ્યા. પોતાના ખાટલા તરફ નજર નાખી, ગુજરિયું પશા નાથાને આપી. પોતાનો ખાટલો ઢાળ્યો. તેમાં બેઠા.

"હાચું કીધું મકડદમ, એક ખાટલે બધા ચઢી બેહઅ તો? કેતમઅ કીધું, મેલીનઅ ઈહ, બેહઅ વીહ... એકઅ બેહવા આયો તો."

મુકાદમને આ ના ગમ્યું. એમણે કાના રામાના ભારે શરીરને નિશાન કરી, રોકડું પરખાવ્યું.

"કાંના, વીહ ખરા, તમારા જેવા જાડાભંભોલ નઈ."

બધા ખડખડાટ હસ્યા. પશા નાથાને 'વીહ'નો આંકડો ગમ્યો. વિચાર્યું, આ ભણવા જતાં છોકરાં એકથી સો સુધીના આંક કડકડાટ બોલે છે. અહીં બેઠેલાને વીસ સુધીય ગણતાં ક્યાં આવડે છે? મિલમાં માસ્તર બંગડીની રીંગો વહેંચતા કહે છે "આ સોળની રીંગ, આ સોની રીંગ." એટલી ખબર પડે કે સોળની રીંગ સ્પીંડલની બંગડીમાં બેસાડવામાં આવે તો ટૂંકા તારી જાડું સૂતર કંતાય અને સોની રીંગમાં લાંબા તારી પાતળું સૂતર કંતાય. પણ આ આંકની ગણતરી તો ગઈ મારાભાની જોડે? કદાચ વીસ વીસનાં બેલાંની ગણતરી આવડે. જો વણાટનો તાણો તૈયાર કર્યો હોય તો? બેલાં ગણતાં ના આવડે તો વણકર શાનો? એમણે વિચારતાં વિચારતાં મુકાદમ સામે જોયું.

"મકડદમ, તમે જાડા કૉ' કઅ પાતળા! કાંનો તો વીહ જણા બેહાડવાનું કેસઅ. પૂસો વીહ હુંદી ગણતઅ આવડઅ સઅ?"

કાના રામા અકળાયા. ઊભા થઈ તેમની પાસેથી ગુજરિયું લઈ લીધું. પોતાની જગ્યાએ જઈને ધડ્રામ દઈને બેઠા. ખાટલો ચરમરાયો. બધા એમની તરફ જોવા લાગ્યા.

"ચ્યમ પસા, તમે એકલા જ ડાયા અસો. અમનઅ ગણતાં નઈ આવડતું વોય! ગજીયાની નઅ વારિયાની ફણીઓ અમેય ભરી સઅ? કોઈ દાડો આઘુંપાસું..."

પશા નાથાને લાગ્યું કે કાના રામાને ખોટું લાગ્યું છે. વાત આગળ વધે નહીં એટલે વાત વાળી લેતાં કહ્યું.

"કાંના... ઇમ નઈ... આંય ભણતરની વાત નહીં. આ તો દુનિયાસાઇ વાત સઅ. આપણનઅ કુંણ ભણવા દે સઅ તે પાક્કું ગણતઅ આવડઅ?"

મુકાદમને લાગ્યું, જો બન્નેની વચ્ચે ચડસા-ચડસી થશે તો? વાતમાં ભલીવાર નથી ને નક્કામી માથાકૂટ ઊભી થશે. એમણે પશાને મશ્કરીમાં કહ્યું.

"અલ્યા ભઈ ગણવાની પૈડ મેલો. પસા, તમે સોકરાં પાહણ કક્કો ભણો સો એ ઓસું સઅ? તમારઅ બધાનઅ વીહ ગણાઈ નેંહાર ખોલવી સઅ?"

"નારે મકડદમ! આપણઅ સેની નેંહાર ખોલવાની નઅ, સેનું ભણવાનું. કાલે તો ચાલતી નેંહાર બંધ થઈ જી."

એમણે એકદમ નવી વાતનો ધડાકો કર્યો. બધા માટે નવી વાત હતી. એ બધા તો જાણતા હતા કે અમદાવાદમાં અસ્પૃશ્યોનાં છોકરાં સૌની સાથે નિશાળમાં ભણે છે. ભલે માસ્તર જુદા બેસાડી ને ભણાવતા હોય. સરસપુર ગામમાં કબીર આશ્રમ પાસે સરકારી એકથી સાત ધોરણની નિશાળ ચાલે છે. આ ચાલીના ત્રણ છોકરાં, સાથે બીજી ચાલીનાં છોકરાં સાથે

ત્યાં ભણવા જાય છે. મુકાદમને પણ આ વાતની ખબર હતી.

"પસા, તમને નેંહાર બંધ થવાની ચ્યાંથી ખબેર પડી? ખરા સો! રજાનો દાડો આવે એ પેલાં કાંક નવું હૉધી કાઢો સો?"

"તમારાં ઘરવાળાએ કીધું. છોકરાનઅ ભણાબ્બો સઅ. રતનભાભીએ તમનઅ કીધું નઈ?"

મુકાદમ ચોંક્યા. એમની પત્નીને ખબર છે અને પોતાને ખબર નથી. એ જાણીને ક્ષોભ થયો. પશા નાથા ગમે ત્યાંથી ભણતરની વાતો શોધી લાવે છે. પહેલાં અંત્યજોની જુદી નિશાળની વાત શોધી લાવેલા, તે કહેતા કે કોઈ મૂળદાસ વૈશ્ય નામના હરિજન સેવક સમાજના કાર્યકરે વાત કરેલી. એ વાતેય સાચી નીકળી હતી. ખાનપુરમાં હરિજન છાત્રાલય ચાલુ થયેલી. પાટણમાં અંત્યજ શાળા. ચરોતરમાં બોરસદ ગામમાં અંત્યજ શાળા શરૂ થયેલી. એમનું પશા તરફ માન વધી ગયું.

"ઇમને કીધું અસે, મારઅ હાંભળવાનો ટેમ ચ્યાં સઅ? આ બધી પળોજણ... પાસું સોંટોપાણીનું, તમારઅ એ કાંઈ નઈ. કૉ નેંહારનું હું થ્યું?"

"માસ્તરે નેંહાર બંધ કરી. કીંસઅ હડતાલ પડી."

"અમણ મિલોમઅ કૉમ બંધ કરવાનું ગવાય સઅ ઈંમ...?"

"ઓવ્વઅ... ગોમતીપરની નેંહારમઅ હડતાલ પડી, એકઅ વાદેવાદે આંયનાં નેંહારિયાંનઅ સોડી મેલ્યાં."

ખાટલે બેઠેલાઓને એમની વાતમાં રસ પડવા માંડ્યો. અગાઉ એમણે જર્મનીવાળા આડા ફાડ્યા છે, ને આખી દુનિયામાં નાગાઈ કરવા માંડી છે. વિમાન ઉડાડે છે. એવી ઘણી બધી વાતો કરેલી, એટલે નિશાળીઆઓની વાતમાં શું નવું છે, તે જાણવાની ચટપટી થઈ.

"નેંહારિયાંનઅ હું કામ સોડી મેલ્યાં?"

"હું કામ સોડી મેલ્યાં! પેલા માજનવાળા મિલમઅ લવાજમ ઉઘરાબ્બા આવઅ સઅ, એ બે દાડા પેલાં કેતાં'તા. ગોમતીપરની નેંહારમઅ ઓરગણાંના સોકરાનઅ દાખલો આલ્યો, તાણ જ લાગતું'તું ગૉમ્મઅ નવાજૂની થહઅ! એ થઈ."

"ચ્યમ નવાજૂની... કાંક ફોડ પાડો, તમે તો આખી દુનિયાની વાતો હમજો સો? અમનઅ કાંક હમજાવવું પડઅ."

"કૉ'ગૉમડે આપણનઅ નેંહારમઅ દાખલો આલઅ સઅ?"

"આંય તો આલઅ સઅ?" મુકાદમે વાતમાં તરત જવાબ આપ્યો. પશા નાથા હસ્યા.

"ઈમ નઈં! ગૉમડે આપણનઅ નેંહારમઅ દાખલો આલતા નહીં. આંય એ વલાં ઓરગણાંની. અમારા ગૉમ્મઅ નેંહારમઅ દાખલો આલવાની વાતે વણકોરવાહ ઉપર આખું ગૉમ ઊડી પડ્યું'તું... રાતોની રાતો વેરી થઈ'તી."

એ શ્વાસ ખાવા રોકાયા, એમને તેમના વાસ ઉપર ગામે કરેલ ઢેખાળિયું યાદ આવી ગયું. એમણે બધાની સામે જોયું. આછા અંધારામાંય તેમના ચહેરા ઉપર વાત સાંભળવા ઉત્સુકતા જણાતી હતી. જાણે કહી રહ્યા હોય, પશા આગળ વાત કરો.

"હાહરું, કાશીએ જૉવ તોય કાગળા કાળા! ગૉમડે આપણે નઅ આંય ઓરગણાં. એક વાત ખરી, આંય સીધી ના પાડી સઅ. ગૉમડે બોલતા ન'તા. માંય નઅ માંય કૂટતા'તા."

"પસા, ગોળગોળ ના ફેરવો." વાત સાંભળવા મુકાદમની આતુરતા વધતી જતી હતી.

"આંય ઓરગણાં ઉપર હુમલો ના કર્યો. હમુડદી નેંહાળો બંધ કરાઈ નાસી. જબરી ગાંધીવાળી થઈ આતો, ગાંધીના જીવતે જગતિયું ઇંમની હૉમું..."

"ભઈ, આ જગતિયું નઅ ગાંધીવાળી... કાંક ફોડ પાડો."

"કું ભઈ! કું... ગાંધીવાળી એકઅ ઓરગણાંનઅ કાઢો, નકર નેંહાર બંધ. ઓરગણાંનઅ કુંણ મારઅ? પાપ લાગઅ. ઈંમઅ તો પેલો ઇનસપેટર કેતો'તો. ઓરગણાં હૅંમે હડતાલ... ગાંધીજી કે સઅ લડવું નઈ, હડતાલ પાડવી... તે ગૅંમે ઓરગણાં હૅંમે પાડી."

"ઓરગણાં હૅંમું હડતાલ પડી... ઈંમઅ આપણઅ હું?" કહી, કાના રામાએ હોકલી મોહનને આપી.

"મોહન, હોકલી હારી આવઅ સઅ પી..."

"હારું... વચ્ચી બોલશો નઈ વાત જબરી હેંડસઅ."

મુકાદમ આજે ખરેખરા રાજી થઈ ગયા હતા. એમની જાણવાની ઇન્તેજારી વધતી જતી હતી.

"આજી ઓરગણાં હૅંમું... તો કાલી આપણા હૅંમું. કૅસી ઢે..નઅ કાઢો. આંમેય ચ્યાં હારી બેહાડઅ સઅ?"

"તમે ખરા, બધી હોર રાખો સો? અમારાં છોકરાં ભણવા જૅાંય સઅ તોય અમનઅ કસી ગતાગમ નહીં...?"

"મું આંય આયો તાણ મન ઈંમ થતું'તું, ઘેર પાસો જતો રૂં, રાતી ઊંઘ નતી આવતી. મા'જનની ઑફિસ એક વાર જોઈ મન ફરી જ્યું. અમદા'દમ જ રવું, પાક્કા થઈ પસઅ જવું."

"પાકા થવામઅ હું બાચી રયું સઅ...?"

"ઘણું બાચી સઅ કાંના, અજી તો પલાળ્યું સઅ. મૂંડાયું નથી." બધા હસ્યા.

"લ્યો, સુખરાત કરો બાચી કાલી." બધા સૂવાની વ્યવસ્થા કરવા લાગ્યા.

આમ તો ચાલીના લોકો સાંજે રોટલા ખાઈને કોઈ વાર ટોળટપ્પા કરતા. રજાના દિવસે તુલસીકાંટે પીઠામાં જઈ આવ્યા હોય તો મોડે સુધી જુદા-જુદા બબડાટ કરતા. પશા નાથાના આવવાના લીધે. ચાલીની સાંજ ધીમે-ધીમે બદલાતી રહી. કેટલાક તો તેમના વાદે દારૂ પીવાનું છોડી દીધું. એ તેમને ગમ્યું અને કોઈનાય કહ્યા વિના અજાણપણે ચાલીના આગેવાન થઈ ગયા.

*

પશા નાથાને મોડે સુધી ઊંઘ વેરણ થઈ. કાના રામાની વાત રહી રહીને તેમને યાદ આવતી હતી. ઓરગણાં સામે હડતાલ પડી હતી. આપણે શું? આપણને તો ઓરડામાં બેસવા દે છે. ભલે દૂર તો દૂર, બેસાડે છે તો ખરા? ના, સાલ્લી વાત એટલેથી ક્યાં અટકી છે? આ ગાંધીબાપાને એમની આઝાદી જોઈએ? લાલચમાં અંત્યજોને છાવરે છે. આઝાદી લેવાની ના હોત તો? એમણે પડખું ફેરવ્યું. પેલો ઇન્સ્પેકટર તો કહેતો હતો, ગાંધીજી તો કહે છે દરેકે જાત પ્રમાણે કામ કરવું, ભંગીઓએ ગૂ-મૂતર સાફ કરવાં. ચમારે ચામડાં ચૂંથવા અને વણકરે વણવું. એ જ સાચું હોય તો? પછી મિલમાં સાળ ખાતામાં વણકરોને કેમ કામ અપાવતા નથી? રૂ કાંતવા થ્રોસલમાં મોકલી આપે છે. મારા બેટા પોતાને ગમતા અર્થ કરે છે. પોતાને ફાવે તેને તે જગ્યાએ ગોઠવે છે. અંત્યજોને આઘા જ રાખવાના બધા ફંદ. એક વાર સિદ્ધપુર મિલમાં મગન પટેલ સાથે સાળ ખાતામાં ગયેલા. એણે શરત કરેલી, ખાતામાં કોઈ વસ્તુને અડવાનું નહીં. એમણે મશીનથી વણાતું કાપડ જોયેલું. લોઢાની સાળમાં લાકડાનો દાંડો નળાને તાણાની આરપાર ફેંકે. તાણાને રાચ સટસટ ઉપર નીચે કરે. તાણાની આરપાર નળો તાર લઈ જાય. હાથો ફણી સાથે ચાલ્યા કરે! વણાટને ઠપકારે એ વેળાએ દંગ રહી ગયેલા. ત્યાં સાળ અટકી. એમણે જોયેલું કે નળામાં બૉબિન તાર વિનાનું થઈ ગયું હતું. હવે નવું તારવાળું બૉબિન ભરાવવાનું છે. એમને થયું એ નળો હાથમાં લે. અને તે તરફ હાથ લાંબો કરેલો.

"પસા નળાને અડવાનું નઈ. એ નળો કારીગર મોઢેથી ચૂસી તાર પરોવઅ સઅ!"

"વાંકણી ના હોય?"

"વાંકણીથી તાર ખેંચતાં વાર થાય. આતો નળાના કાંણાનો એક છેડો મોઢે માંડો, નઅ બીજે છેડે તાર રાખી શ્વાસ ખેંચો, તાર કાણાંની આરપાર નેંહરે! પસી નળાની બીજી આંટીનું કાણું... તાર ખેંચવા ચૂસવાનો!"

"આ તાર ચૂસવાની રૉમેણ?" એ પડખું ફરતાં મનમાં બબડ્યા. આ તાર વાંકણી વડે ખેંચાય તો વણકર... ને કામ મળે! પણ... જે એક વાર નક્કી કરી નાખ્યું પછી ફરે એ બીજા... ઢે... છોને બિચારા ઢે... રહે. એમનો ધંધો ભલે ખાડામાં પડે.

"ના ભઈ ના. વણકોરનો ધંધો ઈમની પાહણ નઈ રે! આ ગાંધીબાપો, જ્યારથી કાંતવાનું ઉપાસણ લીધું. દિયોરનું કીં સઅ. મું તો જાતનો વણકોર છું. આ મિલમઅ તો પટેલ, ઠાકોર, લવાર, હુતાર બધા વણકોર નઅ... વણકોર, અમે કાંતણિયા... હત્ તમારું હારું થાય?"

એમણે ઊંઘવાનો પ્રયત્ન કર્યો. આંખો બંધ રાખી પાસું ફર્યા. બાજુમાં મોહન તેમની સાથે ખાટલામાં ઘસઘસાટ ઊંઘતો હતો. એનું મોઢું એમના તરફ હતું. સામસામે શ્વાસ અથડાતા હતા. એ ફરીથી પાસું ફર્યા. ઘરના માણસોને યાદ કરતા એમણે માંડ ઝોકું ખાધું હશે, ત્યાં મિલની પહેલી વિસલો બોલવા લાગી, કોઈક એમને ઢંઢોળી રહ્યું હતું.

"પસા, જાગો... હવાર... થી જ્યું. પેલી વિસલ બોલી."

*

મિલમાં રજા હતી. પશા નાથાએ બે દિવસ અગાઉ મહાજનના ઇન્સ્પેક્ટર પાસેથી વાત જાણેલી કે રાણીબાગમાં રવિવારે દિલ્હીથી આવેલા કોઈ નેતાની સભા ભરાવાની છે. એ તો મોહન સાથે રાણીબાગ પહોંચી ગયા. એમના મનમાં અઠવાડિયાથી પેલી ગોમતીપુરની હડતાલવાળી ઘટના કેડો મૂકતી નહોતી, રાણીબાગ જતાં રસ્તામાંય તેમને એ વાત યાદ આવ્યા કરતી હતી. એમણે મન સાથે નક્કી કરી લીધું કે કોઈ ઓળખીતો-પારખીતો માણસ મળી જાય તો આ વાત વિશે પૂછવું. સભા ભરાઈ. અને પૂરી થઈ એટલે જયઘોષ બોલાવાયા.

"કોમી નારા..."

"વંદે માતરમ્" બોલતાં સભા ગાજી ઊઠી.

"આઝાદી..."

"લેકે રહેંગે...!"

ઘણા અને ઘણી જાતના જયઘોષ થયા. લોકો તે ઝીલતા રહ્યા. જયઘોષ બંધ થતાં લોકો વિખરાવા લાગ્યા. પશા નાથાને ટાટા મિલના કારીગર કેશવ માધા સાથે ભેટો થઈ ગયો. એ ખુશ થઈ ગયા. કેશવ માધા સમજદાર અને ઠરેલ વ્યક્તિ હતા. અગાઉ તે એકબીજાને મળ્યા હતા. ખબર અંતર પૂછી, તેમને સીધું જ પૂછ્યું,

"કેશા, આ બધા ગાંધીજીવાળા કીં સઅ એ બધું હાચું સઅ ખરું?"

"હાહરું ખરું કું, પાકી ખાતરી નહીં પડતી? તમારા જેવી જ ગાંઠ મારા મનમઅ પડી સઅ... આ લોકો હાચું નહીં બોલતા એવું ચ્યમ લાગઅ સઅ?"

"તમે ગોમતીપરની નેંહારની હડતાલનું તો હાંભળ્યું અસે!"

"ઓહો... જબરું હોધી કાઢ્યું, પસા!" કેશવ માધા હસવા લાગ્યા. એમના ખભે હાથ મૂક્યો.

"જબરુંય ખરું, અનઅ કાઠુંય ખરું!" પશા નાથા ગંભીર થઈ ગયા. એમને ગામમાં વાસની દીકરીને નિશાળમાં દાખલો આપવાની વાત યાદ આવી. ગામે કરેલા અત્યાચાર તેમની આગળ સડસડાટ પસાર થઈ ગયા.

"નેંહાળની વાત આવઅ તાણઅ ગૉમ હો કઅ સેર... બધે પૂળો મેલાયેલો સઅ. અમારા ગૉમ્માં અમે જે વેઠયું... જે વેઠયું! ભુલાય ઈંમ નહીં."

"આંયે એવું સઅ, કાસીમઅ જૉવ તોય કાગળા કાળા."

બન્નો થોડી વાર ચૂપ થઈ ગયા. એમની વાત સાંભળતાં મોહનને કંટાળો આવતો હતો એટલે વચમાં બોલ્યો.

"આપણ હેંડતાં-હેંડતાં વાતો કરીએ, રસ્તોય કપાય નઅ વાતેય થાય."

"હાચું કીધું મોહન, કેશા તમારઅ ચેઈ ચાલીમઅ જવું સઅ?"

"કાંકરીકુઈ! રાજનગર મિલ પાહણ... હેંડો દિલ્લી દરવાજે થઈ જીએ... મું દરિયાપુર દરવાજેથી વળી જે, તમે પથ્થરિયો પલ ચઢીનઅ સીધા ઇંટવાડાની ચાલીમઅ." કેશા માધાએ સાવ સીધો રસ્તો બતાવ્યો. ત્રણે ચાલવા લાગ્યા.

"હં...અ... આજે વળી આ નેતાજીએ કેઈ દીધું ગાંધીબાપો કેસઅ, અંગ્રેસ હૉમા લડો. આંય પગમઅ બળઅ સઅ એ નહીં દેખાતું. ઈંમના લોક તો અંગ્રેસની હૉમું નઈ ઓરગણાં હૉમું મંડઈ જ્યા સઅ? સોકરાનું નૉમ નેંહારમથી કાઢ્યું કઅ રાસ્યું."

"કીં સઅ નામ નેંહારમઅ રાસ્યું સઅ... ભણવા બેહાડસી."

"હું બેહાડસી? ભણવા... જાય... તો ભણઅ. સોકરું નાહીં જ્યું... બાપડું! સવકારનું માર્યું. મા'જનવાળા... નઅ આસરમવાળા લાખ કીં? લોક માંનઅ ખરા?"

એ ચાલતાં-ચાલતાં દિલ્હી દરવાજા બહાર નીકળી, ધૂળિયા રસ્તે કાળુપુર જવા કોટની રાંગે રાંગે જવા લાગ્યા. દરિયાપુર દરવાજો આવતાં કેશવ માધાએ જવાની રજા માગી.

"'લ્યો, મારઅ તો વળવાનું આઈ જ્યું. તમે બેય ઘાઘરા મિલના કોટે કોટે થઈ, પલના પગથિયાં ચઢી જજો..."

"કેશા... હાહરું જતઅ જતઅ એકવાત પૂસી લ્યું? આ દિયોરનું માત્મા કેસઅ... વણકોર વણઅ, ચમાર ચાંમડાં ચૂંથઅ નઅ ઓરગણો માથઅ ગૂ.. ઉપાડઅ. તો આ ભણવું હું કાંમ? ભાંડામઅ જ્યું...?"

"ના, ના પસા ઈંમ નઈ, ભણીનઅ આપણઅ ચ્યાં બાલેટન બનવું સઅ. બનવું વોય તોય કોઈ ના બનાવઅ. આ લોક અંગ્રેસ હામું ચ્યમ થ્યા? ભણ્યા એકઅ. નકર એય બુહા જ અતા... "

"બુહા ખરા? ઢે... નઈ...? આપણનઅ તો ખાહડાં ઉપડાવસઅ... ખાહડાં ઉપાડી કોઈ તાલેવંત થ્યો કૉ? કીંસઅ ભણો, આગળ વધો... ભાનું કપાળ આગળ વધો... બધા આપણનઅ બકાવઅ સઅ..."

"ના... ના હાહરું કાંક તો હાચું અસે? લો અંધારું થઈ જયું. આંય વાટમઅ બત્તીઓ નહીં... ઉતા કરો, સીધા પલ ઉપર..."

પશા નાથા અને મોહન, કેશા માધાથી છૂટા પડ્યા. એ મનોમન બબડ્યા.

"આ કેશા માધા જબરો સઅ. ઈની પાહણ જબરી વાતો સઅ. આવતી રજાએ વળી કાંક અસે તો એ રાંણીબાગ આવસીં."

"કાકા! એકલા-એકલા મનમઅ હું વાતો કરો સો? મનય કૉ, રસ્તો ખૂટઅ."

"લેં હેડ ઉતા કર પેલાં... પગથારિયાં... આઈ જ્યાં. આવતી રજાએ કેશાનઅ મલીસું."

બન્નો પથ્થરિયા પુલ ઉપર જવા પુલની અધવચ્ચે બનાવેલા પગથિયાં ચડવા લાગ્યા.

*

પશા નાથાને લાગ્યું કે જ્યાં સુધી હું મુકાદમને ત્યાં વીશીમાં રહીશ ત્યાં સુધી, દીકરો-વહુ અને તેમની માને અહીં લાવી શકીશ નહીં. તેમને પોતાના પરિવારને અહીં લાવવાની ચટપટી થઈ. એમણે રાજપુર વિસ્તારમાં છાનેછપને ઓરડી જોવાની શરૂઆત કરી દીધી. સાહેબવાળી મિલમાં બે સાંચા ચલાવવા માટે કરશને પણ તેમને કહી રાખ્યું હતું. ઓરડી રાજપુરમાં ભાડે

લેવાની વાત નક્કી હતી. જો તમારી પાસે ભાડાની ઓરડી હોય તો, મુકાદમ-માસ્તરના ઘેર રહેવાની જરૂર નથી. ગમે તે મિલમાં થ્રોસલ ખાતામાં કામ મળી રહે તેમ હતું. પોતે એટલા સારા કારીગર હતા કે લંભેણ તો શું બગડી (બે સંચા) એકસાથે ચલાવવાના હોય તોય પાછા પડે તેમ ન હતા. દીકરો મિલમાં ડાફીલ કાઢવાનું કામ કરશે. પણ મુકાદમને પૂછ્યા વિના, બૈરાં છોકરાં લઈ આવવાં સારું નહીં. એક દિવસ પોતાની ઇચ્છા મુકાદમ આગળ જાહેર કરી.

"મુકડદમ! તમને એક વાત કેવી સઅ. સાચું કું, તમારે ઘેર વીસીમાં મારઅ કોઈ દુઃખ નથી. મારે બૈરી છોકરાંને આંઈ લાવવા સઅ. છોકરો મોટિયાર સઅ. સિદ્ધપુર મિલમાં સઅ. ઈન તમારે કામ અલાવવાનું સઅ."

"'લ્યા, ભઈ, ઈમનઅ રાખશો ચ્યાં?"

"મારી પૂરી વાત હાંભળો. મારું બૈરું ગાંમડે એકલું. છોકરો, વહુ, ઈંનો છોકરો સિદ્ધપુર. મું તમારી પાહણ અમદા'દમઅ, તૈણ તફ્ફે રીએ સીએ. અમનઅ ભેગાં રીએ એવું કરી આલો."

મુકાદમ તેમની સામે જોઈ રહ્યા. એમને લાગ્યું કે ગામડેથી ત્રણ-ચાર જણાં અહીં આવે તો એમને રાખવાં ક્યાં? છોકરાને મિલમાં કામે રાખીએ, ડોફર તરીકે. સાસુવહુને ક્યાં રાખવાં? આમ તો પશાની વાત સાચી હતી.

"પસા! અમદા'દમઅ ઢગલો મિલો સઅ! મું કૉમ તો અલાયે. આ મિલ નહીં તો, અસારવા, હાડકામિલ... મિલોનો ચ્યાં ટોટો સઅ. એ બધાને આંઈ લી આવો તો રાખશો ચ્યાં? વીસીમાં તો પાલવઅ નઈં."

"તમારઅ રાખવાનાં નઈં. આંઈ ઈંટવાડાની ચાલીઓમઅ ચ્યાંક ઓઈડી લેઈ આલો, ભાડાની. સરસપુરમાં એક ચાલી સઅ. પાસળ મેઢાવાળી, ઈમઅ એક ઓયડી ખાલે થઈ સઅ!"

"તાણ તમે બધી તીયારી કરી રાશીનઅ મનઅ પૂસો સો. ચ્યાંણે ગાંમ જવાના સો?"

"ચ્યાંક ઓઈડીનો ઠાહ બેહે તો, તમે હારી આઈનઅ એ ઓઈડી ભાડે લી આલો."

"હારું થયું તમે પૂસી લીધું. મારેય કોક નવો વીસીવાળો હોધવો પડસે. તમે અમણાં જપો. પાંચ-પંદર દાડે કાંક વેંત પાડી આલે!"

તેમને લાગ્યું કે મુકાદમને પૂછ્યું એ સારું થયું નથી. તેમના ચહેરાના ભાવ કહેતા હતા કે આ વાત તેમને ગમી નથી. એક વાર કહી દીધું, કમાનમાંથી તીર છૂટી ગયું. એટલું સારું કર્યું કે મુકાદમના ચહેરાના ભાવ વાંચીને તેમણે રાજપુર ઓરડી લેવાની વાત અને સાહેબવાળી મિલમાં સંચાવાળા તરીકે જવાની વાત મનમાં ભંડારી દીધી. મનોમન વિચાર્યું કે અહીં રાજપુરમાં હીરાલાલની ચાલીમાં ઓરડીનું નક્કી થઈ જાય, પછી ગામ જવું, એક બે મહિનાનું ભાડું અગાઉથી ચૂકવી દેવું. વાત ખૂલી જશે પછી વીશીમાં રહેવાની મજા નહીં આવે. આ મોહન ખરો છે? એણે તો મારા પહેલાં કૂંડાવાળી ચાલીમાં ભાડાની ઓરડી બાની લીધી છે. એ વીશીમાંથી છૂટો થાય એ પહેલાં પગાર લઈ ગામ જતો રહું. મુકાદમનો બધો હિસાબ ચૂકતે કરવો પડશે. બચત છે, ચિંતા નહીં.

*

રજાના દિવસે બપોરે જમ્યા પછી પશા નાથાએ મોહનને કહ્યું :

"અલ્યા મોહન હેંડ લાલદરવાજે માજનની ઑફિસે કોક નેતાનું ભાષણ રાંણીબાગમાં સઅ."

"મુંય ચ્યારનોય સેરમઅ જ્યો નહીં હેંડો. બે ચાર ઑના વાપરી આઈએ! ચંદર વિલાસના ફાફડા ખાતા આઈશું."

“અલ્યા! મોહન આ ટેંખળ ચ્યાંથી સીસ્યો! ઑંય હોટલમઅ પેહવા દેસઅ ખરા?”

“હારાં લૂગડાં પેર્યાં વોય તો કોઈ ના પૂસઅ! એ હોટલવાળો મારવાડી સઅ, કોઈ પૂસઅ તમે ચેવા સો? તો કેવાનું ગુજરાતી બસ, કોઈ નામ નઈ લે. મનઅ પેલો કાંકરિકૂઈવાળો કેશા માધા લેઈ જ્યો તો, મેં સેરમઅ રવાનું નક્કી કરી લીધું. હાચું કું, ઈને જ મનઅ રાજપુરમઅ ઓઈડી ભાડે લી આલી.”

“મોહન, તું તો ખાપરો નેંકળ્યો. લેં હેંડ તારી ઓઈડી જોવા જીએ. ઈંયા તને એકવાત કેવી સઅ.”

“નઈ કૉ તોય કાકા મું જૉણું સું. આપણ તમારી ભેળા રઈ પાક્કા થૅઈ જ્યા. તમારી ઓઈડીની વાત થાય સઅ. આંય નઈં, રાજપરમઅ. આ પગાર મલઅ એકઅ આંયનું ચૂકતે કરી હેંડ મારા ભઈ રાજપુર. તમે ગૉમ જી આવો, તાણે મને મલવા ઈંયા આવજો.”

મોહને રાજપુર તરફ હાથનો ઇશારો કર્યો. એકબીજા સાથે તાલી લીધી.

“હાહરું અમદા’દનું પાણી જબરું. ભલભલાનઅ ભૂ પીતા કરી નાખ સઅ. ચ્યમ મોહન?”

બંને એકબીજા સામે જોઈ હસતા-હસતા ઇંટવાડાની ચાલીમાંથી બહાર નીકળ્યા. પથ્થરિયા પુલ તરફ જવાને બદલે રેલવેકૉલોની તરફ ચાલવા લાગ્યા. વહેલું આવે રાજપુર.

*

# 18

શિવચરણ પાંડે. મજૂર મહાજનનો મિલ ઇન્સ્પેક્ટર. બધા એમને ભૈયાજી કહે. મહિનામાં એક-બે વાર મિલની મુલાકાત લે. બપોર પહેલાં સાઇકલ પર આવે. ખાદીનો લેંઘો-ઝભ્ભો, માથે ખાદીની ગાંધી ટોપી. કહેવાય છે કે ગાંધીજીએ આ ટોપી બનાવવા દરજીને બોલાવી કહેલું. દરજીએ બે ત્રણ પ્રકારની ટોપીઓ સીવીને બતાવેલી. એમાંથી બે પડવાળી ટોપી પસંદ કરી હતી. સમજો કે ગાંધીજીએ સૌ પહેલાં આ ટોપી બનાવરાવેલી એટલે એનું નામ પડ્યું 'ગાંધી ટોપી'.

પાંડે મિલમાં પ્રવેશતાં ઝાંપાની અંદરની બાજુએ સાઇકલ સ્ટૅન્ડ ઉપર ઊભી કરે, પાછલા પૈડાંમાં સાંકળ ભેરવી, તેને તાળું મારે. હૅન્ડલ ઉપર જોડેલી ઘંટડી બે-ત્રણ વાર વગાડી ઝાંપાના ચોકીદારનું ધ્યાન દોરે. હાથના ઇશારે સાઇકલ દેખાડી એક શબ્દ બોલે. "દેખના." ચોકીદાર મોટેથી કહે.

"જાઓ, સાઇકલ અહીં જ રહેશે. કોઈને અડવા નહીં દઉં."

પાંડે હિન્દી, ગુજરાતી ભેળસેળવાળી ભાષામાં વાત કરે. એ ઘણા વર્ષોથી અહીં રહેતો હોવા છતાં એ ગુજરાતી સરખું બોલી શકતો નહીં. એની ગુજરાતી-હિન્દી સાંભળીને ઘણાને રમૂજ થતી. તેની ટોપી પહેરવાની રીત જરા નોખી હતી. એ માથે ટોપી સ્હેજ વાંકી મૂકે. લોકો વાત કરે ત્યારે એ 'પાંડેજી' અન્યથા 'ભૈયાજી' નામ વધારે વખત લેવાતું. પશાએ પહેલી વાર એમને જોયા ત્યારે ટોપીનું આકર્ષણ થયેલું. એમની ભાષા સાંભળી એમનો એક ભ્રમ તૂટેલો. એ જ્યારે સિદ્ધપુરમાં હતા, ત્યારે એવી છાપ પડેલી કે હિન્દીમાં બોલે તે મુસલમાન હોય. શિવચરણને બોલતા સાંભળી વિચાર આવેલો કે નામ હિન્દુ જેવું છે ને ભાષા મુસલમાન જેવી બોલે છે. એમણે અંગ્રેજ ફોજદારને બોલતાં સાંભળેલો "ગોટપીટ, ગોટપીટ." કાંઈ સમજણ ન પડેલી. એક દિવસ પાંડે એમની મિલમાં 'વિઝિટ' માટે આવેલો અને થ્રોસલખાતામાં ફરતાં-ફરતાં તેમની લંભેણ પાસેથી નીકળેલો. પશા નાથાએ હિંમત કરી બે હાથ જોડી તેને 'રામ રામ' કહેલું. એ ઊભો રહી ગયેલો. સામે જવાબ વાળેલો.

"રામ રામ! કેમ હૈ ભાઈ?"

"સારું સઅ."

આટલી જ વાત. એ આગળ વધી ગયેલો. એની સાથે મુકાદમ, માસ્તર, તેલવાળો અને મહાજનના પ્રતિનિધિ સાથે હતા. મુકાદમ પશા સામે જોઈ હસેલા. એમને થયું કે ઇન્સ્પેક્ટર સાથે કોઈ વાત કરતું નથી ને... "આ... પશા નાથા" એણે વાત કરી. ત્યાર બાદ જ્યારે-જ્યારે પાંડે મિલમાં આવે ત્યારે પશા નાથાની લંભેણ આગળ ઊભો રહે. ખબર અંતર પૂછે. એક દિવસ પાંડે તેમની પાસે આવ્યો ને પૂછ્યું,

"તુમકો... કારીગરોને કુછ તકલીફ હૈ?"

"સનઅ!" એમનાથી અનાયાસ બોલાઈ ગયું.

"બોલો!"

પશા નાથાએ આજુબાજુ જોયું, પછી મોટેથી કહ્યું;

"આંય ધમકારામઅ નઈ હંભળાય, બારી મલજો કેઈસ."

મુકાદમે પાંડે અને પશા નાથાને વાત કરતા જોયા. એ દૂર હતા નજીક હોય તોપણ ધમકારમાં વાત સંભળાય તેમ ન હતી. રિસેસમાં જમતી વખતે મુકાદમે પશા નાથાને પૂછ્યું,

"પશા, તમે ભૈયાજી જોડે શી વાત કરી?"

"વાત કરવી'તી, ઘમકારમઅ હંભળઈ નઈં, પાસા માસ્તર પાસળ અતા એકઅ બારે મલવાનું કીધું. એ કાંઈ બાર મલતા અસીં?"

"કેવા જેવી વાત વોય તો મનઅ કૉ? મું ઇમનઅ કે?"

"વાત તો કેવા જેવી સઅ! આપણ આંય છાંયડો તડકો કરતા ઝાડ નેચઅ બેહીએ સીએ. ખાવાનું કાંઈ ઠેકાણું પડતું નહીં. મિલ એક સાપરી કરી આલ તો ચોમાહું, ઉનાળો ટાઢું રે!"

"વાત હાચી પસા. અલી ફેરા ભૈયાજી વાત કરતા'તા! મા'જને મજૂરો માટે સાપરી, પાંણીની ચકલી, પાણીવાળો એક કારીગર રાખવાની વાત થેઈ જી, તમન ખરું હુજ્યું."

"મેં તો આ વાત જી રજાએ મા'જનમઅ જૉણેલી. કૉક રિપોટ કરવાનું કેતા'તા."

"બસ, ભૈયાજી રિપોટ કરસે. સેઠનઅ મા'જન ભેગા થઈ કાઁક કરશીં."

પંદર દાડે એ જ્યાં જમવા બેસતા હતા. તે જગ્યાએ વળીઓના થાંભલા નંખાયા, પતરાંની છત સાથેનો મોટો ખુલ્લો તંબુ બની ગયો. ખાતા પ્રમાણે લોકોએ જગા પચાવી પાડી. કેટલાકે પહેલાં જ્યાં બેસતા હતા એ છોડ્યું નહીં. થ્રોસલ, વાઈડિંગ, બોઈલર ખાતાના કારીગર છાપરીમાં બેઠા. કેટલાકે છાપરી સામે જોવાનું છોડી દીધું. મુકાદમે કહ્યું.

"આપણને કોઈ બીજે બેસવાનું કે'તો ડરવાનું નઈં, ભૈયાજી સાથમઅ સઅ. પાણીની ચકલી નાખસી. પેલું ટાંકી પાહણ ખોદાય સઅ. બસ નળ આવે તો બોટી લેવાના... અ્યમ પસા?"

નળની વાતે બધાને ખુશી થઈ. પાણીની ગઢીઓ જાતિવાર ગોઠવાયેલી ખરી. એકબીજાથી દૂર. થ્રોસલ ખાતામાં કારીગરો વધારે હતા. કોઠી ખાલી થઈ જતી. બાર કલાક બે કોઠીનું પાણી ના ચાલે ને?

*

મિલમાં એક દિવસ પશા નાથાનો 'ભૈયાજી' જોડે ભેટો થઈ ગયો. ઔપચારિક વાત પતાવી ભૈયાજીને સીધું પૂછ્યું.

"ભૈયાજી! મારઅ તમનઅ એકવાત પૂસવી સઅ." ભૈયાજીએ હસીને માથું હકારમાં હલાવ્યું.

"તમે પાક્કા માજનવાળા સો એકઅ કાંતેલી હાથવણાટની ખાદી પેરો સો?"

"ખાદી પેરવી ફરજિયાત હૈ. દારૂ, બીડી પીના મના હૈ."

"ઈંમ તો-તો સારું કેવાય."

"ગાંધીજીને મનાઈ ફરમાઈ હૈ."

"તમે ફાળિયું નથી બાંધતા ટોપી અ્યમ પેરો સો?"

"ભાઈ! યે ગાંધીટોપી હૈ. ફાળિયાની તો દસ-પંદર ટોપી સીવી શકાય સમજ્યા..." પોતાની જિંદગીનો કોઈ ભેદ ઉકેલતા હોય એમ આંખો ઝીણી કરી બોલ્યા.

"મૈં ગાંધીજીકા નામ સાંભળી ઑય આયા હતા. મા'જનને નોકરી આપી. બોલ્યા, ઇનીસ્પેકટર બન જાવ. આ ગાંધીજી કા કામ હૈ. મજદૂરોની સેવા... ટોપી પહનાઈ દી. બસ મેરા ગમછા છૂટ ગયા."

"ટોપી લાગઅ સઅ તો હારી. મારઅ ખાદીની ટોપી લેવી સઅ!"

"ઈસમેં શું બડી વાત છે?"

"તુમ માજન તો આવો સો. ત્યાં તૈયાર ટોપી મિલી જશે. કેના ગાંધીટોપી લેવી છે."

મિલ ચાલુ થવાની વિસલ વાગી. પશા નાથા ભૈયાજીથી છૂટા પડી ઝડપથી ખાતાના દરવાજા તરફ ચાલ્યા. પાંડે ઊભા રહી તેમને જતા જોઈ મનમાં બબડયા. "પસા અચ્છા આદમી

હૈ, ઉસે મા'જનકા પ્રતિનિધિ બનાના ચાહીએ. કહતેં હૈ દારૂ ભી નહીં પીતા."

થોડા દિવસોમાં જ પશા નાથે માથેથી પાઘડી ઉતારી ગાંધી ટોપી અપનાવી સાથે ઝભ્ભો. જેણે જોયું એને લાગ્યું કે પશા નાથા હવે મહાજનમાં નેતા બનશે.

*

બપોરની રિસેસ પછી મિલ ધમધોકાર ચાલી રહી હતી. એકાએક મિલનનું ભૂંગળું ગરજવા લાગ્યું. શું થયું? માસ્તરે આદેશ કર્યો. ચાંપ પાડો. ગરગડાઓ ઉપર ફરતા પટ્ટાઓ અટકી ગયા. મુકાદમ, મેમ્બર... સંચાવાળા, ટોપલાવાળાને ડોફર બધા જ ખાતામાં ભેગા થઈ ગયા. સૌના મનમાં એક જ વિચાર ઝબકી ગયો.

"કોઈ પટામાં આવી ગયું કે શું?" ભેગા થયેલ કારીગરોની નજર લોખંડની ગડરો સાથે જોડાયેલા ગરગડાઓ ઉપર હતી. ચાંપ પડતાં ગરગડા સ્થિર હતા.

મુકાદમે માસ્તરને પૂછ્યું,

"માસ્તર! ખાતું ચ્યમ બંધ કરાવ્યું? કોઈ પટામાં આઈ જ્યું કઅ હું?"

"ના... ભઈ, સારા નસીબ કોઈ પટામાં આવ્યું નથી. આતો શેઠના બાપા ગીરધરજી દેવ થઈ ગયા."

"તેમાં આ મિલ બંધ કરી?"

"મકડદમ તમનઅ ખબર નથી, હવે મિલ ત્રણ ચાર કે ભલું હશે તો બાર દાડા શેઠનો શોક પાળશે. મિલ બંધ રહેશે."

"હેં..." મુકાદમથી બોલાઈ ગયું.

"હા..." માસ્તરે કશા ભાવ દર્શાવ્યા સિવાય જવાબ આપ્યો.

મિલ બંધ થઈ. બધા મજૂરો ખાતાઓમાંથી બહાર નીકળી ટોળે વળ્યા. થ્રોસલખાતાના કારીગરો મુકાદમ અને મજૂર મહાજનના આગેવાનની આજુબાજુ ભેગા થયા. બધાને એક જ પ્રશ્ન સતાવતો હતો, મિલ કેટલા દિવસ માટે બંધ રહેશે? ત્યાં સમાચાર આવ્યા કે શેઠના બાપાના અગ્નિસંસ્કાર પછી અહીં મિલમાં તેમની શોકસભા ભરાશે. હમણાં કોઈએ ઘેર જવાનું નથી. શોકસભા પૂરી થાય પછી મિલ કેટલા દિવસનો શોક પાળશે તેની જાહેરાત કરવામાં આવશે.

મજૂરો ઝાડનો છાંયો જોઈ, પોતાના ઓળખીતા અને પોતાના ખાતાના મજૂરો સાથે વાતચીતમાં ગૂંથાઈ ગયા. બપોરે નમવા આવી. શેઠના દીકરાઓનો સંદેશો લઈ મિલમૅનેજર હાજર થયા. શેઠના ભરપેટ વખાણ થયા. તેમના પરગજુંપણાની અને દાનની વાતો થઈ. બધા મજૂરોએ ઊભાપગે બધું સાંભળ્યું. છેવટે મૅનેજરે જાહેર કર્યું કે –

"આજથી... મિલ પાંચ દિવસ સુધી બંધ રહી શેઠનો શોક પાળશે."

મૅનેજર ગયા, શોકસભા પૂરી થઈ. બધા કારીગરો ઘેર જવા નીકળ્યા. કોઈને પાંચ દિવસ મિલ બંધ રહેશે એ ગમ્યું નહીં. પણ કહેવત છે કે ધણીનું કોણ ધણી? એ કહે એ જ સાચું. કારીગરોએ એ પાંચ દિવસ માટે બીજી કોઈ મિલમાં બદલી, રોકડી ભરવાનું નક્કી કર્યું. ભગા નરસી મુકાદમના સાથી ભાગિયાઓ પોતાની રીતે જુદું-જુદું વિચારતા હતા. મુકાદમ તો મનમાં બીજી વાત ગોઠવતા હતા.

"મકડદમ! હાહરી મિલે તો જબરું કર્યું?"

"વાત હાચી, ભઈ પાંચ દાડા વગર મજૂરીએ ખવરાબ્બાનું... નવરા દાડા ભાગવાના."

"તમે કો ઈમ કરીએ. ચ્યાંક બીજી મિલમઅ..."

"જુવો હોમું આડકા મિલ સઅ. ઈંયા કામ મલી રેશે. બધા જુદી-જુદી મિલમઅ જજો? ચાર દાડાનું કૉમ મલી રેસે."

પશા નાથાને મુકાદમની વાત ગમી. બીજી મિલમાં કામે જવાની ઇચ્છા થઈ. ત્યાં જાય તો બીજી મિલોમાં કારીગરો કેવી રીતે કામ કરે છે, તે જાણવા મળે. નવી ઓળખાણ થાય. ભવિષ્યમાં કોઇ બીજી મિલમાં જવાનું થાય તો કામમાં આવે. એક ને એક મિલમાં કામ કરવામાં વાંધો તો ન હતો પણ... ક્યારેક કોઈ સાથે... કાંઈક ખટરાગ થાય... સાથે જ મઘા કાળાનો પ્રસંગ યાદ આવી ગયો. બિચારો નવો-નવો બીજી મિલમાંથી અહીં બદલી ભરવા આવતો હતો. ચાહીને મુકાદમ અને મેમ્બર તેને બદલી પર કામ આપતા ન હતા. કારણ કે એ ભાઁભી હતો. અહીં વણકરોનું વર્ચસ્વ હતું. એમણે એને કામ આપવા ભગા મુકાદમને વાત કરી, ભગા નરસી તેમના ઉપર ગુસ્સે થઈ ગયા. ધીમે-ધીમે ધમકાવતા હોય તેમ તેમને કહેલું.

''તમેય પસા! આંય ભાઁભી ભેગા કરવાનું કૉસો?''

''ના, ઈંમ ચ્યાં કીધું. આ બાપડો બૈ તૈણ દાડાથી ધક્કા ખાય સઅ, કોઈની ઓળખાણ લાયો નથી?''

ઓળખાણ શબ્દ સાંભળતાં મુકાદમ છેડાયા.

''ચ્યમ ઓળખૉણ નહીં? તમે સો નઅ. ચ્યારનાય બાપડો બાપડો કો સો? તો તમેય જાવ એ ભોંભી ભેળા?...''

એ ગમ ખાઈ ગયા. કોઈ ગરીબનો પક્ષ લેવો એય ભગા નરસીને ના ગમ્યું. તેમણે પશા નાથાને સંભળાવ્યું.

''જુવો... તમે ગાંધીવાળાંના ભાષણ હાંભળો સો હારું સઅ. ઑંય ગાંધીવાળું ના ઘાલસો! ઑંય ચાલ સઅ ઈંમ ચાલસે. આ એક આયો તો કાલી બીજો આવઅ. પેલી આડકા મિલમઅ એકેય વણકોર સઅ? બધા ભૉંભી... દેહના પરગણાવાળા.''

એમને જવાબ આપવાની ઘણી ઇચ્છા થયેલી. જવાબ સાંભળી મુકાદમ બીજી વાતો સંભળાવે તો? એમણે ચૂપચાપ બધી વાતો સાંભળી લીધી હતી.

એમણે વિચાર્યું કે મિલમાં રજાઓ પડી છે. એટલે પોતાના ગામ જઈ સૌની ખબર-અંતર પૂછી આવે. એક વાર સિદ્ધપુરથી સમાચાર આવેલો કે તેમનો પૂરો પરિવાર ગામ રહેવા ગયો છે. જે ઓરડી ખરીદી હતી તે મલિકપુરના કોઈ વણકરને ભાડે આપી છે. વેચવા કાઢી નથી. આ વાત જાણી એમને આનંદ થયેલો. હજી તેમની સિદ્ધપુરમાં પગ મૂકવાની જગ્યા સચવાયેલી રહી છે.

મુકાદમે બધાને ઇશારાથી પાસે બોલાવી જાહેર કર્યું,

''જુવો, એકહારી બધા એક મિલમઅ જહો તો કોઈનઅ કૉમ નઈ મલઅ. બેચાર જણા ઘાઘરા મિલમઅ... કઅ ટાટામઅ જજો, થોડી લંબેણ પડસે. રોકડો પગાર મલસે, મું હારી આયે.''

બધા જુદી-જુદી મિલમાં જવા તૈયાર થયા. પશા નાથાએ કહ્યું,

''મનઅ પેલા સાહેબવાળી મિલના આગેવાન કરશન મઘાએ મિલ જોવા આબ્બાનું કિધેલું. મું બે-ચાર દાડા ઈંયા જઈ આવું...''

''તમારા ભાતનું હું કરશો. ઈંયા કુણ ભાત લેઈ આવસે?''

''કાંઈ નઈ. પૅલા દાડે ઇમનમ ચાલસે. અપ્પા. પસઅ બીજા દાડે જોયું જહઅ?''

ભગા નરસીએ તેમની વાત માની લીધી.

*

# 19

પશા નાથા સવારે સાહેબવાળી મિલમાં જવા ઊપડ્યા. મિલ ચાલુ થાય એ પહેલાં મિલના ઝાંપે પહોંચવું જરૂરી હતું. આમ તો રાતે જ કરશનને ઘેર જવાનો વિચાર કરેલો, પરંતુ રાતે અંધારામાં જવું સારું ન લાગ્યું. રસ્તામાં મુસલમાનોનું કબ્રસ્તાન આવે, બધે સૂનકાર હોય. ભૂતપલિતથી તે ડરતા ન હતા પણ... કોઈ રાતના ચોર મળી જાય તો? આમેય એમણે અહીં ગઠિયાઓની ઘણી વાતો સાંભળી હતી. ઈંટવાડાથી કાલુપુર જવાના પથ્થરિયા પુલ ઉપર 'તીન પત્તી'ના જુગાર રમાડનારા ઠગોની ટોળીઓ બાજીપાના લઈ ફરતી રહેતી. અજાણ્યા કે ગામડાંના લોકોને ઠગતા. સાચું પાનું શોધી કાઢવા માટે પહેલાં બે આના, ચાર આના જીતાડી, ઠગી લેવાનું તરકટ રચાતા. પગારના દિવસોમાં આવા ઠગ-જુગારીઓની ટોળીઓ પગાર લઈ ઘેર જતા મિલકામદારોને ફસાવતી. સાંજ થયા પછી આ રસ્તે એકલા પસાર થવું ડરામણું લાગતું. કેટલીક વાર એકલ-દોકલ વ્યક્તિઓને ગુંડા ભેગા મળી લૂંટી લેતા.

એમને ગામડાંમાં ઠાકરડાઓની લૂંટ-ચોરીની વાતોની નવાઈ ન હતી. સિદ્ધપુરથી અમદાવાદ આવતાં તેમને અનુભવ થઈ ગયેલો. છાબલિયા અને ગોકળિયાના ચોરોનાં પરાક્રમોની વાતો હર ગામમાં થતી. કેટલાંક ગામોમાં ગામચોકી કરવા માટે પગી રાખતા. પગી ના હોય ત્યાં લોકો જાતે ચોકી-પહેરા ભરવાના વારા રાખતા. આ બધું યાદ આવતાં એ અકળાઈને બબડ્યા. "આ તો સાલું જ્યાં જઈએ ત્યાં ચોરની રાડ. રાત વોય કે દાડો."

જાત-જાતના વિચાર અને મન સાથે ગડભાગ કરતાએ સાહેબવાળી મિલના ઝાંપે પહોંચી ગયા. હજી મિલની પહેલી 'વિસલ' વાગી હતી. કારીગરો ધીમે-ધીમે ઝાંપે પોતાનો મિલપાસ બતાવી, મિલમાં દાખલ થઈ રહ્યા હતા. પશા નાથા પાસે મિલનો પાસ હતો નહીં. એ કરશનની રાહ જોતા ઝાંપે ઊભા રહ્યા. કરશન મિલમાં તેમને કામ અપાવશે તેવો પાક્કો વિશ્વાસ હતો. દૂરથી એમણે કરશનને ત્રણ-ચાર કારીગરો સાથે આવતા જોયા. પશા નાથાએ તેમની સામે હાથ ઊંચો કર્યો.

"કરશન, રાંમ રાંમ મનઅ ઓળસ્યો? તમારી મિલમાં કૉંમે આયો સું?"

"અરે પસા, તમે! આવો રાંમ રાંમ ભલાદમી તમનઅ કુંણ ના ઓળખઅ!"

બધાએ રામ રામ કર્યા. કરશનને ગઈકાલે ખબર પડી ગઈ હતી કે બાલાપીર મિલના મોટા શેઠ મરી ગયા છે. એટલે ત્યાંથી કોઈ કારીગર બદલી ભરવા આ મિલમાં આવશે જ, પરંતુ પશા નાથા જ આવશે એવું લાગેલું નહીં. એ પહેલાં તો એમને જોતા રહી ગયા.

"પસા, મું તો તમારી વાટ જોતો'તો. પેલા દાડે મેં તમનઅ કીધેલું, સાહેબવાળીમઅ આઈ જૉંવ."

એમણે પશા નાથાનો હાથ બીજી વાર પકડી આનંદ વ્યક્ત કર્યો.

"લ્યો, આઈ જ્યો! વખત આવઅ તાણ અવાય."

"હાસ્તો... તમે આયા હારું કર્યું."

"હાલ વાત હાચી... પસઅ જેવા દૉણાંપાંણી!"

"ખરું પસા, મન તો તમારી ઓળખાણ થઈ તાણ જ થ્યું' તું, મારી મિલમાં લઈ જઉં..."

મિલના ઝાંપામાં પ્રવેશ કરતાં પશા નાથાને ચોકીદારે રોક્યા. કરશને પોતાના માણસ તરીકેની ઓળખાણ આપી. આજે એમનો હાજરીપાસ મળી જશે, એમ જણાવ્યું. પશા નાથાને આ સાંભળી અચરજ થયું. તે અહીં બે-ત્રણ દિવસ બદલી ભરવા અને દાડી-મજૂરીએ આવ્યા

હતા. જ્યારે કરશન તો તેમના માટે હાજરીપાસની વાત કરતા હતા. તે કાંઈ બોલ્યા નહીં. ખાતું હજી ચાલુ થયું ન હતું. માસ્તર ખાતું ચાલુ કરાવે તે પહેલાં કરશને તેમને આ મિલમાં કાયમી ધોરણે આવી જવા વાત કરી. તેમને આવી વાત થશે તેવો પહેલેથી જ સંદેહ હતો. જો તે સાહેબવાળીમાં બદલી ભરવા જશે તો મિલમાં રોકાઈ જવું પડશે. તેમ છતાં એ અહીં આવ્યા હતા.

કરશને માસ્તરને કહી તેમને સંચાવાળા તરીકે કામગીરી અપાવી. રિસેસમાં બધા કારીગર લીમડા નીચે જમવા બેઠા. વાતમાંથી વાત કરતાં પશા નાથા સાહેબવાળી મિલમાં કામ પર આવવા અને રાજપુરમાં એકાદ ઓરડીનો વેંત થાય તો ત્યાં રહેવા આવવાની વાત કબૂલી બેઠા. એમની સામે નવા પ્રકારનું ધર્મસંકટ ઊભું થયું. એટલે વિચાર્યું જ્યાં સુધી બાલાપીરમિલ બંધ છે, ત્યાં સુધી ગામ જવાનું. ગામથી પાછા આવીને સીધા રાજપુર કરશનના ઘેર મળવા જવું. સાંજના મિલ છૂટી. એ એક દિવસની મજૂરી લઈ ચાલીમાં પાછા આવ્યા. જમ્યા બાદ એમણે મુકાદમને કહ્યું કે –

“મકડદમ, આંઇ આયાને તૈણ ચાર મહિના થ્યા. મનઅ થાય સઅ કઅ ગૉંમ જી આવું. ઑઈથી બીજી મિલમાં કામ કરવા જવું ફાવસે નઈ, ઇંટવાડાથી રખિયાલનો રસ્તો બીક લાગે એવો સઅ.”

મુકાદમ માથું હલાવી હાજીયારો પુરાવતા રહ્યા. કોઈ-કોઈના મનમાં તો કઈ રીતે પહોંચી શકે? તેમણે કરશન સાથે થયેલી વાત સુધ્ધાંનો ઉલ્લેખ ના કર્યો.

“વાત તો હાચી સઅ. જી આવો ગૉંમ. બધાંની કહળાસમી લેવાય. બેદાડા વધારઅ થાય તોય, ઈંમ કરો કાલી ગૉંમ ના જહો. કાલુપરથી અટાયણું કરીનઅ ઘેર લેઈ જજો. સેરમથી પેલી વાર ઘેર જોવ સો. હૌવ આસા રાખઅ! અમારા માટઅ કાંક લાયા અસીં.”

એમને મુકાદમની વાત સાચી લાગી.

“ઓવ્વઅ મકડદમ, બધાં આસા રાખઅ ખરાં. મેં તિયારી કરી રાસી સઅ.” એ મુકાદમ સામે જોઈ હસ્યા.

“ઈંમ, ચેવી તિયારી કરી સઅ. મું ચ્યમ જૉણતો નહીં?” મુકડદમે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

“તમારાં ઘરવાળાં જૉણઅ સઅ. તમારા આ વીસીવાળા જૉણઅ ગૉંમ જોંય સઅ. મું ઈમની હારી અટાયણું લેવા જઉં તો મારી હાટું થોડું-થોડું ભેગું કર્યું સઅ. મારા જોડા લાયો, બૈરા માટઅ સપાટો લીધી’તી, હાડલો નઅ મારા માટઅ કોરવાળી ધોતી, સોકરા માટઅ તિયાર બાંડિયું, સોકરાના સોકરા માટઅ આંગડી.. અમારા ઉગરા ભગત માટઅ ભદરકાળીથી તુલસીમાળાય લીધી સઅ.”

“ઓહો...હો તમે તો આખું સેર ખરીદી લાયા. મનઅ ખબેર નોં પડી.”

“એ તો તમારા ઘરવાળાનો પરતાપ, બધું ઓયડીના ડાગળે ચડાઈ મેલ્યું સઅ.”

“તાણઅ અટાયણું લેવાનું કાંઈ બાચી?”

“સઅ નઅ. મરચું, હળદોર, જીરું...”

“હેંડો તાણઅ કાલે કાલુપર, ચ્યાંય આઘા જવું નથી. તમે તો જબરું અટાયણું કરી લીધું.”

એમણે મુકાદમ સાથે કાલુપુર જઈ મરચું. હળદર, જીરું, દીવાસળીની ચાર પેટીઓ, અડધો શેર ચા, પાંચ શેર ગોળ અને પાંચ શેર ચોખા ખરીદ કર્યા.

“ચોખા ચ્યમ લીધા?”

“જુઓ મકડદમ! મું સિધપરથી ગૉંમ જ્યો તાણઅ ચા પીવાનું ટહણ હારી ચા લેઈ જ્યો’ તો. ચા વાહમઅ આઈ જી.”

"આ ચોખા?"

"ચોખા તો કોક દાડો લાબ્બા પડતા, માતાજીના નિવેજમઅ. ચોખા રાંધી, માંય જી ગોળ નાસી પરસાદ કરવા. ઑંઈ આઈનઅ ચોખા દાળની સીસડી ખાધી. મનઅ તો દાંતે વળજી સઅ. તમારા ઘરની સીસડી નઅ બટેકાનું શાક! તરકારી, જાણઅ વિદુરની ભાજી."

"ઓહોહો... પશા તમન કોઈ ના પોંચે હોં."

"ગૉંમડે સીસડી ખરી, ભૈડકું! બાજરી ખાંડીનઅ, મગની દાળની સીસડી! ઑય તો ચોખા નઅ તુવેરોની દાળ કેવું પડઅ. સીસડી પેલા દાડે ખાધી, એ દાડેથી... બસ ઈમ થ્યું... એક દાડો મારે ઘેર સીસડી નઅ... કાંકણિયોનું સાક."

"તાણ ગૉમ્મઅ સીસડી લેઈ જવી સઅ?"

"ઓવ્વઅ... ઘેંહ ખાધી, સીસડું ખાધું, અમઅ... તો સીસડીનઅ પંચમઅ લેઈ જવી સઅ."

એમને વાત કરતાં કરતાં નવો વિચાર આવ્યો. લગન-વિવા હોય ત્યારે બૈરાં રોટલા ઘડી-ઘડી ને થાકી જાય છે. આદમી વાતોના તડાકા મારે ને બૈરાં બિચારા રોટલા ઘડવામાંથી નવરાં જ ના થાય, એકાદ વેળા ખીચડી હોય તો?

એમનું મન વિચારે ચઢી ગયું. ગામમાં જાન ચાર-પાંચ દાડા રોકાય છે. તેને જમાડતાં... શિરો ને લાવસી, કોંકણિયો ને રોટલા, કઢી ક્યાં સુધી ખવાય. આ બાજુના ગામોમાં તો બધા પ્રસંગોમાં ખીચડી હોય છે. જો ચોખાની ખીચડીને લગ્નમાં ખવડાવાય તો? પાછું મનમાં થયું કે સાલું અમારા ગામોમાં ચોખા થતા નથી. કસ્બામાં જઈ લઈ અવાશે. પ્રસંગ હોય તો થોડો ખરચ વેઠવો પડે. એક વાર વાસમાં વાત તો મૂકવી જ. પછી પરગણામાં મુકાશે. સારા કામમાં સૌ સાથ આપશે.

*

# 20

**આ** ખરે એમના હટાયણાની ગાંસડી બંધાઈ અને ગામ જવાનું નક્કી થઈ ગયું. પૈસાની લેવડ-દેવડ ચૂકતે કરતાં ભગા નરસીએ કહ્યું.

“પસા, ગૉમ જોવ સો તો બેચાર દાડા વધારે થાય તોય, ચિંતા ના કરતા. શેઠનું બારમું થાય તોય હું? આપણે તો મજૂરિયા. કૉમ કરીએ તો પૉમીએ. કાલી મેં મોહનનઅ પૂસ્યું’તું, ઈની ચિંતા ના કરશો. એ ઑય રશે. તમે પાસા આવો, પસ બીજી વાત.”

એમણે સવારની પાટણ લોકલમાં જવાનું નક્કી કર્યું. મોટા શેઠના મરણને આગલે દિવસે પગાર થઈ ગયા છે એટલે જનારાનો ગાડીમાં સાથ થશે. ગાડીમાં આપણા લોકો જોડે બેસવું એટલે ચિંતા નહીં. બે-ચાર જણા હોઈએ તો કોઈ નામ ના લે. ભગા નરસીએ રેલવે સ્ટેશન જઈ ડબ્બામાં બેસાડવાની જવાબદારી લીધી. સમજાવી દીધું કે ગાડીમાં ડરવાનું નહીં. હિંમતથી કામ લેવાનું. પશા નાથા ગામ જવાની તૈયારીમાં લાગ્યા એટલે બીજા સાથી પણ ગામ જવા તૈયાર થયા. સૌ પશા નાથા સાથે ગાડીમાં જવા તૈયાર થઈ ગયા. ઘરના માણસોને મળવાનો અને તેમની સાથે રહેવાનો મોકો સૌએ ઝડપી લીધો.

સવારે બધા ચાલી બહાર નીકળ્યા. મ્યુનિસિપાલિટીના દીવાઓ ચાલુ નહોતા. ભગા નરસીએ કહ્યું, “આ મુનિસિપાલીના દીવાઓ ચાલુ નથી, ચાલીનું ઘાસતેલિયુંય હોલઈ જ્યું સઅ.”

“અજવાળું નથી તે હું થ્યું? ચાર-પાંચ જણા સીએ. રેલના પથ્થરિયા પુલ ઉપર થઈ કાલુપુર જતા રેશું!”

“એ લંબેણ પડઅ. મંજુસરી મિલ આગળ થઈ સરસપુરનો પગથીવાળો પલ ચઢી જીએ.”

“ઈંયાં તો પેલા પત્તાંવાળા જુગાર રમાડી લૂંટી લે સઅ?”

પશાએ ભગા નરસીએ કહેલી વાત યાદ કરી. અને પથ્થરિયા પુલ ઉપર ન જવાની વાત કરી.

“એ ચોયટા તો દાડે ગૉમડીઆ, એકલદોકલને લૂંટે. પાંચ જણાંને તો કોઈ હું લૂટે?”

“વાત હાચી, આ અટાયણાનો ભાર, પગથારિયાં ચઢવાં.”

પશાની વાત મુકાદમના મનમાં ઊતરી. વજન લઈને પગથિયાં ચઢવા અને ઊતરવાં પડે? આ રેલના પથ્થરિયા પુલ ઉપરથી જવું સારું. બત્તીઓ નથી તો શું થયું, આ ચાંદણિયોનું અજવાળું કાંઈ ઓછું નથી. કૂતરાં ભસવાનો અવાજ આવ્યો. સાથે કોઈ દોડતું હોય એવો અવાજ આવ્યો.

“હાહરાં, કૂતરાં આસી રાત જપતાં નહીં. જાણઅ ઈંમના બાપની બાજરી ભેળઈ જાય સઅ?”

“બાજરી તો ઠીક મારા ભઈ, એ ના ભહઅ તો કોઈના ઘરમઅ બે વાહાણ પડયાં હોય એય ચોર લેઈ જૉય.”

સાલું! આ ચોરીવાળું તો જ્યાં જાવ ત્યાં સામે ડાકુ ફાડીને ઊભું છે. અહીં ચોરી થાય તો કોઈ પકડાય નહીં અને ગામડામાં ચોરને ઓળખી જઈએ તોય નામ દેવાય નહીં. પશા નાથાના માથે વજન હતો તોય વિચારોને ગોટે ચઢી ઊભા રહી ગયા.

“ચ્યમ ઊભા રા?”

“પગમઅ કાંકરો... કુચ્યો. જોડા પૅરવાની આદત નઈ, જોડા પેરી લંબેણ હેંડાય નઈ.

એકઅ જોડા ગાંહડીમાં બાંધી દીધા.''

ભગા નરસી હસ્યા. ''આ ચંપલ જુવો, સસ્તાં પડઅ, નઅ ફટફટ કાઢી હકાય.''

''મનઅ ઈમ અતું કઅ પાવલાં પગમથી નેંહરી જશીં... હેડતાં નઈ ફાવઅ.''

બધા વાતોમાં ડૂબેલા હતા, ચાલતાં તેમના પગલાંના અવાજ તેમને સંભળાતા હતા. જાણે ગાયો, ભેંસોનું ધણ ધડબડ-ધડબડ જતું હોય. થોડી વારમાં પુલ ઊતરતાં જ કાલુપુર સ્ટેશનનું મુસાફરખાનું આવી ગયું. આ જગ્યા એમણે પહેલાં જોઈ હતી. ખાસ કરીને મિલની રજાના દિવસે. એ સરસપુર પગથિયાવાળા પુલ ઉપરથી નીકળીને રાણીબાગ નેતાનું ભાષણ સાંભળવા જતા. કોઈ વાર તેમને પુલ ઉપર 'પાના'નો જુગાર રમાડનાર જુગારીઓ જોવા મળતા. એમને જોતાં એ ઝડપથી આગળ વધી જતા.

એ મુસાફરખાનાની છત નીચે ઊભા રહી ચારેબાજુ જોવા લાગ્યા. ડોક ઊંચી કરીને જોયું તો એની છત અધધ ઊંચી છે. અહીં આજુબાજુ માણસો ઊભરાઈ રહ્યા હતા. ટિકિટો લેવાની બારી પાસે લાઈન અને કેટલાક માણસો પોતપોતાનાં પોટલાં સંભાળતા ઊભા હતા. શોરબકોર! આટલાં બધાં લોકોને ગાડી લઈ જશે? મુકાદમનો અવાજ સંભળાયો.

''હૉંભળો, પેલી બારીએ લોકો ટિકચ લે સઅ, ઈં જઈનઅ ટિકચ લેઈ આવો. ટિકચ સરાળુની લે જો... મેંહોણે જી ગાડી બદલજો... ગાયકવાડની ગાડી મલસે સરાળું જવા.''

તેમણે હકારમાં માથું હલાવ્યું. મુકાદમે ઇશારો કરી દેખાડ્યું. સામે ચારપાંચ હારબંધ ઓરડાઓ. તેને જાળીવાળી બારીઓ... તેની અંદર બેઠેલો માણસ, આપણે બહાર રહી પૈસા આપીએ એટલે એ ટિકિટ આપે. એ પહેલીવાર ટિકિટ ખરીદવા 'લેન'માં ઊભા રહ્યા. તેમને સિદ્ધપુર યાદ આવી ગયું. તે વખતે મોહન 'લેન'માં ઊભો રહ્યો હતો. સાથે જ બાળપણમાં ગાડી જોયાનું સ્મરણ થયું. દૂરથી જોયેલી. બાપા એમને ગાડી જોવા ખેરાલુ લઈ ગયેલા... અહીં તો ગાડી સાથે ઘણું ઘણું જોવાનું હતું.

''ચ્યાં ખોવઈ જ્યા? ટિકચ કઢઈ લ્યો. પસઅ ડબ્બામઅ બેહવાનો માગ નઈ મલઅ!''

એ તંદ્રામાંથી જાગ્યા. બારીએ જઈ, પૈસા આપી ટિકિટ કપાવી. સૌ સાથે મુકાદમ તેમને ડબ્બામાં બેસાડવા સાથે ચાલ્યા. સ્ટેશનની અંદર ગાડી ઊભી હતી. દરવાજે ટિકિટ ચેકરને ટિકિટ બતાવી પ્લૅટફૉર્મ ઉપર દાખલ થયા. મુકાદમે બહાર ઊભા રહી શિખામણ આપી.

''ગાડી મેંહૉંણે બદલજો, ભૂલતા નઈ નકર... બીજા ગૉંમ જતા રહો. મેંહૉંણા આવ એકઅ કોકનઅ પૂસજો હું કરવું.''

પશાએ પ્લૅટફૉર્મ પર ઊભા રહી હાથના ઇશારે હા કહી. બધા એ દૂર ઊભેલી ગાડી જોઈ. લોકો ઝડપથી ગાડીના ડબ્બા તરફ ચાલ્યા. પ્લૅટફૉર્મ પર બત્તીઓનું અજવાળું જણાતું હતું. અજવાળામાં ગાડીના ડબ્બા જોયા. દૂર ઍંજિન જોયું. એમને ઍંજિનને પગે લાગવાની ઇચ્છા થઈ.

સિદ્ધપુરથી અમદાવાદ આવતી વેળાએ એ સાચમ સાચ, એન્જિન તરફ જોઈને હાથ જોડેલા. ત્યાં જ મુકાદમનો અવાજ સંભળાયો.

''અલ્યા પસા, ઉતા કરો ડબા ભરઈ જ્યા.''

મુકાદમને જોઈ પશાને આશ્ચર્ય થયું. એમણે ટિકિટ લીધી ન હતી. એ ટિકિટ વિના અહીં કઈ રીતે અહીં આવ્યા.

''મકડદમ...તમે?''

''બોલશો નઈ. પેલો કાળાકોટવાળો આઘોપાછો થ્યો એકઅ... આપણે સીધા માંય... ગાડી ઊપડશે એકઅ પાટે-પાટે પેલા પથ્થરિયા પુલ પાહણ... છેંડામઅ થઈ બાર.''

મુકાદમ હસ્યા. પશા નાથાને તેમની બેફિકરાઈ ગમી. શહેરમાં આવ્યા પછી તેમનામાં

હિંમત વધી હતી. વિચારવાની રીત બદલાઈ હતી. માથે પાઘડીની જગ્યાએ ગાંધીટોપી આવી ગઈ હતી. અત્યારેય એમણે ટોપી પહેરી હતી. નવી નક્કોર! હટાયણું ખરીદતાં મહાજનની ઑફિસના ઓટલે બેઠેલા ખાદી વેચનાર ફેરિયા પાસેથી ખરીદેલી. આમ તો એમની ઇચ્છા અમદાવાદ આવ્યા અને મજૂર મહાજનના ઇસ્પેકટરને ગાંધીટોપી પહેરેલો જોયેલો, ત્યારથી ટોપી ખરીદવા મન તલપાપડ હતું. થોડા સમય પહેલાં જ તેમની ઇચ્છા પૂરી થઈ હતી. બધા વારાફરતી ડબ્બામાં ચઢા. બત્તીનું અજવાળું ડબ્બામાં પડતું હતું. એક જગ્યાએ સામસામી પાટલીએ બેઠા. પોટલું પહેલાં તો પગ પાસે મૂક્યું. બીજા લોકોના પોટલાંને ડબ્બાના માળિયે મૂકેલાં જોઈ તેમણે નકલ કરી પોટલું માળિયે મૂક્યું. મુકાદમે પ્લૅટફૉર્મ પર રહીને ડબ્બાની અંદર જોઈ મોટેથી કહ્યું,

"માળિયે પોટલું મેલ્યું તે હારું કર્યું. ધ્યાન રાખજો, બીજો કોઈ પોટલું ઉપાડી ના જાય."

"હારું હારું, મું નજર રાખે."

વાત કરતાં મુકાદમની નજર પશાના માથે રહેલી ગાંધીટોપી ઉપર ગઈ. એ ચમક્યા. એ ઘેરથી નીકળ્યા ત્યારથી જ ગાંધીટોપી પહેરી હતી. પણ તેમણે પોટલું માથે ઉપાડી લેતાં મુકાદમે જોઈ નહોતી. તેમણે ગાંધીટોપી કાઢી, ફરીથી પહેરી. એ જોઈ મુકાદમ મલક્યા.

"પસા, તમે પાકા મા'જનવાળા લાગો સો! અમઅ તમનઅ ગાડીમથી વચ્ચી કોઈ નઈ ઉતારઅ."

"ચ્યમ વચ્ચીં ઉતારઅ? એમણે ઠેઠ સરાળુંની ટિકચ લીધી સઅ. મૅહૉણા તો ઊતરવું પડસે. ગાડી બદલવા." બીજા કોઈકે જવાબ આપ્યો.

"વચ્ચી ઉતારવાની વાત જબરી સઅ! ઈંમની હારી બેઠા સો. કૅજો તો કેંસી."

"મકડદમ, રાત જઈ ઈની વાત જઈ. મું તો ભૂલી જ્યો…"

ગાર્ડની સીટી વાગી. ગાડીએ ભોપું વગાડયું. સાથે ડબ્બાને ઝટકો લાગ્યો. આખો ડબ્બો હલબલી ગયો. બીજા ઝટકાના ખડખડાટ સાથે ગાડી ઊપડી. પશાએ રામાપીરને યાદ કર્યા. જાણે વર્ષો પછી રામાપીરને યાદ કર્યા હોય એવો મનોભાવ થયો. એ ફિક્કું હસ્યા. મુકાદમ ગાડીની સાથે સાથે ચાલવા લાગ્યા. ગાડીએ વેગ પકડ્યો. ગાડી છૂક છૂક કરતી આગળ વધતી રહી. મુકાદમ સીધા ચાલતાં પ્લૅટફૉર્મના છેડા પરથી ઊતરી પાટાની લાઈનમાં આગળ વધતાં પાટા ઓળંગવા લાગ્યા.

*

ગાડી ઊપડી, પશા નાથાને થોડી મૂંઝવણ થઈ. એમની સાથે ચાલીના બેચાર જણા હતા તોય એકલું-એકલું લાગતું હતું. એમણે પોતાના પોટલા તરફ ઊંચે જોયું. પાટાની ખટાપટને લીધે પોટલું હલતું હતું. તેમને હળવા આંચકા આવતા હતા. એમને જૂના અનુભવની સ્મૃતિ થઈ આવી. તે વેળા તો કેવા ગભરાતાં-ગભરાતાં ગાડીમાં બેઠેલા. ગાડીમાંથી ઉતારી મૂકયાનું યાદ આવતાં મનમાં કડવાશ આવી. મુકાદમે જતાં-જતાં આ વાત યાદ દેવડાવી તે તેમને ગમ્યું નહોતું.

"પેલા! તમનઅ ગાડીમથી ઉતારી મૅલવાની વાત કેતા'તા?" ડબ્બામાં કોઈકે પશા નાથાને પૂછ્યું. એમને તેને જવાબ આપવાની જરાય ઇચ્છા ન હતી, તેમ છતાં પૂછ્યું છે તો કશોક ઉત્તર તો આપવો પડે.

"એ તો પોલીસે ગાડીમથી ઉતારી મૂકેલા."

"કાંઈ થ્યું'તું?"

"ના હેંજી-વેંજી… હલકી નાત ગણી…" એ વાક્ય પૂરું કરે તે પહેલાં સાબરમતી નદી ઉપરનો પુલ આવ્યો. ડબ્બામાં ખડખડાટ વધી ગયો. થોડી વાર સૌ ચૂપ થઈ ગયા. પુલ ગયો.

સૂરજનું અજવાળું બારીમાં થઈ ડબ્બામાં આવવા લાગ્યું. પેલો માણસ વાત સાંભળવા ઉપરતળે થઈ રહ્યો હતો.

"તમે પેલાં પાઘડી બાંધતા'તા?"

"ઓવ્વઅ, તમન ચ્યાંથી ખબેર?"

"તમે ભાષણ હાંભળવા રાંણીબાગ આવતા, ખરું?"

પશા નાથાને હવે પેલા માણસમાં રસ પડવા માંડ્યો. એમને વાત કરનારા માણસો ગમતા. પોતાનેય વાત કરવાની મજા આવતી.

"આવતો, તમે આવતા હસો? આપણે કદી મલ્યા નઈ? તમારું નૉંમ હું?"

"છગન, છગન વીરા... મૅહૉણા જવું સઅ. મારું ગામ સઅ... કસ્બામઅ."

છગન વીરા સડસડાટ પોતાની વાત કરતા રહ્યા. પશાને તો જોઈતું હતું ને પિયરિયાં મળ્યાંનો ઘાટ થયો. છગનને વાત કરવી ગમતી. એણે જાત ના પૂછી, એ કદાચ સમજી ગયો હશે.

"તમે મકડદમના હગા થાવ... સો?"

"ના ઈંમના ભેળો રું સું?"

"મકડદમે મનઅ અંધારામઅ ના ઓળસ્યો. મારો ભઈ ઈંમનો હાથી અતો. એક વરહ પેલાં. ઇને રાયખડમઅ ઓયડી લીધી. અમે બધા રાયખડમઅ રીયે સીએ."

પછી તો ઘર, ગામ, ગલી, ઠામની વાતો ચાલી. પરગણાની પંચાતી અને નાતરિવાજો. બેઠેલામાં બે-ત્રણ જણા અછૂત નહોતા. એ અડધી-પડધી વાતો સાંભળી, ડબ્બાના બીજા ભાગમાં જતા રહ્યા. તેમને થયું કે પેલી ગાડીમાંથી ઉતારી મૂક્યાની સાચી વાત કહેવી જોઈએ. આખી વાત બધાને સંભળાવી. છગને હસતાં-હસતાં કહ્યું,

"આવું તો કેટલાય લોકોને થયું છે. તમે પેલી સભામાં આયા'તા. ઈંમા ગાડીમઅ બેહવા માટેની વાત થેલી. અંગરેજો કેતા, હરિજનો નઅ ગાડીમઅ બેહાડવામઅ કાંઈ વાંધો નહીં. આ વાણિયા, બાંમણ જપતા નહીં. આ અડધી અંગરેજોની ગાડી સઅ, અડધી ગાયકવાડની."

"આ જબરું, અડધી...?"

"ઑંમઅ તો ના હમજ પડઅ? લોક કીસઅ... કાલુપરથી મૅહૉણા અંગરેજની, પસઅ સરાળું ગાયકવાડની. ચ્યમની વેંચી એ તો ખબેર નહીં."

"તમારા મૅહોણામઅ હિન્દુ-મિયાંનું પાણી જુદું વૅચાય ખરું?"

"તમે ચ્યાંથી જાણ્યું?"

"સિધપરમઅ."

"ભઈ, તમારું નામ મકડદમ પાહણથી ટેશને હાંભળ્યું'તું ભૂલી જ્યો."

"પસો, અમારઅ તો સિધપરમઅ તૈણ તફફાંનું પાણી હિન્દુ-મિયાં નઅ ઢે...નું."

"પસા, આ રાજમઅ તો કાસીમઅ જોવ તોય કાગડા કાળા. કેસઅ કાસીમઅ બે તફફાનું પાણી ખરું? આ તીજા તફફાનઅ તો પેહવા જ દેતા નહીં."

વાતોમાં તો સ્ટેશન આવ્યાં ને ગયાં. મહેસાણા સ્ટેશન આવ્યું. છગનને અહીં ઊતરી જવાનું હતું. જે લોકો પાટણ તરફ જવાના હતા તે બેસી રહ્યા. ખેરાલુ-તારંગા તરફ જનારા મુસાફરોને અહીંથી ગાડી બદલવાની હતી. છગનની સાથે તે પોટલું લઈ ડબ્બામાંથી બહાર આવ્યા. ચારેબાજુ નજર નાખી. ક્યાંક ચવાણાં-ભજિયાંની લારીઓ ઊભી હતી. ચા વેચનારા કીટલી અને માટીનાં શકોરાં હાથમાં લઈ બૂમો પાડતો હતો.

"ચાય... બોલો ચાય."

પશા નાથાને થયું આ બે-ચાર મહિનામાં તો જાણે દુનિયા બદલાઈ ગઈ. પેલો શકોરામાં

ચા વેચનાર બે પૈસામાં ચા વેચતો હતો. શકોરું પાછું લેતો નહોતો. એમણે પ્લૅટફૉર્મ ઉપર ક્યાંક ચા પીને ફેંકેલાં શકોરાં જોયાં. એમને ચા પીવા ઇચ્છા થઈ પણ ઇચ્છા દબાવી રાખી, પાણી પીવાની ઇચ્છા એ દબાવી શક્યા નહીં.

"છગન! ઑય પાણી ચ્યાં મળશે?"

"ઢે...ના નાળચે."

ત્યાં ચાર પૈંડાંવાળી એક ઠેલણગાડીમાં પાણી ભરેલી કોઠીઓને ઠેલી લાવતો, લાલ પહેરણ પહેરેલ માણસ જોયો. મોટી મૂછો. માથે લાલ પાઘડી.

"બાંમણિયા પોંણી... બાંમણિયા પોંણી કહી" બૂમો પાડતો હતો. થોડી વારે એ જ માણસ "મુસલમાની પાણી"ની બૂમ પાડી લેતો. પશા નાથાએ ધ્યાનથી પેલા બૂમો પાડનાર અને ઠેલણગાડી જોયાં કર્યાં. ઠેલણગાડીમાં કાળી અને લાલ રંગની પાણી ભરેલી બે કોઠીઓ હતી. અને ઠેલણગાડી ઉપર બેસાડેલા પાટિયા પર બે લોટા પડ્યા હતા. કોઈ પાણી પીવા આવે તો જુદા-જુદા લોટા વડે હિન્દુ-મુસલમાનને પાણી પિવડાવતો.

"આપણે હિન્દુ પાણી પીએ તો?"

"રવા દો, હાહરો એ ઠાકેડો બડો ખેપોંની સઅ. સેજેય વેમ પડે તો ઝઘડો કરઅ, ધોલધાપટ? આપણું પેલું નાળચું પેલા થાંભલે ડોસી પાહણ... ખોબો માંડી પીવાનું?"

તેમને પોતાની જાત ઉપર તિરસ્કાર આવ્યો, પાણી પીવું જરૂરી હતું. આ છગન કહે છે એમ પેલો જો જાત પૂછવા બેસી જાય તો? જુઠ્ઠું બોલવું પડે, ને જૂઠ પકડાય તો? છગને પશાને નાળચે લઈ જઈ પાણી પિવડાવ્યું. છગન પાણી પાનાર માજીને ઓળખતો હતો.

"માજી ચેટલાંનઅ પોંણી પાયું?"

"મેંહૉંણાવાળા કોઈ પીવા નહીં આવતા. આ પેલી તારંગામઅ જનારા આવઅ, તમ જોગા..."

"મુંય મેંહૉંણાનો સું?"

"ઈંમ હાચું કો સો?"

તેમને થયું છગન ભલે વાતો કરે, મારે તો ખેરાલુની ગાડીમાં બેસવાનું છે. એમણે છગનને કહ્યું, "મને સરાળુવાળી ગાડી વતાવો!"

છગનને આ વાત વિસારે પડી ગઈ હતી. તેણે ઝડપથી જે બાજુ ગાડી ઊભી હતી તે તરફ ઇશારો કર્યો.

"હેંડો, પેલો પાટા ઓળંડવાનો પુલ ચઢી જૉવ, પેલા પ્લેટફારમ પર જવા મુંય તમારી હારે આવું સું."

બન્ને ઝડપથી પુલ ચઢી સામેના પ્લૅટફૉર્મ પર ઊતર્યા. તારંગા જતી ગાડીના છેલ્લા ડબ્બામાં પશા નાથાને બેસાડ્યા. છગન બારી પાસે પ્લૅટફૉર્મ પર ઊભો રહ્યો.

"જુવો... ઑંયથી કોઈ આપણો નઈ વોય. કોઈ આવશે તો તરત જણઈ જશે. બાચી હંભાળીનઅ સરાળું પોચી જજો. ટિકચ હાચવી સઅ નઅ?"

"ઓવ્વઅ...!"

*

# 21

છગન ગયો. ગાડીમાં ઘણા ઓછા મુસાફર હતા. એટલે બેસવાની જગ્યા ઉપર પોટલું રાખી તેના પર હાથ રાખી બેઠા. આજુબાજુ ત્રણ-ચાર મુસાફર હતા. કોઈ કોઈની સાથે બોલતા નહોતા. ગાડી ચાલી. કોઈ સ્ટેશનથી એક ત્રીસ પાંત્રીસ વરસનો જવાન ચઢ્યો. એણે માથે તેમના જેવી ટોપી પહેરી હતી. ખાદીનો ઝભ્ભો, ધોતી એ આવતા જ જગ્યા જોઈને તેમની પાસે બેઠો. એને ખાસ તો ટોપીનું આકર્ષણ હોય એવું લાગ્યું.

"ચ્યાં જવોય?"

"સરાળું..."

"ઈંમ... મુંય ડભોડા જ્વોય."

ડભોડા નામ સાંભળી એ ચમક્યા. ડભોડામાં તો એ ઘણી વાર રેલના પાટા ઓળંગીને ગયા છે. એકાદ બેવાર ગાડીને જતાં જોયેલી. ડભોડા એમના ગામથી ત્રણચાર ગઉ થાય. તે ગામમાં પોતાના સમાજના માણસો ના હોવાને લીધે, એ તરફ જવાનું નહિવત બનતું. કોઈ વાર ગામમાંથી કાપડની ફેરી કરવા ઉગરો ભગત કે વાલો જતા, પોતે વણાટ સિવાય કશાયમાં રસ ધરાવતા નહોતા. ડભોડામાં તો બધી ઠાકોર, રબારીની વસ્તી. એટલે ઝાઝો આવરો-જાવરો નહીં. પેલા આવનાર વ્યક્તિને થોડી વધારે જગ્યા કરી આપવા પોટલું પોતાના પગ પાસે નીચે મૂક્યું. પેલા ભાઈને વાત કરતાં સાંભળી બીજા નવા મુસાફરમાંથી કોઈ બોલ્યું :

"તમે શંકરજી ખરા?" પશા નાથા બાજુએ રહી ગયા. પેલા વાતે વળી ગયા.

"હા... તમે ચ્યમ કરીનઅ ઓળસી જવોય?"

"લ્યો; કોય, ડભોડામઅ આ તમારા જેવી ટોપીવાળું બીજુ કુંણ વોય. બધા પાઘડીવાળા, આ તમે ટોપીવાળા, આસરમમઅ ભણવા જેલા..."

"તમે ચ્યાંના..."

"સરાળુંના... મું તમન અનઅ તમારા ભાનઅ ઓળખોઈ હમજ્યા..."

પશા નાથા સાથે કોઈને વાત કરવાનો મોકો આવે તે પહેલાં તો ખેરાલું આવી ગયું. ગાડી ઊભી રહી. પેલો વાત કરતો હતો તેણે તેમના તરફ જોઈને કહ્યું,

"તમે સરાળું કેતા'તા આઈ જ્યું, ઊતરો."

પેલા ટોપીધારીએ તેમને પોટલું ઉપડાવવામાં મદદ કરતાં કહ્યું,

"મારઅ તમારી હારે વાતો કરવી'તી. વચ્ચી આ સરાળુંવાળા આઈ જ્યા. તમે ગાંધીવાળા સો!"

"ગાંધીવાળા... ના...! તમારું ગૉમ મેં ભાળેલું સઅ. તમારા ભાનું નામેય ખબેર સઅ, કોકદાડે તમારા ગામ આયે..."

પશા નાથા ડબ્બામાંથી સંભાળીને નીચે ઊતર્યા. બધાની જેમ રેલવે સ્ટેશનની બહાર આવ્યા. પોટલું નીચે મૂકી કોઈની રાહ જોતા હોય એમ ઊભા રહ્યા. એમને તો ખબર હતી, કોઈ આવવાનું નથી. ગાડીમાંથી ઊતરેલા મુસાફરોમાંથી બે-ચાર જણા ઘોડાગાડીમાં બેસી ગયા. બાકીના બે-ત્રણ જણા ચાલતા થયા. રેલવે સ્ટેશનમાં કાળાકોટવાળા ટિકિટ માસ્તર અને પોતે બાકી રહ્યા. તેમને તરસ લાગી હતી. રસ્તા તરફ નજર લંબાવી. સામે રસ્તાની બાજુમાં લીમડા નીચે એક માજી પાણીની પરબ પાસે બેઠાં હતાં. એમણે ત્યાં જતાં પહેલાં માથેથી ટોપી ઉતારી. પોટલામાંથી પાઘડી કાઢી બાંધી, ટોપી પોટલામાં ગોઠવી દીધી. પરબે પોષ માંડી પાણી માગ્યું. બપોર નમવા આવી હતી. થોડી વાર ઊભા રહી આડુંઅવળું જોઈ, મન મક્કમ કરી

પોટલું ઉપાડી ચાલવા લાગ્યા. વિચાર્યું કે વોરાની દુકાને જાઉં, જો કોઈ સૂતર લેવા આવ્યું હોય તો સાથે-સાથે ગામ જવાશે. એ વિચાર માંડી વાળી પોતાના ગામ તરફ ચાલવા લાગ્યા. રસ્તામાં રૂપેણ નદી આવી. નદીકિનારે પોટલું મૂકી થાક ખાવા બેઠા. બેઠા-બેઠા નદીના ક્ષીણ પ્રવાહને જોવા લાગ્યા. એ પહેલાં ઘણી વાર નદીકિનારે આવ્યા હતા. અરવલ્લીના પહાડોમાં થઈ આવતી રૂપેણ... તેમને જાણે સાદ કરતી લાગી. પોતાના ગામ જતાં એને પાર કરીને જવું પડતું. ચોમાસે નદીનું વહેણ ઉતાવળું હોય, પછી સાવ હળવે કલકલ ગાતી જતી. વનરાવનનાં ઓઘાં અને કોતરોમાં રસ્તો કરતી નિરંતર વહેતી. સૂતર લેવા ખેરાલુ આવતા ત્યારે વનરાવનના મહાદેવનું મંદિર જોઈ દૂરથી પગે લાગતા. કેટલાક વાર મંદિરમાં જવાની ઇચ્છા થતી. જે સાથે હોય એમની સાથે વાતચીત થતી.

"આપણનઅ મા'દેવમઅ ચ્યમ દરશન કરવા જવા દેતા નથી?"

"કિંસઅ અનાદીથી હેંડયું આવ સઅ."

"તાણ ઇંમઅ કૂતરાંય આદુ-અનાદીથી અગતાં અસીં?"

"પૂજારી ના વોય તાણ... એવું થાય. આ તો મસાણ. પૂજારી રાતવાહો ના રે... કૂતરાંનઅ ભૂતની દોસદારી..."

"આપણ દરશન... કરીએ?"

"રવા દે... પલિતીમઅ પગ બગડસીં. કઅ કૂતરું ભહસે."

વનરાવન તો સ્મશાન. વગદા, કરમદા, મકરાણાં, ગૂંદી, આકડાના ઝુંડ... ટેકરે મંદિર. ટેકરે મડદાં દટાય, સુખી ઘરનાને નદીકિનારે લાકડાંની ચિતા ખડકી બાળે. લાડવા બનાવી સ્મશાનમાં ખવાય. તાવડીઓ રાખવા મંદિર પાસે પરસાળમાં ઓરડો. બારણું ખરું. સાચવણીના અભાવે સડીને જમીન તરફ બાકોરું પડેલું. અંદર સામાનમાં તાવડીઓ. બાકોરું કૂતરાને અંદર જવા આવવા માટેનો રસ્તો. કેટલીક વાર કૂતરી એ ઓરડામાં વિયાતી. મંદિર ઉપર ભગવી ધજા ફરકે. કેટલીક વાર ફાટેલું અડધિયું. સૂતર લેવા વાસના માણસો અહીં થઈ ખેરાલુ જતા. ત્યારે અડધિયું ફરકતું જોઈ કહેતા.

"લ્યો, અડધું ગજીયું ફરકે છે. મા'દેવ અડધા અસે. પજે લાગો..."

"ચ્યમ ભઈ! મા'દેવ અડધા અસે?"

"ધજા અડધી... એકઅ મા'દેવ અડધા... જેવા મા'દેવ, એવું અડધું પજે લાગો."

બધા ખડખડાટ હસે. પોતે સાથે હોય તો વાતમાં ઉમેરો કરે.

"રવા ધો, પજે લાગવાનું. દરશન કરવાના ના વોય તો પજે સેનું લાગવાનું. આપણા તો રાંમોપીર હારા... ભલુંમ કરજો કાળકામા..."

"હાચું જે પોતાના દેવ એ પોતાના... લાખ બાર જીયે તોય કાંઈ નઈ."

એમણે ઊભા થઈ પોટલા ઉપર હાથથી ઝાપટ મારી સૂરજ સામે જોયું, અંદાજ લગાવ્યો કે ઘેર પહોંચશે તોપણ સૂરજ 'મેર' નહીં બેસે. પોટલું માથે મૂકી પાછળ ફરી જોયું. વાસના ત્રણ જણાને સૂતરનાં પોટલાં ઉપાડી આવતા જોયા. એમના ચહેરા ઉપર ખુશીની લેરખી દોડી ગઈ, અટાયણાનું પોટલું નીચે મૂક્યું. વાલાને ઓળખ્યા.

"વાલા ઓ... વાલા... મું... પ..."

એ ખુશીમાં પોતાનું પૂરું નામ બોલી ના શક્યા. આવનારાઓએ તેમને ઓળખી ચાલ વધારી, પાસે જઈ સૂતરની ગાંસડીઓ નીચે મૂકી. રામરામ કરતાં આનંદમાં આવી ગયા. વાલાએ ઉગરા ભગતના સમાચાર આપ્યા.

"આપણ બેહો, ભગત હારી આયા સઅ, એ વાહમઅ જ્યા સઅ! મારાના હાળા રણછોડના સોકરાની હગઈની વાત અતી. રણછોડ હારી વાહમઅ જ્યા સઅ. એ અમઅ

આવતા અસીં. આંય ભેગા થવાનું કીધું સઅ.''

''હારું વાહમ... ભલ જ્યા? આપણા વાહમઅ હૌવ હારા સઅ નઅ? મારા ઘરની કહળાસમી લેતા રો સો નઅ?''

''ભઈ, તમારા ઘરનાંનઅ કાંઈ કેવાપણું હોય ખરું? કે'તમઅ કીધું સઅ, બાપ એવા બેટા અન વડ એવા ટેટા. સિધપરથી આઈનઅ હાળ સરતે કરી સઅ. સવિતા રંગેચંગે રઅ સઅ.''

પોતાના ઘરના સારા સમાચાર સાંભળી એ રાજી થયા. થોડી વારે ભગત આવ્યા. એમણે પશા નાથાને જોયા. એમનો ચહેરો ખીલી ઊઠો.

''ભીયા કાંઈ હાદહમાચાર નઈ? એકાએક આઈ જ્યા, કૉંઈ...''

''કૉંઈ નઈ ભગત, શેઠનો બાપ મરી જ્યો, નઅ મિલ પાંચ દાડા બંધ થઈ. મનઅ થ્યું. તૈણ ચાર મૈનાથી ઘરની હૉમું જોયું નથી. હારો હંગાથ મલ્યો, એકઅ આઈ જ્યો!''

''સેર હદયું ખરું?''

''હૌવ, હર્દ્યું. ઘેર જઈનઅ બધું કે', લ્યો બધા પોટલાં ઉપાડો. હારું કરજો રાંમાપીર... મોડું થહ તો...''

''હા ભઈ! હા... ચાર મૈનાનો વંજોગ કુનઅ ઉતા ના કરાવઅ! પાસા કાંઠે આઇનઅ ઑય બેહી રવું... હેંડો.'' ભગતે તેમનું ઉપરાણું લીધું. બધા હસ્યા.

''તમે સરાળું વાહમઅ હું કરી આયા?'' વાલાએ પૂછ્યું.

''એ બધુ પસઅ... સૂરજ મા'રાજ તો હેંડયા. અમ અંધારું થહઅ.''

બધા પોતપોતાના પોટલાં ઉપાડી નદી પાર કરી ગામની વાટે ચાલ્યા.

નદીકિનારે પશા નાથા આમ અચાનક ભેટી ગયા. બધાના આનંદનો પાર ના રહ્યો. આજે એમને આનંદ બેવડાઈ રહ્યો હતો. ઘેર પહોંચી તેમની પાસે અમદાવાદની વાતો સાંભળવી હતી. એમના ગામમાંથી અમદાવાદ જઈ પાછા આવનાર તે પહેલા હતા. એમનું ગામ તો શું? એમની નાતમાં આજુબાજુના ગામનો કોઈ માણસ અમદાવાદ ગયો હોય તેવું તેમની જાણમાં નહોતું.

સૂરજ સહેજ આથમણે નમ્યો. બધા નેંળિયાને રસ્તે વળ્યા. પગમાં ઉતાવળ હતી. શું વાત કરવી એ સમજાતું નહોતું, એકબીજા પાછળ ચૂપચાપ ચાલ્યા કરતા હતા. પશા નાથાને જાણે વર્ષો પછી પોતાના ગામના નેંળિયે ચાલતા હોય એવું લાગતું હતું. આ થુવરની વાડ, વગડો, ઝાડી, ઝાડવાં, આકડા-ધતૂરા બધા એમને પહેલા જેવા જ લાગતા હતા. અરે! આ નેંળિયાની રેતી અને એમાં ખૂપતા પગના તળિયે થતાં ગલગલિયાં એવાં જ હતાં...

ચાલતાં-ચાલતાં તેમને પોતાને માટે ખરીદેલા બૂટ યાદ આવ્યા. એ સપાટો સાથે પોટલામાં રાખ્યા છે. એ આખે રસ્તે ઉઘાડપગા રહ્યા.

''ખરું કેવાય. જોડા ઈયાદ આયા જ નંઈ?''

રસ્તામાં ક્યાં પોટલું ખોલવા બેસે. એમની ઇચ્છા તો અમદાવાદથી નવાં ધોતી, જોડા પહેરવાની હતી. મુકડદમે સલાહ આપી કે,

''ભલા આદમી? નવાં લૂગડાં પેરીને ગાડીમઅ બેહસો. તમનઅ ખબેર તો સઅ. અંજીરમથી કોલસીનઅ ધુમાડો... ગોટેગોટા, લૂગડાં કાળાંમેશ થઈ જહઅ.''

એમણે મુકાદમની વાત માની, સઘળું ખરીદ કરેલું પછેડીમાં મૂકી પોટલું બાંધી લીધું હતું. આમ તો એમનો જીવ નવાં કપડાં પહેરવા ઊછળ-કૂદ કરતો હતો. એક વાર નવાં કોરાં કપડાં પહેરી ગામમાં નીકળવાનો પાક્કો મનસૂબો કર્યો હતો. જો નવાં ધોતી, જોડા પહેરી ગામમાં થઈ ન નીકળાય તો? ''અરે; ગામમાં નઈ તો, વગડે પેરીનઅ જહું! પણ...''

એ અમદાવાદના ઘીકાંટા મોચી બજારમાંથી જોડા ખરીદી, દુકાનેથી જોડા પહેરીને બહાર

નીકળ્યા હતા. દુકાનદારે કોઈ નાતજાતની પડપૂછ કરેલી નહીં. એ એમને ગમેલું. જોડા પહેરીને ઘર સુધી ચાલેલા. ગામડામાં લોકો જેમ જોડામાં ડોળિયું કે એરંડિયું ચોપડે છે, એમ જોડાને એરંડિયું ચોપડવાનો વિચાર આવેલો. દુકાનદારે કહેલું "કોરમના ચામડાના બૂટ છે. તેલ ના ચોપડશો. પાલિસ કરાવજો પાલિસ." ભલે એટલું ચાલતાં પગમાં છાલાં પડ્યાં હોય! પણ... ચાલવાની મજા પડેલી. કોઈએ તેમને ટોક્યા કે રોક્યા નહોતા. ચાલીમાં તો લોકો કહેતા.

"તમે ખરા સો પસા? અમે તો વરસોથી આંય મિલમઅ કામ કરીએ છીએ, તોય જોડા લીધા નહીં... તમારું કાળજું કેવું પડઅ. અમે તો ઉઘાડપગા. ગૉમ જીયેં તોય..."

બસ, ધોતી ખરીદતાં તેમના મનમાં થડકો થયો હતો. ધોતી ખરીદવી કે થેપાડું ખરીદવું એની અવઢવ થતાં, સાથે આવેલા મોહનને પૂછેલું.

"મોહન... ધોતલી લ્યું.. કઅ થેપાડું?"

"હોવ્વઅ... ધોતલી; લાલ કોરની. હો... જેનઅ બળવું હોય એ બળઅ? મુંય કોરવાળી ધોતલી લે. મલમલની ગોકળ આઠમે."

મોહન રંગમાં આવી બોલેલો. અને 'મલમલ'ની બોલતાં હાથથી ચપટી વગાડેલી.

"ગૉમમાં કોક... એંરાન કરસીં તો?" મોહને હસીને પૂછેલું.

"ચીયા દાડે એંરાન નહીં કરતા? એક વાર સેલ થઈ જીયેં તો... પસઅ... જોયું જહઅ!" પશા નાથાએ કોરવાળી ધોતી પહેરીને ગામમાં જવાનું સ્વપ્ન તો વર્ષોથી પાળેલું.

એમણે એક વાર મજૂર મહાજનના પ્રતિનિધિને છૂટી પાટલીએ ધોતી કેમ પહેરાય એ પૂછેલું. એણે હસીને પાટલી પાડતાં અને છેડો છુટ્ટો રાખવાની રીત શીખવેલી.

"ઑમ છુટ્ટી પાટલીએ પેરસો તો હરિજન મટી જઈ શાવકાર દેખાશો... ધોતી ખરીદી છે ખરી?"

"ઓવ્વે..." એટલું કહી, મનમાં ઉમેરેલું. "સાવકાર તો સાવકાર, ધોતી પેરવી ખરી. થેપાડું તો આખી જિંદગી સઅ."

એ સઘળું યાદ આવતાં. એમના ચહેરે ખુશી ધસી આવી.

"અલી ફેરા, ગૉમ્મઅ ધોતલી પેરું તો ખરો?" મનમાં ગાંઠ વાળી.

વિચાર આવ્યો, વાસને મારા લીધે મુસીબત વેઠવી પડે તો સારું તો ના જ કહેવાય. એક વાર ગામમાં પહોંચ્યા પછી વાસમાં બધાને ભેગા કરીને પૂછી જોઈશ. એ બધા હા કહેશે તો જ, એક વાર ધોતી પહેરવાની છૂટ થઈ જાય પછી જખ મારે છે ઝાંપાવાળી. આ મિલમાં બધા સૂથણું ને બાંડિયું પહેરે જ છે ને? ચડ્ડીની ક્યાં નવાઈ છે.

"આ ગાંધીવાળા ટોપી પેરે છે, પાઘડી શેરમાં ઓસી થઈ જી. મેં એક ટોપી લીધી સઅ. ગૉમ્મઅ માથું ઢાંકવું પડઅ તો, ટોપી કઅ પાઘડી આજર સઅ."

કપડાં પહેરવામાં આભડછેટ નડશે તો શહેરમાં પાછા જઈને પહેરીશું. ગામડા ગામમાં હવે ઝાઝું રહેવું નથી. શહેરમાં રહેવાની મજા પડે છે. ઘર આંગણે કૂવો, પાણીની ભીખ નહીં. જેટલું પાણી વાપરવું હોય તેટલું પાણી કૂવામાંથી ખેંચો. એક... પેલા જાજરૂથી તોબા. અને ડબ્બા... કૂંડી. હોય! એમાં ક્યાં આખો દિવસ બેસી રહેવાનું છે. મિલમાં ક્યાં જાજરૂ નથી? એના જાજરૂ ઓછી ગંધ ઉડાડે. ખુલ્લામાં ખરાને. સફાઈકામદાર સફાઈ કરવા આવે એટલે સારું. ઘરના બે જણા મિલમાં જતા હોય ને ભાડાની ઓરડી હોય. રૂપિયો બે રૂપિયાના ભાડામાં ઓરડી ભાડે મળી જાય. મોકો જોઈને લઈ લીધી હોય તો જગ નાહ્યા. લાકડાં વેચાતાં મળે, અનાજ વેચાતું મળે, ઘંટીએ દળાવવાનું, બસ રાંધનારું જોઈએ. એમનો ગામ છોડી દેવાનો વિચાર દૃઢ થવા લાગ્યો.

એકાએક તેમનો પગ રેતમાં ધસી ગયો. એ લથડ્યા. પડતાં-પડતાં માંડ બચ્યા. પોટલું બે

હાથે પકડી લીધું. ઊભા રહી પગ જમીન પર થપથપાવ્યો. પગનું તળિયું રેતીમાં ઘસ્યું. બે હાથે પોટલું ઉપાડી સામે નજર નાખી. તેમની સાથેના લોકો થોડા આગળ નીકળી ગયા હતા. કોક અજાણ્યા પંખીનો ટહુકાર સંભળાયો. એમણે આકાશ તરફ જોયું. કેટલાંક પંખીઓ પોતાના માળા તરફ જઈ રહ્યાં હતાં.

"માળો વોય કઅ ગૉમ... પોતાનું એ પોતાનું. હાવ હોનાની લંકામઅ જૉવ. ઘરની માયા જબરી. ના મેલાય. આ વનરાવન, વગડો, નદી, મકરોડા, વગદા..."

એ ભાવુક થઈ ગયા. માથે પોટલું સરખું ગોઠવ્યું. આગળ ચાલતા વાલાને પશા નાથાનો અવાજ ન સંભળાતાં, ઊભા રહી પાછળ ડોક ઘુમાવી. પશાને ઊભેલા જોયા.

"ચ્યમ, પસા? થાક લાજ્યો કઅ? અટાયણું ભારે સઅ! નેંળિયું પૂરું થાય, એકઅ ચ્યાંક વિહામો લેહું. ઝપટ મેલો."

વાલાએ બે હાથે માથા પરથી પોટલું ઉપાડી, ડોક સીધી કરી. પોટલું ફરીથી માથે ગોઠવ્યું.

"ના, વાલા થાક નહીં લાજ્યો. આ ઑડ હમી કરી. હૅંડો કાંઈ થાક નહીં ખાવો. સૂરજ મા'રાજ હૅમું તાકો. અમણઅ મેર બેઠા જૉણઅ. અલ્યા ભઈ, જનાવોરનો ભૉ મટયો કઅ નઈં?"

"એ કાંઈ મટઅ? એવો નઅ એવો સઅ. બે દાડા પેલાં દીપરો આયો તો. મગનાએ ઢોલ વગાડ્યો. આખું ગૉમ ઊંડી પડ્યું.. દીપરો ભોંખરાં ભેળો... ભૉ ચીયા દાડે નતો... કૉ?"

"એય હાચું... વાલા...!"

એમણે વાલા સાથે થઈ જવા ચાલ વધારી. વાલાના પગમાં જોમ જોઈ તેમને અચરજ થયું. તે વાલાને પહોંચી વળતા ન હતા. નેંળિયામાં થૂવર પાસેના આકડાના ઝુંડમાં સુક્કાં પાંદડાં ખખડ્યાં. તેમનું ધ્યાન તે તરફ ગયું. ફુત્કાર સાંભળ્યો. આકડાના થડ પાસે એક કાળોતરો ફેણ ચઢાવી ડોલી રહ્યો હતો. તે એમની સામે જોઈ રહ્યો હોય એમ લાગતું હતું. તે ચમક્યા. આગળ ડગ માંડી શક્યા નહીં. વાલાને બૂમ પાડવા પ્રયત્ન કર્યો. પણ ગળામાંથી "ઑ... ઑ..." જેવો અવાજ નીકળ્યો. સાવ ધીમો. જો સાપ તેમના તરફ આવે તો માથે ઉપાડેલું પોટલું તેના પર ઝીંકી દેવા તૈયારી કરી. પોટલું બે હાથથી ઉપાડી લીધું. નજર સાપ સામે નોંધી રાખી. થોડી વાર બન્ને એકબીજા સામે જોતા રહ્યા. સાપની જીભ લપકારા મારતી મોઢાની અંદર બહાર થતી રહી. આખરે સાપે ફેણ નમાવી. રસ્તો દૂરથી કાતરી, સામેની વાડમાં સરકી ગયો. પશાનો ગભરાટ શમ્યો. પોટલું માથે મૂક્યું.

"હારું કરજો ગોગ મા'રાજ!" બબડી, સાપને મનોમન પ્રણામ કર્યા. હજી પોટલું પકડી રાખ્યું હતું.

"હારું કરજો રાંમાપીર... કાળકામા..."

એમણે નેંળિયામાં આગળ નજર નાખી. વળાંકને લીધે કોઈ દેખાયા નહીં. સાપ ગયાના લિસોટા તરફ નજર જતાં અમંગળ વિચાર આવી ગયા. લોકવાયકા છે કે જો સાપ આડો ઉતરે તો ઘેર કશું વિઘ્ન આવે! "રાંમાપીર જેવો ધણી સઅ... પસઅ ભૉ સેનો? પણ આ તો વગડો સઅ. બાપડાં, એરાં-ઝાંઝરાં ના ફરઅ તો કુંણ ફરઅ?" એ તો ઘેરથી નીકળ્યા હોઈએ ત્યારે શકન જોવાય. આ તો વનવગડો. એ મન મનાવતા રહ્યા.

"ઘેર જઈ ગોગનો દીવો ધરે. બધું ફ્લ્લમફલ્લા."

કોઈ દિવસ નહીં, આજે પશા નાથાને શુકન-અપશુકનના વિચારે ગભરામણ થઈ. એમણે ચાલતાં-ચાલતાં વાલાને બૂમ પાડી.

"એ ભઈવાલા... ઊભા રજો."

વાલો ઊભો રહ્યો. પાછળ ફરીને જોયું. ''ધડબડ... ધડબડ...'' ના અવાજથી વગડો ગાજવા લાગ્યો. તે જ્યાં નેંળિયે ઊભા હતા તેનાથી દૂર, વાડ-વગડો ખૂંદતું રોઝડાંનું ટોળું પસાર થયું. ધૂળની ડમરીઓ ચઢી અને સમી. પશો ઝડપથી બધાની સાથે થઈ ગયા.

''હું થ્યું પસા, બૂમ પાડી'તી?''

''ખરું કું. ઘણા સમે વગડો ભાળ્યો. મનમઅ ઉચાટ થ્યો. એકલા એકલા હારું ના લાજ્યું.. જાણઅ વગડે ભૂલો પડ્યો... આ રોઝડાં... ચેવાં ટોળાબંધ.''

તેમણે સાપ આડો ઊતર્યાની વાત છુપાવી. એમ શા માટે કર્યું. એ ના સમજાયું. ફરીથી મનમાં રામાપીર યાદ કર્યા.

''ઓવ્વઅ, રોઝડાં નઅ નાવોરનો વગડો કેવાય. આ શ્યાળવાં, કૂતરાં હૅમું ઝાકળિયાં લેતાં વાહના નાકે આઈ જૉય સઅ?''

''ખરું કીધું. સરવોર નઅ ભાંખરા સઅ... એકઅ વાઘ દીપડાંય આવઅ.''

તેઓ વાત કરતા આગળ ચાલ્યા.

''દાડો-રાતિ રોઝડાં જપતાં નહીં. મારવા સંધિ રાસ્યા સઅ... મખીએ. બંધૂક ધડુમ... રોઝડાં ભમ્મ!''

''હારું થઈ જ્યું ભાંભીનઅ... આંજણાંનઅ રોજ રાવણાં.''

બધા હસવા લાગ્યા. પશા નાથાને આ વાત જરા કઠી. એમનાથી ના રહેવાયું.

''સેનું હારું વાલા? બાપડાં મરઅ! જનાવોર વગડે ના રે' તો ચ્યાં જાય. થોડો સેતીમઅ ભંજવાડ કરઅ... તે, ભડાકો કરવાનો... વગડામઅ ઈમનો ભાગ ખરો કઅ નઈ... તમે કૉ?''

''હૌવનોય ભાગ. કિંસઅ ગાયકવાડ સરકારે હકમ કર્યો સઅ સંધિ રાખવાનો?''

''સેનો હકમ... ગાઁમ્મઅ તો મખી પાદઅ એ હકમ...''

વાતોમાં ને વાતોમાં ગામનાં પાદરનાં ઝાડવાં દેખાયાં. પડછાયા લાંબા થઈ ગયા. પશા નાથાને કપડાં બદલી લેવાનો વિચાર આવ્યો. પહેરેલાં કપડાં તરફ નજર નાખી. મેલાં થઈ ગયાં હતાં. બધા આગળ જાય અને પોતે રોકાઈ જાય, એ વાત એમને ના ગમી. રાત પડવાની જ છે. લોક ક્યાં મારાં કપડાં સામે જોવા બેઠું છે. એમણે આથમણે નજર નાખી સૂરજ ડૂબવાની તૈયારીમાં વાડ પાછળ સંતાઈ ગયો હતો.

''લ્યો... હૌવ વેળાહર પોચ્યા. હારું કરજો રાંમાપીર.''

તેમણે હાશકારો અનુભવ્યો. વાસમાં પહોંચી સીધા પોતાના આંગણામાં ગયા.

ઘરને આંગણે પોટલું ઉતારી, દીકરાના ઘર સામે નજર નાખી. ઘર બંધ હતું. ગોકળ કે તેનો દીકરો દેખાયા નહીં. એ વિચારવા લાગ્યા. ક્યાં ગયા હશે? આંગણામાં કોઈક આવ્યું છે, એમ સમજતાં સવિતા ઘરની બહાર આવે તે પહેલાં એમણે ટૌકો પાડ્યો.

''ગોકાની મા...''

સવિતા વીજળી વેગે ઘરની બહાર આવી. આંગણામાં પતિને જોતાં, એમની સામે જોતી જ રહી. એના પગ થંભી ગયા. એ કાંઈ બોલવા મોઢું ખોલે તે પહેલાં તો આખો વાસ એમના આંગણામાં ઠલવાઈ ગયો. સૌ તેમની ખબર પૂછવામાં ગૂંથાઈ ગયાં. આછા અંધારામાં વાસના લોકોના ટોળામાં છુપાઈ ગયેલા પતિને શોધવા સવિતા પગના પંજાઓ પર ઊંચી થઈ. એમ કરતાં વિચાર આવ્યો એટલે ઘરમાં પાછા જઈ લોટો ભરી પાણી લઈ આવી, પતિને અણવારી સલાડીએ પાણી રેડી આવી. એને લાગ્યું, એ પતિને ચોરા-ચૌટાની બલાથી બચાવી લેવા, તેમના માથે હાથ અડકાડી દુખણાં લે. પણ એ વિચારે ક્ષોભ થયો. એમ કરે તો એને વાસવાળા હરખપદુડી જ ગણી કાઢેને! એણે આંગણે મૂકેલા પોટલાને જોયું, એ ઉપાડી ઘરમાં લઈ ગઈ. પીવા માટે લોટો ભરી પાણી લઈ આવી. થોડાંક લોક આઘાપાછા થતાં પતિને પાણીનો લોટો

અંબાવતાં કહું :

"લ્યો? પાં..."

એટલું બોલતાં'તો એની આંખોમાં શ્રાવણ-ભાદરવો ઊભરાયા. એ આગળ બોલવા માગતી હતી પણ કાંઈ બોલી શકી નહીં. એ બન્ને જાણે વરસોના વિયોગ પછી મળતા હોય એવી લાગણી થઈ. આંખે જળજળિયાં આવ્યાં. હાથ લાંબો કરી લોટો લીધો. પછી વાસના માણસોને ઉદ્દેશીને કહ્યું.

"મું ઑય થોડા દાડા રેવાનો સું. ઘરનાં નઅ તો મલવા દેસો કઅ નઈ?"

બધા વિખરાવા લાગ્યાં.

"આજી થાચ્યો સું. હો ગઉથી આયો સું કાલિ..."

એમણે લોટાના પાણી વડે આંગણામાં ઊભાં-ઊભાં મોઢું ધોયું. લોટામાં વધેલું પાણી પીધું. માથેથી ફાળિયાના છેડાને ખોલી મોઢું લૂછતાં સવિતા સામે જોયું.

"મનિયો, વઉં... ચ્યાં જ્યાં સઅ?"

"એ તો બફોરે ઈની હાહરીમઅ જ્યો સઅ. બધાંય હારી સઅ. એના હાહરાનઅ કાંક એરું આભડયું'તું... હારું સઅ... તમન ખબેર કેવડાબ્બી'તી... કુંણ હંદેહો લેઈ જૉય..."

"વાટી કોઈએ ના કીધું. સરાળુંથી હારી-હારી આયા બધાં."

"એય હારું કર્યું, પેલાં આવી ખબેર કુંણ આલઅ? આ તો તમે પૂસ્યું, તે કીધું... નકર..."

"ઑય ઊભાં-ઊભાં વાતો કરસો કઅ... ઘરમઅ દીવડું હળગાવશો કઅ નઈ?"

"હળગાઈનઅ ઊભી'તી, તમે આયા."

બન્ને ઘરમાં ગયાં. સુખ-દુઃખની વાતો ચાલતી રહી. જમી-પરવારી પશા નાથા ઓસરીમાં આવ્યા. વાસમાં નજર નાખી. વાસ તો એવો ને એવો જ દેખાતો હતો. કશુંય બદલાયું નહોતું. ઉગરા ભગતના આંગણામાં બેત્રણ જણ ખાટલો ઢાળીને બેઠા હતા. તેમને વિચાર આવ્યો કે બધા બેઠા છે તો બે ઘડી ત્યાં જઈ બેસું... પણ આખા દિવસની દડમજલ તેમને ત્યાં જતાં રોકતી હતી. થાક અને ઊંઘ ભેગાં થયાં હતાં. નિરાંતે જમવાથી તેમની આંખોમાં ઊંઘ ભરાઈ. સવિતા ઓસરીમાં આવી.

"ગોકાની મા, વાતો કરવાની બવ ઇચ્છા સઅ. પેણઅ બધા પાહણ જઉં, પણ થાક જબરો લાજ્યો સઅ. તું ખાટલો નમાય."

"કાંઈ વાતો કરવા જવું નહીં, મું ખાટલો ઢાળું... બધું કાલી."

સવિતાએ ઓસરીમાં ખાટલો ઢાળ્યો. ડામચિયેથી ગોદડું લાવી પાથર્યું. ઓઢવા માટે પછેડી અદાણી બાજુ મૂકી. ઉનાળાના દિવસો હતા એટલે પોતાનો ખાટલોય તેમના ખાટલેથી થોડે દૂર પાથર્યો. તે ખાટલામાં આડા પડ્યા કે તરત ઊંઘવા લાગ્યા. ઊંઘતાં જ સ્વપ્ન લોકમાં સરી પડ્યા. જાણે પાછલી જિન્દગીના છેલ્લા મહિનાઓમાં ગૂંથાઈ ગયા. અમદાવાદની નદી; મિલો, મિલોનાં તોતિંગ ભૂંગળાં, મહાજનની ઑફિસ, રાણીબાગની સભાઓ. લોકો સાથે ચર્ચાઓ. મજા પડવા લાગી. એ ઊભા છે મુસાફરખાનામાં ગાડીની ટિકિટ લેવા. પૈસા આપે છે ટિકિટ લે છે. પછી ભખ છૂક... ભખ છૂક ગાડી ઊપડી... કાળું કાળું એન્જિન...

એમણે પડખું ફેરવ્યું. અમદાવાદમાં જોયેલું બધું ગુમ. થોડુંક યાદ રહ્યું. અર્ધતંદ્રામાં હળવેથી બબડી જવાયું.

"થાકોડું લાજ્યું એકઅ આમ થાય સઅ."

એમણે આંખો સખત ભીંસી ઊંઘવા પ્રયત્ન કર્યો. મનમાંથી બધા વિચાર દૂર કરવા મથામણ કરી. થોડી વાર તેમ પડી રહ્યા. સ્વપ્નોથી ઘેરાયા. ખેરાલુંનું સ્ટેશન. નદીકિનારે બધા

સાથે મળવું! વગડો... જોડા બાંડિયું, ધોતિયું ધજાની જેમ ફરફરતું હતું એની રંગીન કિનાર! ધોતિયું પકડી એમણે પહેરી લીધું. ઉપર બાંડિયું, માથે ટોપી, પગમાં જોડા... ફટ્ટ... ફટ્ટ... સામે ચોરો. મુખી અને તેના મળતિયા, ગોર... બધા હારબંધ... ખાટલામાં બેઠેલા. મુખી તો એમને જોઈ રાજી રાજી.

"આવો, પશા નાથા આવો?"

અને મુખીની આંખ ફાટી. મોટ્ટી... ભેંસના ડોળા જેવી.

"ઓહો... બાંડિયું ચેવું ધોળું ધોળું! બગલાની પાંખ જેવું? કિનારવાળી ધોતી..."

મુખીએ ઊભા થઈ ધોતીની કિનાર પકડવા હાથ લાંબો કર્યો. જેમ મુખી હાથ લાંબો કરે, એમ ધોતી દૂર થતી જાય. એના હાથમાં આવે જ નહીં.

"અલ્યા પશા આ ધોતી...!" મુખીએ ધોતી સામે આંગળી ચીંધી.

"મુખી ભા... તમારા પુનપરતાપ..."

"મારા આથમઅ, ચ્યમ આવતી નહ?"

"મિલની સઅ... સેરની... અમદાદની..."

મુખીની આંખો ગોળ-ગોળ ફરી. જોરથી બૂમ પાડી.

"દિયોર ધોતી! ઢેઢવું ચ્યમ નહીં પેર્યું. ઊંચી પોતડી... કિનાર કિનાર... જોડા... બાંડિયું? છુટ્ટી પાટલી... ચ્યાં જ્યો માસંગ, અનારજી... કેશરોજી... ઝાલો ઈની ધોતીની પાટલી... ખેંચી પાહટો નેચઅ... સાવકાર થ્યો સઅ ઢે...? કરો નાગો. હાહરાનઅ... હળગાઈ મેલો લુંગડાં?" લોક ઊભરાવા લાગ્યું.

"અરર... મીં ધોતી પકડી. લોટો પાંણી લાવોય છાંટ લેવી પડોય... દિવાહળી ચેતાવો... દિવાહળી..." મુખી હાથ ખંખેરવા લાગ્યા.

ચારે તરફ માણસો જ માણસો. જાણીતા અને અજાણ્યા, શોરબકોર. પડ્યો બોલ કાને ના સંભળાય. એ ડઘાઈ ગયા. ચૂપ. મૂંઝાયેલા. જીભ ઝલાઈ ગઈ. કોઈ ધોતી ખેંચવા લાગ્યું, કોઈ બાંડિયું. એ સાવ નાગા, નંગ-ધડંગ. બધાની વચ્ચે આબરૂ બચાવવા દોડવા લાગ્યા. ખેતર, વગડો... ફલ્લાંગો પર ફલ્લાંગ મારે. સામે સાપ ફેણ ચઢાવી ડોલે છે. ફૂંઉંઉંઉં... ફૂંઉંઉઉં... જીભ લપકારા મારે છે... સાપની આંખો મુખીના જેવી. એ પાછા ભાગ્યા. ટોળાના હાથમાં ઝડપાયા. છૂટવા ધમપછાડા. હાથ પગ... હલાવે છે. એમનો શ્વાસ રૂંધાયો. ચારે તરફ મિલના ભૂંગળાં ઊગી નીકળ્યાં. એક સાથે વાગવા લાગ્યાં. બાલાપીરિયું, સરસપુરિયું, ઘાઘરા મિલ, પથરા... ટાટા... એમણે કાને હાથ દેવા, હાથ છુટ્ટા કર્યા. એ ગબડ્યા... ચીસ પાડવા ઇચ્છા થઈ... ગળામાંથી "ઑં... ઑં... ઑં..." અવાજ ખર્યો. પરસેવો વળ્યો. શ્વાસ ધમણની જેમ ચાલવા લાગ્યો. એ ખાટલામાં બેઠા થઈ ગયા. આંખો ખોલી, ઓસરીમાં અંધારું હતું. બાજુમાં સવિતાનો ખાટલો હતો. તે તરફ હાથ લંબાવ્યો. ખાટલે હાથ અડતાં સવિતા સળવળી.

"હારું કરજો રાંમાપીર... મા... કાળકા. મનઅ ચેતાયો." એ બબડ્યા. અંધારામાં સવિતાનો અવાજ સંભળાયો.

"હું થ્યું!" એણે ખાટલામાં પતિના બેઠા થયાનો અણસાર અનુભવ્યો.

"ચ્યમ ખાટલે બેહી રયા સો?"

"કાંઈ નઈં. વાડે જવું'તું."

એ ઊઠીને વાડામાં ગયા. "સાલું. આય ખરું. લૂગડાં પેરવાનું ચપટી સુખ ઢે... લીં એય ગૉંમવાળાનઅ નહીં ગમતું, સપનાંમાંય ફજેતા કરઅ સઅ. આ જોડા, ધોતી પેરવાનું કોઈનઅ નહીં પૂસવું... પાસું અમદાદ જવાનું જ સઅ! ઈં તો તમે હું પેરો એ આભનો 'રાય પૂસતો નહીં."

વાતાવરણમાં ઠંડક થઈ હતી. ખાટલા ઘરમાં લીધા. બન્ને પરોઢ સુધી ખાટલે બેઠા વાતો કરતાં રહ્યાં. સવારે સૂરજ ઊગ્યે ઊઠીને આંગણામાં આવ્યા. તુલસીક્યારે સવિતાએ સળગાવેલા દીવાને જોઈ પ્રણામ કર્યા. રાતની સપનાવાળી ભ્રમણા યાદ આવતાં, ગામ છોડવાનો નિશ્ચય પાકો કર્યો. સૂરજ સામે જોઈ હાથ જોડ્યા.

''ભલુંમ કરજો સૂરજ મા'રાજ...''

એ ઘણી વાર સુધી સૂરજ સામે હાથ જોડીને ઊભા રહ્યા. એમની નજર સામે પાછલી જિન્દગીના કેટલાય સારામાઠા પ્રસંગો પસાર થઈ ગયા. આવડી નાનકડી જિન્દગીમાં એ ક્યાં ક્યાં જઈ આવ્યા હતા. એમના વડવાઓ તો ક્યારેય ગામ છોડી બહાર બીજી મજૂરી કરવા ગયા ન હતા. ક્યારેક ગામલોકના ત્રાસે ગામ છોડ્યા હતા. બીજે ગયા, ત્યાં સ્થાયી વસવાટ કરેલો. એમનેય એમના મૂળ ગામની ક્યાં ખબર હતી. એ જતા ત્યારે સામૂહિક હિજરત કરતા, જ્યારે પોતાને આમ એકલા બહારગામ જઈ મજૂરી કરવાનો ચસ્કો કેમ લાગ્યો. બાપુકીનો ધંધો અજાણપણે કેમ અણગમતો થઈ ગયો. વડવાઓ ક્યારેક જાત્રાએ જતા. તેની નોંધ વહીવંચાના ચોપડે હતી. એવું પાંચ દશ પેઢીમાં એકાદ વાર બનતું. વહીવંચાએ દાનની રકમ અને જાત્રાના સ્થળોને ભલીપેરે લખ્યાં છે. દશમી પેઢી ચાલતાં રણુંજે ગયેલી. પચાસ પેઢીમાં એકાદવાર કાશી, ગંગાજીનું નામ વહીવંચે ઉકેલેલું. સારું લાગેલું. વહીવંચાએ ઉમેરેલું કે,

''આપણા લોક કાશીએ જૉય કઅ, દવારકે! કોઈ પૂસઅ, ચેવા સો. તો ફટ્ દેઈ કેઈ દેતા. કુંભાર સીએ!''

એમના ચહેરા મલકાટ આવ્યો. ''મૂં સસ્તા ભાડઅ સિધપરની જાતરા કરી આયો. ખાસ્યા મઈના ફૂલપરામઅ રો. કોઈ ભગવૉંને હૉમું ના જોયું. અમદા'દમઅ, ભદરકાળીમા નઅ આઘઅથી ભાળ્યાં. માંય જ્યો વોત તો વાંધો આવઅ ઈંમ નતો. હાહરા પગ ના ઊપડ્યા. સાલુ મન ના મૉન્યું. જૂઠું હું કૉંમ બોલવું? જ્યાં મન ના મૉનતું વૉય ઈંયા ભગવૉન ચ્યાં નવરો અસે? સેની જાતરા... ઉગરો ભગત, મારો ભા, લવાનો બાપો... પાવાગઢ જેલા એવી વાતો વાહમઅ થતી'તી. બસ્ચ.''

''આભલા હૉમું આથ જોડીનઅ ઊભા સો. થાક લાગસે. દાતણ-બાતણ કરો. ઘણા દાડે આયા સો? ઘેંહનો ડૂવો કરી રાખું સું.''

''ડૂવો... અમણ જપ, મું વાડે જી આવું. રાતી જવું'તું ના જ્યો. ચરવામઅ પાણી આલો.''

એ ચરવામાં પાણી લઈ વાસ બહાર નીકળ્યા. હાથમાં રહેલા ચરવાને જોઈ મનમાં થયું. આ સિદ્ધપુર ગયો, અમદાવાદ ગયો. ત્યાં ચંબુ જોયું પણ ઘર માટે ચંબુ ના લાવ્યો. નવાં લૂગડા ને જોડા લીધાં. ચંબુ ખરીદવાનું યાદ ન આવ્યું. એકાદ ડબલું લેતો આવું. ચંબુ હોય તો, એય હાથ હલાવતા જવાનું અને ડબલું છેલ્લી થાંભલીએ લટકાવી દેવાનું.

*

# 22

વિ ચારોમાં ને વિચારોમાં ખેતરવાટે ઘણા દૂર નીકળી ગયા. વળતાં એ ઉતાવળા ચાલવા લાગ્યા. એમણે મણાને પમજીના ખેતરની વાડમાં છીંડું પાડી બહાર નીકળતાં જોયો. એ ઉઘાડા માથે હતો. માથે બાંધવાના રૂમાલની ઝોળી બનાવી ખભે નાખી હતી. તેમાં ંકંઈક હોય એમ લાગતું હતું. એમને લાગ્યું કે મણાએ સવાર સવારમાં સસલું માર્યું લાગે છે. ભલે એ જાય, એને બોલાવવો નથી. જેવી મણાની નજર તેમના પર પડી, તે ઊભો રહી બે હાથ જોડી મોટેથી બોલ્યો,

"રાંમ રાંમ; પસા કાકા, ચ્યાંણ આયા? હવારમઅ ચ્યાં ફરવા નેંહર્યા?" મણો ખુશખુશાલ થઈ, તેમના તરફ ચાલવા લાગ્યો.

"રાંમ રાંમ મણા. બધું એકીહારી પૂસી નાસ્યું, કાંક બાચી..."

"બવ દાડા થ્યા એકઅ પૂસઈ જ્યું? તમનઅ કાલીહાંજઅ હાંભર્યા'તા. કાલી આયા?"

"તન જબ્બર ખબેર પડી જી. કાલી આયો. આજ બાર નેંહર્યો નઅ તું મલી જ્યો."

"આતો લેણી દેણી સઅ કાકા? મું કાલે પમજીના હેતરે અતો, ઈને માટલું ચડાયું'તું. તમીં બધા અટાયણું ઉપાડી ઘેર જતા'તા. તાણઅ મું ભાળી જ્યો'તો. પમજીએ તમારા હાટુ બે ચીહા જુદા રાસી મેલ્યા'તા. આજી તમારા ઘેર મેકલવાના સઅ."

"તીમઅ અતારમ્ તું હાંહે રમ્યો?"

તેમણે નારાજગી દર્શાવી. મણો સાંભળીને હસવા લાગ્યો. ખભા પરથી રૂમાલિયાની ઝોળી લઈ તેમની સામે ધરી. ઝોળીમાં બે શીશા હતા.

"કાકા, હવારમઅ પાપ ના કરાય. આતો ચીહા લેવા જ્યો તો, જુવો. બીજો કોઈ લેઈ ના જાય એકઅ... મું..."

એણે આંખો ઉલાળી. પશા નાથા રાજી થયા. મારો ભત્રીજો ખરો. કાકાની કેટલી બધી ખબર રાખે છે. પોતે બહાર ગામ ગયા ત્યાં એકેવાર મણાને યાદ કર્યો હોય એવું યાદ ન આવ્યું. અમદાવાદ તુલસીકાંટે કલાલના પીઠે બધાની સાથે ગયેલા ત્યાં પણ તેને યાદ કરેલ નહીં, તેમને મનમાં ક્ષોભ થયો.

"કાકા, હાલ લી જસો કઅ પસે?"

"બફોરે ઘેર આલી જજે! હાલ લી જઉં તો તારી કાચી ખેં પાડી નાખઅ. કૅ ગૉમ્માં ચ્યમ હેંડઅ સઅ?"

"થોડું પાંસરું, થોડું આંકું! તમારા વાહની તો તમનઅ ખબેર પડી અસે..."

"ના મણા..."

"લ્યો કૉ, મારી કાચીએ વાત ના કરી."

"તારી કાચી તો બાપડી, સખદખની વાતોમઅ ગૂંચઈ જઈ'તી. એ હું કૅ?"

મણાને કહેવાનું મન થયું કે તમે વાસના બધા લોકો સાથે હતા, તો કોઈએ વાત ના કહી. થયું કે વાસની વાત, વાસના જ માણસ શા માટે કહે. એ ઘેર આવે છે એટલે એ વાત જાણશે જ.

"મણા, મનઅ કોઈએ વાત ના કીધી ઈંમ ચ્યમ લાજ્યું. વાત કાંઈ અજૂગતી સઅ?"

"એવું જ સઅ, એકઅ. લવજીના સોકરાની વઉ રિહઈ નઅ પિયોર જતી રી."

"વઉં તો ઠરી ઠામ ના થાય, ત્યાં હુંદી હડિયા-દોડ કરઅ!"

મણો હસવા લાગ્યો. કાકાને જરાય ભેદની ખબર નથી. એટલે યાદ કરાવવા માટે કહ્યું,

‘‘હાચું કૅજો... તમનઅ જરાય ખબેર નહીં?’’

‘‘વઉંના લખણના સેપકાં હું કૉંમ લેવા પડઅ. તું કેનઅ.’’

એ વાસની વાત કહેવા આલાંબાલાં બતાવવા લાગ્યો. અને વાતમાં એકાએક પલટી મારી.

‘‘જવા દયો કાકા, તમારા વાહની પંચાતમઅ મું ના પડું. પેલા સવલા લવારની છોડી. કાઢવણે જઈ. લવારોનું પંચ આયું, જ્યું. વેલાની ભેંસો દાડઅ દીવઅ સેતરમથી કોઈ સોડી જ્યું!’’

‘‘મણા... મારઅ ગૉમનો હસાબ નહીં જોયતો! જા હેંડ, આ પતઈ નઅ આયો સું...’’

એમણે હાથ ઊંચો કરી ચરવો બતાવ્યો.

મણો ગયો. એ, એમના મનમાં લવજીના છોકરાની વહુની ચાલચલગત વિશે ઇશારો કરતો ગયો. એ સમજતા હતા કે જ્યાં સુધી શરીરમાં જવાનીનું જોશ ને ડેંકલી લોહી છે, ત્યાં સુધી ઘણાં આવા ધમપછાડા કરતા હોય છે. વહુઓની રિસાઈ પિયર જવાની ક્યાં નવાઈ છે. મણો શું થયું એ કહેવા તૈયાર ન થયો એટલે આ વાતમાં કંઈક ખોટું હશે. એમ લાગ્યું હશે? આવું તો ઘેર-ઘેર થાય. એનું વિચાર્યા કરીએ તો જીવાય શી રીતે? આવી વાત તો ઉકરડો કહેવાય. ફેંદીએ તો એમાંથી ઠીકરાં જ નીકળે.

એ ઘેર પહોંચ્યા. હાથ-પગ ધોઈ, હાથણી પાસે બેઠા. સવિતા તાવડીમાં ઘેંસનો ડૂવો લાવી. એમણે પીધો.

‘‘હાશ! ચેટલા મઈને ઘેંહ સાહ ભાળ્યાં. કોઠો ટાઢોહેમ થ્યો. અલે; ગોકાનીમા ગોકો ચ્યારનું કેઈ જ્યો સઅ?’’

‘‘બે ચાર દાડાનું કિધું સઅ. ઘરમઅ બધું ભડાભૂટ બાચી મેલી નઅ જ્યાં સઅ. પસેડીનું અડધિયું વણવાનું બાચી સઅ, ઓઘરાં લી આયાં સઅ. ઓરા જોડી હારાહારી કરી સઅ. ઈનું વણાટ કોકવાર વણઅ સઅ.’’

‘‘ઈમ હારું થ્યું, સિધપરથી ઘેર રવા આઈ જ્યાં. અલીફરા અમદા’દ હૌવનઅ હારી લેઈ જવાં સઅ. મોહનનઅ કેઈ આયો સું. એ રાજપુરની ચાલીમઅ ઓઈડીનું ગોઠવી રાખશે.’’

‘‘મોહન કુણ સઅ?’’

‘‘ધોંનધાર બાજુનો મોટીયાર. નાતનો સઅ. ફૂલપરાથી હારી સઅ. તમીં તો ઓળખો સો. આ મણિ ચ્યમ ભળાતી નહીં?’’

‘‘ઓળસ્યો. ઈનઅ કિધુ સઅ? મણિ, ઈંના હાહરે.’’

‘‘ઓવ્વઅ. મું નેહર્યો તાણઅ કિધું’તું. એ કુંડાવાળી ચાલીમઅ રવા જવાનો સઅ.’’

‘‘કુંડ સઅ ચાલીમઅ તો ઈં ના રવાય.’’

‘‘આપણ માટઅ બીજી ચાલી, હીરાલાલની ચાલી. ઈમઅ ઓયડી લેવાનો સઅ.’’

‘‘તમન હુજઅ ઈમ કરજો. બધાંનઅ દસી નસે કરજો.’’

એમને સવિતાની વાત ગમી. ગમે ત્યાં જઈશ તોપણ એ સાથ આપવા તૈયાર છે, તેનો આનંદ થયો. મણા પાસેથી સાંભળેલી લવાના છોકરાની વહુની વાત પૂછવાની ઇચ્છા થઈ, એ ઇચ્છાને મનમાં જ દબાવી દીધી. જે કંઈ હશે એ તો ગાતું-વાતું માંડવે આવશે. અત્યારે તેના ‘‘સ્યા હાય વલુરા.’’ એમણે સવિતાને પાકો સધિયારો આપતાં કહ્યું,

‘‘ભૂંડી! દસી હું કૉંમ થીયેં. દસી થયા આપણા વાલેસરી દસમન. લે તું હાળ ચલાવઅ સઅ કઅ મું... હાળ સરતઅ સઅ?’’

‘‘ગજ્યું... ચઢાયું સઅ. આડા પટાવાળું. ઘાઘરી પોલકાંનું. પટાવાળી કાંચળી થાય. ઈના લાંબા છેડા બાચી રાખજો, દસ્યુની કાંહો કરવાની સઅ. મું ખાદરઅ જી આવું.’’

“ખાદરામઅ અજીય પાંણી સઅ. હારું કેવાય. સેરમઅ તો ચાલીએ ચાલીએ કૂવા વોય. પાંણીની ચંત્યા નઈ.”

“ખાદરું મઈના પેલાં ઉધું ખટવ્યું સઅ. પેલાં આખો દાડો પાંણીની ભીખમાં જતો. બઈ બઈ ચાયણીવાળો ઘાટ થતો!”

સવિતાએ માટલું, મોરિયું અને દોરડું લઈ પાણી ભરવા જવા તૈયારી કરી. એ સાળ પાસે ગયા. સાળને અડીને બે હાથ જોડ્યા. ભાવુક થઈ ગયા. જાણે સાળમાં પહેલીવાર વણવા બેસવા જતા હોય એવી લાગણી થઈ. સાળમાં બેસી ખાડામાં પાવડીઓ પર પગનાં તળિયાં ગોઠવ્યાં. સાળની રાચો પકડી સરખી કરી. રાશિલા પર રાશને ખેંચીને વણવા માટે વણાટ તંગ કર્યો. હાથો પકડી એક બેવાર ઠપકાર્યો અને તોર પાસે વણાયેલ વણાટને નજર ભરી જોયો. બાજુમાં મૂકેલા નળાને હાથમાં લઈ જોતા રહ્યા.

“વણાટ માટે આટલી બધી હરાજમ ગોઠવી સઅ, આ નળો નઅ હૂતર ભરેલી કોકડી ના વોય તો વણાય ખરું?”

એમને પોતાના વિચાર પર હસવું આવ્યું. લાગ્યું કે સાળનો એકેએક ભાગ અગત્યનો છે. આ હાથો ભારે હલકો ઠપકારીએ તોય વણાટમાં કાંઈ ભલીવાર ના આવે. સવિતા ઘરબહાર જાય એ પહેલાં તેમના પર નજર નાખી. હસી.

“તમીં હાળમઅ પેઠા ખરા! ઘણા દાડા પસઅ વણો સો એકઅ ઘૂંસ ના પાડતા. પજે ગોટલા બાજી જહઅ.”

એમને સવિતાની વાત સાચી લાગી. એ તેની સામે જોઈ હસ્યા. મોટેથી ‘રામાપીર’નું નામ લીધું. નળો વણાટમાં નાખ્યો. બીજા હાથે ઝીલ્યો. હાથો ઢપકારતાં પહેલાં તાણો સરખો ગોઠવી, હાથો ઠપકાર્યો. હળવો ધમ્મમ... અવાજ થયો. હાથને થડકારો લાગ્યો. એમને એ ગમ્યું. રામાપીરનું નામ લઈ વણાટકામ શરૂ કર્યું. એક કોકડું ખાલી થયું. નળો હાથમાં રાખી તેને જોતા રહ્યા. અહીં તો એક હાથથી બીજા હાથ સુધી નળો છુટ્ટો ફેંકવો પડે છે. મિલના સાળખાતામાં સાળની બે બાજુ એક એક દંડો, જે નળાને તાણાની આરપાર ફેંકે. તાર તાણામાં ગોઠવાય, હાથો જાતે આવીને તારને ઠપકારી ગોઠવે! તોર પર કાપડ લપેટાતું જાય. તાર ખલાસ થાય, સાળ ફટ દઈ બંધ થઈ જાય.

“આંય તો કોકડું પૂરું થાય કઅ, તાર ટૂટઅ, બધું જાતે હરખું કરવું પડઅ. ઊંધું ઘાલીનઅ વણીએ તો ચીરું પડઅ, ઈની ખબેર ના પડઅ.”

સવિતા પાણી ભરીને આવી. રસોઈ કરવાના કામમાં ગોઠવાઈ ગઈ. પશા નાથાએ બપોર થાય ત્યાં સુધીમાં ચાર હાથ પટેદાર ગજીયું વણી નાખ્યું. થાક લાગ્યો. સવિતા પાસે પાણી માંગીને પીધું. સાળમાંથી બહાર નીકળી પંચિયું સરખું કર્યું. બાંડિયાના ખીસામાંથી ચુંગી કાઢી. ભીંતે લટકાવેલ ભાથામાંથી તમાકુ લઈ ચૂંગી ભરી.

“ગોકાની મા, અંગારો લાવજે, ફૂંક તમાકુ પી લ્યું.”

“હાથ ધોઈ પેલાં ખઈ લ્યો. મું બોલાબ્બા કરતી’તી તમે જાતે બાર આયા. બપોરવેળાથી જી સઅ.”

એમણે તમાકુ ભરેલી ચુંગી કોકડીઓ રાખવાના રામિયાને અઢેલીને મૂકી. ચરવામાં પાણી લઈ આંગણામાં હાથ ધોઈ આવ્યા. બન્ને સાથે જમવા બેઠા. જમ્યા બાદ રામિયા પાસેથી ચુંગી લઈ. ચૂલામાંથી જાતે અંગારો લઈ, ચુંગી ઉપર ગોઠવ્યો. ઘર બહાર આવી વાસમાં નજર નાખી, કોઈ બહાર જણાયું નહીં. સાળો બંધ હતી. એ ઓસરીમાં ખાટલો ઢાળી ચુંગી પીતા બેઠા. એમની આંખોમાં ઘેન ભરાયું. ચુંગી ખાટલાના પાયા પાસે ઠાલવી, ત્યાં જ મૂકી. ખાટલામાં આડા પડ્યા. આંખ મળી ગઈ.

*

વાસમાં સાળો ચાલુ થઈ. એમણે ઊંઘમાં ધમકાર સાંભળ્યો. હડફ દઈએ ખાટલામાં બેઠા થઈ ગયા.

"સાળો ચાલુ થી જી. મું બફોરે બેહવા ના જ્યો. વાહમથી કોઈ બેહવા ના આયું. હાંજે આવસીં. આ થાકનું જબરૂં, ભટ્ટ દઈનઅ ઊંઘ આઈ જી."

એમણે પાણી મંગાવી મોઢું ધોયું. વધેલું પાણી પીધું. ખાટલાના પાયા પાસે મૂકેલી ચુંગી લઈ ઘરમાં ગયા. ભાથામાંથી તમાકુ લીધી.

"ગોકાની મા તીં મનઅ જગાડયો નઈ. ઘડીવાર હૌવની હારી બેઠો વોત તો હારું લાગત."

"હાંજઅ જજો, થાકોડું લાજ્યું વોય તો કાંઈ વણવું નહીં. હૂઈ રો."

"નારે... સેનું થાકોડું લાગઅ? આ તો ઘણા દાડે વણ્યું. આ ચુંગી પીનઅ ઓઘરું ઉતારી દયું."

સવિતા કોકડાં ભરવા સાળ પાસેથી ખાલી કોકડિયો ભરેલું રામિયું લઈ ઓસરીમાં ગઈ. રેંટિયે કોકડાં ભરવા બેઠી. પશા નાથા પેશાબ કરવા વાડામાં ગયા. દૂર નજર નાખી. ચારે તરફ શાંતિ હતી. ક્યાંય કશા અણસાર નહોતા. એમણે વિચાર્યું. પંખીઓ કેવા માળામાં લપાઈ બેઠા હશે. જનાવર ક્યાંક બોડમાં સંતાયા હશે. માનવી એકલાને બધી ધમાધમ, ક્યાંય સંતોષ કે જપ નહીં. તેમને મિલની યાદ સાથે જાજરૂ યાદ આવ્યાં. નાકમાં તીવ્ર પેશાબની ગંધની લ્હેરખી આવી. એમનો હાથ માથે બાંધેલ રૂમાલ તરફ ગયો. રૂમાલ ખેંચી લઈ નાકે દાબ્યો. નીચે બેઠા. ઊભા થઈ બબડ્યા.

"સાલું! સેરની ગંધ આંય હુંદી આઈ!"

ગંધ ગઈ. મણાને વાડા તરફ આવતા જોયો. તેમણે મણાને ચૂપ રહેવા હાથથી ઇશારો કર્યો. એ આવી, વાડા બહાર દારૂના બે વાસણ આપી જતો રહ્યો. એમણે ઘર તરફ જોયું. કોઈ જોતું નથી એમ લાગતાં એ વાસણો કમરમાં સંતાડી ઉપર બાંડિયું સરખું કરી ઘરમાં ગયા. કોઠી પાછળ વાસણ સંતાડી ચૂલાની આજેણમાંથી દેવતા લઈ ચુંગી પર મૂક્યો. કસ લેતાં-લેતાં સાળ પાસે જઈ ચુંગી ખાલી કરી દેવતા હોલવી નાખ્યો. સવિતા રામિયામાં તાર ભરેલ કોકડિયો આપી ગઈ. એ સાળમાં પેઠા અને વણવામાં એકતાન થઈ ગયા. વણતાં-વણતાં તેમની નજર કોઠી તરફ ગઈ. એમને દારૂના 'વાસણ' યાદ આવ્યાં. આજે રાવણું રાખીએ તો? એ માટે ડુંગળી, કૉકણિયો જોઈએ. એના વિના મજા ન આવે. ઘરમાં તો કાંઈ નહીં હોય. હાલ પેલા વાસમાં કૉકણિયો લેવા જાઉં અને ગોકળની માને ખબર પડે તો કકળાટ કરી મૂકે : "અમદા'દથી આયા, બે દાડા થ્યા નહીં કઅ હેંડ્યા... નકરી ગંધમઅ."

એની વાત સાચી છે. બેચાર દિવસ પછી રાવણું કરીશું. ભલે અમદાવાદ મોડું જવાય. ચા લાવ્યો છું, કાળી ચા બનાવીશું. દૂધની જરૂર નથી. રાવણું કરીએ, કોકના ઘરમાં ટેંટોફંદો થાય. મારું નામ આવે. બૈરાં તો કહે... "પસો આયા એવા વરતાયા!"

એ વિચારોને વિચારોમાં નળો ઝીંલતા ચૂક્યા. નળો કરાની ભીંતને અથડાયો. એનો બોદો અવાજ સવિતાએ સાંભળ્યો. અગાઉના અનુભવને આધારે ટકોર કરી.

"નળો ચૂક્યા નઅ? મનઅ લાગઅ સઅ. થાચ્યા સો. નકર તમે નળો ચૂકો જ નઈ."

એ ચૂપ રહ્યા. નળો લેવા સાળમાંથી બહાર નીકળવા લાગ્યા. ત્યાં સવિતા આવી.

"રવા દયો, ઊઠસો નઈ. મું નળો આલુસું. વણાટ વાળી લેઈ, શાંતિથી બાર નેંકળો."

"આ થોડું ચાર કોકડાંનું વણાટ બાચી સઅ. પસઅ ઊભો થી જે!"

એમણે વણવામાં મન પરોવ્યું.

*

એ રાતે જમી પરવારી, આંગણે ખાટલો ઢાળી ગુજરિયું પીતા બેઠા. થોડી વારે ઉગરા ભગત, વાલો, લવજી અને વાસના બેત્રણ યુવાન આવ્યા. બીજો ખાટલો ઢાળ્યો. આજે બધાને પશા નાથા પાસેથી અમદાવાદની વાતો સાંભળવી હતી.

‘‘પસા! તમે ખરા, અમદા’દ જ્યા તે જ્યા, સો મઇના હુંદી ઘરબાર હામું જોયું જ નઈ. જૉણઅ લંકામઅ ઊતરી જ્યા.’’

‘‘હાચું ભગત, હાહરી લંકા ખરી... હોના વગરની. ખબેર મેકલવા ચેટલુંય મન થાય. ચ્યમ કરીનઅ મેકલી હકાય. આપણી બાજુનું કોઈ જતું આવતું મલઅ નઈ. જેઠા બેચરનઅ અમદા’દ હાંભળેલા.’’

‘‘ઈમ, અમે હમાચાર હાંભળેલા એ તો હાંજવણ લેઈ જ્યા સઅ...’’

‘‘વાત હાચી એ મારા પેલાં પેલાં ગૉમ જ્યા સઅ. અતારે ગાંમડે અસી... બધાંય!’’

‘‘ઈમનઅ ગૉમ ગમતું નહીં, સેર વાલું થઈ જ્યું સઅ.’’

વાલાની વાત સાંભળી પશાને હસવું આવ્યું એમની સામે નજર નોંધી.

‘‘તમનઅ બધાંનઅ ઈંમ લાગતું અસે સેરમઅ ચેવું જહાં-તહાં સઅ. અલ્યા’ભઈ, આખો દાડો લોઢાં હારી બાથો ભરવાની... કટંબ હારી વોય તો હારું. મું બધાંનઅ અમદા’દ લેઈ જવાનો સું. પાકી ઈંટોરી ઓઈડીયો, કૂવો, હાહરૂ પાણીની ભીખ નઈ હોં... જબરું...’’

એ રોકાયા. ગુજરિયું લઈ બે ફૂંક પીધી, ઘરના બારણા સામે નજર કરી મોટેથી બોલ્યા,

‘‘ગોકાની મા થોડી ચા બનાવજે.’’

વાલાએ તેમને રોકતાં કહું : ‘‘આજી કાંઈ નઈ... પસઅ, સવિતાનઅ થાક ખાવા દયો.’’

‘‘હારું... મનઅ ઈંમ અતું કઅ... સાંટોં ચા પીએ. કાળી, જવા દયો. આ પરગૉમ કુંનઅ ગમઅ ભગત... જાણઅ મારા ભાની હોડે જ્યા એવું લાગઅ! અમે પેલીવાર કાળુપર જ્યા અટાયણું લેવા! ઓહો, એવો દરવાજો પાસો કોટ, ઊંચો ઊંચો અગ્નાસે જાય. અટાયણું કરો ચ્યાંય આભડસેટ નઈ.’’

‘‘તાંણઅ અમદા’દ હારું કેવાય!’’

‘‘ઈંયા કોઈ ઓળખઅ તો અભડાયનઅ! બધાનઅ કાંમથી કાંમ.’’

અને પછી એમણે અમદાવાદમાં જે-જે જોયું હતું એ યાદ કર્યું. ભદ્રકાળીનું મંદિર, કિલ્લો જાત-જાતના દરવાજા, ચાલીઓ. વાતમાં કશું છૂટી ના જાય એમ છેલ્લે તુલસીકાંટે આવેલા કલાલના પીઠાને યાદ કર્યું. સૌ એકચિત્ત થઈ સાંભળતા રહ્યા. હોકો અને ગુજરિયું ઠરી ગયા, કોઈએ ફરીથી ભરી લાવવા ન કહ્યું. પશા નાથા થાક્યા, એમણે બધાને કહ્યું.

‘‘આજી આટલી વાત પસઅ કાલે. બધા સુખરાત કરો, મું બોલીનઅ થાચ્યો.’’

પશા નાથા ઊઠ્યા, સાથે સહુ ઊઠ્યા.

વાલો ઊઠીને ઘેર ગયો. ઘરનું બારણું સહેજ અધખુલ્લું હતું. દીવો રા થઈ ગયો હતો. ઘરમાં અંધારું હતું. અજવાળિયાની રાત હતી. નળિયે ચળાઈને ઘરની ભીંતે ચાંદરણાં પડતાં હતાં. વાલાને મનમાં શંકા થઈ. એનાથી બબડી જવાયું :

‘‘હાહરાં બૈરાં એ બૈરાં! ચેટલીવાર કીધું. બાયણું અધુંકડું ના રાખો, છેવાડું ઘર, પછી ખુલ્લો વગડો એરાઝાંઝરાને ક્યાં વાડ નડે? ઘરમાં ઉંદૈડા હોય ‘‘સવાની મા! જાગો સો?’’ ઘરના બારણાને ધક્કો મારીને ઉઘાડ્યું. બારણાં સામેના ખાટલામાં અંબા સૂતી હતી. ભીંત તરફ તેમનો ખાટલો ઢાળેલો હતો. તેમને દીવો સળગાવવાની ઇચ્છા થઈ. દીવાઘરી સુધી ગયા ખરા. દીવાસળીની પેટી ક્યાં હશે? એવો વિચાર આવતાં વિચાર માંડી વાળ્યો. બારણું વાસી આગળો ભીડ્યો. અંદાજે જઈ પોતાના ખાટલામાં બેઠા. અંબાએ હળવેથી પાસું ફેરવ્યું. વાલાને

એનો અણસાર આવ્યો.

"'લ્યા તું અજી લગણ જાગઅ સઅ?"

અંબાએ ઊંઘમાં હોવાથી જવાબ ન આપ્યો. એમણે ખાટલામાં લંબાવ્યું. ખાટલામાં પડતાં જ આંખ મળી ગઈ. થોડી વારે તેમને પગમાં કશોક સળવળાટ થતો હોય એવી ભ્રમણા થઈ. પગ ખસેડી બીજા પગ ઉપર લીધો, ત્યાં જ તેમની પિંડીએ કોઈએ સોય ભોંકી દીધી હોય એવી વેદના થઈ. હડફ દઈએ ખાટલામાં બેઠા થઈ ગયા. ગળામાંથી હળવી ચીસ નીકળી. સિસકારો કર્યો. એક હાથે પગની પિંડી પકડી લીધી. બીજા હાથે ખાટલાની પાંગેત તરફ હાથ ફેરવ્યો. હળવો ધબાકો થયો, ખાટલા નીચે કંઈ પડ્યું અને સરકી રહ્યું હોય એમ લાગ્યું. નક્કી એરુઝાંઝરું હશે? એમ વિચારતાં એમની વેદના તીવ્ર થઈ ગઈ. દૂર ખૂણામાં ઉંદર ડાકલી વગાડતા હોય એવો અવાજ આવવા લાગ્યો. અવાજ કરી ઉંદર બીજા ઉંદરને ચેતવણી આપી રહો હતો. એમને ભ્રાંતિ થઈ કદાચ ઉંદર કરડ્યો હોય. એ કરડે તો ફૂંકી ફૂંકીને કરડે, ના ઉંદર નહીં હોય. એમણે જ્યાં વેદના થતી હતી ત્યાં હથેળી ફેરવી. ગરમ લાગ્યું. કદાચ લોહી નીકળ્યું હોય! એ ખાટલામાં બેઠા-બેઠા હાથ લંબાવી અંબાને ઢંઢોળવા લાગ્યા.

"સવાની મા... જાગ મનઅ કાંક જીવડું કૈંડ્યું લાગઅ સઅ? દીવો ધર! ઉતાકર..."

એટલું બોલતાં તેમને માથામાં એક ઝટકો આવ્યો. બેઠા-બેઠા ગબડી પડાશે એમ માથું ચક્કર-ચક્કર ફરવા લાગ્યું. ખાટલામાં જ આડા પડી ગયા. મનમાં અજાણ્યો ભય ધસી આવ્યો. આંખોમાં આછી બળતરા સાથે આંસુ ઊભરાયાં. પોપચાં ઢળી જવા લાગ્યાં, ઘેન ચઢતું અનુભવાયું.

હાથને સ્પર્શ થતાં અંબા ખાટલામાં ચમકીને બેઠી થઈ ગઈ.

"શું થયું...?" એમ પૂછતાં વાલાના ખાટલામાં હાથ ફેરવવા લાગી. એમણે વાલાનો 'ઉતાકર' શબ્દ બરાબર સાંભળ્યો હતો. એટલે વળતો સવાલ પૂછ્યું.

"ચ્યમ ઉતા કરવાનું કો'સો... સેની ઉતા? મનઅ લાજ્યું'તું તમે બૂમ પાડી'તી?"

"આ પેંડીએ કાંક કૈંડ્યું, દીવો ધરજે હમજ પડઅ." વાલાની વેદના ધીમે-ધીમે વધતી જતી હતી. અંબા ઊભી થઈ દીવાધરી તરફ જાય એ પેલાં વાલાએ કહ્યું.

"ઈહે મીં હોટું જોયું'તું' એ લેજે! ખખડાઈનઅ જજે! મું રાતી આયો, તાણઅ બાયણું ઉઘાડું અતું! સેવાડું ઘર..."

એ આગળ બોલી ના શક્યા. હોઠ ભીડી બેઠા થયા. આંખો બંધ રાખી. પિંડી પર હાથ ફેરવતા રહ્યા.

અંબાએ સોટું લઈ જમીન ઉપર ઠપકારતાં દીવાધરી પાસે જઈ દીવો સળગાવ્યો. વાલો હજી પોતાની પિંડી બે હાથે પકડી બેઠો હતો. અજવાળું થતાં પોતડી સરખી કરી. પિંડીને ધારી-ધારીને જોઈ. પિંડીની એક બાજુએ જોડે-જોડે બે સોય ભોંકાઈ હોય એમ લોહીના બે ધબ્બા અને આજુબાજુ ભૂખરી કિનાર બની ગઈ હતી. એ કિનારના કૂંડાળા જોતાં જ એ સમજી ગયા કે એરુ આભડ્યું છે :

"જો હાહરું એરુ આભડ્યું લાગઅ સઅ. આ બે દાંત બેહાડ્યા. એક લગ લાવજે. પગની ઉપરિયાં જતા લોઈનઅ બંધ કરી દયું!"

એટલું બોલતાં એમને થાક લાગ્યો. પાંપણો ભારે થઈ. માંડ-માંડ આંખ ઉઘાડી રાખી શકતા હતા. માથું ભારે થઈ ગયું હતું. માથું હમણાં ફાટી પડશે એવી વેદના થતી હતી. એમણે એરું આભડેલ માણસ જોયા હતા, તે યાદ આવ્યા. અંબાએ સૂતરની લગ આપી. લગ પિંડીના ઉપરના ભાગે બે આંટી લઈ બાંધી દીધી. અંબા સમયની ગંભીરતા પારખી એ બાજુના ઘરમાં રહેતા દીકરાને જગાડવા જવા લાગ્યાં.

“મું સવાનઅ બોલાઈ લાવું!”

“ઈમ કરજે હારી હારી ભગતના ઘેર જતી આવજે...!”

એમણે હોશમાં રહેવા પ્રયત્ન કરવા માંડ્યો. વિચાર ઝબક્યો “હાહરી, ધાંમેણ અસે તો વાંધો નઈ. હાપ-બાપ વોય તો... કાંઈ કેવાય નઈ.” એ કણસ્યા. થોડી વારમાં ઉગરો ભગત, સવો, પશા નાથા વાલાના ઘરમાં આવ્યા. વાલાની વેદના વધતી જતી હતી. એમણે જીભને જાડી થતી અનુભવી.

“હું કૈંડ્યું વાલા!” ભગતે વાલાનો પગ પકડી પિંડી પર થયેલાં નિશાન ચકાસ્યાં. બે દાંત ના નિશાન હતાં. અને તે જગ્યાએ ભૂરાશ પડતા ચક્કર દેખાતાં હતાં. ભગતની અનુભવી આંખોએ કળી લીધું. આ સાદી ધામણ-બામણ નથી, નક્કી સાપ કરડ્યો લાગે છે. ભગતે બે દિવસ પહેલાં આંબાવાડિયા બાજુ લોટે જતાં સાપને વાસ તરફ જતાં જોયેલો. ભગતને જોઈ સાપે દિશા બદલી ખેતર તરફ વળી ગયો હતો.

જરૂર પોતે જોયેલો સાપ આ બાજુ આવ્યો હશે. એમના મનમાં સાપ જ કરડ્યો છે એવું લાગતાં, તે સવાનો હાથ પકડી ઘરની બહાર આવ્યા. સેનમા વાસમાંથી તેમના ઘરાક મગનને ઢોલ સાથે બોલાવ્યો. ભગતે ઘરમાં પાછા જઈ પશાને કહ્યું :

“મું રબારી વાહમથી ગોગના ભૂવા વશરામભાને બોલાબ્બા જઉં સું. નશે મોડું થઈ જાય. ધામણ જેવું એરું અસે તો કાંઈ વાંધો નઈ! પસઅ પરભુની મરજી...”

અંબાને ગોગનો દીવો ધરી પાણિયારે મૂકવા અને સેંભરાગોગની બાધા લેવાનું કહ્યું અને ઘરની બહાર નીકળ્યા.

“સાલુ હવાર થવામઅ વાર સઅ! વાલો ના ઊંઘઅ તો હારું.”

બબડી ઘરમાં પાછા જઈ પશાને કહ્યું.

“વાલાનઅ ઊંઘવા નસે દેતા. મું અબ્બી, ભૂવાનઅ લઈ આવું સું!”

*

વહેલી પરોઢમઅ વાલાના ઘર આંગણે મગનનો ઢોલ ‘ધ્રુબાંગ... ધ્રુબ... ધ્રુબ... ધ્રુબાંગ’, બૂંગિયો વાગવા લાગ્યો. ત્રણેય વાસમાંથી પુરુષો જાણે ધાડ પડી હોય એમ વાલાના આંગણે ભેગા થયા. બધાને સાપ કરડયાની વાત જાણી પૂછતા હતા. “વાલાને એરું આભડ્યું સઅ કઅ હાપ?”

વશરામ ભૂવો ઘેરથી જ પોતાના આંગણામાં ઊભેલા લીમડાની ડાળખી તોડી હાથમાં રાખી ધૂણતા, શરીર ધ્રુજાવતા આવી, વાલાના આંગણામાં બેસી ગયા. કોઈએ એમને જોઈ કહ્યું.

“અલ્યા આઘા રજો આંગણામાં વશરામભા ધૂણઅ સઅ. અડી જહો તો ગોગ અભડાશીં.”

વાલાનો ખાટલો ઓસરીમાં લઈ આવ્યા. વાલો ઊંઘી ગયા હોય એમ ખાટલામાં ચત્તોપાટ સૂતા હતા. ચહેરો શ્યામ જણાતો હતો. ધીરે-ધીરે મોઢામાંથી ફીણ નીકળતું હતું. બાજુમાં ઊભા અંબા અને સવો વારંવાર પંચિયાથી સાફ કરતાં હતાં. વાતાવરણ ગંભીર હતું.

અંબાએ વશરામભૂવાને આંગણામાં બેસતા જોયા. તે ઓસરીમાં નીચે બેસી ખોળો પાથરી કહેવા લાગી,

“ભા’, સેંભરા ગોગની બાધા લીધી સઅ! ઈમના પારે આળોટતાં જહું! નારિયોલ, દૂધ, હવામણનો મલિદો. ઈમના ડાબા આથે મોરસંગું બાંધ્યું સઅ!”

વશરામભાએ, હાથમાં પકડેલું લીમડાનું ડાળખું બે-ત્રણ વાર ભોંય પછાડ્યું, હો... હો... કરી સાપ ફુત્કાર નાખતો હોય એમ મોઢેથી સિસકારો કર્યો. જાણે આળોટતા હોય એમ

શરીરને ભોંય તરફ આંબળી સીધા થયા, બધાને ખાટલાથી દૂર રહેવા ઇશારો કર્યો. બે-ત્રણ વાર જીભ બહાર કાઢી, દેખાડી.

"તમે, ખહોય બધાં... મારી નઅ વાલાની વચ્ચી... ના રહો... હો... હો..." બધાં ખસ્યાં. મગન જોર-જોરથી ઢોલ વગાડવા લાગ્યો. ભૂવાને શૂરાતન ચઢ્યું હોય એમ હોઠ ફફડાવતા મોટેથી "ગોગ બાવજીની જે..." કહી હાકોટો કર્યો. લોકોએ સામે "જે" બોલાવી. ભૂવોજી તો ઘડીકમાં ભોંય પર બેસે, ધોતી સરખી કરી કૂલા એડી પર રાખી ઊંચા-નીચા થાય. હાથ જમીન પર રાખી અધ્ધર જુએ. હાથમાં રહેલા લીમડાની ડાળખીને ભોંય પછાડી. ગળામાંથી વિચિત્ર અવાજ કાઢી ફૂંફાડા માર્યાં ડાળખીને વાલા તરફ અણવારી ભોંય પછાડી, બેચાર પાંદડાં મોઢામાં નાખી ચાવવા લાગ્યા. વાલાના ખાટલા તરફ જમણો હાથ લાંબો કર્યો. અંગૂઠો મોઢામાં નાખ્યો. ટચલી આંગળી વાલાના ખાટલા તરફ રાખી, અંગૂઠો ચૂસવા લાગ્યા. મોઢામાં થૂંક ભેગું થતાં પિચકારી મારી, થૂંક્યા. લોકોએ લીલા રંગનું થૂંક જોયું. એમને લાગ્યું આ ઝેર ચૂસાયું એટલે થૂંકનો રંગ લીલોકાચ જેવો છે. આ બધી ક્રિયાઓથી પશા નાથા અકળાતા જતા હતા. એમણે ભૂવાને સાપ કરડ્યો હોય ત્યાં છરીથી ચીરો મૂકી, મોઢેથી ઝેર ચૂસતાં જોયા હતા. એમણે ભૂવાની નજીક જઈ બે હાથ જોડ્યા.

"જે ગોગ બાવજી! વશરામભા?"

ભૂવાએ અવાજ સાંભળી તેમની તરફ જોયું. ફૂંફાડો માર્યો. ડોળા ફાડી તેમને જોતા રહ્યા. પશા નાથા હાથ જોડેલા રાખી નમ્યા.

"ભા! હાપ પગની પેંડલી ઉપર કૈંડ્યો સઅ. ઈંકણ મૂંઢું મૂચી ઝેર ચૂહો. આમ તો ઝેર નઈ ઉતરઅ."

ભૂવાની આંખો પહોળી થઈ. જાણે પશા નાથાને બચકું ભરવું હોય એમ તે તરફ નમ્યા. જાણે કહેતા હોય કે ઝેર કેમ ચૂસવું એની મને ખબર છે. એવા ભાવ તેમના ચહેરે કળાયા. લોકો પશા નાથાની આવી હરકતથી અકળાયા, લોકોને એમ હતું કે સાપ હમણાં ક્યાંકથી આળોટતો-આળોટતો આવશે. દંશ દીધેલ જગ્યા પર મોઢું રાખી ઝેર ચૂસી જતો રહેશે. પશાને ભૂવાના હાવભાવ જોતાં ગુસ્સો આવ્યો. વાલાના જીવન-મરણનો સવાલ હતો. તેમનાથી બોલી જવાયું,

"બાવજી, ડંખ ઉપર મુંઢું રાસી ચૂહો."

ભૂવો વિફર્યો. એ તો પહેલેથી જાણી ગયો હતો, આ ઝેર ઊતરે એમ નથી. આખા શરીરમાં ફેલાઈ ગયું છે. એટલે નવો રસ્તો વિચારી બોલ્યો,

"હો... હો...ઢે... થેઈ બાવજીના કૉમમઅ આડી જીભ કરોય! જૉવ મારાથી ભારે ભૂવોજી લી આવોય!"

એણે લીમડાની ડાળખી ભોંય પછાડી, પશા નાથા પાછા હઠ્યા. ભૂવો બોલ્યો,

"ગોગ બાવજીનઅ અભડાવૉય... ખહો બધાં... આઘા રૉય."

ભૂવો ઊભો થઈ ગયો. બે હાથ પહોળા કરી લોકોને આઘા કરતો તે વાસના નાકા તરફ ચાલવા લાગ્યો. મગને ભૂવાને જતો જોઈ ઢોલ વગાડવો બંધ કર્યો. ગંભીર સન્નાટો. બધાને લાગ્યું કે પશા નાથાએ તેમનો વિરોધ કર્યો એટલે ભૂવો ચાલ્યો ગયો. ઉગરા ભગત અને પશા નાથાને સાચી સ્થિતિ સમજાઈ ગઈ હતી. સાપ ઊતરે તેમ ન હોવાથી ભૂવાએ અભડાઈ જવાનું નાટક કર્યું. ભગતે સમયસૂચકતા વાપરી કહ્યું,

"પસા! મારું મન કૅસઅ, વાલાનઅ ઘરમઅ લેઈ જીયેં! ઈંયા ખાટલામઅ રાખી કાંક દેશી... દવાદારૂ કરીયે. સાહમઅ કાળી જીરી નાખી, છોળાઈયે!"

વાલાને ઘરમાં લઈ ગયા. છાશ અને કાળીજીરીને ભેગાં કરી વાલાને પિવડાવવા ગયાં.

વાલાએ ડોક ઢાળી દીધી. છાશ મોઢામાં રેડી તો ગળાની નીચે ઊતરી નહીં, મોઢાના બે ખૂણે થઈ બહાર નીકળી. ભગતે જોયું. તેમણે અંબાને આઘા ખસવા કહ્યું. નાક આગળ હાથ ધરી શ્વાસ ચાલે છે કે નહીં, તેની ખાતરી કરી. શ્વાસ બંધ હતા. એમણે છાતી ઉપર કાન રાખી હૃદયના ધબકાર સાંભળવા પ્રયત્ન કર્યો. આંખોનાં પોપચાં ઉપર કરી જોયું. નિરાશ થઈ પશા નાથા સામે જોયું,

"હાહરું કંઈ લાગતું નહીં."

તેમણે ખસીને પશા નાથાને જગા કરી આપી. તેમણે તપાસ કરી, કશું નથી એમ ઇશારો કર્યો. બધી ક્રિયાઓ અત્યાર સુધી શાંતિથી ઉચાટભરી નજરે અંબા જોઈ રહી હતી. તેમને પશાનો ઇશારો સમજાઈ ગયો. પહેલાં તો એ જડવત્ સૌની સામે જોઈ રહ્યાં. બીજી પળે...

"ઓ મારા હેવાતન રે..."

કહી મરણપોક મૂકી, વાલાની છાતી ઉપર પડતું મૂક્યું. અંબાની સાથે જ સવાએ પણ "ઓ મારા બાપા રે..." કહી મરણપોક મૂકી. અંબાની બાજુમાં ઊભી સવાની વહુ-સાસુને બાવડેથી પકડી રોતાં-રોતાં સંભાળતી રહી.

*

# 23

સૂરજ ઊગ્યો. વાલાના આંગણાના તુલસીક્યારે દીવો ન સળગ્યો. લાકડાં સળગાવ્યાં હતાં. બાજુમાં ડાઘુવેશે ઉગરા ભગત, પશા નાથા. કચરો લવજી, સવો અને બે યુવાન બેઠા હતા. શિવો ગોર, નાથી ગોરાણી અને તેમનો દીકરો દેવો બાજુના ગામથી આવ્યાં. ગોરાણી સીધાં ઘરમાં ગયાં, બાપ-દીકરો ડાઘુઓ સાથે બેઠા. શિવાએ રેતમાં આડા-અવળા લીટા દોર્યા. વેઢા ગણ્યા. ટીપણું કાઢી વીંટો ખોલ્યો.

"ભગત! બપોરે પંચકનો જોગ સઅ. આંય એરું આભડ્યું એકઅ ગોગનો વાહો થ્યો. મરતૂકનઅ બફોર પેલાં ભૂદાગ દેવો પડઅ. નકર કાંક વઘન…"

"શિવા મારાજ! મણિ, વાલાની દીચરીનઅ મલિકપરથી બોલાઈ મોંમેળો કરાબ્બો પડઅ. ઈમની હાહરી ટેમણીમઅ. ઈમના હાળા રણછોડનઅ કેવડાબ્બુ પડઅ. રણછોડ બે દાડા પેલા સરાળુ મલ્યા'તા."

"વાત ડાઈ સઅ. પંચક કોરું ના ઉતરઅ. પસઅ બાપ, તમે કો ઇંમ."

શિવાની વાતે ભગત મૂંઝાઈ ગયા. અહીં તો સૌથી મોટા એ હતા, એટલે નિર્ણય એમણે લેવો પડે. એ પશા નાથા સામે જોવા લાગ્યા. તેમણે સવા તરફ ફરી ઘર તરફ ઇશારો કર્યો. ભગત શાનમાં સમજી ગયા. સવા તરફ નજર ઘુમાવી.

"સવા! તેં શિવા મા'રાજની વાત હાંભળીનઅ. મડદા નઅ બપોર પેલાં ભૂમિદાગ દેવો પડઅ. મણિ અનઅ રણછોડનઅ બોલાબ્બા હું કરવું. જા તારી માનઅ પૂસી આય. પંચકમઅ મોત થ્યું સઅ બોલાબ્બાનો ટેમ નથી."

સવો ઘરમાં જઈ, માને પૂછી પાછો આવ્યો.

"ભા, મારી મા કિસઅ. તમન હૌવનઅ હૂજઅ ઇમ કરો. મારઅ તો અમઅ ભવનું ભાજ્યું. વચારીનઅ કૉમ કરજો."

પશા નાથાએ મનમાં વિચાર્યું. જો હાલને હાલ કાળિયો બેય ગામ મોકલવામાં આવે તો માણસોને આવતાં સાંજ પડી જાય. રાતે શું આપણને વાઘ ખાઈ જશે. પહેલેથી ઘોર ખોદાવી રાખીએ. પંચકનું જોયું જશે. એ કશું બોલ્યા નહીં. ભૂવાને થોડુંક કહ્યું તો અડિયુંદડિયું માથે આવ્યું. જાણે મેં ભૂવાનું અપમાન કર્યું હોય!

સવાની વાતની થોડી વાર ચર્ચા થઈ. આખરે નિર્ણય લીધો કે બપોર પહેલાં દફનવિધિ પૂરી કરી લેવી. જો એમ ના થાય અને કંઈ વિઘન આવે તો વાલાના મોતને કાળી ટીલી અડે. રણછોડ કે મણિને ગામ હાલ 'કાળિયો' મોકલવો નથી. બે જણાને સ્મશાને ઘોર ખોદવા મોકલ્યા. તેમને સમજાવ્યું કે ઘોર વાલાના બાપાને જ્યાં દફનાવ્યા છે. ત્યાં કણઝી પાસે ઘોર ખોદવી. એક જણે આગમાંથી અંગારા લઈ ગુજરિયું ભર્યું.

શિવો મા'રાજ ઘરમાં ગયા. સાળની બાજુમાં લોટની ઢગલી કરાવી, તેના પર તાવડી ઢંકાવી. નવી જમીન કરવા છાણથી લીંપવા, વાલાને 'સનાન' કરાવી કપડાં બદલવા સ્ત્રીઓમાં જણાવી ઘરની બહાર આવ્યા. ચમાર વાસમાંથી ભીખો અને રમણ બેસવા આવ્યા. તે ડાઘુઓથી થોડુંક અંતર રાખી બેઠા. લવજીએ ગુજરિયાની નેં કાઢી લઈ ભીખાને પીવા આપ્યું. કોઈ ઘરમાંથી તમાકુનો ભાથો લઈ આવ્યું. જેથી ગુજરિયું ફરીથી ભરી શકાય.

લવજીએ વાલાના ઘરની ઓસરીની છતમાંથી બે વળીઓ ખેંચી કાઢી. જૂના વાંસને ચીરી તેના ટુકડા કરી પાલખી (ઠાઠડી) બનાવવા લાગ્યો. વળીઓ ખેંચાતી જોઈ પશા નાથાનો જીવ અકળાઈ ગયો. કહેવાનું મન થયું કે મણાના ઘેર જાઓ, એ બે વાંસડા આપશે. પણ એ બોલી

શક્યા નહીં. મનમાં બબડ્યા,

"હાહરું! મણાના ઘેર વાંહડા ગધેડે ગવાય સઅ! આ વણકોરની ઠાઠડી જૂની વળીઓની? ઢે... વાંહ વાપરઅ તો ગૉમ્મ આખામઅ હોબાળો થાય."

એમણે માથું ધુણાવ્યું. લવજીને ઠાઠડી બનાવતાં જોઈ રહ્યા. લવજીએ ચાર ઢેખાળા લાવી જમીન પર ગોઠવી તેના પર વળીઓના છેડા ગોઠવ્યા. જૂના વાંસને ચીરી તેની ચીરીઓના નાના ટુકડા કરી વળીઓ પર સીડી બનાવવી હોય એમ ગોઠવી સૂતરના વાણથી બાંધવા લાગ્યો. જૂવારનો પૂળો અને નાની દૂણી ગામમાંથી કોઈ લઈ આવ્યું. પશાને એમની માની ઠાઠડી બાંધતાં પડેલી મુસીબતો યાદ આવી. ગંગાજળ લેવા ગામમાં ગયેલા ત્યારે માંડ નાનજી ભગતના ઘેરથી મળેલું.

"ભગત! ગંગાજળનું હું કરીશું?" પશા નાથાએ ભગતને ધીમેથી પૂછ્યું.

"તમારી મા વેળા ગૉમ્મથી લાયા'તા, ઈંમ નાનજી ભગતના ઘેરથી લી આવો."

"હારું."

એ પોતાને ઘેરથી ચરવો લઈ ગામમાં નાનજી ભગતને ઘેર ગયા. આંગણે ઊભા રહી ગંગાજળ માગ્યું.

"ચ્યમ પસા! ગંગાજળ?"

"તમે હવારે બૂંગિયો નતો હાંભળ્યો? તમારા ઘરાક વાલાનઅ રાતી એરું આભડ્યું.. અતારમઅ... એ જતા રા!" પશા નાથાએ આંખો લૂછી. નાનજી ભગત ઘરમાંથી ગંગાજળનો ભોટવો લઈ આવ્યા.

"પસા, ચરવો નેચઅ મેલોઈ."

એમણે ચરવો નીચે મૂક્યો. નાનજી ભગતે તેમાં થોડું ગંગાજળ રેડ્યું. બે રૂપિયા રોકડા આપ્યા.

"વાલાનું... બવ દુઃખ થ્યું. એ મારો ઘરાક શિખનું કાંક આલવું પડોય... આ બે રૂપ્યા. સવાનઅ આલોય."

એ બે રૂપિયા અને ચરવો લઈ વાસ તરફ ચાલવા લાગ્યા.

"પસા હાંભળોય, વાલા પાસળ નાતનો ખરચ પાડોય કઅ?" એમણે ઊભા રહી પાછું વળીને જોયું.

"એ... તો ભઈઓ નચ્ચી કરશીં. કાંક નાતપંચનઅ પૂસ કરવી પડઅ, પસઅ..."

"હારું, કાંક ટેકો જુવઅ તો સવાનઅ કેજો... નાનજીભાએ કીધું સઅ. મહાણેથી મારે કૂવે જવોઈ. મું કૂવે પાણી કઢાવોય."

એ માથું હકારમાં હલાવી ચાલ્યા. પોતાના ઘર આંગણાના તુલસી-ક્યારેથી થોડાં તુલસી પાન ચૂંટી, ચરવામાં નાખ્યાં. ચરવો ઉગરા ભગતને આપ્યો.

"ભગત! ગંગાજળનઅ તળસીનાં પાંન, નાનજી ભગતે સિખના બે રૂપ્યા આલ્યા. ટેકાની વાત કેતા'તા."

"ઘરાક સઅ એકઅ સિખના પૈસા આલઅ... નાતમઅ ટેકો કરઅ?"

"ઓવ્વઅ, નાત કરવા નાણું આલવાનું, દેવું?"

ઉગરા ભગતે જવાબ ન આપ્યો. પશા નાથા એમની પાસે બેઠા. એમનું મન ખળભળી ઊઠ્યું.

"દિયોર હૌવ ખરચ કરાબ્બા તિયાર બેઠા સઅ. કોઈ કે'તા નહીં ખરચ ના કરજે. મું મરું તો ગોકાનઅ કેઈ જે, ગમે જે થાય નાત ના કરજે. ગૉમનઅ જે ભડાકા કરવા વોય એ કરઅ. મારી ઠાઠડી વાંહડા લાઈનઅ કાઢજે. વાલાએ વાતનો મૂકો ના આલ્યો, નકર ઈની પાહણ

ઠાઠડીનું કેવડાવોત...'' અર્ધ ગુસ્સામાં અને અડધા દુઃખમાં એમની આંખમાં આંસુ ઊભરાયાં. ઉગરા ભગતે તેમના ખભે હાથ મૂક્યો.

''થનાર થેઈ જ્યું! ઓસું ના લાવો.''

એમને કહેવાનું મન થયું કે ''ભગત ઓસું ના લાવું તો હું કરું. હાહરું મર્યા પસઅ ઢે... ના ભાયગમઅ હારો વાંહડોય નઈ.'' એ ચૂપ બેસી રહ્યા. પાલખીનું બધું પતી ગયું. કોરા કફનનું શું કરવું. ગજિયાનું કાપડું ઓઢાડવામાં પડખાં ઉઘાડાં રહે. જો એકાદ કોરું ધોતિયું હોય તો કફન થઈ જાય. પશા નાથાએ વાત પકડી. પોતે અમદાવાદથી કોરવાળી ધોતી લાવ્યા છે. એનું કફન કરીએ તો! એમણે ઉગરા ભગત આગળ વાત મૂકી.

''ભગત! મું અમદા'દથી ધોતી લાયો સું, પેરી નથી. ઈનું કફન કરીએ તો.''

સૌને એમની વાત ગમી. પાંચ કાંધિયા નક્કી કર્યા. તેમણે ઘરમાં જઈ નવી કરેલી ભોંય પર વાલાને સુવડાવ્યા. સ્ત્રીઓએ 'સનાન' વિધિ પતાવી. વાલાનાં કપડાં બદલાવ્યાં. સવા પાસે વાલાના મોઢામાં ગંગાજળ, તુલસીપાન અને તાંબિયો મુકાવરાવ્યા. આંગણે ઠાઠડી ગોઠવી. વાલાને કાંધિયા ઊંચકી બહાર લઈ આવ્યા. રોકકળ થઈ.

''મારા હેવાતનનઅ ચ્યાં લઈ હેંડ્યા રે'' કહી અંબા પછાડ ખાવા લાગી. બૈરાં તેને સંભાળવા લાગ્યાં. ઠાઠડી બંધાય તે પહેલાં અંબાએ વાલાને પવન ઢોળ્યો. વાલા પર ધોતીનું કફન ઓઢાડી સરખી રીતે બાંધી ઠાઠડી તૈયાર કરી. સવાને સળગતી દોણી પકડાવી આગળ કર્યો. ચરવામાં પાણી ભરી તેના પર પરણાયું મૂકી. ઘીવાળી દીવટ મૂકી. શિવા મહરાજે બધું પકડી લીધું. લોટનો પિંડ તાવડીમાં લઈ એક જણ ચાલવા લાગ્યો.

''રામ બોલો ભઈ રામ'' કહીને ઠાઠડી ઉપાડી કાંધિયા ચાલવા લાગ્યા. પાછળ સ્ત્રીઓની રોકકળ ચાલુ હતી. વાસના નાકે વાલાને વિસામો આપ્યો, પછી સીધા સ્મશાનની વાટ પકડી.

વાસને નાકે અંબા સાથે વાસની બધી સ્ત્રીઓ આવી. 'કાંણ ઘાલી' ગોરાણીએ છાજિયા લેવડાવ્યા. મરશિયા ગાયા. અંબાનાં ચૂડાકરમ કરી, માથાબોળ નવડાવી. સૌ સ્ત્રીઓ રોતી-રોતી ઘેર આવી છેડો વાળ્યો.

પુરુષોએ સ્મશાનમાં વાલાને ભૂમિદાગ આપવા વાલાની લાશને ઉતરાદિ માથું રાખી ઘોરમાં સુવડાવી. સવાએ ઘોરમાં ઊતરી પિતાને જમણે પગને અંગૂઠે અગ્નિ અભડાવ્યો. ઘોરમાંથી બહાર આવી પાંચ માણસ સાથે પિતા પર જળની ધારાવઈ કરી. સૌએ પાંચ મૂઠી માટીનું કરજ ઉતારી, વાલાનો ભૂમિદાગ કર્યો. સૌ નાનજી ભગતના ખેતરે ગયા. કૂવાની નીકના પાણીથી હાથ-પગ ધોયા. સવો, ઉગરો ભગત, પશા નાથા પહેર્યે લૂગડે નાહ્યા. બપોર પહેલાં ઘેર આવી કોગળા લઈ આંગણે બેઠા. શિવો મહરાજ ઘરમાં સૂતક ઉતારવાની તૈયારી કરવા લાગ્યા. સવાને આંગણે બેસાડી, દેવાએ એના માથાના બાલ અને મૂછ ઉતાર્યાં. ત્યાર બાદ વાસના સૌ પુરુષોએ મૂછ અને બાલ ઉતરાવ્યાં.

વસ્તીપંચે સવા અને અંબાની સંમતિથી મણાને બોલાવ્યો. તેને મલિકપુર, ટેંમણી, સવાની પત્નીના પિયર તથા પરગણાના અન્ય ગામોમાં કાંણ પહોંચાડવા જણાવ્યું. વાલાના સૌ સગાને નામજોગ યાદ કરીને મણાને જણાવ્યા. પશાને થયું કે તે સૌ સગાઓની નામજોગ ચિઠ્ઠીઓ બનાવી મણાને આપે. જો એ ગામમાં કોઈ ભણેલું ન હોય તો! વળી મણો ક્યાં ભણ્યો છે? હું હમણાં જ નીકળું છું, એમ કહી મણો ગયો.

બપોર સુધીમાં સૌએ શિવા ગોર સમક્ષ, પીપળાના પાન પર મૂકેલ લોટનો પિંડ દર્ભથી કાપી, વાલાનું સૂતક ઉતાર્યું. તેમની સાથેનો સંબંધ પૂરો કર્યો. યથાશક્તિ અનાજનું દાન કર્યું. સવારે ઘરમાં લોટની ઢગલી પર ઊંધી મૂકેલી તાવડી ઉપાડી શિવા ગોરે જાહેર કર્યું કે વાલાએ સારા ઘેર જન્મ લઈ લીધો છે. લોટમાં માણસનાં પગલાંની છાપ ચોખ્ખી દેખાય છે.

વસ્તીના રિવાજ પ્રમાણે ઉગરા ભગતના ઘેરથી કળામણના દાળ-રોટલા આવ્યા. સૌપ્રથમ તાવડીમાં દાળ-રોટલો ભાગી સ્વાનભાગ આંગણાંમાં મૂક્યો. સૌએ સમજાવી અંબા, દીકરો અને દીકરાની વહુને કટકબટક કરાવ્યું. સાંજે દાળ રોટલા પશા નાથાના ઘેરથી આવ્યા. સ્વાનભાગ મૂકી, ત્રણેને જમાડ્યા. રાત્રે વાસના સૌ સાથરે બેસવા આવ્યા. જે રાત્રે અહીં સાથરો પાળવાના હતા, તે સાથે ગોદડી લઈને આવ્યા. પુરુષો ઓસરીમાં બેઠા. વાલાની પાછળ નાતનો ખરચ પાડવો કે નહીં? તેની ચર્ચા થવા લાગી. અંબાને પૂછવાની વાત થતાં સવાએ ઉગરા ભગતને જણાવ્યું,

“ઉગરાભા! મારી માએ કિધું સઅ. વાહ વસ્તી હુંપીનઅ કે એ અમે કરીસું. ખરચ જેટલું મારો બાપો મેલી જ્યા સઅ. ચ્યાંય આથ લાંબો કરવાપણું નથી. એવું થશે તો તમે હૌવ સો.”

“લ્યો, બવ ડાઈવાત કરી. ઑમ તો અમઅ વધારઅ પૂસ કરવી નહીં. હૌવની વચી આ વાત અંબા કીં... એકઅ આઈ જ્યું.”

સવો ઘરમાં એની માને પૂછીને પાછો આવ્યો. “ભા, મારી મા કેસઅ! હવામૈનોં પેલાં પંચના મોઢઅ ચ્યાં થવું. તમે કરસો એ હાચું. પરભુ લાજ રાખસે. જે કેવું અસે મું સવાનઅ કે. પંચમઅ કેનારા જતા રહ્યા.”

સવાની વાત સાંભળી વસ્તીએ નાત થાય તો સાથ-સહકાર આપવાની હા કહી. નક્કી કર્યું કે જેમ-જેમ કાંણ આવે, એ ગામના નાત આગેવાનને ‘વાલાની પાછળ નાત કરવી છે’ એની પૂછ કરી લેવી. મોડી રાતે સાથરે સૂનારા સ્ત્રી-પુરુષ રોકાયાં. બાકીનાં ઘેર ગયાં.

વહેલી પરોઢે અંબાએ વાલાના નામનો છેડો વાળ્યો. વાસ દુઃખથી સળવળ્યો. જાગી ગયેલ સ્ત્રીઓ અંબાનો છેડો છોડાવવા વાલાને ઘેર આવી, સાથે રોવા લાગી.

*

## 24

ઘેર જઈ, મણાએ ખભે રૂમાલ નાખી, લાકડી લીધી. મલિકપુરની વાટ પકડી. ગામ પહોંચવા એ ઝપાટાબંધ ચાલ્યો. મલિકપુર ગામના વણકરવાસ પાસે પહોંચતાં એના પગમાંથી જોર ઓસરી ગયું. બાપના મૃત્યુના સમાચાર દીકરીને પહોંચાડવા બહુ વસમા લાગ્યા. વાસના નાકે તેને અજાણ્યો જાણી કૂતરાં ભસવા લાગ્યાં. વાસના પહેલા ઘરમાંથી કોઈએ બહાર નીકળી કૂતરાંને ભગાડી, મણાને પૂછ્યું.

“કુંનું કૉંમ સઅ?”

“જેઠાભાનું, ઇંમનું મિયોલનું હગું સઅ.”

“જા, પેલા ઘેર, ખાટલો ઢાળેલો સઅ ઈંયાં.”

“બાવજી કૂતરાંન કાઢજો...”

મણો આગળ ચાલ્યો. જેઠા બેચરના આંગણે ખાટલો ઢાળેલો હતો તેનાથી થોડે દૂર બેઠો. લાકડી નીચે મૂકી. ખભે રાખેલો રૂમાલ બે હાથે મોઢે ઢાંકી, પોતાનું અંતનું કોઈ મરણ પામ્યું હોય એમ, વાલાનું નામ દઈ પોક મૂકી રડવા લાગ્યો.

“બાવજી રે... જેઠાભાના વેવઈ ગૉંમ મિયોલના વાલોભા... ઈમની દીચરી મણિબૂનના બાપા... બાવજી રે... રાતી ઘરમઅ ભેંતડા પાહણ ખાટલામઅ હૂતા’તા... બાવજી રે... પેલો ગોઝારો ચ્યાંથી ખાટલે ચઢ્યો... વાલા બાપાનઅ કૈંડ્યો... વાલા બાપાનું મરતૂંક થ્યું... બાપજી રે... એ ગોઝારો...”

ઘરમાં મણિ પાસે ઘરનાં અને વાસનાં બૈરાં ભેગાં થઈ ગયાં. મણિએ મણાનો સાદ ઓળખ્યો. પોકમાં પોતાના બાપાનું નામ અને પિયરનું નામ આવતાં, એ બાપાનું નામ લઈ છાતી કૂટતી, પછાડો ખાવા લાગી. મણિની સાસુ એને બે હાથે પકડી સાચવવા લાગી. ઘરમાં રડારોળ થઈ રહી. ખાટલે બેઠેલા જેઠા બેચર, આ પોક સાંભળી ગળગળા થઈ ગયા. ઊભા થઈ મણા પાસે ગયા.

“તું મણોનઅ? કાંણ કેવા આયો સઅ. હું થ્યું’તું વાલારાજનઅ.” પોતાનું નામ સાંભળી મણો વધારે જોરથી રડવા લાગ્યો.

“હાપ... વાલા બાપાનઅ કૈંડયો, ઈનાં કરતઅ મનઅ કૈંડયો વોત.”

“સોનો રઅ મણા. પરભુનઅ ગમ્યું એ ખરું, તનઅ હાપ કૈંડયો વોત તો કાંણ કેવા કુંણ આવત. રોવાનું મેલ. કાંણ હાંભળી. લૂગડું પાથર. કાંક બસેર દાંણાં. અજી ટેંમણી જવાનું અસે. કઅ જી આયો.”

“બાવજી ટેમણી જવાનું સઅ. આંય સીધો આયો.”

એનો અહીંનો અનુભવ જુદો હતો. સહાનુભૂતિના શબ્દો સાંભળી, ખરેખર રડવું આવી ગયું. એ જેઠા બેચર સામે જોવા લાગ્યો.

“રોવાનું ચ્યમ મેલી દયું? વાલાભા જેવા વાલાભા દેવ થ્યા? બીજઅ સવકારમઅ રોવું તો કૂતરાંની જેમ હોડ હોડ કરઅ. ગાળો ભાંડઅ, હાળા ‘કાળિયા’ તું ચ્યમ ના મર્યો.”

“ઑય કોઈ એવું ના કે, તારો ભા માંદો અતો... હારો થ્યો?”

“ઓવ્વઅ હારો થ્યો. અજી હેંડતો થ્યો નહીં.”

એના બાપાની ખબર જેઠા બેચરે પૂછી, એ અડધો અડધો થઈ ગયો. હાથમાં રાખેલો રૂમાલ ખંખેરી આંગણામાં પાથરી ઊભો રહ્યો.

“બાવજી તમીં મારા ભાનઅ ચ્યાંથી ઓળખો?”

“અમે તમારા ગૉંમ આઇએ, ખબેર સઅ. તારો ભા આજર-ચાકર રતો.”

“ઈંમ! બાપા એકાદ બીડી, મારી પાહણ ધતુરી નહીં, નકર તમાકુ માગોત. તમીં સેરના... એકાદ બીડીનું ઠૂંઠું.”

“મણા, ઑરગણાવેડા ના કર. બીડી માગ. ઢાપલાં હારા નઈ.”

એમણે ખીસામાંથી બીડીઓની ગડી કાઢી, એક બીડી એના તરફ છુટ્ટી ફેંકી. મણાએ બીડી ઝીલી. ઘરમાંથી મણિ એની સાસુ સાથે સૂપડામાં બાજરી લઈ આવી, એણે રડતાં-રડતાં પાથરેલા રૂમાલમાં બાજરી નાખી. મણો હાથ જોડી રડવા લાગ્યો. કાંઈ બોલી શક્યો નહીં. મણિને એની સાસુ ઘરમાં લઈ ગઈ. આજુબાજુનાં ઘરોમાંથી અનાજ દાન લેખે રૂમાલમાં નાખી ગયા. મણાએ જેઠા બેચર સામે બીડી દેખાડી. આગ જોઈએ છે તેવો ઇશારો કર્યો. ઘરના બારણા સામે જોઈ મોટેથી બોલ્યા.

“ચૂલામાંથી અંગારો લાવજો, મણાનઅ બીડી હળગાબ્બી સઅ.”

મણાએ દાણાંની પોટલી બાંધી, ખભે પીઠ પાછળ નાખી લટકાવી. કોઈ અંગારો આપી ગયું. એણે બીડી સળગાવી. લાકડી હાથમાં લઈ, હાથ જોડ્યા,

જેઠા બેચર વિચારમાં પડી ગયા. ખીસામાં હાથ નાખી અડધો રૂપિયો બહાર કાઢી, ઇશારો કરી મણાને નજીક બોલાવ્યો.

“લે ભઈ મણા...”

એણે તેમની પાસે જઇ, બીડી-લાકડી સહિત ખોબો ધર્યો. જેઠા બેચરે ખોબામાં અડધો રૂપિયો નાખ્યો. મણાએ ખોબો બંધ કરી કપાળે લગાવ્યો.

“બાપા રાંમ રાંમ.”

મણો વાસ બહાર નીકળી, ટેમણી જવા ઊપડ્યો.

*

બીજા દિવસે મલિકપુરથી મણિ સાસરિયાનો ‘સાથ’ લઈ કાંણે આવી. રણછોડ પોતાના ભાયાતો સાથે લોકાઈ આવ્યા. બીજા નજીકના ગામડાંના સગાં આવ્યાં. વાસમાં રોકકળ થઈ. છાજિયા સાથે મરશિયા ગવાયા. છેડા કરી પૂર્વજોને યાદ કર્યા. કોગળા લેવાયા. સાથરે બેસી લોકાચારના વહેવાર થયા. ભાઈ-બહેન ગળે મળી ખૂબ રડ્યાં. માંડ-માંડ છૂટાં પડ્યાં. રણછોડે મામા તરીકે સવાને માથે હાથ મૂકી સધિયારો આપ્યો. ઉગરા ભગત પાસે બેઠા.

“ભગત, અમારાં બુન-ભાંણેજ અમઅ તમારા આસરઅ. ઈમની બાલાસ રાખજો.”

“અમે હું રાસીએ, મારો રાંમોપીર હૌવની બાલસ રાખસે. ઈમનઅ કોઈની ઓસિયાળ નંઈ રે... વાલાની ખોટ... ખરી. તમે ભઈ સો. આવતા-જતા રજો. આ પોતનું મુરત પાંચમા દાડે સઅ. લૂગડાં ચૂડ મેકલજો.”

વધારામાં ઉમેર્યું,

“નાતનું નામ પાડવાનું સઅ. પોતના લૂગડાં લેઈ તમે આવજો, પંચના બધા પંચાત્યાનઅ બોલાઈસું.”

જેઠા બેચરને પાંચમા દિવસે પંચમાં આવવા જણાવ્યું. બે-ત્રણ દિવસમાં પરગણાના બધા ગામ લોકાચારે આવી ગયા. પાંચમાં દિવસે રણછોડ ``પોત''નાં કપડાં તથા ચાંદીની ચૂડ લઈ આવ્યા. રિવાજ પ્રમાણે અંબાએ ``પોત''નાં કોરાં કપડાં બદલ્યાં. ચૂડ પહેરી. નાત પંચાતિયાઓનું પંચ બેઠું. શિવા પંડ્યાએ બારમાનું મુહૂર્ત મૃત્યુના બારમા દિવસે શુભ ગણ્યું. પંચે કંકુ, ચોખા ભાણામાં મંગાવ્યા. ભાણામાં “કંકુચોખા પીળ્યા” પરગણાના ગામ જેટલી પોટલીઓ તૈયાર કરી ભાણામાં મૂકી. સમગ્ર પંચે સહમતી સાથે કંકુચોખાનું ભાણું શિવા પંડ્યાને સોંપ્યું. ઉગરા ભગતે શિવા પંડ્યાને કહ્યું

''શિવા, તમે અમારી વસ્તીના ગોર સો. પરગણાના બધા ગૉમ્માં નૂતરું વેળાહર પોંચાડજો.''

શિવા પંડ્યાએ પંચને હાથ જોડ્યા.

બોલો ગુણપતિ મારાજની... જે

રામાપીરની... જે

પંચ પરમેસરની... જે

એમણે ભાણામાંથી પોટલીઓ ગણીને પોતાના ખડિયામાં મૂકી.

બારમા દિવસે પરગણાના બધા ગામના વણકર સમાજનાં સ્ત્રી-પુરુષો જમવા આવ્યાં. બપોરે ચોખ્ખા ઘીનો શીરો અને બાફેલા મગ જમી સૌ પાછાં વળી ગયાં. રણછોડે બેન-ભાણાને શોક ઉતરાવવા આવવા કેણ આપ્યું. અંબાએ જમાઈને આંગણે બેસાડવાનો રિવાજ કરી બે રૂપિયા આપ્યા. દીકરીને ''શોકનો સાડલો'' પહેરાવી, શોક ઉતરાવ્યો. વાસની અન્ય બહેન દીકરીઓને વહેવાર આપ્યો.

જેઠા બેચરે મલિકપુર જતાં-જતાં પશા નાથાને અમદાવાદ આવવાવાળી વાત ન ભૂલવા, તથા સવાને કુટુંબ પરિવાર સાથે લાવવા આગ્રહ કર્યો.

બારમું વિખરાઈ ગયું. ચાર દિવસ પછી મણિ અને મુળજી મોં વળાવવા આવ્યાં. જતાં-જતાં મણિએ માને અમદાવાદ આવવા આગ્રહ કર્યો.

''મા, તું ભઈ-ભાભી નઅ લેઈ પશાભા હારી અમદાદ આવજે. ઈંમઅ મન બવ રાજીપો થહઅ. સેર મીં જોયું સઅ. તનઅ ફાવસે. ભૂલે નઈ. મું વાટ જોયે.''

*

# 25

સવા મહિનામાં વાલા પાછળ કરવાનાં બધાં કારજ પૂરાં કર્યાં. બધાનાં દુઃખ ધીમે-ધીમે વિસારે પડતાં હતાં. સૌ જૂની ઘરેડમાં જીવવા લાગ્યાં. પરંતુ પશા નાથાના જીવને શાંતિ ન હતી. ઘણી વાર તેમના હૃદયમાં જેઠા બેચરની વાત ઊથલપાથલ મચાવતી. અમદાવાદ જવાનું ખેંચાણ વધી જતું.

"અમે તો આંય, મણિ મોં વળાબ્બા આઈ જાય, તીયાં હુંદી મલિકપુર સીએ. તમે હવા મઈના પસઅ... અમદા'દ હીરાલાલની ચાલીમઅ આઈ જજો. તમે આવો એકઅ, બે ઓઈડી બાની લેહું. ચ્યમ બરાબર? પસઅ તમનઅ હુજએ ખરું."

પોતે મનમાં એમની વાતનો જવાબ શોધતા.

"વાત હાવ હાચી. ટીકાસાર ઓઈડી અનઅ મિલનું નચ્ચી કરેલું વોય તો ફાંફાં મારવા ના પડઅ. એક ઓયડી સવાની, એક અમારી."

પશા નાથાએ એક દિવસ ઘરનાં અને વાલાના ઘરનાં સૌને ભેગાં કર્યાં.

"અંબા, ગોકાની મા હાંભળો. મું કાલી અમદા'દ જઉં સું! તમારઅ બે-ચાર દાડામઅ જે ઓળઅ કરવું વોય, કરી લેજો. મું જેઠા બેચરનઅ મલી, મિલનું અનઅ બે ઓઈડીનું ટીકાસાર કરી આયે. હૌ હારી-હારી અમદા'દ જહું." એ થોડી વાર અટક્યા. અંબાને ઉદ્દેશી ઉમેર્યું.

"તમારી દીચરી અનઅ જમઇ એ ઑંય આયા તાણઅ ઘણું ઘણું કીધું'તું."

સૌને વાત ગમી. હકારમાં માથાં હલાવ્યાં. સવો અને ગોકો રાજી થયા. બીજી સવારે પશા નાથા અમદાવાદ જવા નીકળ્યા. ખેરાલુથી કાલુપુરની ટિકિટ લીધી. બે વાર ગાડીમાં મુસાફરી કરી હતી. એટલે ગાડીમાં કેમ વર્તવું એ આવડી ગયું હતું.

એ અમદાવાદમાં હીરાલાલની ચાલીમાં જેઠા બેચરના મહેમાન બન્યા. મણિ અને મૂળો ખૂબ રાજી થયાં. સૌને લાગ્યું કે હવે સવો અને ગોકળ કુંટુબ સાથે અમદાવાદ આવશે.

એ છગન મુકાદમને મળ્યા. છગન રાજી થયા, ત્રણે જણ માટે સાહેબવાળી મિલમાં થ્રોસલ ખાતામાં કામ અપાવવા તૈયારી બતાવી. છગન મહાજનની ઑફિસે જતા હતા, પશા નાથા એમની સાથે મજૂર મહાજનની ઑફિસે ગયા. રાણીબાગમાં કોઈ સભા ન હતી, એટલે થોડા નિરાશ થયા. એક ફેરિયા પાસેથી છાપું ખરીધું. એ હસ્યા.

"ગૉમ્માં બધાંને વાંચી હંભળાયે!"

મહાજનની ઑફિસેથી પાછા આવતાં કાલુપુરથી હટાયણું ખરીધું. જેઠા બેચર સાથે રાજપુર હીરાલાલની ચાલીના જમાદારને મળ્યા. બે ઓરડીઓ ભાડાપેટે આપવા બાનું આપ્યું. બે રૂપિયા તાળું ખોલાઈના આપ્યા. ઓરડીઓની સોંપણી જેઠા બેચરને કરી. અને પોતે ગામ જવાની ઇચ્છા વ્યક્ત કરી.

"વેવઈ! તૈણ દાડા ઑય રો. હૌવનું ગોઠવઇ જ્યું. હવઅ ચાર દાડે બધાંનઅ લેઈ મું પાસો આયે. આ થ્યું એ તમારા જેવા હગૉના રૂડા પરતાપ."

સાંજે વાળું કર્યા બાદ, તેમણે બે પડોશીઓની રૂબરૂ જેઠા બેચરને વેવાઈ વહેવાર પેટે પાયલું (રૂપિયો) આપ્યું. વહેલી સવારે જેઠા બેચરને રામ રામ કર્યાં. મણિ અને મૂળજીને માથે હાથ ફેરવ્યો કાલુપુરથી સવારની ગાડીમાં બેઠા, સાથે હટાયણાનું પોટલું. પોટલામાં બે દિવસ પહેલાં ખરીદેલું છાપું ઉપર દેખાય એમ રાખ્યું. ડબ્બામાં પાટલી પર બેઠા.

પશા નાથાએ સામે ડાગળી પર જગા હતી. છતાં તેના પર પોટલું ના મૂકતાં બાજુમાં મૂક્યું. જગ્યા ખાલી ન રહેતાં કોઈ બાજુમાં આવીને બેસે નહીં. અડધો ડબ્બો ભરાઈ ગયો

હતો. એમની બાજુ હજી કોઈ બેસવા આવ્યું નહોતું. નિરાંત હતી. આગળ કોઈ સ્ટેશનેથી પેસેન્જર ચઢા. એમના ભાગમાં આવ્યા. બેસવાની જગ્યા ઉપર પોટલું જોયું. તેમાં બંધાયેલું છાપું જોઈ તે સમજ્યા કે આ કોઈ સાવકાર બેઠા છે. આવનાર પેસેન્જર ખમચાઇને ઊભા રહ્યા. પશા નાથા મનમાં હસ્યા. પોટલું ઉપાડી સામેની ડાગળી પર મૂક્યું. જગ્યા થઈ એટલે બે જણા બેઠા. પશા નાથાએ પહેલેથી જ મનમાં નક્કી કરી રાખેલું કે કોઈ જાત વિશે પૂછે તો ગમે તે થાય વાતનું વતેસર કરી ગોટે ચઢાવવું.

ગાડી ઊપડી, ગામડાની વાતચીત કરવાની આદત મુજબ પેલા આવનારે સવાલ શરૂ કર્યા.

"ગૉમડે જતા અસો!"

"ઓવે..." પશાએ તેમની સામે જોઈ હળવેથી હસી લીધું.

"ચિયા ગૉમ..."

"સરાળું...!"

"તમારું ગૉમ અસે નઈ!"

"ઓવે..."

"તમારું નૉમ?"

"પસોભઈ!"

"ઈંમ... કણબી અસ્યો?"

"ના..."

"ચેવા સો? અમે કણબી સીંએ."

આવનારે પોતાની સાથેના બીજા પેસેન્જર તરફ ઇશારો કર્યો. પશાએ તેમના તરફ જોયું. સાવ મેલા ઘેલા... બીજો પેસેન્જર કોઈની સાથે વાત કરતો ન હતો. બધા તેમના ધોયેલાં કપડાં અને પોટલામાંના છાપાથી આકર્ષાયા હતા. તેમની વાત કરવાની ચળ ઓછી થતી ન હતી.

"મિલમઅ કૉમ કરતા અસો?"

"......"

તેમણે આડું જોયું, જવાબ આપ્યો નહીં. થોડી વાર સુધી બધા ચૂપ રહ્યા. પછી જાણે હિંમત કરીને વાત કઢાવવી હોય એમ તેમની તરફ મિટ માંડીને સવાલ ફેરવીને પૂછો.

"આમ તો સાવકાર લાગો સો?"

તેમને ટીંખળ કરવાની ઇચ્છા થઈ, કહ્યું "સવકાર નઈ ચોર સું!" પણ મન મારીને સામેથી પૂછ્યું :

"તમારઅ મારી નાત જાણવી સઅ ખરું?"

સામેથી સવાલ આવ્યો એમાં પેલો ગૂંચવાઈ ગયો. કાંઈ બોલી શક્યો નહીં. તેમણે આગળ વાત ચલાવી.

"જુઓ ભઈ! તમારઅ નાતનઅ હુંકામ જૉણવી સઅ એ કો'તો... બેવાર કઉં?"

"કૉમ તો કાંઈ નહીં, આ તો બેઠા સીએ તો ગાલો-વાલો થાય."

"જાત પૂસ્યા વના ઈંમનમ ગાલો-વાલો ના થાય..."

"થાય..."

"તાણઅ નાત હું કૉમ પુસ-પુસ કરો સૉ ભલા'દમી! લ્યો સાપું વાંચવું સઅ... આલું... ભણેલા સો?"

"ના, નહીં વાંચવું... ભણેલો નહ!" પેલો ખરેખર મૂંઝાઈ ગયો. પશા નાથા ઊભા થઈ ડાગળી પર મૂકેલા પોટલામાંથી છાપું ખેંચી કાઢ્યું. પેલા ભાઈની સામે ધર્યું. એ અવળું જોઈ

ગયો. એમણે છાપું ખોલી પાટલીની પીઠ અઢેલી નિરાંતે છાપાંના પાના ઉથલાવતાં, વાંચવાનો ડોળ કરવા લાગ્યા. તેમને છાપું ખોલી વાંચતા જોઈ, આજુબાજુવાળા, સામે બેઠેલા બધા સંકડાઈને બેઠા. એમને ચાલીના નિશાળે જતાં છોકરા પાસેથી શીખેલાં કક્કો બારાખડી લેખે લાગ્યાં.

ખેરાલુ ગાડીમાંથી ઊતરી એ સીધા ગામ તરફ ચાલ્યા. આજે એમનો ઘેર જવાનો આનંદ બેવડાઈ ગયો હતો. ગાડીમાં ભણતર નામે થયેલો સુખદ અનુભવ વારે-વારે વાગોળતા હતા.

''દિયોરનું! કેવું પડઅ! લ્યો સાપુ વાંચવું સઅ. ઈંમ કીધું, જૉંણઅ મંતર માર્યો. હૉંમા વાળો ફૂદેડી ખઈ જ્યો. ના નહ વાંચવું, ભણ્યો નહ? સાંભળતાં... મજા પડી. ભણતરનો પરતાપ જબરો.''

એમણે ચાલતાં-ચાલતાં પોટલી ઉપાડી ખભો બદલ્યો. વાલો યાદ આવ્યો. ''ખરો મૉંણહ. દીચરીના ભણતર હાટું ગૉંમ હૉંમી બાખડી બાંધી. સોડીનઅ ભણાબ્બી. ઈની જીદે તો મનઅ ભણવાની ઇચ્છા થઈ. અનઅ સાપુ... વાંચતો થઈ જ્યો. મણિન ના ભણવા દીધી. એ એના ભાણિયાંનઅ નેંહારે મોકલઅ સીં! સેરમઅ રવા જ્યા ચેડે મું ગોકાના સોકરાનઅ સેરમઅ ભણાયે.''

વિચારોમાં ને વિચારોમાં એ ઘેર પહોંચી ગયા. ઘરના આંગણે સવિતાએ કહ્યું :

''તમે આઈ જ્યા?'' ત્યારે એમની તંદ્રા તૂટી.

''ઓવ્વઅ આઈ જ્યો. આંય હૌવ હારા સનઅ?''

*

# 26

**રા**ત્રે ભગતને આંગણે મોટેરા સૌ ભેગા થયા. પશા નાથાએ અમદાવાદ જઈ આવ્યાની વાત કરી. વાત કહેવામાં રોજિંદો ઉત્સાહ હતો નહીં. એમાં વાસથી છૂટા પડવાની વેદના છલકાતી હતી. સવો જવા માટે ઉત્સાહી હતો. અંબા અમદાવાદ કેવું હશે તેના વિચાર મનમાં ઘૂંટાતી હતી. સૌથી વધારે દુઃખી ઉગરા ભગત હતા. એકસાથે બે પરિવાર ગામ છોડી જાય તે તેમના હૃદયને કઠતું હતું. વાલાના અકાળ મૃત્યુથી ભગત બહુ નિરાશ થઈ ગયા હતા. અને આ... જાણે અડધો વાસ ખાલી થઈ રહ્યો હતો. તે વારે-વારે માથું ધૂણાવતા ચૂપ બેસી રહ્યા.

કહેવાનું કહેવાઈ જતાં પશા નાથા ઊભા થયા. બધાની સામે બે હાથ જોડ્યા.

“આપણ હૌવ હારી-હારી જીવ્યા. એ કાંઈ ભુલાય? ભૂલચૂક થી વોય, એ ભૂલી જજો... અમે કાલે બફોરે નેંકળી, રાતે ટેસણે હુઈ રઈ વેલી-ગાડીમઅ બેહીસું.” એ થોડી વાર અટક્યા.

“સેરમઅ રવા જીએ... એ કાંઈ હમુડદા જતા નહીં. હારા-માઠા પરસંગે આઈસું. ભાયારી કાંય છૂટતી અસે? વાહના રૂડા પરતાપ. બધું નઈ ભુલાય. મેઠોરની માટીમઅ બાપદાદા જોડી માટીમઅ ભળી જવાનું. હૌવન ગમઅ. હૌવનઅ રાંમ રાંમ.”

એ ગળાગળા થઈ ગયા. રખે રડી જવાશે એવું લાગતાં એ ઘર તરફ ચાલ્યા. ભારે હૈયે વાસ વિખરાયો.

*

પશા નાથાએ સવારે ઘરની અમદાવાદ જવાની તૈયારીઓ જોઈ લીધી. અંબાને ઘેર ગયા. ત્યાં પોતાના ઘર જેવી તૈયારીઓ જોઈ રાજી થયા. સવાની વહુએ પોતાના દર-દાગીના પિયર મોકલાવી દીધા હતા. હવે ઘરમાં કશું જોખમ ન હતું. સાળ અને બાકીનો સરંજામ ડાગળે ચઢાવી દીધો હતો. પસા એમનો ટીંખળી સ્વભાવ ઉછાળ્યો.

“હાંજઅ ખાવા રોટલા લો, ઈંમઅ બે રોટલા વધારઅ લેજો. બીજા દાડે નારીમઅ ચાલસીં. કલોલમઅ મરચાંના ભજિયાં હારાં મલઅ સઅ!”

ભજિયાંની વાતે બધાના ચહેરે મલકાટ આવ્યો.

રેલવે સ્ટેશન ગામથી પાંચ-છ ગાઉ દૂર હતું. ગાડી વહેલી સવારે સ્ટેશને આવી ઊપડી જતી હતી. ત્યાં જતાં રસ્તામાં નાની નદી, કોતરો, વગડો અને નેંળિયાં આવતાં હતાં. રાત્રે જંગલી જાનવર અને ચોરોની રાડ હતી. એટલે રેલવે સ્ટેશને આગલી સાંજે પહોંચવું જરૂરી હતું.

એ નમતી બપોરે આઠ માણસ અને સરસામાન સાથે અમદાવાદ જવા નીકળ્યા. આખા વાસના માણસો તેમને ગોંદરા સુધી વળાવા આવ્યા. ઉગરા ભગત અને રામી હઠ કરીને ખેરાલુ સ્ટેશન સુધી ગયાં. તેમની સાથે સ્ટેશને રાત રોકાયાં.

ભળભાંખળા પહેલાં પૂર્વમાં તારિયું ઊગ્યું. અંધારામાં રેલવે સ્ટેશનથી થોડે દૂર જઈ સૌએ સવારની ક્રિયાઓ પતાવી. પોતાનાં સામાનનાં પોટલાં સંભાળ્યાં. સ્ટેશનની ટિકિટ બારીમાં અજવાળું થયું. એ ઊભા થયા. ધોતી ફરીથી બાંધી. માથે ગાંધીટોપી સરખી કરી. બારી પાસે ટિકિટ મેળવવા થયેલ ઓળમાં જઈ ઊભા રહ્યા. તેમનો વારો આવ્યો. બારીમાં પાંચ રૂપિયાની નોટ મૂકી.

“હાત ટિકચ, અમદાદ કાલુપર.”

એ ટિકિટ કારકૂન સામે જોઈ રહ્યા. કારકૂને તેમની સામે જોતાં માથે ગાંધીટોપી જોઈ. કાંઈ પણ બોલ્યા વિના સાત ટિકિટ આપી. સાથે દોઢ રૂપિયો પાછો આપ્યો. એમણે બાજુમાં

ઊભા રહી ટિકિટો ગણી લીધી. પૈસા સાથે ખિસીમાં મૂકી. મનોમન હસ્યા. તેમને મિલનો ઇન્સ્પેક્ટર ભૈયાજી યાદ આવ્યો. "મારી બેટી ભૈયાજીની ગાંધીટોપી જબરી!" બધા બેઠા હતા ત્યાં ગયાં.

"હેંડો ટેસણમઅ, અમણઅ ગાડી આવસે."

બધા પોટલાં ઉપાડી અંદર ગયાં. પોટલાં નીચે મૂકી તેની પાસે બેઠા. ઉગરા ભગત અને રામી તેમની સાથે બેઠાં.

દૂર ઉત્તર દિશાએથી ગાડીની વ્હીસલનો તીણો અવાજ સંભળાયો. સાથે જ પ્રકાશનો ગોળો ધસી આવતો જણાયો. ધીમે-ધીમે નજીક આવતાં પ્રકાશનો સ્તંભ રચાયો. બધું પ્રકાશમાં સમાઈ ગયું. ગાડી સ્ટેશનમાં આવી બધાની આગળથી પસાર થઈ, ઊભી રહી. પ્રકાશ આગળ જતો રહ્યો. સૌ ગભરાટ અને આનંદમાં ઊભા થઈ ગયા. પોતાનાં પોટલાં સંભાળવા લાગ્યાં. પોટલાં કોઈએ ખભે, કોઈએ માથે લીધાં.

ઉગરા ભગત અને રામી હળવેથી ઊભાં થયાં. ભગતનું હૃદય થડકો ચૂકી ગયું. એ વારાફરતી પોતાનાઓ અને ગાડીને જોતા રહ્યા. રામી બધાને મળતાં હતાં. સૌ એક ડબ્બાનું બારણું ખોલી અંદર જવા લાગ્યાં. ભગત નિર્લેપ થઈ ગયા. એમના મનમાં અભાવ જાગ્યો, શું અમારી આ જ નિયતિ છે? ઘરબાર છોડવાના? આ પશા અને વાલાનું કુટુંબ... આજે શહેરમાં જાય છે, કદાચ કાલે બીજા કોઈ જશે. પોતે આમ વળાવા આવશે? એ ડબ્બાની બારીમાં પશા નાથાને શોધવા લાગ્યા. બારીમાંથી એક હાથ બહાર દેખાયો.

"ભગત! હૌવનઅ બેહવાનો માગ મલી જ્યો સઅ. પોટલાં ડાગળી ઉપરિયાં મેલી દીધાં સઅ. ગાડી બફોરે સીધી અમદા'દ લેઈ જહઅ. ગૉમ્માં હૌવ હૂંપીનઅ રજો."

"હારું... તમે હૌવ હાચવીનઅ જજો. હૌવઅ નઅ હાચવજો. મારો લીલુડા ઘોડાનો અસવારી હારું કરસે. મણિ અનઅ મૂળાનઅ માથઅ આથ ફેરવજો. વેવઈ, વેવાણનઅ રાંમ રાંમ કેજો. અંબા ચ્યાં બેઠાં. સઅ...?"

"આ રાં..."

ગાર્ડે સીટી મારી લીલી ઝંડી દેખાડી. આંચકા અને ખખડાટ સાથે ગાડી ચાલવા લાગી. ઉગરા ભગત ગાડી સાથે થોડાં ડગલાં ચાલ્યા. ગાડી દેખાઈ ત્યાં સુધી એ તરફ જોતા ઊભા રહ્યા. પૂર્વમાં સૂરજ ઊગ્યો. અજવાળું ફેલાયું. તે જ્યાં જોઈ રહ્યા હતા ત્યાં, પાટાઓ એકબીજા સાથે ભળી જતા હતા. એમને પશા નાથાની વાત યાદ આવી.

"માગ મલી જ્યો... બફોરે ગાડી અમદાદ લેઈ જહઅ."

એમનું હૈયું ભરાઈ આવ્યું. આંખમાંથી આંસુ બહાર ધસી આવ્યાં. રામીએ જોયું. તેમના ખભે હાથ મૂક્યો.

"અલ્યો! આટલામઅ હૉમલી જ્યા? અજી તો ઘણું-ઘણું જોવાનું ભાયગમઅ લસ્યું સઅ. અતારથી ઑમ કરસો?"

રામીનો અવાજ ભીનો થયો. ઉગરા ભગત બોલી શક્યા નહીં. પાટાઓ તરફ જોતાં બન્ને હાથ ઊંચા કર્યા. આશિષ આપી.

"હૌવ હૂંપીનઅ રજો. હૌવનું ભલું થજો."

* * *